# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક




# મોક્ષનો સ્વતંત્ર માર્ગ

## ભાગ – ૧

નમઃ સિદ્ધેભ્યઃ

# મોક્ષનો સ્વતંત્ર માર્ગ

## ભાગ – ૧

### શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક

ઉપર પૂ. સદ્‌ગુરૂદેવશ્રી **કાનજીસ્વામી** નાં

૧લા, ૩જા, ૪થા, ૭મા અધિકાર ઉપર થયેલ

અક્ષરશઃ ૧ થી ૧૮ પ્રવચનો


**શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી**

**D - 16/205**, યોગી નગર, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઇ - **400 092**

ફોન - **2863 1155 / 93228 90089**

**E-mail - gnayakforever@gmail.com**

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઇ. સ. |
| --- | --- | --- | --- |
| ૩૪ | ૨૫૪૦ | ૨૦૭૦ | ૨૦૧૪ |

: પ્રકાશન :

પૂ. ગુરૂદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૫મી પાવન, મંગલમય જન્મ-જયંતિના સુઅવસરે સુવર્ણપુરી (સોનગઢ) ક્ષેત્રે

તા. ૧.૫.૨૦૧૪ વૈશાખ સુદ - ૨

પહેલી આવૃત્તિ : ૧૦૦૦ પ્રત

મુલ્ય : ધારાવાહિ સ્વાધ્યાય

# "મોક્ષનો સ્વતંત્ર માર્ગ"

## પ્રાપ્તિ સ્થાન

**સોનગઢઃ**
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
સોનગઢ - 364 250
જી. ભાવનગર
ફોનઃ **02846 244334**

**મુંબઇઃ**
**કાંદિવલીઃ**
**શ્રી કુંદકુંદકહાન સત્ સાહિત્ય પ્રચાર**
110, સોના શોપીંગ સેંટર,
સિનેમેક્ષ કોમ્પ્લેક્ષ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - 400 067
ફોનઃ **2863 1155 / 9322890089**

**દાદરઃ**
**શ્રી રમેશભાઇ બુરિચા**
૩૦૧, સનશાઇન હાઇટસ,
જ્ઞાનમંદિર રોડ,
દાદર (વેસ્ટ),
મુંબઇ - 400 028
ફોનઃ **2438 8787 / 9820498454**

**પાર્લાઃ**
**શ્રી કવિન્દ્ર ગાલા**
ચોથેમાળે, સિદ્ધિ દીપ,
રુઇયા સ્કુલની સામે,
મહંત રોડ, વિલેપારલે (ઇસ્ટ),
મુંબઇ-400 057
ફોનઃ **2610 2865 / 9892238006**

**ઘાટકોપરઃ**
**શ્રી વિજયભાઇ બોટાદરા,**
B/27, મહાવિર - પ્રકાશ,
વલ્લભબાગ લેન,
ઘાટકોપર (ઇસ્ટ),
મુંબઇ - 400 077
ફોનઃ **2506 8790 / 98191 95353**

શ્રી મોક્ષમાર્ગપ્રકાશક શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૩૬ પ્રવચનો છે, જે અક્ષરશઃ અહીં છાપવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર, બોરીવલીનુ આ ‘મોક્ષનો સ્વતંત્ર માર્ગ’ તે દસમું પુસ્તક છે.

આ પુસ્તક પ્રકાશનમાં અજાણતાં કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ અમો ક્ષમા માંગીએ છીએ અને મુમુક્ષુગણ પાસે માર્ગદર્શનની અપેક્ષા પણ રાખીએ છીએ.

અંતમાં આ પુસ્તકનાં સ્વાધ્યાયથી સૌ આત્માર્થીઓ પૂજ્ય આચાર્ય ભગવંત તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું હૃદય સમજીને પોતાના જ્ઞાન - શ્રદ્ધાનમાં અવધારીને ત્વરીત પોતાના ભગવાન આત્માના દર્શન કરી લ્યે તેવી મંગલ ભાવના....

## —: શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચારના પ્રકાશનો :-

૧. સ્વતંત્રતાનો ઢંઢેરો

૨. સ્વતંત્રતાની પરાકાષ્ટા

૩. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧

૪. જ્ઞાનનો સ્વતંત્ર સ્વયંવર

૫. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૨

૬. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧ (સુ. આ.)

૭. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૩

૮. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૪

૯. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૫

આ પુસ્તક http:/www.AtmaDharma.com તથા http:/www.vitragvani.com પર ઉપલબ્ધ છે.

# પ્રકાશકીય નિવેદન

## -દોહરા-

પરમ પદારથ પામવા, મંગલમય જિનવાણ;
વંદું નિજગુણ વૃદ્ધિકર, લહું સદા સુખખાણ.

## ગ્રંથકર્તાનું મંગલાચરણ

મંગલમય મંગલ કરણ, વીતરાગ વિજ્ઞાન,
નમો તેહ જેથી થયા, અરહંતાદિ મહાન;
કરી મંગલ કરૂં છું મહા, ગ્રંથકરણ શુભ કાજ,
જેથી મળે સમાજ સર્વ, પામે નિજપદ રાજ.

આગમ એને કહેવાય જે મોક્ષમાર્ગનો પ્રકાશ કરે. આ અર્થને સાર્થક કરતો આ મોક્ષમાર્ગનો પ્રકાશક ગ્રંથ છે જે આચાર્ય કલ્પ પંડિતપ્રવર શ્રીમાન ટોડરમલજીની અપૂર્વ મૌલિક ઢુંઢારીમાં થયેલ ગદ્યરચના છે. તેમાં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ તેમજ નવતત્ત્વો વિષેની જીવંત ભ્રાંતિ તથા તે તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ બતાવી સત્ સ્વરૂપ મોક્ષમાર્ગનું પ્રકાશન કર્યું છે.

આ ગ્રંથ ઉપર આત્મજ્ઞ સંત પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી એ અત્યંત માર્મિક હૃદયસ્પર્શ સ્પષ્ટીકરણ કરેલ છે. તેમાંથી વર્તમાનમાં ઉપલબ્ધ ઓડિયો પ્રવચનોનાં આ અક્ષરશઃ પ્રવચન છે. આ પ્રવચનોમાં પૂ. ગુરુદેવશ્રીએ મુખ્યત્વે આગમનું સ્વરૂપ, દુઃખ નિવૃત્તિના ઉપાય જીવ-અજીવ સંબંધી ભ્રાંતિ, નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તથા પુરુષાર્થથી જ મોક્ષપ્રાપ્તિ આ વિષયો ઉપર વિશેષ પ્રકાશ પાડ્યો છે.

આ ગ્રંથનું પ્રયોજન નીચેનાં સવૈયામાં બતાવ્યું છે કે –

શાશ્વત નિજાત્મ તત્ત્વ યથાર્થ સમજવાને,
મોક્ષમાર્ગ પ્રકાશક શ્રેષ્ઠ સુખદાયી છે;
અનાદિનું દુઃખ જાય આત્મસિદ્ધિ સદ્ય થાય,
આસ્રવ રોકાય ભાવ સંવર વરાય છે.
નમો નમો શુદ્ધ ભાવ સચ્ચિતિ સ્વરૂપ ગુરૂ,
જ્ઞાન-ધ્યાન આત્મ પુષ્ટિ સત્વર કરાય છે;
મંગળ કલ્યાણમાલા સુગંધ વિસ્તાર થાય,
મોહ ભાવ જાય શુદ્ધ સ્વભાવ પમાય છે.

મોક્ષમાર્ગનો પ્રકાશ કરનાર આ ગ્રંથના અધ્યયનથી જગતના સર્વ જીવો પરમશાશ્વત સુખરૂપ નિજ આત્મસિદ્ધિને વરો એજ અભ્યર્થના.

આ પ્રવચનોને પ્રાપ્ત સીડીમાંથી સાંભળી, અક્ષરશઃ લખવાનું તથા વારંવાર ચેક કરવાનું ઉમદા કાર્ય આત્માર્થી બેન શ્રીમતી ડૉ. વસુમતી દિપકભાઇ શાહ, (તારદેવ, મુંબઇ) તરફથી કરવામાં આવ્યું છે, જેનો સંસ્થા અંતઃકરણથી આભાર માને છે.


**શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર,**

**બોરીવલી**

**તા. ૧.૫.૨૦૧૪**
**પૂ. ગુરૂદેવશ્રીની ૧૨૫મી**
**પાવન જન્મ-જયંતિ પ્રસંગે.**
**સોનગઢ**



आचार्यकल्प पण्डित टोडरमल



पंडित टोडरमलजी के स्वयं के हाथ से लिखे हुए मोक्षमार्ग प्रकाशक का प्रथम पृष्ठ

# ઉપોદ્‌ઘાત

આ નિકૃષ્ટ કાળમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાજ્ઞાનની અતિશય ન્યૂનતા તથા શ્રી નિર્ગ્રંથ વીતરાગ માર્ગના ગ્રંથોનાં પઠનપાઠનનો કોઇ પ્રકારે અભાવ થઇ રહ્યો હતો, તેવા સમયમાં (વિક્રમની ૧૮મી શતાબ્દિના અંતમાં અને ૧૯મી શતાબ્દિના પ્રારંભમાં ઢુંઢાહડદેશ (રાજસ્થાન)ના સવાઇ જયપુર નગરમાં આ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથના રચયિતા, નિર્ગ્રંથવીતરાગમાર્ગના પરમ શ્રદ્ધાવાન, સાતિશય બુદ્ધિના ધારક અને વિદ્વજ્જનમનવલ્લભ આચાર્યકલ્પ પંડિતપ્રવર શ્રીટોડરમલજીનો ઉદય થયો હતો. પિતાનું નામ જોગીદાસ અને માતાનું નામ રંભાદેવી હતું. તેમનું ગૃહસ્થજીવન સાધનસંપન્ન હતું.

પં. ટોડરમલજીના શિક્ષાગુરુનું નામ બંશીધરજી હતું. તીવ્ર બુદ્ધિશક્તિના કારણે ટોડરમલજીના શાસ્ત્રપાઠ અને તેના અર્થનું શીઘ્ર અવધારણ કરી લેતા હતા, કુશાગ્ર મેધાને લીધે નાની ઉંમરમાં ને ટૂંકા સમયમાં જૈનસિદ્ધાંત ઉપરાંત વ્યાકરણ, કાવ્ય, છંદ, અલંકાર, કોષ આદિ વિવિધ વિષયોમાં દક્ષતા પ્રાપ્ત કરી લીધી હતી. હિન્દી સાહિત્યના દિગંબર જૈન વિદ્વાનોમાં તેમનું નામ ખાસ ઉલ્લેખનીય છે. હિન્દીના ગદ્યલેખક વિદ્વાનોમાં તેઓ પ્રથમ કોટિના વિદ્વાન ગણાય છે. વિદ્વતાને અનુરૂપ તેમનો સ્વભાવ પણ વિનમ્ર તેમ જ દયાળુ હતો; અને સ્વાભાવિક કોમળતા, સદાચારિતા વગેરે સદ્‌ગુણો

તેમના જીવનસહચર હતા. અહંકાર તો તેમને સ્પર્શી શક્યો જ નહોતો. સૌમ્ય મુદ્રા ઉપરથી તેમની આંતરિક ભદ્રતા તેમ જ વાત્સલ્યનો પરિચય સહજપણે પ્રાપ્ત થઇ જતો હતો. તેમની રહેણીકરણી ઘણી જ સાદી હતી. આધ્યાત્મિકતા તો તેમના જીવનમાં ઓતપ્રોત થઇ ગઇ હતી. શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યાદિ મહર્ષિઓના આધ્યાત્મિક ગ્રંથોનો – તેમનાં અધ્યયન, મનન તેમજ પરિશીલનથી–પંડિતજીના જીવન પર ઘણો સારો પ્રભાવ પડ્યો હતો. અધ્યાત્મતત્ત્વની ચર્ચા કરતાં તેઓ આનંદથી ઊછળી જતા હતા અને શ્રોતાગણ પણ તેમની વાણી સાંભળીને ગદગદ થઇ જતો હતો. સંસ્કૃત અને પ્રાકૃત–બંને ભાષાઓના તેઓ તે સમયના અદ્વિતીય તેમ જ સુયોગ્ય વિદ્વાન હતા. તેમનો ક્ષયોપશમ આશ્ચર્યકારી હતો અને તેઓ વસ્તુસ્વરૂપના વિશ્લેષણમાં અતિ દક્ષ હતા. તેમનો આચાર તેમ જ વ્યવહાર વિવેકયુક્ત અને મૃદુ હતો. તેમના દ્વારા રચિત ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર, ત્રિલોકસાર, આત્માનુશાસન અને પુરુષાર્થસિદ્ધ્યુપાય વગેરેની ભાષાટીકાઓ તથા આ મોક્ષમાર્ગપ્રકાશક નામની તેમની સ્વતંત્ર ગ્રંથરચનાનું અવલોકન કરતાં જણાય છે કે તે સમયમાં તેમના જેવા સ્વમત–પરમતના જ્ઞાતા જવલ્લે જ કોઇ હશે.

સ્વમત–પરમતના સેંકડો ગ્રંથોના પઠન–પાઠન સાથે તેમનું મર્મસ્પર્શી ઊંડું મનન પણ કર્યું છે. અને એ વાત તેમના રચેલા આ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથનું મનન કરવાથી અભ્યાસીને સ્વયં લક્ષમાં આવી જાય તેમ છે. ગોમ્મટસાર વગેરે પર તેમણે લખેલા ભાષાટીકાગ્રંથ એટલા ગહન છે કે તેમનો અભ્યાસ માત્ર વિશેષ બુદ્ધિમાન કરી શકે છે; પરંતુ અલ્પ પ્રજ્ઞાવંત જીવો માટે રચેલો તેમનો આ સરળ દેશભાષામય મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથ એવો અદ્‌ભુત છે કે જેની રહસ્યપૂર્ણ ગંભીરતા અને સંકલનાબદ્ધ વિષયરચનાને જોઇ ભલભલા બુદ્ધિમાનોની બુદ્ધિ પણ આશ્ચર્યચકિત થઇ જાય છે. આ ગ્રંથનું નિષ્પક્ષ–ન્યાય દૃષ્ટિથી ગંભીરપણે અવગાહન કરતાં જણાય છે કે – આ કોઇ સાધારણ ગ્રંથ નથી પરંતુ એક અતિ ઉચ્ચ કોટિનો મહત્ત્વપૂર્ણ અનોખો ગ્રંથરાજ છે અને તેના રચયિતા પણ અનેક આગમોના મર્મજ્ઞ તથા અસાધારણ પ્રતિભાસંપન્ન વિદ્વાન છે. ગ્રંથના વિષયોનું પ્રતિદાન સર્વને હિતકારક છે અને મહાન ગંભીર આશયપૂર્વક થયું છે.

સાતમા અધિકારમાં જૈન મિથ્યાદૃષ્ટિનું સાંગોપાંગ વિવેચન કર્યું છે. તેમાં સર્વથા એકાંત નિશ્ચયાવલંબી જૈનાભાસ તેમ જ સર્વથા એકાંત વ્યવહારાલંબી જૈનાભાસનું યુક્તિપૂર્ણ કથન કરવામાં આવ્યું

છે, જે વાંચતાં જ જૈનદૃષ્ટિનું જે સત્ય સ્વરૂપ તે સામે તરી આવે છે, અને વિપરીત કલ્પના–વસ્તુસ્થિતિને અથવા નિશ્ચય–વ્યવહાર નયોની દૃષ્ટિને નહિ સમજવાથી થઇ હતી તે–નિર્મૂળ થઇ જાય છે. આ મહત્ત્વપૂર્ણ પ્રકરણમાં પંડિતજીએ જૈનોના અભ્યંતર મિથ્યાત્વના નિરસનનું ઘણું રોચક અને સૈદ્ધાંતિક વિવેચન કર્યું છે તથા ઉભય નયોની સાપેક્ષ દૃષ્ટિ સ્પષ્ટ કરીને દેવ–શાસ્ત્ર–ગુરુ સંબંધી ભક્તિની અન્યથા પ્રવૃત્તિનું નિરાકરણ કર્યું છે. અંતમાં સમ્યક્ત્વ સન્મુખ મિથ્યા દૃષ્ટિનું સ્વરૂપ તથા ક્ષયોપશમ, વિશુદ્ધ, દેશના, પ્રાયોગ્ય અને કરણ–એ પાંચ લબ્ધિઓનો નિર્દેશ કરીને આ અધિકાર પૂરો કરવામાં આવ્યો છે.

આ ગ્રંથની ખાસ વિશેષતા એ છે કે તેમાં ગંભીર તેમ જ દુરૂહ ચર્ચાને અતિ સરળ શબ્દોમાં અનેક દૃષ્ટાંત અને યુક્તિઓ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને પોતે જ પ્રશ્ન ઉઠાવીને તેનો માર્મિક ઉત્તર પણ દીધો છે, જેથી અધ્યેતાને પછી કોઇ સંદેહનો અવકાશ રહે નહિ. આ ગ્રંથમાં જે કાંઇ વસ્તુવિવેચન છે તે અનેક વિષયો પર પ્રકાશ પાથરનાર, સુસંબદ્ધ, આશ્ચર્યકારક અને જૈનદર્શનનું માર્મિક રહસ્ય સમજાવવા માટે એક અદ્વિતીય ચાવી સમાન છે, અર્થાત્ આમાં નિર્ગ્રંથ પ્રવચનનાં ઊંડાં માર્મિક રહસ્યો ગ્રંથકારે ઠામઠામ પ્રગટ કર્યાં છે.

શ્રીમાન્ પંડિતપ્રવર ટોડરમલજી દિગંબર જૈનધર્મના પ્રભાવક વિશિષ્ટ મહાપુરુષ હતા. તેમણે માત્ર છ મહિનામાં સિદ્ધાન્તકૌમુદી જેવા કઠણ વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. પોતાની કુશાગ્રબુદ્ધિના પ્રભાવથી તેમણે ષટ્દર્શનના ગ્રંથો, બૌદ્ધ, મુસ્લિમ તેમજ અન્ય અનેક મતમતાન્તરોના ગ્રંથોનું અધ્યયન કર્યું હતું, શ્વેતામ્બર–સ્થાનકવાસીનાં સૂત્રો તથા ગ્રંથોનું પણ અવલોકન કર્યું હતું, તથા દિગંબર જૈન ગ્રંથોમાં શ્રી સમયસાર, પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર, નિયમસાર, ગોમ્મટસાર, તત્ત્વાર્થસૂત્ર, અષ્ટપાહુડ, આત્માનુશાસન, પદ્મનંદિપંચવિંસતિકા, શ્રાવકમુનિધર્મનાં પ્રરૂપક અનેક શાસ્ત્રો તથા કથા–પુરાણાદિ ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. એ સર્વ શાસ્ત્રોના અભ્યાસથી તેમની બુદ્ધિ ઘણી જ પ્રખર બની હતી.

શાસ્ત્રસભા, વ્યાખ્યાનસભા અને વિવાદસભામાં તેઓ ઘણા જ પ્રસિદ્ધ હતા. આ અસાધારણ પ્રભાવકપણાને લીધે તેઓ તત્કાલીન રાજાને પણ અતિશય પ્રિય થઇ પડ્યા હતા, અને એ રાજપ્રિયતા તથા પાંડિત્યપ્રખરતાને કારણે અન્યધર્મીઓ તેમની સાથે મત્સરભાવ કરવા લાગ્યા હતા, કારણ કે તેમની સામે તે અન્યધર્મીઓના મોટા મોટા વિદ્વાનો પણ પરાભવ પામતા હતા. જોકે તેઓ પોતે કોઇ પણ વિધર્મીઓનો અનુપકાર કરતા નહોતા; પરંતુ બને ત્યાં સુધી તેમનો

ઉપકાર જ કર્યા કરતા હતા, તોપણ માત્સર્યયુક્ત મનુષ્યોનો મત્સરતાજન્ય કૃત્ય કરવાનો જ સ્વભાવ છે; તેમના મત્સર અને વૈરભાવના કારણે જ પંડિતજીનો અકાળે દેહાન્ત થઇ ગયો હતો.

પંડિતજીના જીવનનું મુખ્ય ધ્યેય એક સ્વ-પર કલ્યાણ જ હતું. અંતરંગમાં ક્ષયોપશમવિશેષથી તથા બાહ્યમાં તર્કવિતર્કપૂર્વક અનેક શાસ્ત્રોના અધ્યયનથી તેમનો વીતરાગ-વિજ્ઞાનભાવ એટલો બધો વધી ગયો હતો કે-સાંસારિક કાર્યોથી તેઓ પોતે પ્રાય: વિરક્ત જ રહ્યા કરતા હતા; અને ધાર્મિક કાર્યોમાં એટલા બધા તલ્લીન રહ્યા કરતા હતા કે-બાહ્ય જગતની તથા આસ્વાદ્ય પદાર્થોની તેમને કાંઇ પણ સુધ રહેતી નહોતી. આ વિષયમાં એક જનશ્રુતિ એવી પણ છે કે-જે કાળે તેઓ ગ્રંથ રચના કરી રહ્યા હતા તે કાળમાં તેમનાં માતુશ્રીએ ખાદ્ય પદાર્થોમાં છ મહિના સુધી મીઠાલુણ નાખ્યું નહોતું; છ મહિના પછી શાસ્ત્રરચના તરફથી તેમનો ઉપયોગ કંઇક ખસતાં એક દિવસ તેમણે માતુશ્રીને પૂછ્યું : માજી ! આજે આપે દાળમાં મીઠાલુણ કેમ નાખ્યું નથી? એ સાંભળી માજી બોલ્યાં : ભાઇ! હું તો આમ છ મહિનાથી મીઠાલુણ નાખતી નથી. આ બધું લખવાનું તાત્પર્ય એટલું જ છે કે તેમના સમયમાં તેઓ એક મહાન ધર્માત્મા, શ્રેષ્ઠ પરોપકારી, નિરભિમાની તથા અદ્વિતીય વિદ્વાન હતા. જૈનસમાજના

દુર્ભાગ્યથી જ આવા મહાત્માનો અસમયમાં વિયોગ થયો, પણ તેમણે તો પોતે જીવનપર્યંત જૈનસમાજ ઉપર અનન્ય ઉપકાર કર્યો છે અને તેથી જ સમાજમાં તેમનું સ્થાન અવિસ્મરણીય છે. મુમુક્ષુ આત્માઓ તો આજે પણ તેમનું અને તેમના ગુણોનું સ્મરણ કરી પરમ સંતુષ્ટ થાય છે.

પંડિત શ્રી ટોડરમલજી દ્વારા રચિત આ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથ ઢુંઢારી તેમ જ હિન્દી ભાષામાં અનેકવાર પ્રસિદ્ધ થઇ ચૂક્યો છે. પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં કરકમળમાં આ ગ્રંથ સર્વપ્રથમ વિ. સં. ૧૯૮૨માં આવ્યો. તેમણે ખૂબ મનનપૂર્વક આ ગ્રંથનું ઊંડું અવગાહન કર્યું હતું. તેનું અવગાહન કરતી વખતે પૂજ્ય ગુરુદેવશ્રીની પરિણતિ એટલી બધી તલ્લીન હતી કે–ન ગમે ખાવું, પીવું કે વહોરવા જવું, ન ગમે અન્ય વાતચીત. સ્થાનકવાસી સાધુપર્યાયમાં તેઓ પુસ્તક સાથે રાખતા નહિ પરંતુ મોક્ષમાર્ગપ્રકાશકનો સાતમો અધિકાર વિશેષ સારો લાગવાથી (ઝીણા અક્ષરે હાથથી લખાવી પુનઃ પુનઃ સ્વાધ્યાય કરવા માટે સાથે રાખ્યો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્થાનકવાસી સાધુપર્યાયના ત્યાગરૂપ પરિવર્તન વિ. સં. ૧૯૯૧માં કર્યું. ત્યાર પછી વિ. સં. ૧૯૯૭માં કલોલનિવાસી શ્રી સોમચંદભાઇ અમથાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ (મોક્ષમાર્ગપ્રકાશકનો) પ્રકાશિત થયો.

પંડિત શ્રી ટોડરમલજીએ પ્રથમ અધિકારના અંતમાં આગમ–અભ્યાસની જે પ્રેરણા આપી છે તેનો ઉલ્લેખ કરીને આ ઉપોદ્‌ઘાત પૂર્ણ કરવામાં આવે છે – આ જીવનું મુખ્ય કર્તવ્ય તો આગમજ્ઞાન છે. એ થતાં તત્ત્વોનું શ્રદ્ધાન થતાં સંયમભાવ થાય છે અને તે આગમજ્ઞાનથી આત્મજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે, જેથી સહેજે મોક્ષની પ્રાપ્તિ થાય છે. ધર્મના અનેક અંગો છે તેમાં પણ એક ધ્યાન સિવાય આનાથી (આગમ–અભ્યાસથી) ઊંચું ધર્મનું અન્ય કોઇ અંગ નથી એમ જાણી હરકોઇ પ્રકારે આગમનો અભ્યાસ કરવા યોગ્ય છે. વળી આ ગ્રંથનું વાચવું, સાંભળવું અને વિચારવું ઘણું સુગમ છે. કોઇ વ્યાકરણાદિ સાધનની જરૂર પડતી નથી, માટે તેના અભ્યાસમાં અવશ્ય પ્રવર્તો. એથી તમારું કલ્યાણ થશે.

**શ્રી કુંદકુંદ-કહાન સત્‌સાહિત્ય પ્રચાર,**
**બોરીવલી**

વિ. સં. ૨૦૭૦ વૈશાખ સુદ – ૨
પૂ. ગુરૂદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૫મો
મંગલમય, પાવનકારી જન્મોત્સવ.
તા. ૧.૫.૨૦૧૪
સોનગઢ

# સાધક જીવની દૃષ્ટિ

અધ્યાત્મમાં હંમેશાં નિશ્ચયનય જ મુખ્ય છે; તેના જ આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે – એમ સમજવું; કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધપર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશાં નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બન્ને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગ–દ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છયે દ્રવ્યો, તેમના ગુણો અને તેમના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઇ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઇ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઇ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઇ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે – એમ વ્યવહારનયે કહેવામાં–સમજાવવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઇ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઇ વખતે વ્યવહારનય આદરણીય છે – એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય–ગૌણપણું હોતું નથી અને નય પણ હોતા નથી.

– 'ગુરૂદેવશ્રીના વચનામૃત' : ૧૬



ભુતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનના 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા

અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ભૂતકાળના 'રાજેન્દ્ર' વર્તમાનના 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા
અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવન પરિચય)

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જીલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઇના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિ. સં.૧૯૪૬ વૈશાખ સુદ બીજ, (તા. ૨૧.૪.૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા આ ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઇ ગયો હતો. કોઇક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંત સ્વભાવ, સૌમ્ય ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઇ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક

અભ્યાસથી તેમને સંતોષ થયો નહિં અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે, માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ, પિતાજીનો સ્વર્ગવાસ થતાં, સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતાં નહિં. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળ સ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે, ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીનું કાવ્યની રચના કરે છે:

''શીવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રીના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે અજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સ.૧૯૭૦, ઇ. સ.

૧૯૧૪) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઇક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી - કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે ગુરુદેવશ્રીને હજુ દિગંબર શાસ્ત્રો મળ્યા નહોતાં, છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતા પૂર્વક સિંહગર્જના કરે છે - ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિં. જીવ પોતાના ઉંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.''

વિ. સં.૧૯૭૮ (ઇ. સ.૧૯૨૨)માં મહાવીરપ્રભુના શાસન - ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સુચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઇ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ વિરચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ એક શેઠ દ્વારા મહારાજશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે - ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન

કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતી નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાનદીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેઓશ્રીને નિશંક નિર્ણય થઇ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઇક અને બહારમાં વેષ કંઇક – એવી સ્થિતી તેમને અસહ્ય થઇ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતા કરતા, સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં ''મહાવીર જન્મકલ્યાણક''ના દિવસે (વિ. સ.૧૯૯૧, ચૈત્ર સુદ તેરસ, ઇ. સ.૧૯૩૫) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિન્હ મુહ્પતિનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે: ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી; સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભૂત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઇન્ડિયા' માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન – પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી

સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યા મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં.૧૯૯૪ (ઇ. સ.૧૯૩૮) વૈશાખ વદ ૮ (આઠમ)ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના - મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઉંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા. જેમાં શ્રીસમયસાર ગ્રંથ પર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ - ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ઇ. સ.૧૯૬૦થી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ - વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમ જ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર - ઘેર ગુંજતી થઇ ગઇ છે, તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ - વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં.૨૦૦૦ ના માગશર (ઇ. સ. ૧૯૪૩ ડીસેમ્બર) માસથી ''આત્મધર્મ'' નામની માસિક અધ્યાત્મ - પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઇ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઇ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું દૈનિક ''શ્રી સદ્-ગુરુ પ્રવચનપ્રસાદ'' સપ્ટેમ્બર, ૧૯૫૦થી નવેમ્બર, ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે ! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો - મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તકો છપાવવાનું કાર્ય વિ. સં.૧૯૯૯ (ઇ. સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ - વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઇ, જે આજે પણ અવિરતપણે ચાલી

રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ પર અપાર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દશલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ - વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થાય છે. વડિલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં.૨૦03 (ઇ. સ.૧૯૪૭)ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવે છે.

સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઇ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર - પાંચ દિગંબર જિનમંદિરો હતાં અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે

ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં દરરોજ અડધો કલાક ભક્તિ થાય છે. જેમાં જિનવરભક્ત ગુરુરાજ હમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય - વ્યવહારની અપૂર્વ સંધીપૂર્વકનું હતું.

ઇ. સ.૧૯૪૧ થી ઇ. સ.૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર - ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નૈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઇ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઇ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક ૮૦૦ પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધીનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઇમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદ્શિખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ.૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત, સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ

મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો  જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાન્તકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઇ ગઇ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલાં અભિનંદન પત્ર અર્પણ થયા છે.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ.૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઇ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતાં, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

વિ. સં.૨૦૩૭ કારતક વદ ૭,(તા.૨૮.૧૧.૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ - દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી, અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ જ દૂર જન્મ લઇને

સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહી દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું, તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; આવો પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેઓશ્રીના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એજ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, કર્મબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધસ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે

દેશ - વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમપ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમ કે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતાં જ નહિં. દિવ્યભાવશ્રુતધારી આ પુરણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે:

: સિદ્ધાંતો :

૧. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડે નહિં, સ્પર્શે નહિં.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય કર્મબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે; વ્યય કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦ ધ્રુવનું આલંબન, પણ વેદન નહિં; અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિં.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

## શાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ

વ્યવહારનય સ્વદ્રવ્ય–પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ–કાર્યાદિકને કોઇના કોઇમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઇને કોઇમાં મેળવતો નથી તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું.

પ્રશ્ન :– જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું છે, તેનું શું કારણ?

ઉત્તર :– જિનમાર્ગમાં કોઇ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેનો તો ''સત્યાર્થ એમ જ છે'' એમ જાણવું, તથા કોઇ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને ''એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે'' એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે. પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી, ''આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે'' એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

પ્રશ્ન :– જો વ્યવહારનય અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું?

ઉત્તર :– એવો જ તર્ક શ્રી સમયસારમાં કર્યો છે ત્યાં આ ઉત્તર આપ્યો છે કે – જેમ કોઇ અનાર્ય–મલેચ્છને મલેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઇ સમર્થ નથી, તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે તેથી વ્યવહારનો ઉપદેશ છે. વળી એ જ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે કે – એ પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ, પણ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી.

# આભારદર્શન

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૩૬ પ્રવચનો સાંભળીને નિજ હિતનાં લક્ષે અક્ષરશઃ લખવાનું તથા પ્રુફ રીડીંગ કરવાનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું છે તેવા ભવ્યજીવોઃ

| | | |
|---|---|---|
| • | શ્રી જસુભાઇ શાહ | બોરીવલી |
| • | શ્રી વિજયભાઇ શેઠ | બોરીવલી |
| • | શ્રી અમીતભાઇ શાહ | બોરીવલી |
| • | શ્રી ધીરેનભાઇ વખારીયા | બોરીવલી |
| • | શ્રીમતી સોનલબેન વખારીયા | બોરીવલી |
| • | શ્રીમતી છાયાબેન વખારીયા | બોરીવલી |
| • | શ્રીમતી પારૂલબેન કપાસી | બોરીવલી |
| • | શ્રીમતી ઇંદિરાબેન શાહ | બોરીવલી |
| • | શ્રીમતી વર્ષાબેન શાહ | બોરીવલી |
| • | શ્રીમતી ભારતીબેન મહેતા | બોરીવલી |
| • | શ્રીમતી રાની / સ્વીટી શાહ | બોરીવલી |
| • | શ્રીમતી જ્યોતિબેન ડગલી | અંધેરી |
| • | શ્રીમતી લક્ષ્મીબેન સાવલા | પાર્લા |
| • | શ્રીમતી વીણાબેન નંદુ | પાર્લા (ચેમ્બુર) |
| • | શ્રીમતી મંજુલાબેન ગાલા | શાંતાક્રુઝ |
| • | શ્રી જયંતભાઇ ગાઠાણી | માટુંગા |
| • | શ્રીમતી ઉર્વશીબેન ગાઠાણી | માટુંગા |
| • | શ્રી તરૂણભાઇ રાંભિયા | દાદર |
| • | શ્રી ધીરેન્દ્રભાઇ શાહ | દાદર |
| • | શ્રીમતી શુશીલાબેન ભુપેન્દ્રભાઇ શાહ | દાદર |
| • | શ્રી ભુપેન્દ્રભાઇ શાહ | દાદર |
| • | શ્રી બિપીનભાઇ ગાલા | દાદર |
| • | શ્રીમતી પુષ્પાબેન ગડા | દાદર |
| • | શ્રીમતી નીતાબેન દેઢિયા | દાદર |
| • | શ્રીમતી ભાનુબેન ગાલા | દાદર |
| • | શ્રીમતી વસુબેન શાહ | તારદેવ |
| • | શ્રીમતી ભારતીબેન કામદાર | ઝવેરીબજાર |

# "મોક્ષનો સ્વતંત્ર માર્ગ"

## ભાગ-૧ તથા ભાગ-૨ના પ્રકાશનમાં આવેલ દાનરાશી

| | | |
|---|---|---|
| ⊙ શ્રી વાઘર પરિવાર | જામનગર | ૧,૫૦,૦૦૦ |
| ⊙ શ્રી વિજયભાઇ શેઠ | બોરીવલી | ૨૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી પારૂલબેન હિતેષભાઇ ચોવટીયા | બોરીવલી | ૨૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી જયશ્રીબેન કેદારભાઇ શાહ | બોરીવલી | ૨૧,૦૦૦ |
| ⊙ શ્રી પૂના મુમુક્ષુગ્રુપ | પૂના | ૨૦,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભાવનાબેન શૈલેષભાઇ શાહ | દાદર | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રી ટોકરશીભાઇ ડી. મારૂ | દાદર | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી પ્રભાવતી પોપટલાલ શાહ | તારદેવ | ૧૧,૦૦૦ |
| ⊙ એક મુમુક્ષુભાઇ | પાર્લા | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી વર્ષાબેન તુષારભાઇ શાહ | સાંતાક્રુઝ | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી મંજુલાબેન રમણીકભાઇ ગાલા | સાંતાક્રુઝ | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી લતાબેન બિપીનભાઇ ગાલા | લોઅરપરેલ | ૧૦,૦૦૦ |
| ⊙ શ્રી રમણીકભાઇ સાવલા | મીરારોડ | ૧૦,૦૦૦ |
| ⊙ શ્રીમતી પ્રવિણા કાંતીલાલ ગાલા | પરેલ | ૧૦,૦૦૦ |
| ⊙ શ્રીમતી સુશીલાબેન જેંતીલાલ ગાલા | વડાલા | ૧૦,૦૦૦ |
| ⊙ શ્રી ઔરંગાબાદ મુમુક્ષુગ્રુપ | ઔરંગાબાદ | ૫,૦૦૦ |
| ⊙ શ્રી હિંગોલી મુમુક્ષુગ્રુપ | હિંગોલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી રેખાબેન તરૂણભાઇ રાંભીયા | દાદર | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી નિલાબેન પ્રકાશભાઇ બારભાયા | કાંદીવલી | ૫,૦૦૦ |

# " મોક્ષનો સ્વતંત્ર માર્ગ "

## ભાગ-૧ તથા ભાગ-૨ના
## પ્રકાશનમાં આવેલ દાનરાશી

| | | |
|---|---|---|
| ⊙ શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઇ ડેલીવાળા | સુરેન્દ્રનગર | ૫,૦૦૦ |
| ⊙ શ્રી વિજયભાઇ મગનલાલ બોટાદરા પરિવાર | ઘાટકોપર | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી વર્ષાબેન પ્રફુલભાઇ શાહ | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી રીટાબેન જયેશભાઇ ભેદા | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રી જસુભાઇ એમ. શાહ | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રી બિપીનભાઇ વી. બારભાયા | કાંદીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી પિંકીબેન કિરણભાઇ શાહ | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ કુ. ચિંતન (C. A.) ત્થા કુ. કૃપા રાંભીયા | દાદર | ૫,૦૦૦ |
| ⊙ શ્રી હસમુખભાઇ ગડા | દાદર | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી લીલાબેન નીસર | મુંબઇ | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી લાભુબેન નાથાલાલ ભાલાણી | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભારતીબેન કોઠારી | મુંબઇ | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભાનુબેન શાહ | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી પૂર્ણિમાબેન મહેતા | મુંબઇ | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી પુષ્પાબેન ઢાંકી | મુંબઇ | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી ઉર્વષીબેન જયંતભાઇ ગાઠાણી | માટુંગા | ૫,૦૦૦ |
| ⊙ એક મુમુક્ષુભાઇ | ઘાટકોપર | ૩,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભાનુબેન ગાલા | પરેલ | ૨,૫૦૦ |
| ⊙ શ્રી ધિરેનભાઇ શાહ | દાદર | ૨,૫૦૦ |

# "મોક્ષનો સ્વતંત્ર માર્ગ"

## ભાગ-૧ તથા ભાગ-૨ના પ્રકાશનમાં આવેલ દાનરાશી

| | | |
|---|---|---|
| ⊙ શ્રીમતી કલ્પનાબેન કોઠારી | દાદર | ૨,૫૦૦ |
| ⊙ શ્રીમતી નયનાબેન જયેશભાઇ શાહ | બોરીવલી | ૨,૦૦૦ |
| ⊙ શ્રીમતી નયનાબેન અરવીંદકુમાર દોશી | વસઇ | ૨,૦૦૦ |
| ⊙ શ્રીમતી મધુબાલા પી. શાહ | સાયન | ૨,૦૦૦ |
| ⊙ શ્રી અનિલભાઇ એમ. શાહ | બોરીવલી | ૧,૧૦૦ |
| ⊙ શ્રીમતી વૈશાલી વર્ધી મહેતા | એલફિસ્ટન | ૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભારતીબેન કામદાર | મુંબઇ | ૧,૦૦૦ |
| ⊙ શ્રી જયકુમાર ભાયાણી | બોરીવલી | ૧,૦૦૦ |
| ⊙ શ્રી દિલીપભાઇ મનસુખલાલ કામદાર | ઘાટકોપર | ૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી હેતલ અલ્કેશ મોદી | ઘાટકોપર | ૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી જયાબેન ગડા | પરેલ | ૧,૦૦૦ |
| ⊙ શ્રી બિપીનભાઇ દેવજી | પરેલ | ૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી નલીનીબેન એન. શાહ | ગ્રાંટરોડ | ૧,૦૦૦ |
| ⊙ ગં. સ્વ. રમાબેન ગાંધી | મુંબઇ | ૧,૦૦૦ |
| ⊙ કુમારી પૂર્વીબેન દેઢીયા | બોરીવલી | ૫૦૦ |
| ⊙ શ્રીમતી ઇંદિરાબેન વિજયભાઇ શાહ | બોરીવલી | ૫૦૦ |
| ⊙ શ્રીમતી નીતાબેન | મુંબઇ | ૫૦૦ |
| ⊙ કુમારી પારૂલબેન કપાસી | બોરીવલી | ૩૦૦ |

## શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રૂચતાં જગતની રૂચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહિ;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું સત્ સત્ જ્ઞાન જ્ઞાન ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્ર. | અધિકાર | તારીખ | પાના નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧૨.૦૮.૧૯૫૪ | ૧ થી ૧૬ |
| ૨ | ૩ | ૩૦.૧૧.૧૯૫૨ | ૧૭ થી ૩૩ |
| ૩ | ૪ | ૧૬.૦૫.૧૯૬૨ | ૩૪ થી ૫૨ |
| ૪ | ૪ | ૨૩.૧૨.૧૯૬૨ | ૫૩ થી ૭૧ |
| ૫ | ૭ | ૧૨.૦૮.૧૯૬૨ | ૭૨ થી ૮૯ |
| ૬ | ૭ | ૧૪.૦૮.૧૯૬૨ | ૯૦ થી ૧૦૮ |
| ૭ | ૭ | ૧૫.૦૮.૧૯૬૨ | ૧૦૯ થી ૧૨૫ |
| ૮ | ૭ | ૧૬.૦૮.૧૯૬૨ | ૧૨૬ થી ૧૪૪ |
| ૯ | ૭ | ૧૭.૦૮.૧૯૬૨ | ૧૪૫ થી ૧૬૦ |
| ૧૦ | ૭ | ૧૮.૦૮.૧૯૬૨ | ૧૬૧ થી ૧૭૭ |
| ૧૧ | ૭ | ૧૯.૦૮.૧૯૬૨ | ૧૭૮ થી ૧૯૫ |
| ૧૨ | ૭ | ૨૦.૦૮.૧૯૬૨ | ૧૯૬ થી ૨૧૪ |
| ૧૩ | ૭ | ૨૧.૦૮.૧૯૬૨ | ૨૧૫ થી ૨૩૩ |
| ૧૪ | ૭ | ૨૨.૦૮.૧૯૫૪ | ૨૩૪ થી ૨૪૩ |
| ૧૫ | ૭ | ૧૨.૦૪.૧૯૬૨ | ૨૪૪ થી ૨૫૯ |
| ૧૬ | ૭ | ૧૩.૦૪.૧૯૬૨ | ૨૬૦ થી ૨૭૮ |
| ૧૭ | ૭ | ૧૫.૦૪.૧૯૬૨ | ૨૭૯ થી ૨૯૬ |
| ૧૮ | ૭ | ૧૬.૦૪.૧૯૬૨ | ૨૯૭ થી ૩૧૪ |

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૧
# અધિકાર - ૧લો
# સ્થળ:સુવર્ણપુરી તા.:૧૨.૦૮.૧૯૫૪ ગુરુવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રનું પાનું ચૌદમું છે. જુઓ અધિકાર શું ચાલે છે? કે પ્રશ્નકારનો પ્રશ્ન છે કે ''**સાધારણ પ્રાણી પોતાના જ્ઞાનના ક્ષયોપશમના કારણમાં, કોઈ શાસ્ત્રનો અન્યથા અર્થ ભાસે અને શાસ્ત્રમાં ગૂંથી નાંખે, તો એની તો પરંપરા ચાલે તો એમાં શું સમજવું? ....**'' એવો પ્રશ્ન ઊઠયો એનો આ ''**ઉત્તર ....**'' ચાલે છે. શાસ્ત્રમાં ઓછા જ્ઞાનને લઈને, કોઈ અર્થ અન્યથા ભાસીને એની ગૂંથણી થઈ જાય, તો એની પરંપરા ચાલે એનું શું સમજવું? એમ પ્રશ્નકારે પ્રશ્ન કર્યો છે. ત્યારે કહ્યું કે ભાઈ, એવું બને નહીં. જૈન શાસનમાં યથાર્થ શ્રદ્ધા, જ્ઞાનના ધરનારા પરંપરાથી ચાલ્યા આવે છે તેથી એની પરંપરામાં સત્ય તૂટયું નથી. હા, એટલું કે કોઈ એવા મિથ્યાદૃષ્ટિ જીવે અન્યથા સત્ય તત્ત્વને વિરુદ્ધ પ્રરૂપ્યું હોય અને ગૂથ્યું હોય તો ''**બીજો પુરુષ એવો નીકળે કે એની પરંપરા ચાલવા દે નહીં....**''

''**વળી આટલું વિશેષ જાણવું, કે જેને અન્યથા જાણવાથી જીવનું બૂરું થાય** ....'' જેને અન્યથા જાણવાથી જીવનું બૂરું થાય ''**એવા દેવ - ગુરુ - ધર્માદિક એની અને જીવાદિક તત્ત્વોને તો શ્રદ્ધાળુ જૈની અન્યથા જાણે જ નહીં**.....'' સાચો જૈની યથાર્થ શ્રદ્ધાવાળો હોય એને અંતર અભિપ્રાયમાં એમ છે કે વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે. વીતરાગી ભાવ એ જ મોક્ષનો મારગ છે એટલે એને સાચા દેવ-ગુરુ-ધર્મમાં ફેરફાર પડે નહીં અને જીવાદિ તત્ત્વો જીવ-અજીવ આદિ મોક્ષાદિ તત્ત્વો છે. મોક્ષ તો... પૂરણ દશા છે. જીવ સદા ત્રિકાળ જ્ઞાનમય છે. સંવર, નિર્જરા એ ધર્મ છે. સંવર, નિર્જરાના ધરનારા સાચા ગુરુ છે અને દેવ અને સદ્ગુરુ અને ધર્મ અહિંસા છે એવા દેવ-ગુરુ-ધર્મને અને નવતત્ત્વોને તો સાચો શ્રદ્ધાળુ જૈની અન્યથા જાણે જ નહીં. ''**એનું તો જૈન આગમમાં પ્રસિદ્ધ કથન છે**.....'' અહીં આ વાત સિદ્ધ કરી છે.

એનું તો જૈન આગમમાં પ્રસિદ્ધ કથન છે કે સર્વજ્ઞ દેવ કેવા હોય ? નિગ્રંથ સંતો ભાવલિંગ સહિત તેનું દ્રવ્યલિંગ કેવું હોય ? રાગ રહિત અહિંસા સ્વભાવ ધર્મ કેવો હોય ? અને નવ તત્ત્વની પ્રસિદ્ધિ કેવી હોય ? જીવ-અજીવ, પુણ્ય-પાપ, આસ્ત્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એનું તો જૈન આગમ પરંપરા સત્ શાસ્ત્રો વીતરાગના કહેલા છે એમાં તો પ્રસિદ્ધ કથન યથાર્થ છે. સમજાણું ? આ જૈન આગમની વ્યાખ્યા મૂકી છે. આહાહા ! વીતરાગના શ્રીમુખે નીકળેલા, ગણધરે તે અનુસાર ગૂંથેલા અને તે અનુસારે પરંપરા આચાર્યો આદિએ રચેલા, તે જૈન આગમમાં દેવ કેવા ? ગુરુ કેવા ? ધર્મ કેવો ? જીવ કેવો ? સંવર કેવો ? નિર્જરા કેવી ? એનું તો પ્રસિદ્ધ કથન છે, પ્રગટ કથન છે. ક્યાંય એમાં ગૂઢ કથન નથી એ તો પ્રગટ વ્યક્ત નિર્મળ કથન ચાલ્યું આવે. (છે) એટલે એમાં તો જૈનને સાચી શ્રદ્ધા સમજવામાં કોઈપણ ભ્રમણા થવાનું કારણ રહેતું નથી.

શેઠી ! જુઓ સાચા દેવ કેવા સર્વજ્ઞ દેવ હોય, સાચા ગુરુ મુનિ અભ્યંતર ને બાહ્ય કેવા હોય, સાચો ધર્મ કેવો હોય એ તો શાસ્ત્રમાં બધું પ્રસિદ્ધ અને પ્રગટ અને સ્પષ્ટ કથન છે. અનેક આગમોમાં એની સાખ મળે. અનેક આગમ જૈન આગમ વીતરાગના એમાં એની સાખ મળે છે, એમાં કાંઈ વિરોધ અને ભ્રમનું કારણ રહેતું નથી. સમજાણું કાંઈ ? આ જૈન આગમ એટલે સનાતન શાસ્ત્ર વીતરાગના ચાલ્યા આવે છે એને જૈન આગમ કહે છે. એમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ ચાલ્યું આવે છે. બીજા વચ્ચે કલ્પિત કર્યા ભગવાનને નામે એમાં તો દેવ-ગુરુ-ધર્મનો ગોટો ઊઠાવ્યો છે અને નવે તત્ત્વનો એમાં ગોટો ઊઠયો છે તેને જૈન આગમ કહેતા નથી. ષટ્ખંડાગમ, ધવલ, જયધવલ, મહાધવલ, સમયસાર,

પ્રવચનસાર, નિયમસાર આદિ એમાં તો દેવ-ગુરુ-ધર્મ અને નવ તત્ત્વોનું પ્રસિદ્ધ અનેક આગમોમાં પૂર્વાપર વિરોધ રહિત, બધે પ્રસિદ્ધ અને વ્યક્ત પ્રગટ કથન છે. એમાં તો જૈનના સાચા શ્રદ્ધાળુને ક્યાંય ભ્રમણા થવાનું કારણ રહેતું નથી. સાચા શ્રદ્ધાળુને.

''**તથા જેને ભ્રમથી અન્યથા જાણવા છતાં....**'' એટલી વાત. કોઈ એવો બોલ હોય કે સાચા નવ તત્ત્વો, અને છ દ્રવ્યો અને પંચાસ્તિકાય અને દેવ - ગુરુ - ધર્મમાં મુખ્ય પ્રયોજનમાં તો ક્યાંય પ્રસિદ્ધ કથનો શાસ્ત્રોમાં છે એટલે ભૂલ થવાનો સંભવ નથી. ''**જેને ભ્રમથી અન્યથા જાણવા છતાં તેને જિનની આજ્ઞા માનવાથી જીવનું બૂરું ન થાય એવા કોઈ સૂક્ષ્મ અર્થમાં....**'' છે પાઠ. અહીં જીવનું બૂરું ન થાય એવા કોઈ સૂક્ષ્મ અર્થમાં... ઓલામાં તો બૂરું થાય એમ આવ્યું'તું ભાઈ! જેને અન્યથા જાણવાથી જીવનું બૂરું થાય, ભૂંડું થાય, અહિત થાય એવા દેવ-ગુરુ-ધર્મ અને નવ તત્ત્વોનું તો પરંપરા સાચા આગમો સમયસાર આદિમાં સ્પષ્ટ કથન છે. અરે! રત્નકરંડ શ્રાવકાચાર લ્યો, ઈષ્ટોપદેશ આદિ શાસ્ત્ર લ્યો, કોઈપણ શાસ્ત્ર દિગંબર સનાતન જૈન દર્શનનું લ્યો, તેમાં બધું સ્પષ્ટ ચોખ્ખું કથન છે.

હવે કોઈ બોલ એવો સૂક્ષ્મમાં ભૂલ આવી જાય, અન્યથા જાણવા છતાં તેને જિનની આજ્ઞા માનવાથી વીતરાગ એમ કહેતા હશે એમ જાણવામાં આવી ગયું. સાધારણ ધારણાના બોલમાં અને જીવનું બૂરું ન થાય એમાં કાંઈ જીવનું ભૂંડું થાય નહીં. કોઈ ધારણાના બોલમાં ફેરફાર પડી ગયો એવા ''**કોઈ સૂક્ષ્મ અર્થમાં કોઈને....**'' કોઈને, એ પણ કોઈને એમ કહે છે અને તે ''**કોઈ અર્થ અન્યથા પ્રમાણમાં લાવે તો પણ તેનો વિશેષ દોષ નથી.....**'' મૂળ તત્ત્વમાં ફેર પડે, એક હોય તો અને બૂરું આત્માનું થાય. એ મૂળ તત્ત્વ દેવ - ગુરુ - શાસ્ત્ર એની વાત તો અનેક શાસ્ત્રોમાં એકધારા પૂર્વાપર વિરોધ રહિત વાત ચાલી આવે છે. કોઈ પણ શાસ્ત્ર લ્યો, સનાતન જૈન આગમ વીતરાગના. સમજાય છે? નિગ્રંથ માર્ગના કહેલા સનાતન દિગંબર માર્ગ, એનો કોઈપણ ગ્રંથ અને શાસ્ત્ર લ્યો, તો એમાં દેવ-ગુરુ-ધર્મ અને નવતત્ત્વોનું પ્રસિદ્ધ પ્રગટ કથન પૂર્વાપર વિરોધ રહિત છે. પૂર્વાપર ક્યાંય વિરોધ છે એમ બનતું નથી. એમાં તો પૂર્વાપર વિરોધ ક્યાંય છે જ નહીં.

ક્યાંક સહેજ ફેર તો કોઈમાં એમાં લખ્યું હોય કે ભાઈ, એકેન્દ્રિયને સાસ્વાદન સમકિત હોય. કોઈ વળી ગ્રંથ કહે કે એકેન્દ્રિયને સાસ્વાદન ન હોય. એમ કોઈ અન્યથા જાણવાથી કાંઈ બૂરું એમાં આત્માનું થતું નથી. એવા કથનો શાસ્ત્રમાં આવે, એથી કરીને એમાં કાંઈ મૂળ વિશેષ દોષ નથી. સમજમેં આયા? સાધારણ કોઈ એવા બોલ હોય, પણ મૂળ દેવ-ગુરુ-ધર્મને નવ તત્ત્વોમાં ફેર પડે તો આત્માનું અહિત થાય. મોક્ષનો મારગ છે

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, અને સંસારનો માર્ગ છે મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર. એમાં જો જરી કાંઇ ફેર પડે તો એનું ભૂંડું થાય. પણ એ વાત... અહીં તો પ્રસિદ્ધતા છે. કોઇ શાસ્ત્રમાં એ વાતમાં મુખ્યતા છે નહીં એ તો પ્રસિદ્ધ પ્રગટ વાત છે. કોઇ આવો ગૂઢ અર્થ આદિ હોય ધારણાના વિષયનો એમાં કાંઇ વિશેષ તો દોષ છે નહીં. ''**શ્રી ગોમ્મટસારમાં પણ કહ્યું છે કે....**''

**सम्माइट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहदि ।**
**सद्दहदि असब्भावं अजाणमाणो गुरुणियोगा ।। २७।।**

\- જીવકાંડ

**અર્થ** - ''**સમ્યગ્દ્રષ્ટિ જીવ....**'' સાચું આત્મ જેને ભાન થયું છે, તેને ''**ઉપદેશિત સત્ય પ્રવચનને શ્રદ્ધાન કરે છે.....**'' એ બીજા ગુરુથી ઉપદેશાયેલો સાચા અર્થને સમકિતી શ્રદ્ધાન કરે છે. ''**તથા અજાણમાન ગુરુના યોગથી....**'' ગુરુમાં કે ક્ષયોપશમમાં કાંઇક ફેર હોય અને એ ક્ષયોપશમની કોઇ અન્યથા સાધારણ દેવ - ગુરુ - ધર્મ અને નવ તત્ત્વ અને મોક્ષમાર્ગ સિવાયની વાતમાં કોઇ ધારણામાં ફેર ગુરુનો હોય, તો ''**અસત્યને પણ સમકિતી શ્રદ્ધાન કરે....**'' કોઇ ધારણાના બોલમાં, સમજે શેઠી ? ધારણા. ધારણા એટલે યથાર્થ મુખ્ય પ્રયોજનમાં નહીં. મુખ્ય પ્રયોજનમેં ભૂલ હોય તો તો મિથ્યાદષ્ટિ હો જાતા હૈ. દેવ-ગુરુ-ધર્મ, નવતત્ત્વ, મોક્ષ માર્ગ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એની શ્રદ્ધામાં તો એનો ફેર જરીય હોય શકે નહીં. સમજાણું કાંઇ ? આગળ છે ૨૨૧-૨૨૨ પાને, કહો સમજાણું કાંઇ ?

એટલે કહે છે કે અજાણમાન ગુરુના યોગથી અસત્યને કોઇ સાધારણ ધારણામાં આવી જાય તો એમાં કાંઇ વિશેષ દોષ છે નહીં. પણ દેવ-ગુરુ-ધર્મને સમકિત દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જો વિપરીત ક્યાંય શ્રદ્ધા હોય, (તો) બૂરું એનું થાય. એ શ્રદ્ધાના કથનમાં પરંપરાના સત્ય આગમમાં ક્યાંય વિરોધ છે એ તપાસ કરે તો એનો એક જ ન્યાય બધેથી નીકળે છે. ''**વળી મને પણ વિશેષ જ્ઞાન નથી.....**'' હવે પોતે કહે છે. મને પણ કાંઇ વિશેષ જ્ઞાન નથી. હું ક્ષયોપશમજ્ઞાનવાળો છું. ''**તથા જિનઆજ્ઞા ભંગ કરવાનો ઘણો ભય છે.....**'' જિનઆજ્ઞા કેમ ભંગ ન થાય એમ ઘણો મને ડર છે. ''**પરંતુ એજ વિચારના બળથી આ ગ્રંથ રચવાનું સાહસ કરું છું.....**'' એ વિચારના બળથી નામ વાસ્તવિક પ્રયોજન તત્ત્વનું તો મને શ્રદ્ધા અને ભાન છે. અન્યથા કોઇ વાત ધારણાના બોલમાં રહી જાય તો એમાં કાંઇ વિશેષ દોષ નથી. એવા સાહસથી, ''**એ જ વિચારના બળથી આ ગ્રંથ રચવાનું સાહસ કરું છું.....**'' સમજાણું કાંઇ ?

''**તેથી આ ગ્રંથમાં જેવું પૂર્વ ગ્રંથોમાં વર્ણન છે....**'' મહાસંતોએ પૂર્વે, પૂર્વાપર જે કથન અનાદિથી ચાલ્યું આવે, ભગવાનની વાણી સાથે મેળવાળું છે, ''**તેવું જ વર્ણન કરીશ.....**'' તેવું જ આમાં વર્ણન કરીશ. ''**અથવા કોઈ ઠેકાણે પૂર્વ ગ્રંથોમાં સામાન્ય ગૂઢ વર્ણન છે....**'' આટલી વાત કરે છે. ''**કોઈ ઠેકાણે પૂર્વ ગ્રંથોમાં સામાન્ય ભાવ ગર્ભિત ગૂઢ અર્થ ભર્યો હોય તેનો વિશેષ ભાવ પ્રગટ કરી....**'' કહે એમાં આ કહેવા માંગે છે. એવા વિશેષ ભાવને પ્રગટ કરી ''**અહીં વર્ણન કરીશ.....**'' એ મારા ઘરનું કરીશ નહીં. પૂર્વે ગ્રંથોમાં ગૂઢ હોય એ ગૂઢને ખોલી અને એમાં શું અભિપ્રાય કહેવા માંગે છે એને હું આ ગ્રંથમાં વિશેષ પ્રગટ કરીશ. ''**એ પ્રમાણે વર્ણન કરવામાં હું ઘણી સાવધાની રાખીશ.....**'' જોયું ? જિનઆજ્ઞા ભંગ કરવાનો ભય છે અને આ પ્રમાણે વર્ણન કરવામાં પણ હું ઘણી સાવધાની રાખીશ. ''**તેમ છતાં કોઈ ઠેકાણે સૂક્ષ્મ અર્થનું....**'' સૂક્ષ્મ અર્થ હો, પરમાર્થ તત્ત્વમાં ફેર નહીં, દેવ-ગુરુ-ધર્મ એમાં કાંઈ ફેર નહીં. સમજાણું ?

આગળ આવે છે ને ભાઈ બીજા, આમાં આવે છે ઘણાં. બસ્સો ચોસઠ કે એમાં આવે છે ને બધું કે ભાઈ ! આ તો એની મૂળ વિષય વસ્તુ હોવી જોઈએ, જુઓ બસ્સો ચોસઠ પાનામાં છે. કેટલાક હેય ઉપાદેય તત્ત્વની પરીક્ષા તો કરવી યોગ્ય છે. જુઓ એ બસ્સો ચોસઠ પાનું. છે ? એ લીટી ઉપરસે છઠ્ઠી... ઉપરસે છઠ્ઠી. છઠ્ઠાનો છેલ્લો ભાગ. સમજમેં આયા ? એટલા માટે છેલ્લો ભાગ છઠ્ઠીનો. ''**હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરવી યોગ્ય છે. છાંડવા યોગ્ય કોણ છે ? આદરવા યોગ્ય કોણ છે ? એની પરીક્ષા તો જરૂર ધર્મી જીવોએ કરવી.....**'' છે જુઓ, બસ્સો ચોસઠમાં પાને. હેય-મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એની બરાબર પરીક્ષા કરવી. ઉપાદેય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એની બરાબર પરીક્ષા (કરવી) ત્યાં જીવાદિ દ્રવ્યો એની તો બરાબર પરીક્ષા કરવી. શાસ્ત્રમાં પ્રસિદ્ધ કથન છે.

''**તત્ત્વોને પિછાણવા.....**'' જોયું ? જીવાદિ છ દ્રવ્યો, જીવાદિ નવ તત્ત્વો એને બરાબર પિછાણવા. ''**ત્યાગવા યોગ્ય મિથ્યાત્વ રાગાદિ અને ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ પિછાણવું.....**'' ત્યાગવા યોગ્ય મિથ્યાશ્રદ્ધા કોને કહેવી ? રાગ વિકાર કોને કહેવો ? વ્યવહાર કોને કહેવો ? જે છોડવા યોગ્ય છે એને તો બરાબર પિછાણવું અને ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શન આદિનું સ્વરૂપ બરાબર પિછાણવું. ''**અને નિમિત્ત - નૈમિત્તિક આદિકને જેમ છે તેમ પિછાણવાં.....**'' લ્યો, નિમિત્ત કોને કહેવું, નૈમિત્તિક સ્વતંત્ર કેમ છે એને તો બરાબર ઉપાદાન-નિમિત્ત, નિમિત્ત-નૈમિત્તિક એની તો બરાબર પરીક્ષા કરવી. શાસ્ત્રમાં એના કથન તો પ્રસિદ્ધ પ્રગટ છે એમાં કાંઈ ફેર છે નહીં. ગમે તે

શાસ્ત્ર વીતરાગ દિગંબર સનાતન સત્ય જૈનદર્શનમાં લ્યો. એમાં ગમે તે ગ્રંથની અંદરમાં આ વાત પ્રસિદ્ધ અને પ્રગટ છે એમાં કોઇ ગૂઢતા કાંઇ છે નહીં. સમજાણું કાંઇ ? બીજે ઘણે ઠેકાણે પણ આ આમાં એ એક મુદ્દામાં આવી ગઇ વાત. કહો સમજાણું કાંઇ ? આ ઉસમેં તો બરાબર પરીક્ષા કરની. ઉસમેં જો ગડબડ ગોટા હૈ તો મિથ્યાદર્શન રહેતે હૈ. સમજાય છે કાંઇ ?

એ વાતમાં તો ક્યાંય ફેર છે જ નહીં એમ કહ્યું. એ તો ગમે તે શાસ્ત્ર જુઓ અત્યારે, એક સમયસાર લ્યો, એક સાધારણ ષટ્દ્રવ્યસંગ્રહ લ્યો, પરમાત્મપ્રકાશ લ્યો, ઈષ્ટોપદેશ લ્યો, ગમે તે ગ્રંથ એમાં નાનો મોટો લ્યો, છ ઢાળા લ્યો. સમજાય છે ? એમાં તો દેવ-ગુરુ-ધર્મ, નવતત્ત્વો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, છાંડવા યોગ્ય મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રનું સ્પષ્ટ પ્રસિદ્ધ કથન છે. એમાં ક્યાંય ગોટો છે નહીં, એમાં ક્યાંય ગૂઢેય નથી એમ. ગોટો તો નથી પણ ગૂઢેય નથી, એ તો સ્પષ્ટ પરીક્ષા કરવા માગે તો થઇ શકે છે. (શ્રોતા : ...) ક્ષયોપશમ ન હોય ત્યાં સંસારનો ક્ષયોપશમ નથી ? યથાર્થ રૂચિ હોય તો એ જાતનો ખ્યાલ આવ્યા વિના રહે નહીં. ક્ષયોપશમ ઓછાવત્તાનો પ્રશ્ન ત્યાં નથી, એની રૂચિ યથાર્થ થવી જોઇએ. યથાર્થ રૂચિ હોય તો સત્યની શોધમાં સત્યમાં અસત્ય પાખંડ રહે નહીં. પ્રભુ પાસે પાખંડ ટકે નહીં. એમ પ્રભુત્વ તત્ત્વ શું છે, સામર્થ્ય સમ્યક્નું જ્ઞાન-દર્શનનું, ચારિત્રનું, દેવ-ગુરુ ને ધર્મનું, પ્રભુતાનું સામર્થ્ય શું છે એવી જેને સત્યની રૂચિથી શોધ હોય (આ) તેનામાં પાખંડ અને અજ્ઞાન ટકી શકે નહીં. એને કોઇ ભરમાવી જાય એમ બને નહીં. કહો સમજાણું કાંઇ ?

શેઠી ! ક્ષયોપશમ થોડા હો તો ઉસમેં પાખંડ ન ટકે. બુદ્ધિ થોડી હોય બાળકને પણ એને કોઇ આવીને કહે કે તારા બાપને મેં ઓલા ભવમાં પચ્ચીસહજાર આપ્યા હતાં તો છોકરો શું કહે ? અરે ! ઓલા ભવની વાત શું ? કે અમારી બુદ્ધિ થોડી ને શું કરવું એમ કહે ? અમારી બુદ્ધિ થોડી એટલે હા પાડી દેવી ? હવે હાલ, હાલ ઓલા ભવમાં પચ્ચીસ હજાર આપ્યા એ વાત તું કરે છે ખોટો માળો, આઠ વરસનો છે તો પણ ના પાડે. એમાં કાંઇ વિશેષ બુદ્ધિની જરૂર છે (નહીં). એમ સાચા દેવ-ગુરુ અને ધર્મ, સાચા નવતત્ત્વો, એમાં મોક્ષતત્ત્વ કેવળજ્ઞાનવાળું કેવું તત્ત્વ હોય ? સંવર-નિર્જરા કેવો સ્વભાવ હોય ? આસ્ત્રવ-બંધ કેવા હોય ? એને કારણે સંવ-નિર્જરા ન થાય એવી વ્યાખ્યા તો સ્પષ્ટ છે, એમાં કોઇ ગડબડ કરાવવા જાય તો હાલે (ચાલે) નહીં, કેમ કે શાસ્ત્રમાં એના કથનો તો બહુ સ્પષ્ટ પ્રસિદ્ધ અને પ્રગટ છે.

કોઇ સાધારણ ધારણાની વાતમાં ફેર પડે તો કહે છે કે એમાં પણ ''**હું તો સાવધાની રાખીશ. તેમ છતાં કોઇ ઠેકાણે સૂક્ષ્મ અર્થનું અન્યથા વર્ણન થઇ જાય તો વિશેષ**

**બુદ્ધિમાન હોય તેઓ તેને બરાબર કરી શુદ્ધ કરે એવી મારી પ્રાર્થના છે.....''** લ્યો એમ વિનય દર્શાવે છે. સાધારણ બોલમાં કોઇ ફેર પડે, તત્ત્વોમાં તો ફેર છે નહીં કેમ કે ગ્રંથમાં એ તો સ્પષ્ટ વાત છે. એ પ્રમાણે આ શાસ્ત્ર રચવાનો નિશ્ચય કર્યો. આ પ્રમાણે શાસ્ત્ર રચવાનો મેં નિશ્ચય કર્યો. કેટલી વાત મૂકી આમ સંધિ વાળી.

## હવે કેવાં શાસ્ત્ર વાંચવા સાંભળવા યોગ્ય છે?

કેવા શાસ્ત્ર સાંભળવા અને વાંચવા યોગ્ય છે? એમ કેવા શાસ્ત્ર જોડવા, શીખવા, શીખવાડવા, વિચારવા, લખાવવા, ધર્મકથા કરવી એ કેવા શાસ્ત્ર જોઇએ એની વ્યાખ્યા કરે છે. સમજાય છે કાંઇ? ભગવાનજીભાઇને આ જોઇતું'તું વધારે એટલે આ રેકર્ડમાં... કહો સમજાણું કાંઇ? કેવા શાસ્ત્ર વાંચવા, સાંભળવા, સંભળાવવા, જોડવા, ગૂંથવા, રચવા, શીખવા, શીખવાડવા, વિચારવા, લખવા અને લખાવવા. કેવા શાસ્ત્રો વાંચવા જે આ બોલ આટલા કહેવાય છે એ વાતની વ્યાખ્યા આમાં કરે છે. જુઓ આ સમજવા જેવી મુદ્દાની રકમની વાત છે. કહો સમજાણું?

એ નીચે શબ્દ છે બીજા, માથે બોલ હાલે છે. એ નીચે બીજા શબ્દ છે. નીચે અહીં વાંચવા, સાંભળવા પ્રમાણે જોડવા, શીખવા, શીખવાડવા, વિચારવા, લખવા, લખાવવા, આ સાચા શાસ્ત્રો આવા. આ તો અત્યારે મેળેય એવો નથી. જુઓ પંડિતોને કહે કે ભાઇ! આવા તત્ત્વો લખવા બીજા લખવા નહીં તો કહે ના, અમારે પગાર જ્યાં મળે ત્યાં ગમે તેવા લખવા ને ગમે તેવા...... કહો આ વાત. અહીં પરિષદ ભરાણી હતી. એમાં એક પ્રસ્તાવ મૂકવાનો હતો કે ભાઇ! સત્ય શાસ્ત્ર હોય એ લખવા અને પ્રસિદ્ધ કરવા બીજાના લખવા નહીં, તો કહે ના, અમારે હાલે નહીં. પ્રસ્તાવ નીકળી ગયો. કાળ જો ને! આંહી કહે છે કે ધર્મના અર્થીઓએ વિદ્વાન હો કે સમકિતી હો કે જ્ઞાની હો કે ગૃહસ્થ હો કે મુનિ હો, કેવા શાસ્ત્ર એને વાંચવા, સાંભળવા, સંભળાવવા સાંભળવા, એ હરિભાઇ! કેવા શાસ્ત્ર સાંભળવા, વાંચવા, જોડવા, શીખવા, શીખવાડવા આહાહા! વિચારવા ને લખવા અને લખાવવા- જુઓ આવ્યું લખાવવા કહે છે ને ભાઇ જાતે લખે અને લખાવે પણ કેવા હોવા જોઇએ? હેં? બરાબર યથાર્થરૂપ હોય તે, એવા શાસ્ત્ર એક પંક્તિમાં મૂકી દે છે.

**''જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે....''** ઓહોહો! એક ટૂકડો મૂકી દીધો. **''જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે....''** એટલે કે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર વીતરાગી પરિણામનો પ્રકાશ કરે. સમજાય છે કાંઇ? કેમ કે જગતને હિત તો કરવું છે અને

અહિતનો નાશ કરવો છે. તો જે શાસ્ત્ર-આગમ મોક્ષમાર્ગ આત્માનો છૂટકારો થાય, બંધનથી છૂટે, જે ભાવે બંધન થાય તે ભાવથી છૂટવાનું બતાવે અને જે ભાવથી અબંધ પરિણામ થાય એવો મોક્ષનો માર્ગ કહે, પ્રકાશ કરે, તે જ આગમ વાંચવા અને સાંભળવા યોગ્ય છે. કહો, આમાં તો ઘણું આવ્યું. (શ્રોતા : ...) આ શું આવ્યું આમાં ભાઈ સ્પષ્ટ. જે આગમ ... આમ આત્મા પૂર્ણાનંદ કેમ ? કે જે મોક્ષ કરવા માગે છે તે મોક્ષ એ કાંઈ બહારથી આવે એવી ચીજ નથી. મોક્ષ અંતરની શક્તિરૂપે આત્મા મોક્ષ છે, અને પ્રગટરૂપે આત્મા એ શક્તિને અવલંબે, શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા વીતરાગી પર્યાય દ્વારા કરીને, જેને પૂરણ મોક્ષ થાય એવું જે આગમમાં કથન હોય. સુમેરમલજી ! બહોત આ ગયા ઉસમેં તો દેખો.

આગમની કસોટી, વો સોનાકી કસોટી કરતે હૈ કે નહીં ? હા, આગમકી કસોટી. જે આગમ મોક્ષમાર્ગ... એમાં તો એમ પણ આવ્યું કે આત્મા છે એને અનાદિની અહિતપણાની માન્યતા છે એને હિતપણાની માન્યતા, હિતપણાનું જ્ઞાન અને હિતપણાની રમણતા બતાવે, અહિતના વિકારનો નાશ કરવાનું બતાવે. હિતપણાના માર્ગની ઉત્પત્તિનું બતાવે એનું નામ આગમ કહેવાય, બાકી આગમ કહેવાય નહીં. (શ્રોતા : ...) હેં ? નવતત્ત્વ આ ગયા. અહિતનો નાશ બતાવે. (શ્રોતા : ...) હા. આગમ વડે નક્કી તો કર કે પહેલું કે તારે હિત કરવું છે કે નહીં ? તો હિત તો એ શાંતિથી થાય કે અશાંતિથી થાય ? તો જે કોઈ અશાંતિ પુણ્ય, પાપ, આસ્ત્રવ ને બંધથી હિત બતાવે એ આગમ નહીં. જે કોઈ અરાગ પરિણામી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી મુક્તિનું કારણ બતાવે, અને મુક્તિ બતાવે એ જ મોક્ષમાર્ગ એ જ આગમ છે. આગમનો પહેલો ટૂંકો સીધો અર્થ.

હિત કરવું છે કે નહીં ? કે હા, તો હિત કઈ રીતે ? અનાદિકાળથી અહિત ચાલ્યું આવે છે. અનાદિકાળથી પુણ્ય, પાપ, આસ્ત્રવ, બંધની દશા ચાલી આવે છે. જીવ તો છે. પુણ્ય, પાપ, આસ્ત્રવ ને બંધ ચાલ્યા આવે છે, નથી શું ? સંવર, નિર્જરા ને મોક્ષ. નથી શું ? મોક્ષનો મારગ. શું કહ્યું ? અનાદિથી જીવ છે, જડ છે અને તેનામાં પુણ્ય-પાપ, આસ્ત્રવ અને બંધ આ છ તત્ત્વો તો અનાદિથી ચાલ્યા આવે છે. ભાઈ ! કહો બરાબર છે આ ? સુમેરુમલ, કારણ એકલો જીવ હોય તો લક્ષ કોના ઉપર કરે ? એટલે અજીવ પણ છે, જીવ પણ છે અને એ જીવને વર્તમાન શાંતિ હોય તો તો એનામાં આસ્ત્રવ, પુણ્ય, પાપ અનાદિથી ચાલ્યા આવે છે એમ હોઈ શકે નહીં. તો અનાદિથી પુણ્ય ને પાપ, દયા ને દાન, ભક્તિ, વ્રત, કામ, ક્રોધ એવો વિકાર અને બંધભાવ અને એ પુણ્ય-પાપનું એમાં આસ્ત્રવમાં સમાઈ જાય.

એ અજીવ, પુણ્ય-પાપ, આસ્ત્રવ, બંધ અને જીવ એ છ હાલ્યા આવે છે. જે જીવને શાસ્ત્ર શ્રવણ કરવા છે, સાંભળવા છે, વાંચવા છે કયા હેતુએ ? કે હિતને માટે. ત્યારે જે કરી રહ્યો છે એનાથી કાંઇ પલટો કરવા માટે. જીવ છે એ અનાદિથી પુણ્ય-પાપ આસ્ત્રવ બંધની દશા કરી રહ્યો છે તેમાંથી પલટો કરવા માટે, કે જે શાસ્ત્ર એ જીવને કાયમ બતાવે, એ જીવને જીવના આશ્રયે પુણ્ય-પાપ, આસ્ત્રવ-બંધનો વ્યય નામ નાશ બતાવે અને સ્વભાવને આશ્રયે મોક્ષનો મારગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બતાવે અને એનું ફળ પૂરણ જે મોક્ષ બતાવે એને આગમ કહેવાય છે. મગનભાઇ ! બરાબર છે. આ આગમની... ઓહોહો ! વ્યાખ્યા. કોને કહેવા આગમ ? ભગવાનજીભાઇ ! વાત તો બહુ સારી આવી ગઇ કે મારે ત્યાં સાંભળવા ન આવવું, સાદું હોય તો ઠીક પડે. છે તો બહુ સાદું અને સાદું આ ઠીક છે ? ભાઇ ! આહીં તો સાદામાં સાદી એવી મીઠી વાત આવે છે . જરીક એના વીર્યમાં, જ્ઞાનમાં, જરીક મહાત્તમ લઇને જરી મૂકે અને ગોઠવે, ગોઠવે તો એને એવું લાગે કે આહાહા ! આ તે કોઇ મારગ ! પણ એને વિચારવું તો એણે જોઇએને ? મનુભાઇ ! આંહી ને આંહી ખંખેરીને હાલ્યા જાય, થઇ રહ્યું.

જે આગમ ઓહોહો ! ''**જે શાસ્ત્ર....**'' જેના કથનો ''**મોક્ષમાર્ગનો પ્રકાશ કરે....**'' આંહીથી વાત ઉપાડી છે. ત્યારે બંધમાર્ગનું, મોક્ષમાર્ગના પ્રકાશનું જ્ઞાન એમ બંધમાર્ગના અભાવનું પણ જ્ઞાન, પણ અભાવનું મોક્ષમાર્ગના ભાવનું. જે શાસ્ત્ર ગમે તે રીતે ચારે અનુયોગ હો, કથાનુયોગ હો, ચરણાનુયોગ હો, દ્રવ્યાનુયોગ હો કે કરણાનુયોગ હો. મોક્ષમારગ. અહો આત્મા ! તને શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર જોઇતા હોય તો આ વર્તમાન દશા ચાલી આવે છે, તું એની રૂચિ છોડ. એ રૂચિ છોડી નાંખ એ સીધી વાત તો કરે, પણ જો તને હિત કરવું છે શાંતિ જોઇએ છે, આનંદ જોવે છે એટલે કે મુક્તિના રાહ - પંથ જોવે છે તો મુક્ત સ્વરૂપ વસ્તુ તું છો એના અવલંબે તે મુક્ત સ્વરૂપનો મોક્ષના કારણની દશા પ્રગટ થશે. કહો સમજાણું કાંઇ ?

આમ જે આગમ બતાવે ''**મોક્ષમાર્ગનો પ્રકાશ કરે તે જ આગમ વાંચવા - સાંભળવા યોગ્ય છે.....**'' શું કહે છે ? ગમે એ આગમ વાત કરે, કરણાનુયોગની કરે, પ્રકૃત્તિની કરે, કોઇ આસ્ત્રવ, બંધની વ્યાખ્યા કરે પણ એનું પ્રયોજન શું ? કે આ સ્વભાવવાન વસ્તુ છે એને પલટો માર. અનાદિથી પુણ્ય-પાપ વિકારની પર્યાય રૂપે, અવસ્થા રૂપે રોકાઇ ગયો છો, હવે સ્વભાવનો આશ્રય કરીને શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા પ્રગટ કર. બીજા આસ્ત્રવ બંધથીય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થશે નહીં અને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કોઇ અજીવના નિમિત્તે કે

ગુરુ મળ્યા માટે એને લક્ષે થશે નહીં. વાડીભાઇ! લ્યો આમાં તો નિમિત્તે ઊડી ગયું અને વ્યવહારેય ઊડી ગયો. જે આગમ વ્યવહાર અને નિમિત્તથી મોક્ષમાર્ગનો પ્રકાશ ન કરે તો અવલંબન એ સ્વભાવના અવલંબને જ પ્રગટ થાય આવી જે વાત કરે તે જ આગમ. શેઠી! શું વાત મહેન્દ્રજી. શેઠી તો બહોત ખાનદાન હૈ તો ઉસે બડી અચ્છી લગતી હૈ. ઉસે ન્યાય આવે તો એને અંદર થાય ઓહોહો! મારગ તો આ છે. કેમ શેઠી! મારગ તો ઐસા હૈ ભૈયા.

વસ્તુ તારે નક્કી કરવું પડશેને? પ્રભુ! તું છો કે નહીં? તું હો કે નહીં? તો હૈ તેરી હૈયાતિમેં કુછ વર્તમાનમેં વિરુદ્ધ હૈ કે નહીં? જો વર્તમાનમેં વિરુદ્ધ ન હો તો તેરે શાંતિ પ્રગટ હોની ચાહિયે. સુમેરમલજી! શરીરમેં રોગ આતે હૈ, પ્રતિકૂળતા આતી હૈ ઓ તો જડકી દશા હૈ. તેરા લક્ષ પર ઉપર જાતે હૈ. વો લક્ષ કરાતે નહીં. લક્ષ તેરા પર ઉપર જાતે હૈ તો તેરી દશામેં બંધભાવ હૈ કે નહીં? બંધભાવ હૈ તો ઉસકા નાશ કરનેકી અપૂર્વ દૃષ્ટિ બતાવે કે જે બંધકા અવલંબન નહીં, શરીરકા અવલંબન નહીં ઔર બંધનસે છૂટનેકા બતાવે તો બંધનસે છૂટનેકો (તો) શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ હૈ ક્યોંકિ પ્રાપ્તકી પ્રાપ્તિ હોતી હૈ. વો આત્મામેં જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી નિર્મળ પર્યાયકા પિંડ જો ન હો તો કહાંસે આયેગા? એ જીવ તત્ત્વની એ વ્યાખ્યા કરે, ભગવાન! આગમ કે તારા તત્ત્વમાં પ્રભુત્ત્વ પૂરણ પડ્યું છે. તારી વર્તમાન દશામાં અપ્રભુતા નામ પામરતા થઇ ગઇ છે, એ પામરતાને પ્રભુતાના અવલંબે પર્યાયમાં પ્રભુતા લાવી શકાય છે. સમજાય છે કાંઇ? સાંભળવામાં આવે છે ને, થોડા થોડા. સમજાય છે? હેં? આ મુદ્દાની વાત છે આ મુદ્દાની રકમ છે.

''**જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે....**'' આમ બંધનથી છૂટવાની રીત બતાવે. બંધનથી છૂટવાની રીત બતાવે, એટલે કે પૂરણ મુક્ત થવાના રાહ બતાવે. પૂરણ મુક્ત થવાનો પંથ બતાવે તો, પૂરણ મુક્તમાં જેમ કાંઇ પણ અવલંબન નથી એમ એના માર્ગમાં પણ પરનું અવલંબન કાંઇ છે નહીં. જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે, કહો સમજાય છે? એ આગમ, તે જ આગમ વાંચવા, બીજા આગમ વાંચવા નહીં. અસ્તિમાં આ ગયા કે નહીં? દૂસરા આગમ નહીં વાંચના. જિસને રાગકો ધર્મ બતાયા હો, પર હો તો મેરેકો લાભ હો, ઐસા બતાયા હો. સમજાય છે? અને રાગ હોતે હોતે કભી સંસારકા નાશ હોગા ઐસા બતાયા હો ઐસા શાસ્ત્ર વાંચવા, સાંભળવા યોગ્ય નથી. વાંચવામાં આ જ આગમ વાંચવા અને સાંભળવા યોગ્ય છે.

હરિભાઇ! આવા સાંભળવા યોગ્ય છે. (શ્રોતા : ...) ક્યા? પણ વો સચ્ચા શાસ્ત્ર પઢયા હી કહાં હૈ? વો તો કહેતા હૈ ને સચ્ચા શાસ્ત્ર પઢયા હી નહીં. સચ્ચા શાસ્ત્રમેં

વો, હૈ વો પઢયા ઉસકા નામ વો સચ્ચા શાસ્ત્ર પઢયા કહેતે હૈ, નહીં તો મિથ્યાશાસ્ત્ર પઢયા હૈ વો ભી. ઉસકી દૃષ્ટિમેં મિથ્યા હૈ ને? સચ્ચા શાસ્ત્ર, ઓ સચ્ચા શાસ્ત્ર કિસકો કહના ઓ તો... માનતે હૈ કિ જિસમેં બંધ માર્ગ રહિતકી વ્યાખ્યા હો વો સુને, ઔર ઉસમેં ઐસા કહા હૈ, ઉસમેં કહા હો ઐસા સુને (૫૨) ઉસમેં કહા હો ઐસા ન માનકર દૂસરા માને તો વે સચ્ચા આગમ વાંચતે નહીં. સચ્ચા આગમ વાંચતે અને સુનતે ભી નહીં. ભલે સમયસાર હો! સમજેને? વો સમયસાર, અહીં તો કહે છે કોઈ પણ શાસ્ત્ર આગમનું એવું હોવું જોઈએ, કે એ જીવની કાયમી હયાતિ રાખીને કાયમી હયાતિ ત્રિકાળ, ત્રિકાળ હયાતિ, સત્તા, મૌજુદ રખકર ઉસકી દશામેં જો વિકૃત, વિરૂપ, વિકાર હો ગયા હૈ ઉસકો છુડાનેકા હી આ શાસ્ત્ર કહતે હૈ. દૂસરા ક્યા કહના હૈ ઉસકો? તો જે શાસ્ત્રમેં ઐસે વાંચકર, સુનકર, સાંભળકર, વિચાર કરકે, વિકાર રહિત બતાયા હો ઐસા ઉસમેં હૈ ઐસી દૃષ્ટિસે વાંચે, સુને તો સચ્ચા આગમ વાંચ્યા સુના કહેવાય, પણ સાચા આગમનું કહેલું કથન હોય પણ વિપરીત દૃષ્ટિસે વાંચે તો આગમ નથી વાંચ્યા એની દૃષ્ટિ વાંચી છે. હૈં? ઉસકી દૃષ્ટિ વાંચી હૈ. અપની દૃષ્ટિ મુખ્ય વાંચતે હૈ, વો ક્યા કહેતે હૈ ઐસા દૃષ્ટિમેં નિખાલસપનેસે વાંચતે સુનતે નહીં.

વો પ્રશ્ન થા ભાઈ! એનો પ્રશ્ન એમ કે સાચા આગમમાં પણ આ ઊંધુ મતાર્થ ચાલે છે ને? પણ એ સાચા આગમ એને નથી. વાંચના તે સાચા આગમ હૈ (નહીં) વો તો આગમ સચ્ચા હૈ પર ઉસકી દૃષ્ટિમેં ફેર હૈ તો ઊંધા અર્થ સમજતે હૈ વો તો પહેલે કહ દિયા કે સાચા દેવ-ગુરુ-ધર્મ ઔર સાચા નવતત્ત્વ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર, નિમિત્ત-નિમિત્ત સંબંધ એનું તો સ્પષ્ટ કથન શાસ્ત્રોમાં છે. એમાં જે વિપરીત કલ્પે એને શાસ્ત્ર વાંચવાની દૃષ્ટિ સાચી નથી. એને સાંભળવાની પણ લાયકાત સરખી નથી. મહેન્દ્રકુમારજી કહો સમજાણું? ભાઈ ભગવાનજીભાઈને આવું ઉતારવું'તું. એમ કે નવરા હોય તો આપણને ઠીક પડે. બપોરનું બહુ ઝીણું પડે. સમજાય છે કાંઈ? વાત સાચી. બપોરનું ઝીણું વળી આજ તો આવશે થોડું, કહો સમજાણું? આંહી કહે છે કે જે આગમ મોક્ષમાર્ગનો ઓહોહો! છૂટવાનો માર્ગ, એના ભેગો બંધ બંધાવાનો માર્ગ ને બંધ. બંધ તત્ત્વને વર્ણવે અને બંધના માર્ગને વર્ણવે પણ એનું પ્રયોજન છૂટવાના માર્ગનું પ્રયોજન એમાં છે.

બંધન અને બંધનના કારણ આસ્ત્રવને સમજાવે એ એટલા પૂરતું પ્રયોજન નથી, આસ્ત્રવ તે અહિત છે, હેય છે, બંધ તે અહિત છે એ સમજાવવામાં સંવર તે ઉપાદેય છે, નિર્જરા તે હિત છે અને મોક્ષ તે પરમહિત છે. એ સમજાવે તે આગમને આગમ કહેવાય છે. એવા આગમો વાંચવા - સાંભળવા યોગ્ય છે. એવા આગમ જોડવા, શીખવા, આ

આગમ શીખવા, બીજા વેદિયા શાસ્ત્રને શીખવા નહીં કહે છે. બીજાને શીખવાડવા હોય તો આવા શાસ્ત્ર શીખવાડવા. ભાઈ! બીજા કહે કે આ વાંચો વ્યાખ્યાનમાં ફલાણું વાંચો ફલાણું. શીખવા, શીખવવા, વિચારવા, લખાવવા એ બધાં આવા શાસ્ત્ર હોય તે આત્માર્થીએ સાંભળવા અને વિચારવા અને લખવા અને લખાવવા. બીજાના પ્રવાહની પરંપરા ચાલી જાય એવી ભૂલ જ્ઞાની અને આત્માર્થી કરતા નથી. સમજાણું કાંઈ? (શ્રોતા : અમારા બાપદાદા...) બાપદાદા ખોટા નથી? ત્યારે ઈ ખોટો હતો તો એના બાપદાદા ખોટા ને એના સ્વીકારે નિગોદમાં રખડતો હતો.

ત્રણલોકનાનાથ તીર્થંકર થયા તે તીર્થંકર પણ પહેલા પોતે પૂર્વે અનંતા તીર્થંકરના સમોવસરણમાં ગયેલ છતાં વિરુદ્ધ લઈને આવે તીર્થંકર ખુદ એ તીર્થંકર નહીં થવા પહેલાં અનંતવાર સમોવસરણમાં ગયેલ પણ મિથ્યાદૃષ્ટિપણે પાછો આવ્યો એટલે શું થયું? વસ્તુ મોક્ષનો માર્ગ શાંતિ, આનંદ, પવિત્રતા શુચિતા, શૌચતા, સત્યતા, અહિંસકતા, સ્વાભાવિક અહિંસકતા હોં, સહજ અહિંસકતા, એ બધી વીતરાગી પર્યાય છે. અરાગી દશા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ અકષાય દશા છે. તે અકષાયદશાનું જેમાં સ્પષ્ટ કથન હોય, જેમાં ગડબડ ગોટો ન હોય એવા આગમ વાંચવા અને સાંભળવા તે યોગ્ય છે. એનો અર્થ કે એ સિવાયના બીજા સાંભળવા અને વાંચવા યોગ્ય નથી. કોઈ અર્થ જોવા વિચારવા કરે એ પ્રશ્ન કાંઈ રહેતો (નથી). એ આગમ તરીકે નહીં, આ આગમ છે માટે વાંચવું છે એમ નથી. એ તો કુઆગમ છે પણ એમાં શું કહેવા માગે છે એમ જાણીને વાંચે.

કારણકે સંસારમાં... જુઓ હવે ન્યાય આપે છે. ''**જીવ નાના (જુદાં જુદાં) પ્રકારનાં દુ:ખોથી પીડિત છે.....**'' એક વાત સિદ્ધ કરે છે. સંસારમાં ભગવાન આત્મા, અનાદિનો, અનેક પ્રકારના દુ:ખોથી પીડિત છે. દુ:ખથી પીડિત છે. દુ:ખ નામ આકુળતા... આકુળતા... આકુળતા...(શ્રોતા : નરક, ઢોરમાં...) અરે આકુળતામાં! નરક ઢોરમાં ક્યાં હતો? પોતાની દશામાં આકુળતા છે તેથી દુ:ખી છે. શરીર દુ:ખનું કારણ નથી. સંયોગ દુ:ખનું કારણ નથી, પૈસા સુખનું કારણ નથી ને નિર્ધનતા દુ:ખનું કારણ નથી. નિર્ધનતા તે દુ:ખરૂપ નથી. સધનતા તે સુખનું કારણ નથી. સધનતા તે સુખરૂપ નથી. ફક્ત આકુળતા... આકુળતા... આકુળતા... એ જ કષાય તે દુ:ખરૂપ છે. સમજાણું કાંઈ? ''**જો શાસ્ત્ર રૂપી દીપક વડે....**'' જુઓ. દુ:ખથી મુક્ત થવું અને સુખની પ્રાપ્તિ થવી એ જ મોક્ષનો મારગ છે. આસ્ત્રવ અને બંધભાવ પણ દુ:ખ છે. દુ:ખ સંયોગમાં નથી. પુણ્ય અને પાપ અને વિકલ્પોનું ઊઠવું, શુભાશુભની વૃત્તિ ઊઠવી, વ્રત-અવ્રતના વિકલ્પો ઊઠે એ પણ દુ:ખદાયક છે. સમજાય છે? વ્યવહાર વ્રત હોં, નિશ્ચય વ્રત તો સ્વરૂપની સ્થિરતા છે.

સંસારમાં જે અનેક પ્રકારના દુઃખોથી નાના પ્રકારની મોટી - નાની અનેક પ્રકારની આકુળતા, આ તો નાની મોટી પણ આકુળતા પોતાના... સ્વર્ગમાંય પણ આકુળતા, નરકમાંય આકુળતા, મનુષ્યમાંય આકુળતા, દ્વેષમાંય આકુળતા અને રાગમાંય આકુળતા કેમ કે જ્યાં આત્મા પરદ્રવ્યનો આશ્રય લઈને સુખ લેવા માગે છે એ બધી આકુળતા છે. અશાંતિ એટલે કે દુઃખ છે. શેઠી! ''**જો શાસ્ત્રરૂપી દીપક વડે....**'' શાસ્ત્રરૂપી દીવા વડે **તે** ''**મોક્ષમાર્ગને પામે.....**'' શાસ્ત્રરૂપી દીવા વડે તે જો મોક્ષમાર્ગને પામે, એટલે કે આત્માના પવિત્ર આનંદ પૂરણરૂપ દશા એ મોક્ષ, એને પામવાનો અંતરમાર્ગ રસ્તો પામે, ''**તો તે મોક્ષમાર્ગમાં ગમન કરી....**'' એ મોક્ષમાર્ગમાં અંદર પરિણમન કરી, ગમન કરી-નામ અંતરમાં પરિણમન કરી ''**એ દુઃખોથી મુક્ત થાય....**'' મોક્ષમાર્ગમાં ગમન કરી, જુઓ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ વીતરાગતાનું પરિણમન કરી, અને જે મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર રૂપી આસ્ત્રવ બંધ ને આકુળતા છે એવા આકુળતાના દુઃખોથી મુક્ત થાય. કહો સમજાણું કાંઈ ?

''**હવે મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે....**'' એમ ન્યાં (ત્યાં) સ્થૂળરૂપે વાત કરી હતી. હવે સ્પષ્ટ ખોલી નાંખી વાત. ''**હવે મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે....**'' મોક્ષમાર્ગ કોઈ રાગ નથી, પુણ્ય નથી, વ્યવહાર નથી, મોક્ષમાર્ગ જ નથી. મોક્ષમાર્ગ તો એક જ પ્રકારનો અવિકારી પરિણામ છે. હૈ શેઠી! પંદર પાને. ''**મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે....**'' ખલાસ હો ગયા. ઉસમેં જુઓ વીતરાગભાવ. રાગ, પુણ્ય, વ્યવહાર ઔર નિમિત્તકા લક્ષ છોડકર ઉસ સ્વભાવકા આશ્રય પરમપારિણામિક, ચિદાનંદ સ્વરૂપ, એકરૂપ શક્તિ... શક્તિ... શક્તિ એ સ્વભાવને શક્તિરૂપ સત્ત્વનું તત્ત્વ એના અવલંબે જે વીતરાગ શ્રદ્ધા ને રાગ અને પુણ્યના અભાવવાળી જે જ્ઞાનદશા અને રમણતા થાય એ વીતરાગભાવ, એ જ એક મોક્ષમાર્ગ છે. વચમાં રાગ આવે, દયા-દાન આવે, વ્રત આદિના પરિણામ આદિ એ મોક્ષમાર્ગ નથી. જુઓ એક વીતરાગભાવ તે મોક્ષમાર્ગ છે.

મોક્ષમાર્ગ તે વીતરાગભાવ પણ છે અને વચ્ચે રાગભાવ આવે એ પણ મોક્ષમાર્ગ છે એમ છે નહીં. (શ્રોતા : ...) રાગ નહીં ઉલટા હૈ, રાગ જિતના આતા હૈ વો મોક્ષમાર્ગ હૈ હી નહીં. સમજાય છે કાંઇ ? ઓહોહો! પહેલેથી લખ્યું તે એક ધારા નવ અધ્યાય સુધી એકધારા લખી છે વાત પણ લોકો સમજવાને આ શાસ્ત્રના ઊંધા અર્થ કરે, આ વાંચીને પોતાની કલ્પના એમાં નાંખે. વાંચે મોક્ષમાર્ગ અને નાંખે કે ભાઇ વ્યવહાર તો કરના પડતા હૈ કે નહીં? વ્યવહાર બિના હોતા હૈ? વ્યવહારકા પેટમેં નિશ્ચય પડા હૈ વો રાગકા પેટમેં

મોક્ષમાર્ગ પડા હૈ! કહો (શ્રોતા : ...) આ અર્થ શું કરે? (શ્રોતા : ...) મનકી કલ્પના. આગમ ઐસે કહેતે નહીં. દેખો! ''**મોક્ષમાર્ગ તો વીતરાગભાવ છે....**'' એક વીતરાગભાવ હૈ પાછો મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ. એક વીતરાગભાવ એટલે બીજો રાગભાવ પણ મોક્ષમાર્ગ છે એમ નહીં. એક જ વીતરાગભાવ મોક્ષમાર્ગ.

અનાદિ ત્રિકાળ મહાવિદેહક્ષેત્ર હો, ભરતક્ષેત્ર હો, ઐરાવતક્ષેત્ર હો, સ્વર્ગમાં હો, નરકમાં હો, એમ આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિરતિચારચારિત્ર, વિકલ્પના આશ્રય વિનાની શ્રદ્ધા-જ્ઞાનને રમણતા એક જ મોક્ષમાર્ગ છે. બીજો મોક્ષમાર્ગ ત્રણકાળમાં જૈન આગમમાં વર્ણવ્યો (નથી). હલકો કાળ છે એટલે કયા? આ તો આટા, ઘી ઔર ગુડ (શક્કર) ઉસકે પકવાન બનતે હૈ કે નહીં? કે પકવાન દૂસરા સાધનકા બનતા હૈ? બોલો પકવાન તો એમ જ બને.

અહીં હુંડાઅવસર્પિણીકાળ છે એટલે એક ને એક ચાર થઇ જતા હશે અત્યારે? હુંડાઅવસર્પિણીકાળ છે એક ને એક ચાર બને એક ને એક બે નહીં! આ હુંડાઅવસર્પિણીકાળ છે. આ હુંડાઅવસર્પિણીકાળ છે માટે માણસના પેટમાંથી કૂતરું જનમ્યું એમ છે? હુંડાઅવસર્પિણીકાળ છે, હુંડાઅવસર્પિણીકાળ છે એટલે કે શું તે હુંડાઅવસર્પિણીકાળ છે માટે આંબા ને આંબાની ઉપર ફળ લીંબોળી ન આવે. લીંબોળી પાકે ભાઇ! હુંડાઅવસર્પિણીકાળ છે ને! આંબે લીંબોળી પાકી ત્રણકાળે ન પાકે, (શ્રોતા : ...) હા, સમજાય છે? એ તો સમજનારા, ઓળખનારા, પ્રયત્ન કરનારા થોડા હોય એથી કાંઇ વસ્તુ ફરી જાય? વસ્તુ બીજી થાય? નહીં, કે ના ભાઇ! હુંડાઅવસર્પિણી કાળ છે માટે ભાઇ આ માણસને માણસના પેટમાં સ્ત્રીના પેટમાં એમ કે કૂતરા પાક્યા. હુંડાઅવસર્પિણી કાળ છે, બને નહીં ત્રણકાળમાં. સમજાય છે કાંઇ? અને મોક્ષમાર્ગમાં બંધમાર્ગ પાકે અને બંધમાર્ગની ડાળીએ મોક્ષમાર્ગ પાકે એવું હુંડાઅવસર્પિણીકાળમાં હોય નહીં. સમજાણું કાંઇ? લીમડે કેરી પાકે? કેરી. આંબો. એમ બંધમાર્ગે મોક્ષમાર્ગ પંચમહાવ્રતના થાય એમ ત્રણકાળમાં બને નહીં. (શ્રોતા : ...) કલ્પનાસે હૈ, વસ્તુમેં નહીં. (શ્રોતા : કાળકા દોષ) નહીં, કાળકા ભી દોષ નહીં.

ચંદ્ર તો એક હી હૈ. અપની અંગુલિ ઐસે રખકર દો દેખતે હૈ તો ક્યા વહાં દો નહીં હો જાતા હૈ. ઐસે શાસ્ત્રમેં તો યથાર્થ બાત હૈ પણ અપની કલ્પના લેકર ઉસકો વાંચતે હૈ દૂસરા મિથ્યા અર્થ હો જાતા હૈ. વ્યવહારસે હોતા હૈ ને બંધસે હોતા હૈ ને ઐસા, ઐસા હોતા હૈ એ તો એની દૃષ્ટિનો વિષય થયો. વસ્તુમાં નથી એમ. આ જ્ઞેય શાસ્ત્ર જ્ઞેય છે. એ જ્ઞેયના વિષયમાં આવું જ્ઞાન હોય જ નહીં કે બંધ ને રાગથી ધર્મ થાય એ વિષયમાં હોઇ

શકે નહીં. વીતરાગ. એક વીતરાગ. એક જ વાત. મોક્ષમાર્ગ છે? એ પછી અહીં તો એક માર્ગની વાત છે ને? એક વીતરાગભાવ બસ. એક વીતરાગ દશા. પરનું અવલંબન છૂટીને શુદ્ધ ચૈતન્ય શક્તિનો પિંડ છે. એમાંથી વીતરાગ શ્રદ્ધા-વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર. રાગની શ્રદ્ધા એથી ધર્મ, રાગના અવલંબે જ્ઞાન અને રાગથી ચારિત્ર એનો નાશ કરાવે અને વીતરાગભાવની ઉત્પત્તિ કરાવે તે જ એક મોક્ષમાર્ગ છે. કહો સમજાણું કાંઇ?

આ વાતને એને સરવાળે શાંતિ જોઇએ છે કે નહીં? તો એના એકડામાં, શરૂઆતમાં શાંતિ હશે તો સરવાળે શાંતિ આવશે કે નહીં? પહેલા મીંડા મૂક્યા અને સરવાળે સંખ્યા આવે? પહેલા મીંડા મૂક્યા એને સરવાળે સંખ્યા ક્યાંથી આવશે? એમ પહેલા બંધભાવ થયો અને પછી આવશે મોક્ષનો માર્ગ! ક્યાંથી આવશે? શાસ્ત્ર એમ કહે નહીં. શાસ્ત્ર જેની સંખ્યા બતાવવી છે એના, એના આંક બતાવે. મોક્ષની પર્યાય પ્રગટ કરવી છે તો એનું લક્ષણ બતાવે કે વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર એ મોક્ષમાર્ગનું લક્ષણ છે તેને તમે સમજો, પ્રગટ કરો એક જ શાસ્ત્રનું કથન છે. બીજું બધું આવે એ એમાં આ જ્ઞાન થતાં જાણવાનો વિષય રહી જાય છે. ''**માટે જે શાસ્ત્રોમાં કોઇ પ્રકારે....**'' જોયું? ''**માટે જે શાસ્ત્રમાં કોઇ પ્રકારે....**'' ગમે તે કથનમાં ''**રાગ-દ્વેષ અને મોહભાવોનો નિષેધ કરી....**'' લ્યો! ઓલાને અભાવ બતાવી, વ્યય કરી, રાગ-દ્વેષ-મોહ, મોહ એટલે મિથ્યાત્વ અને રાગ એટલે પ્રીતિ, દ્વેષ એટલે અરૂચિ-અણગમો એનો નિષેધ કરી કોઇપણ રીતે રાગ-દ્વેષ-મોહનો નિષેધ, વ્યવહારકા નિષેધ, આ ગયા ભાઇ! વ્યવહારકા નિષેધ આ ગયા. કોઇપણ રીતે શાસ્ત્ર વ્યવહાર આખો નિષેધ કરે. બપોરકા અધિકાર ચલતે હૈ વો બાત હૈ. વ્યવહારનો નિષેધ કરે અને નિશ્ચયનો આદર કરાવે તે શાસ્ત્ર. બીજા શાસ્ત્ર હોઇ શકે નહીં. સમજાણું કાંઇ?

''**રાગ-દ્વેષ-મોહભાવોનો....**'' જુઓ એ ભાવની વ્યાખ્યા છે એ સંયોગની વાત નથી. સંયોગોનો નિષેધ કરે અને સંયોગોનો આદર કરાવે એ વાત હૈ નહીં. અંતરમેં જો વિકારી રાગ-દ્વેષ-મોહ, રાગ-દ્વેષમેં શબ્દ દો હૈ, પરકી દયાના પરિણામ એ રાગ હૈ. પરકો મારના યે દ્વેષ-ભાવ હૈ, ઔર દયામેં સમ્યગ્દર્શન માનના વો મોહ નામ મિથ્યાત્વભાવ હૈ. એવા ''**ભાવોનો નિષેધ કરી....**'' એવા રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવનો અભાવ કરાવી ''**વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય....**'' જેમાં એકલો વીતરાગભાવ પરના અવલંબન વિનાનો, ચિદાનંદને અવલંબી ભાવ એવા વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય ''**તે જ શાસ્ત્રો વાંચવા ને સાંભળવા યોગ્ય છે....**'' સમજાય છે કાંઇ સુમેરમલજી! આ તે કેવા શાસ્ત્રો ભાઇ! એ શાંતિથી સાંભળે તો... કામ, ઝઘડાં કરે તો બાપુ પાર આવે એવું નથી.

વાદ - વિવાદ કરે તો પાર ન આવે, એ તો ઘણાં કાળની એ જાતની કુયુક્તિ શીખ્યા હોય તો વાતમાં તો પાર આવે નહીં. તત્ત્વને જે સમજે તો ખરો!

પ્રભુ! આ તો બહુ ફેર! સાચા શાસ્ત્રને બહાને પણ એના અર્થો ખોટા કરીને, કુશાસ્ત્રને પોષે છે અને સાચા શાસ્ત્રનું લક્ષણ અનેકાંત છે આ આમ છે. ભાઈ! સાચા શાસ્ત્રનું લક્ષણ અનેકાંત છે. અનેકાંત એટલે કે રાગથી વીતરાગતા નહીં, વીતરાગતાથી રાગ નહીં. જીવથી જડ નહીં, જડથી જીવ નહીં. વ્યવહારથી નિશ્ચય નહીં અને નિશ્ચયમાંથી વ્યવહાર ફૂટે નહીં. બસ એ જ અધિકાર કહે છે આ કે ''**રાગ-દ્વેષ-મોહનો અભાવ કરી અને વીતરાગભાવનું પ્રયોજન....**'' જુઓ અનેકાંત થઇ ગયું. રાગ-દ્વેષ અને અતત્ત્વ શ્રદ્ધાનો અભાવ અને સત્ સ્વતત્ત્વની શ્રદ્ધા પૂર્વક, અંદર વીતરાગતાના પરિણામની ઉત્પત્તિ એનું નામ અનેકાંત કહેવાય છે. આ અનેકાંત શાસ્ત્રનું લક્ષણ છે. સમજાય છે કાંઇ? એક આવ્યો તો ઠીક છે તમારે. ભગવાનજીભાઇ! જે શાસ્ત્રોમાં કોઇ પ્રકારે... કોઇ પણ પ્રકારે એમ કહે છે ક્યાંક આ કહે છે કે ભાઇ જુઓ! જ્ઞાની નિમિત્ત મળવા જોઇએ પહેલાં, પણ એનો અર્થ એવો નથી કે એને ત્યાં રોકાવું પડે.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

## શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૨
## અધિકાર ૩જો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૩૦.૧૧.૫૨ રવિવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

એમાં અત્યારે અધિકાર એ છે કે આત્મામાં જ્ઞાનનો જે પર્યાય એ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયના કારણે, ઉઘાડને કારણે જરી જ્ઞાનનો પર્યાય અને દર્શનનો પર્યાય ક્ષયોપશમરૂપ થોડો વિકાસ છે એ ઇચ્છા સહિત દુઃખનું કારણ છે. ત્યારે શિષ્યએ આ પ્રશ્ન કર્યો, કે એ ઇચ્છામાં એક એક વિષયને ગ્રહણ કરે તો ઘણું ભેગું થઇને એને સુખ થાય કે નહીં? સમજાણું? એવો પ્રશ્ન છે.

પ્રશ્ન : ''**જેમ કણ કણ વડે પોતાની ભૂખ મટે છે, તેમ એક એક વિષયનું ગ્રહણ કરી પોતાની ઇચ્છા પૂર્ણ કરે તો શો દોષ....**'' મિથ્યાજ્ઞાનમાં નવી નવી... અને વિષયો નવા નવા ગ્રહણ કરે, તો શિષ્યે કહ્યું કે નવા નવા ગ્રહણ કરે અને નવું નવું જ્ઞાન બધું ભેગું થઇને

સુખી થશે. એક એક વિષયને જાણતાં ઘણાં વિષયોને જાણી ઇચ્છા પૂર્ણ થઇને જ્ઞાનમાં એકઠી દશા થઈને સુખી થશે. ગુરુ કહે છે કે એમ બનતું નથી. જ્ઞાનનો પર્યાય જ હીણો છે, અને એમાં ઇચ્છા થાય એ પણ નવી નવી થાય, (છે) અને જ્ઞાનની અવસ્થાય નવી નવી થાય છે. એક એક વિષય આવે ને ગ્રહણ કરે, ઝટ બીજો વિષય આવે તો જાણપણું છૂટી જાય, એ ઇચ્છે તો પણ એ જાણપણું છૂટી જાય માટે ત્યાં કાંઇ ભેગું થતું નથી. તો કહે છે કે ભેગું કણ કણ થઈને થાય તો મોટા મણની ભૂખ હોય ને કણ મળે પછી કણિયા ભેગા થઈને ભૂખ મટે છે, એમ એક એક વિષયને ગ્રહણ કરી પોતાની ઇચ્છા પૂર્ણ કરે તો શો દોષ?

ઉત્તર : ''**જો બધા કણ ભેગા થાય તો એમ જ માનીએ....**'' (શ્રોતા : એક કણ ખાધો ત્યાં પચી ગ્યો ત્યાં બીજો આવ્યો) પરંતુ કણ ભેગા થાતાં નથી. ''**પરંતુ બીજો કણ મળતાં પ્રથમના કણનું નિર્ગમન થઈ જાય તો ભૂખ કેમ મટે....**'' એક મણની ભૂખ હોય અને કણ કણ મળે તો ભૂખ મટે? ''**એ જ પ્રમાણે જાણવામાં વિષયોનું ગ્રહણ ભેળું થતું જાય તો ....**'' જુઓ જરી ન્યાય સમજજો. આત્માના જ્ઞાનનો વિકાસ થયેલી પર્યાયમાં, એક એક વિષયને જાણતાં જ્ઞાનની પર્યાય નવી ને ઇચ્છાય નવી. એ જ્ઞાન બધું કાંઇ ભેગુ થાતું નથી. ''**જાણવામાં વિષયોનું ગ્રહણ જો ભેળું થાય તો ઇચ્છા પૂર્ણ થઇ જાય. પરંતુ જ્યારે બીજો વિષય ગ્રહણ કરે....**'' બીજા વિષયને જાણવામાં જ્ઞાન રોકાય ''**ત્યારે પૂર્વે જે વિષયનું જ્ઞાન કર્યું હતું તેનું જાણપણું રહેતું નથી તો ઇચ્છા કેવી રીતે પૂર્ણ થાય....**''

જ્ઞાનની પૂર્ણતા કર્યા વિના ઇચ્છા કોઇ રીતે પૂર્ણ થાય નહિ. સમજાય છે કાંઇ? ''**ઇચ્છા પૂર્ણ થયા વિના આકુળતા પણ મટતી નથી, અને આકુળતા મટયા વિના સુખ પણ કેમ કહી શકાય....**'' આકુળતા મટયા વિના સુખ હોઇ શકે નહિ. ''**વળી એક વિષયનું ગ્રહણ પણ....**'' હવે આ વિષય-કહે છે. ''**આ જીવ મિથ્યાદર્શનાદિકના સદ્ભાવપૂર્વક કરે છે....**'' શું કહ્યું? આત્મામાં જ્ઞાન સ્વભાવ તો ત્રિકાળ છે. પણ વર્તમાન પર્યાયમાં જ્ઞાન અને દર્શનની ઉલટી વિકાસ શક્તિને કારણે, એક વિષયને જાણતાં જ્યાં બીજો જાણવા જાય ત્યાં પહેલાનું જાણપણું વયું(ચાલ્યું) જાય છે. છતાં એ વિષય ગ્રહણ કરવા વખતે પણ મિથ્યાદર્શનાદિના સદ્ભાવપૂર્વક વિષયને જાણે છે. એ વિષયને મેં ભોગવ્યા, એ વિષયને મેં જાણ્યા, એ વિષયને કારણે મને ઇચ્છા થઇ, એ વિષયને કારણે મને સંતોષ થયો. એમ વિષયને જાણતાં તો મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યારાગને કરીને એ મિથ્યાદર્શન જ્ઞાન રાગને સદ્ભાવપૂર્વક જાણે છે.

એકલો જાણનાર દેખનાર રહેતો હોય તો તો ચૈતન્યપણું... એક વિષયનો રાગ થયો એને જાણ્યો, એ જાણનારને જાણતાં એને જાણ્યો. આ તો રાગને જાણતાં મેં આખું સ્વરૂપ, આખું રાગમાં જ જાણે સમાઇ ગયું. વિષયથી સ્વાદ આવ્યો, વિષયથી રાગ થયો અને રાગથી મારું જ્ઞાન થયું. એ એક વિષયને જાણતાં પણ એ જે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યા આચરણના સદ્‌ભાવપૂર્વક એ વિષયને જાણે છે. કહો સમજાય છે કાંઇ ? પોપટભાઇ ! આ પૈસા મળ્યા એને એ જ્ઞાન જાણે, એ માને કે મેં ભેગા કર્યા, મેં મેળવ્યા. એકને જાણતાં પણ મિથ્યાદર્શન પૂર્વક જાણે છે. હું જ્ઞાતા છું એને કારણે આવ્યું. મને જાણતાં મારા સ્વપર પ્રકાશમાં એ જણાઇ જાય છે એને માનતો નથી.

એક એક વિષયને ગ્રહણ કરતાં પણ આ જીવ ઊંધી શ્રદ્ધા, ઊંધું જ્ઞાન અને ઊંધા રાગના આચરણ વડે એની હયાતિથી તે વિષયને જાણે છે. કહો સમજાણું કાંઇ ? એ વિષય હતા તો જ્ઞાન થયું. વિષય હતો તો રાગ થયો. વિષય હતો તો મજા પડી. મને મજા પડી માટે વિષયોને ઘણાં ભેગા કરું, એવી ઊંધી શ્રદ્ધા, ઊંધા જ્ઞાન અને ઊંધા આચરણપૂર્વક એ એની હયાતિપૂર્વક એને જાણે છે. સમ્યગ્જ્ઞાન પણ એક એક વિષયને જાણે તો તો મારા જાણવામાં તાકાત ઘણી છે અને મને જાણતાં હું એને જાણું છું એમ એ માનતો નથી. કહો સમજાણું કાંઇ ? એક વિષયને ગ્રહણ કરતાં એક શબ્દને, એક પુસ્તકને, એક કોઇપણ જાત્રા, આબરુને, કીર્તિને, એકપણ વિષયને ગ્રહણ કરતાં આનાથી મને સુખ થયું, એટલો જ્ઞાનનો કરનાર છું, એ ચીજ હતી તો મને જ્ઞાન થયું, એ ચીજ હતી તો મને મજા પડી. એમ મિથ્યાદર્શનાદિકના હયાતિપૂર્વક તે વિષયને ગ્રહણ કરે છે માટે સુખી થતો નથી.

''**તેથી ભાવિ અનેક દુ:ખના હેતુરૂપ કર્મો બાંધે છે....**'' ભાવિ અનેક દુ:ખના કારણરૂપ કર્મોને બાંધે છે ''**તેથી તે વર્તમાનમાં પણ સુખી નથી તેમ ભાવિ પણ....**'' કહો પોપટભાઇ ! સમજાણું કાંઇ ? એક વિષય આવ્યો, એક છોકરો આવ્યો છોકરો. જનમ્યો તો કહે હાશ મારું વાંઝીયા મહેણું ટળ્યું. એ એકને જાણતાં મિથ્યાદર્શન પૂર્વક હયાતિરૂપ જાણે છે. વાંઝીયો બીજો ને વાંઝીયા મહેણું ટળે એ બીજું એક લક્ષ્મી આવી, હવે હાશ ! એટલું તો સુખ થયું, હવે દીકરાની વાત. એક એકને જાણતાં ઊંધી શ્રદ્ધા, ઊંધા જ્ઞાનપૂર્વક એને જાણે છે માટે વર્તમાન દુ:ખી અને ભવિષ્યમાં પણ દુ:ખના કારણભૂત કર્મોને બાંધે છે. કહો બરાબર છે આ શશીભાઇ ! ભાઇ, એક વિષયને જાણતાં, એ છોકરો જનમ્યો. હાશ ! એકને જાણતાં હવે આપણે સુખી થશું એ આપણને રળી દેશે. જાણવામાં તો લાકડાં ખોસીને જાણે છે. ઊંધી માન્યતા, ઊંધું જ્ઞાન અને રાગ કરીને જાણે છે માટે વર્તમાન દુ:ખી અને ભાવિ પણ દુ:ખી

છે. કહો સમજાય છે કાંઇ?

**''માટે દુ:ખ જ છે એ. શ્રી પ્રવચનસારમાં કહ્યું છે યથા....''**

**सपरं बाधासहियं विच्छिण्णं बंधकारणं विसमं ।**
**जं इंदिएहिं लद्धं तं सोक्खं दु:खमेव तथा ।। ७६ ।।**

- શ્રી પ્રવચનસાર પ્રથમ અધ્યાય ગાથા ૭૬.

અર્થ : ''**ઇન્દ્રિયોથી પ્રાપ્ત થયેલું સુખ પરાધીન છે....**'' લ્યો, એ શબ્દ, રૂપ, રસ, ગંધ ને સમજાય છે ? વર્ણ અને મનની કલ્પના એ બધા ઇન્દ્રિયોથી પ્રાપ્ત થયેલું સુખ પરાધીન છે. ''**બાધા સહિત છે....**'' એ વાત આપણે આવી ગઇ'તી એકવાર. ઇન્દ્રિયોના સુખમાં વિઘ્ન છે, એ કાંઇ એ રૂપે રહેવું એ કાંઇ આત્માને આધીન નથી. ''**વિનાશક છે....**'' ઇન્દ્રિયોના વિષયો જ નાશવાળા અને અનિત્ય છે. પોતે અવિનાશી કાયમ છે. ''**બંધનું કારણ છે....**'' વિષયો બંધના નિમિત્ત છે અને તે ''**વિષયો વિષમ છે....**'' એકરૂપ રહેનારા નથી અને દુ:ખના કારણ છે ''**તેથી એ સુખ ખરેખર દુ:ખ જ છે....**''

## દુ:ખ નિવૃત્તિનો સાચો ઉપાય

**એ પ્રમાણે સંસારી જીવે સુખ માટે કરેલા ઉપાય જૂઠા જ જાણવા.** લ્યો, શું ઉપાય કર્યા? આ જાણવામાં વિષયોને ઘણાં ગ્રહણ કરું અને નવી નવી ઇચ્છા કરીને ઇચ્છાને પૂર્ણ કરું. સમજાય છે? એમ અને ઇન્દ્રિયોને પુષ્ટિ કરીને મારી ઇચ્છાને પૂર્ણ કરું એમ જે ઉપાય કરવા માગે છે તે ઉપાય એના જૂઠા છે. એ વિષયની તૃપ્તિના કારણો નથી.

કહો, વાત બરાબર છે? સમજાય છે આ? ''**સાચો ઉપાય શો છે? જ્યારે ઇચ્છા દૂર થાય....**'' જુઓ હવે બે ન્યાય આપે છે બે. કે ''**જ્યારે ઇચ્છા દૂર થાય અને સર્વ વિષયોનું એક સાથે ગ્રહણ કર્યા કરે તો એ દુ:ખ મટે....**'' જુઓ બે વાત થઇ કે જ્ઞાનનો પર્યાય હીણો છે તેથી બધું જાણપણું એકસાથે ભેગું થતું નથી અને ઇચ્છા છે એ નવી નવી થતાં ઇચ્છાની પણ પૂર્ણતા થતી નથી. માટે વિષયોના એક એક ગ્રહણથી અને એક એક ઇચ્છાથી ઇચ્છા પૂરી થતી નથી અને જ્ઞાનમાં તૃપ્તિ વળતી નથી. જ્યારે ઇચ્છા દૂર થાય-જુઓ મળ્યું નિમિત્ત. અને સર્વ વિષયોનું એક સાથે ગ્રહણ કર્યા કરે-બે વાત. જે જ્ઞાનનો ઉઘાડ ઓછો છે એ પૂરણ ઉઘાડ કરે તો બધા વિષયને જાણે અને ઓછા ઉઘાડમાં જે ઇચ્છાથી વિષયને જોવે છે એ ઇચ્છા દૂર કરે તો દુ:ખ મટે, એ વિના દુ:ખ મટે નહીં. સમજાણું કાંઇ?

શો ઉપાય કહ્યો ? કે ઇચ્છાને દૂર કરવાનો ને સર્વને એકસાથે જાણવાનો. ''**હવે ઇચ્છા તો મોહ જતાં જ મટે....**'' મોહ ટાળ્યા વિના ઇચ્છા મટે (નહીં) ''**અને સર્વનું એક સાથ ગ્રહણ કેવળજ્ઞાન થતાં થાય....**'' જુઓ બે વાત કરી. ઇચ્છા દૂર મોહનો નાશ કરે તો થાય અને સર્વનું ગ્રહણ કેવળજ્ઞાન કરે તો થાય. અસ્તિ નાસ્તિથી વાત કરી. ઇચ્છાનો નાશ મોહનો નાશ કરે તો થાય. સમજાય છે ? અને સર્વનું એક સાથે જ્ઞાન કેવળજ્ઞાન કરે તો થાય. એ મોહના નાશનો અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ કરવાનો એટલે કે ઇચ્છાને દૂર કરવાનો અને સર્વને એક સાથે જાણવાનો... ઇચ્છાને દૂર કરવાનો અને સર્વને એક સાથે જાણવાનો ''**તેનો ઉપાય સમ્યગ્દર્શનાદિ છે....**'' લ્યો, આ એના ઉપાય.

ઇન્દ્રિયોને પુષ્ટિ કરવી, એક એક વિષયને જાણવા અને એ જ્ઞાન બધું ભેગું કરવું અને ઇચ્છાને ટાળવી એ ત્રણકાળમાં બનતું નથી. લ્યો ઉપાય લાવીને મૂક્યા. ઇચ્છાને દૂર કરવાનો ઉપાય મોહનો નાશ અને બધાને ગ્રહણ કરવાનો ઉપાય કેવળજ્ઞાનની ઉત્પત્તિ. એ મોહનો નાશ અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્રથી થાય છે લ્યો. ઇચ્છા ને મોહનો નાશ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય. મોહનો નાશ થતાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય, બીજા કોઇ ઉપાયથી થતું નથી. લ્યો, વિષયોને બહુ જાણવા, ઇન્દ્રિયોને બહુ પુષ્ટિ કરવી, ઉતાવળે ઉતાવળે વિષયોને ફેરવીને એકદમ તૃપ્તિ કરવી એ કાંઇ ઉપાય સાચો નથી.

લ્યો ! લાવીને મૂક્યું. મોહનો નાશ અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ. એટલે ઓછા જ્ઞાનનું પૂરણપણું અને ઇચ્છાનો અભાવ. ઓછું જ્ઞાન તેને નાશ કરીને પૂરણજ્ઞાન અને ઇચ્છા છે તેનો અભાવ એટલે કે મોહનો અભાવ. મોહનો અભાવ અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ મોક્ષમાર્ગથી થાય. એ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્ચારિત્રથી થાય એ સિવાય કોઇ ઉપાય છે નહિ. ઇન્દ્રિયોની પુષ્ટિથી નહિ, વિષયોને જાણવાથી નહિ. સમજાય છે ? નવી નવી ઇચ્છા કરું અને પછી જ્ઞાન ભેગું કરું અને વિષયોને એકદમ સંઘરું એ બધા ઉપાય અજ્ઞાનીના ઇચ્છા ટાળવાના અને જ્ઞાનને ભેગું કરવાના સાચા નથી. સાચો ઉપાય તો સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર, આત્મા પરિપૂર્ણ આનંદકંદ છે એની પ્રતીત, એનું જ્ઞાન, એની રમણતા કરતાં કરતાં મોહ ને ઇચ્છાનો નાશ થાય અને કેવળજ્ઞાન થાય છે. બીજો કોઇ ઉપાય આત્માને સુખનો, ઇચ્છાના નાશનો અને બધાને એકસાથે જાણવાનો બીજો કોઇ ઉપાય નથી.

''**એ જ સાચો ઉપાય જાણવો....**'' તે આ બધા ખોટા ઉપાય ઠર્યા ? શાંતિભાઇ ! આ છોકરાને ભણાવીને રાજી થાવું, મકાન કરાવીને રાજી થાવું, બાયડી સારી

હોય તો રાજી થાવું, છોકરા હોંશિયાર થાય ત્યારે રાજી થાવું, છોકરા સારા ઠેકાણે પરણે તો રાજી થાવું, પોપટભાઇ! એ ઉપાય સાચો છે કે નહીં? આ પોતે ઘણી ખોટ ...... ને પોતે રાજી થવું એ ઉપાય સાચા છે કે ખોટા? એ બધા મીંડા વાળવાના ઉપાય છે. શશીભાઇ! કહો, આ ફિલમ જોઇને રાજી થાવું. કહો અમેરિકાથી ફિલમ આવી છે ને? એ નવી નવી બુદ્ધિ ખીલે આમાંથી, એક જુએ ત્યાં બીજું ભૂલે ને બીજું જુએ ત્યાં ત્રીજું ભૂલે, એ ભેગું થાતું નથી. કહો સમજાણું કાંઇ?

આત્માનો સ્વભાવ જ્ઞાન એની એક સમયની પર્યાયમાં ઉઘાડ ઓછો એ બધાને જ્યાં ગ્રહણ કરવા જાય ત્યાં એ ગ્રહણ કરવાની તાકાત જ નથી. અને ઇચ્છાથી તૃપ્તિ કરવા જાય ત્યાં નવી નવી ઇચ્છા થયા કરે (છે), માટે એક જ ઉપાય સાચો છે, કે ઇચ્છાના સ્વીકારને મટાડવો અને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ (કરવી). એટલે પૂરણ ગ્રહણ કરે એવી દશા પ્રગટ કરવી અને ઇચ્છા જતી રહે એટલે વિકાર રહે નહિ. વિકાર એટલે કે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર. એ ત્રણ રહે નહિ અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્ચારિત્ર વડે કેવળજ્ઞાન થઇને મોહનો નાશ થાય એ સિવાય કોઇ બીજો ઉપાય છે નહિ. ''**એ પ્રમાણે મોહના નિમિત્તથી જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો ક્ષયોપશમ પણ દુઃખદાયક છે તેનું વર્ણન કર્યું....**''

શું વર્ણન કર્યું? કે ઉઘાડભાવ દુઃખનું કારણ, શા કારણે કહ્યું? મોહના નિમિત્તથી. એ ઉઘાડ દુઃખનું કારણ નથી. ક્ષયોપશમ છે ને? ક્ષયોપશમ જ્ઞાન વો દુઃખકા કારણ નહિ હૈ પણ મોહના નિમિત્તથી ઇચ્છાને કારણે જ્ઞાનાવરણ, દર્શનાવરણનો જે ઉઘાડ પણ દુઃખદાયક છે તેનું વર્ણન (કર્યું) માટે તે ઉઘાડ થોડો દુઃખદાયક છે કેમ કે સાથે ઇચ્છા રહી છે, ઇચ્છા સાથે રહી છે માટે, ક્ષયોપશમ પોતે દુઃખરૂપ છે નહિ માટે પ્રશ્ન કરે છે. પ્રશ્નકારનો પ્રશ્ન છે કે ઉઘાડ છે તે દુઃખનું કારણ તમે કેમ કહો છો? ''**જુઓ પ્રશ્નઃ જ્ઞાનાવરણ ને દર્શનાવરણના ઉદયથી જે જાણવું થતું નથી તેને તો દુઃખનું કારણ તમે કહો....**'' જેટલો જાણવા દેખવાનો ભાવ નથી ''**એને તો દુઃખનું કારણ કહો, પણ જેટલો ઉઘાડ ક્ષયોપશમ છે એને દુઃખ શા માટે કહો છો....**'' શશીભાઇ પ્રશ્ન બરાબર છે? આ જાણવા દેખવાનું ન થાય એ તો દુઃખનું કારણ છે એમ કહો, પણ જે ઉઘાડ છે તેને તમે દુઃખનું કારણ કેમ કહ્યું? એમ પ્રશ્નકારે પ્રશ્ન કર્યો.

ઉત્તર : ''**જાણવું ન બને એ જો દુઃખનું કારણ હોય તો પુદ્ગલને પણ દુઃખ ઠરે....**'' આ જડને બહુ દુઃખ ઠરે-કાંકરાને. જાણવું ન જાણવું એ દુઃખ હોય તો જ્યાં... આત્મામાં જેટલો

ઉઘાડ નથી એ જો દુઃખ હોય તો તો લાકડાને વધારે દુઃખ થવું જોઈએ કારણકે લાકડાને બિલકુલ દુઃખ-જાણપણું છે નહીં. બરાબર છે આ ? જાણવું ન બને એ જો દુઃખનું કારણ હોય તો પુદ્‌ગલ નામ જડને પણ દુઃખ ઠરે. હેં ? ઉસકો જ્ઞાન હૈ નહિ તો દુઃખ, બહોત દુઃખી હોગા વો તો બહોત દુઃખી હોગા, દુઃખી તો હૈ નહિ, ''**પણ દુઃખનું મૂળ કારણ તો ઈચ્છા છે....**'' ન જાણવું એ દુઃખનું કારણ નથી. ''**દુઃખનું મૂળ કારણ તો ઈચ્છા....**'' વિકાર. સમજાય છે ? ''**ઈચ્છા છે અને તે ક્ષયોપશમથી જ થાય છે....**''

જરીક સમજવા જેવી વાત છે. જ્ઞાન ને દર્શનની અવસ્થા થોડી છે તે ભૂમિકામાં ઈચ્છા થાય છે એમ કહેવું છે. જ્યાં જ્ઞાન પૂરણ પામેલો હોય ત્યાં ઈચ્છા હોતી નથી. સર્વજ્ઞ દશા જ્યાં આત્મામાં થાય ત્યાં ઈચ્છા હોય નહીં. માટે કહે છે કે ઓછા જ્ઞાનથી ઈચ્છા થાય એમ વર્ણવ્યું છે. ખરેખર એ જ્ઞાનથી ઈચ્છા થતી નથી, પણ ઓછું જ્ઞાન જે છે એ ભૂમિકામાં એને ઈચ્છા થઈ આવે છે. એ રાગનો દોષ છે પણ અહીંયા ક્ષયોપશમને નિમિત્ત તરીકે કરીને ઈચ્છામાં નિમિત્ત મોહ અને ક્ષયોપશમમાં દુઃખનું નિમિત્ત છે ઈચ્છા. સમજાય છે કાંઈ ? ''**એ ક્ષયોપશમથી થાય છે માટે ક્ષયોપશમને પણ દુઃખનું કારણ કહ્યું....**'' ઓછો ઉઘાડ એને ઈચ્છા રહ્યા કરે. બહુ જાણું, ઘણાં વિષય ગ્રહણ કરું, નવી નવી ઈચ્છા કરું, જગતમાં માન મેળવું, આમ કરું આમ કરું આમ વલખાં માર્યા કરે છે વલખાં. અને ઓછા જ્ઞાનમાં ઈચ્છા ઉત્પન્ન થઈ માટે ઓછું જ્ઞાન ઈચ્છાનું કારણ બન્યું છે અપેક્ષાથી કહેલું છે.

''**વાસ્તવિક રીતે ક્ષયોપશમ પણ દુઃખનું કારણ નથી....**'' લ્યો, ખરેખર જ્ઞાન અને દર્શનનો ઉઘાડનો અંશ છે એ કાંઈ દુઃખનું કારણ નથી તેમ એનો અભાવ છે એ પણ દુઃખનું કારણ નથી. લ્યો, જ્ઞાન ને દર્શનનો જે પર્યાય ઉઘડેલો એ દુઃખનું કારણ નથી અને નથી ઉઘડયો એ દુઃખનું કારણ નથી. દુઃખનું કારણ તો એક માત્ર પર પદાર્થની ઈચ્છા, પરાધીનતા, પરપદાર્થ મળે તો સુખી-એ ઈચ્છા, સુખી થાઉં એ ઈચ્છા દુઃખનું કારણ છે. ''**પણ મોહથી વિષયગ્રહણની જે ઈચ્છા થાય છે તે જ દુઃખના કારણરૂપ જાણવી....**'' લ્યો, ઈચ્છા જ દુઃખનું કારણ છે. 'क्या इच्छत खोवत सं है इच्छा दु:खमूल.' क्या इच्छत खोवत सं ? ઈચ્છા છે ત્યાં આત્માની જ્ઞાન-દર્શનની પર્યાયની શક્તિ હણાઈ જાય છે. 'क्या इच्छत जोवत सं है इच्छा दु:खमूल.' ઈચ્છે કોણ ? અંતરમાં શાંતિ અને સુખ ન ભાળે તે. તે પરપદાર્થને ઈચ્છે માટે ઈચ્છા તો દુઃખનું મૂળ જ છે. ''**તે જ દુઃખનું કારણ જાણવું તથા મોહનો ઉદય છે તે પણ દુઃખરૂપ જ છે....**'' એ ઈચ્છા ને મોહનો ઉદય નિમિત્ત છે. સમજાય છે ? ''**તે દુઃખરૂપ જ છે તે કેવી રીતે તે કહીએ છીએ....**'' હવે આ દર્શનમોહનો ઉદય અને ચારિત્રમોહના ઉદયની વ્યાખ્યા બતાવવી છે.

## દર્શનમોહના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું

અનાદિ અજ્ઞાની જીવ... ''**દર્શનમોહના ઉદયથી મિથ્યાદર્શન થાય છે....**'' શું કહે છે? દર્શનમોહ એ મિથ્યાત્વના પરમાણુ જડ ધૂળ છે. તેનો જ્યારે પાક થાય ત્યારે, અજ્ઞાની ઊંધી શ્રદ્ધા કરે તો તે કર્મને નિમિત્ત અને ઉદય કહેવાય છે. એ મિથ્યા શ્રદ્ધાને લઈને અનાદિનો અજ્ઞાની, ''**જે વડે જેવું તેને શ્રદ્ધાન છે તેવું પદાર્થસ્વરૂપ નથી....**'' શું કહે છે? એ અજ્ઞાનીની જેવી શ્રદ્ધા છે, તેવું પદાર્થનું સ્વરૂપ નથી. ''**તથા જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવું એ માનતો નથી....**'' જુઓ ન્યાય. અસ્તિ-નાસ્તિ કરી છે. જે વડે જેનું... મિથ્યામાન્યતા એ જ અનંત સંસારનું કારણ છે. મિથ્યાદર્શન શલ્ય-ઊંધી રુચિ ને ઊંધો અભિપ્રાય, એનું જેવું જેવું એને શ્રદ્ધાન છે તેવું પદાર્થનું સ્વરૂપ નથી. પદાર્થ મને સુખના કારણ એ મિથ્યાદૃષ્ટિ માને છે, તે પદાર્થ તેવા નથી. સમજાય છે? શ્રદ્ધાન છે તેવો પદાર્થ નથી અને જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવું માનતો નથી.

પદાર્થ છે તે નિમિત્ત માત્ર છે. પદાર્થ આત્માને સુખ દુઃખ ઉપજાવતા નથી પણ મિથ્યાદૃષ્ટિ એમ માને છે કે આ નિમિત્ત આવ્યું તો આમ થયું. તો એ માન્યતા મિથ્યાદૃષ્ટિની જેવી એ પ્રમાણે પદાર્થ નથી અને પદાર્થ છે તેવી એની માન્યતા નથી માટે દુઃખી થઈ રહ્યો છે. કહો બરાબર છે? આ પૈસા મને સુખરૂપ, પૈસાનું તો સ્વરૂપ એવું નથી. આ લાડવો મને સુખરૂપ, લાડવાનું સુખ નથી. એની માન્યતા પ્રમાણે પદાર્થ નથી અને પદાર્થ પ્રમાણે માન્યતા નથી. જુઓ, કનૈયાલાલજી! આ દીકરો, મારા હૈયાનો હાર, એ મૂઢ છે. તારી શ્રદ્ધા પ્રમાણે એ પદાર્થ નથી એ તો પરવસ્તુ જ્ઞેય છે, અને જેવો પદાર્થ છે તેવું તું માનતો નથી. આ છોકરો મને જાગ્યો માટે મને રાગ થાય છે. આ હોંશિયાર છે માટે રાગ થાય અને ગાંડો જાગ્યો માટે મને દ્વેષ થાય છે. પદાર્થનું સ્વરૂપ એવું નથી અને તારી માન્યતા છે તેવો પદાર્થ નથી. સમજાય છે કાંઈ? ''**તેથી તેને વ્યાકુળતા રહ્યા જ કરે છે....**'' વ્યાકુળતા જ રહ્યા કરે છે એમ લીધું. હવે આગળ.

''**જેમ કોઈ બહાવરાને,** ન્યાય આપે છે પદાર્થના સ્વરૂપનું. જેમ કોઈ ગાંડાને કોઈએ વસ્ત્ર પહેરાવ્યું એ ગાંડાને ''**કોઈએ વસ્ત્ર પહેરાવ્યું, તેને તે બહાવરો પોતાનું અંગ જાણી પોતાને અને વસ્ત્રને એકરૂપ માને છે....**'' પહેરાવ્યું કોઈકે અને... હવે એ ગાંડો એ પોતાનું અંગ વસ્ત્રને જાણી પોતાને ને વસ્ત્રને એકરૂપ માને છે ''**પણ એ વસ્ત્ર તો પહેરાવનારને આધીન છે....**'' પહેરાવનાર પહેરાવે અને એમ કહે કે કાઢી નાંખો તો કાઢી નાંખ ચાલ. તો

કહે આને મૂકી દયો ગાંડાની ઈસ્પિતાલમાં. આવા લૂગડાં બૂગડાં એને હોય? એ લૂગડાં લઈ લ્યે. ''**એ પહેરાવનાર કોઈ વેળા તે વસ્ત્રને ફાડે....**'' પહેરાવનાર હોં, ધ્યાન રાખજો કે પહેરાવનાર ''**કોઈ વેળા વસ્ત્રને જોડે....**'' સાંધે, નાનું નાનું લૂગડું હોય તો મોટું કરે, મોટાને નાનું કરે, ''**કોઈ વેળા લઈ લે....**'' ગાંડાને લૂગડું પહેરાવ્યું હોય ને ''**કોઈ વાર લઈ લે, કોઈ વેળા નવીન પહેરાવે, ઈત્યાદિ ચરિત્ર કરે....**'' એટલે કે પહેરાવનાર એ જાતનું વર્તન કરે. ''**ત્યારે આ બહાવરો એ વસ્ત્રની પરાધીન ક્રિયા થવા છતાં....**'' તે બહાવરો ગાંડો, વસ્ત્રની પરાધીન ક્રિયા થવા છતાં ''**તેને પોતાને આધીન માની મહા ખેદખિન્ન થાય છે....**'' આહાહા!

અરે! આ વસ્ત્ર મારું આ લઈ જાય છે, આ ફાડે છે આ... પણ એણે પહેરાવ્યું છે એની મરજી પ્રમાણે નાનાનું મોટું કરે, મોટાનું નાનું કરે એ તો વસ્ત્ર એનું છે. ક્યાં તારું હતું? સમજાય છે? કોઈ વેળા લઈ લે, કોઈ વેળા નવીન પણ કરે. જુઓ ચાર વાત કરી. સમજાણું? પહેરાવનાર કોઈ વેળા વસ્ત્રને ફાડે એટલે નાનું કરે, કટકા કરે, કોઈ વેળા જોડી દે, કોઈ વેળા લઈ લે, કોઈ વેળા નવીન પહેરાવે. ''**એમ બહાવરો એ વસ્ત્રની પરાધીન ક્રિયા થવા છતાં પોતાને આધીન માનીને મહા ખેદખિન્ન થાય છે....**'' આ દાખલો. તેમ આ જીવને કર્મોદયથી શરીરનો સબંધ થયો. આ શરીરનું વસ્ત્ર તો કર્મને કારણે મળેલું છે, આત્માને કારણે નહીં. બરાબર છે આ? ''**હવે આ જીવ એ શરીરને પોતાનું અંગ જાણી....**'' શરીરને અંગ જાણી, શરીર સારું હોય તો મને જ્ઞાન થાય. આંખ્યું સારી હોય તો મને જ્ઞાન થાય, કાન સવળા હોય તો મને જ્ઞાન થાય. ટાંગા હાલે(ચાલે) તો મારાથી જાત્રા થાય.

આ મૂરખ, શરીરને કર્મે પહેરાવ્યું એને પોતાનું માનીને, જડની ક્રિયાથી મને લાભ થાય એમ મિથ્યાદષ્ટિ મૂંઢ માની રહ્યો છે. ''**એ જીવ શરીરને પોતાનું અંગ જાણી પોતાને અને શરીરને એકરૂપ માને છે. પણ શરીર તો કર્મોદય આધીન....**'' જુઓ ધ્યાન રાખજો. કર્મે આપ્યું છે. શરીર કોણે આપ્યું છે? કર્મે. હવે ''**કર્મોદય આધીન કોઈ વેળા કૃશ થાય....**'' પાતળું પડી જાય, પાતળું પડી જાય ત્યારે અરેરે! હું પાતળો પડી ગ્યો પણ એ તો જડ પાતળું પડયું એ તારે આધીન નથી. કર્મે આપ્યું'તું, કર્મે કૃશ કર્યું. ઓલાને ફાડયું'તું. વસ્ત્રને ફાડયું'તું, આણે પાતળું પાડયું, જીર્ણ જીર્ણ થઈ ગ્યું. ''**કોઈ વેળા સ્થૂળ થાય....**'' કોઈ જોડે કટકો જોડી દીધો એમ કોઈ વેળા પરમાણુ આવી કર્મને કારણે પુષ્ટ થાય, નિરોગી થાય, ગાલ લાલ થાય લોહીવાળા થાય એ બધી કર્મના નિમિત્તની ક્રિયા છે એ પરમાણુમાં પરમાણુને કારણે થાય.

અજ્ઞાની માને છે કે આ શરીરની પર્યાય મારી થાય મારું અંગ છે એ મારે લઈને થાય છે. કહો સમજાણું કાંઇ ? એ ટાંગો આમ હાલવો (પગ) એ જેવું કર્મનું નિમિત્ત એ પ્રમાણે પગ હાલે. મૂંઢ એમ માની બેસે કે મારી ઈચ્છા પ્રમાણે પગ (ચાલે છે) કારણ કે મારું અવયવ છે એ મારું અવયવ છે, મારું અંગ છે. કહો સમજાણું કે નહિ ? આ બે-બે પાંચ-પાંચ ગાઉ હાલે તેથી આત્મા હલાવી શકેને શરીરને ? કહો ત્રીસ-ત્રીસ ગાઉના પાલીતાણાથી રાણપુર જાય ત્રીસ ગાઉ થાય એ આત્મા હોય તો શરીરને હલાવેને ? હરામ છે કે આત્મા શરીરને હલાવતો હોય તો ! એ કર્મની આપેલી ચીજ છે. કર્મ નિમિત્ત છે અને વસ્તુ આ. નિમિત્તથી વાત કરે છે ને ? પછી આને પછી કહેશે. સ્વતંત્ર વસ્તુ પછી કહેશે.

અત્યારે કર્મના નિમિત્તથી વાત શરીરની કરી, કે નિમિત્તથી મળ્યું શરીર, નિમિત્તમાં મુગ્ધતા થાય ઉપજ્યા કરે શરીર કૃશ થાય, અમુક કરે તો વળી... કર્મમાં તો શરીર પુષ્ટ થાય. ''**કોઈ વેળા નષ્ટ થાય....**'' આયુષ્ય પૂર્ણ થઈ ગ્યું શરીર ચાલ્યું જાય. ''**કોઈ વેળા નવીન ઉપજે....**'' નવું શરીર થાય નવું નવું. નષ્ટ થઈ જાય એટલે મરણ, નવું ઉપજે એટલે જનમ ''**ઈત્યાદિ ચરિત્ર....**'' (થાય છે) ઈત્યાદિમાં આ હાલવું ચાલવું, ટાંગો આમ કરવો, પગ ઊંચો નીચો થાવો એ બધી જડની ક્રિયા શરીરની કર્મના નિમિત્ત પ્રમાણે થયા કરે છે. છતાં મૂંઢ મિથ્યાદૃષ્ટિ આ શરીરની ક્રિયા મારા લઈને થાય... આ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂંઢ છે. જેમ એ માને છે તેમ શરીર નથી અને શરીર છે તેવું એ માનતો નથી. બરાબર છે આ વાત ? આ તો મોટા મોટા સાધુ નામ ધરાવનારા આમ માની રહ્યા છે. શશીભાઈ ! નામ ધરાવનારા હોં. આ જડમાટી ધૂળ શરીર અને તેનું પાતળું પડવું, સ્થૂળ થવું, સડી જવું, નવું નવું ઈત્યાદિ એટલે વર્તમાનમાં ચાલવું ભાઈ ! વર્તમાનમાં આવું નહીં ? આમ પડી જવું, આમ સૂવું, આમ બેસવું, આમ કરવું શરીર એ આત્માને આધીન નથી. હા, આ વાત ક્યાંથી આવી વળી ? સમજાય છે ?

મિથ્યાદૃષ્ટિ, પદાર્થનો સ્વભાવ એને કારણે પરિણમે અને એમાં કર્મનું નિમિત્ત, ત્યારે કહે છે કે મારા કારણે આમ થાય છે. બરાબર આમ કરીએ, ટાંગા પહોળા આમ કરીએ સરખા... કહે છે આંખમાં... ત્યારે કહે મને... આવીને ખીલો વાગી ગ્યો, વળી ડૉક્ટરે સમું કરી દીધું. ડૉક્ટરે બાપુ બહુ કામ કર્યું. ઈ બધું કર્મના ચાળા નિમિત્તની હાજરીમાં થયા કરે છે. અજ્ઞાની માને કે મેં કર્યું તો કહે આંખમાં એમ કે ઓલો મોતિયો ઉતરે કહે છે ને (તો) નજરે રોશની મળે ! ધૂળમાં મળી ! ક્યાંથી મળી ? શશીભાઈ ! આ મોતિયા ઉતારે છે ને ? ફૂલુ ફૂલુ. ફૂલા, મોતિયા આ શું કહેવાય ? વેલ. વેલ, વેલ હોય છે ને ? અહીં આંખમાં વેલ પાકે પણ એ

વેલ પડવી, ફૂલુ પડવું, મોતિયાનું રહેવું એ કર્મનું નિમિત્ત, એ મોતિયાનું ટળવું એ કર્મનું નિમિત્ત. ત્યારે કહે છે કે આ જીવે મને ભારી કામ કર્યું અને મારી પણ આવડતને લઈને મેં આ કામ ભારે કર્યા.

એ વસ્તુનો સ્વભાવ એવો નથી એમ એ માને છે, અને માને છે તેમ પદાર્થ નથી. કિશનચંદજી કૈસા હૈ ? આ હોઠ હલના, વો એમ ધીમે ધીમે બોલું ને તો ભાષા સવળી નીકળે, તાણીને બોલે આમ નીકળે એ બધું આનું. અહીં ચાર બોલ તો સ્થૂળપણે લીધા. નાનું, જાડું, મરવું ને જનમવું ઈત્યાદિ ચરિત્ર થાય છે. ઓલા વસ્ત્રમાં પણ એમ લેવું. ઓલું વસ્ત્ર જરી આમ લાંબુ હોય ને ઓલો આમ કરે ઓલો માણસ. આ છોકરાઓ નથી કરતા ? એની મા... લૂગડું ઊંચુ કરે આમ કરે તેમ કરે એ તો ઓલાને આધીન છે એને ક્યાં આધીન હતું ? એમ આ લૂગડાં-શરીરરૂપી લૂગડું એ જડ માટી ધૂળ પુદ્‌ગલાસ્તિકાય છે. પોપટભાઈ ! આ એના હોઠ ફફડવા, આમ આંખ્યુ થાવી, આમ થવું, હાથ આમ થવો આંગળા પહોળા એ બધી ક્રિયા જડની સ્વતંત્ર પદાર્થ થયા કરે છે. એમાં ફક્ત કર્મનું નિમિત્ત છે. ત્યારે અજ્ઞાની માને છે કે મારે કારણે આ થાય એનું નામ મોટો મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની-અધર્મી એને કહેવાય છે. બરાબર છે આ જ્ઞાનચંદજી ? બાત હૈ.

લ્યો, ''**ઈત્યાદિ ચરિત્ર થાય છે શરીરમાં....**'' હેં ? શરીરનો એક અવયવ વધી જાય, હાડકું વધી જાય, આ કોઢ વધી જાય, નથી થાતું ? કોઢ નીકળે. કોઢ સમજતે હૈ ? હાડકા નીકળતે હૈ, આંખમેં ઐસા હો જાતા હૈ, ઐસા હો જાતા હૈ, દાંત તૂટી જાય, દાંત નીકળી જાય અરે ! મને આમ ધક્કો લાગ્યો, માણસે ધક્કો માર્યો ને મારો આ આમ દાંત પડી ગયો. હરામ એ તો કર્મનું આપેલું એની વિચિત્ર કળા. એ નિમિત્તથી આ જડમાં થયા કરે છે. એ વસ્ત્રના આપનારને આધીન છે એ વસ્ત્રને કેમ રાખવું એ. એમ શરીરને કેમ રાખવું એ કર્મના નિમિત્તને આધીન છે. કોઈ ઉપચાર-કુપચારને આધીન છે નહીં. પોપટભાઈ ! ભારે વાતમાં ફેર પણ આ તો ઉગમણો આથમણો. શશીભાઈ ! આ દવા શું કરવા ખાતા હશે માણસ ? એ તો કહે છે કે ઈચ્છા થાય, પણ શરીરનું પુષ્ટ થવું રહેવું અને કૃશનું થવું એ તો જેવું કર્મનું નિમિત્ત એ પ્રમાણે (થાય).

એ શરીરમાં ''**ઈત્યાદિ ચરિત્ર થાય છે....**'' કહો આમ લપસી જવું પગનું સમજાય છે ? કેળાની-કેળાની છાલ આગળ પગ લપસી જાય એ કોની કળા છે ? છગનભાઈ ! એ કર્મના નિમિત્તની શરીરની અવસ્થા છે. મેં ધ્યાન ન રાખ્યું માટે પગ લપસી ગ્યો, હરામ વાત છે. તને પદાર્થની ખબર નથી. નવ પદાર્થમાં અજીવ પદાર્થ કોને કહેવો ? પુદ્‌ગલાસ્તિકાય

કોને કહેવો ? એની પણ તને શ્રદ્ધાની ખબર નથી અને મિથ્યાદષ્ટિને શ્રદ્ધાની ખબર નથી એમ ગમે એવી ક્રિયાકાંડ કરે તો પણ કર્મ જ એને છે, એને ધરમ-બરમ હોતો નથી કહો. ''**ઈત્યાદિ ચરિત્ર પ્રમાણે તેની પરાધીન ક્રિયા થવા છતાં એ જીવ તેને પોતાને આધીન જાણી...**'' પોતાને આધીન જાણી જુઓ. મારું મેં આમ ન રાખ્યું શરીરને હોં, બે કલાક સુધી મારાથી આમ બેસીને પગ અકડાઈ ગ્યો. પગ અકડાઈ ગ્યો. હવે પગ તો અકડાવાને કારણે અકડાયા વિના રહે નહીં ત્રણ કાળ ત્રણ લોકમાં. તારી ઈચ્છા ને તારું જ્ઞાન ત્યાં કામ આવે નહીં.

એ તો જેવા કર્મનું નિમિત્ત એ પ્રમાણે થાય. આમ મેં પગ રાખ્યો તો મને ખાલી ચડી ગઈ, આમ ખાલી ચડી ગઈ અને ઊઠયો, ધ્યાન ન રહ્યું એટલે પડી ગ્યો. ખાલી ચડીને જો બે મિનિટ જો ઊભો રહ્યો હોત ને ખાલી ઉતરે ત્યાં સુધી તો ન પડત. હરામ વાત છે. એ પડવાની જડની પર્યાય ટાણે થયા વિના રહે નહીં. એ વિચિત્રતાની કળાનું ચરિત્ર જડનું જડને કારણે, તેમાં પૂર્વના કર્મનું નિમિત્ત. તારી ઈચ્છાથી કાંઈ એમાં બને નહીં. (શ્રોતા : આવું માનવાથી જીવને શું લાભ ?) આમ આવું માનવાથી સંસારનો નાશ થઈને આત્માનો આનંદ આવે. આવું માનવાથી પરાધીનતાનો નાશ થઈને સ્વાધીનતા થાય, તે વિના બીજો ત્રણકાળમાં કોઈ ઉપાય છે નહીં. જુઓને ! કેટલી વાત કરી છે. આ શરીરની પહેલી માંડી પછી બીજી માંડશે હોં. પહેલી અહીં નિમિત્તથી ભાઈ અહીં માંડી આમ. ઓલો કર્મનું નિમિત્ત ઓલો પછી સ્વતંત્ર કહેશે. સમજાય છે ? એ બહાવરા ગાંડાને જેમ ઓલાએ વસ્ત્ર પહેરાવ્યું, એની મા (માતા)ને આધીન છે કે નહીં ?

આ છોકરાઓને અહીં વસ્ત્ર પહેરાવે તો એની મા ને વસ્ત્ર પહેરાવવા શિયાળામાં હોય તો આમ નાંખે, આમ નાંખે, મોઢુ ઉઘાડું રાખે અને આમ નાંખે, વળી ઊંચુ લઈ દે. પોપટભાઈ ! એની મા ને આધીન છે કે નહીં ? છોકરા ઓલા પરાધીન, ફલાણું પહેરે ને ઉલટું પહેરે આમ કરે ને તેમ કરે એ તો એની મા ને આધીન એને કે'દી ભાન હતું ? એમ જડની પર્યાય ચૈતન્યના જ્ઞાનને રાગને આધીન નથી. શરીરની આ અવસ્થા-આ આંગળીનું આમ હાલવું ને આમ થવું આત્માને આધીન ત્રણ કાળમાં નથી. મિથ્યાદષ્ટિ મૂંઢે પદાર્થના સ્વભાવને જાણ્યો નથી તેથી એની શ્રદ્ધા ઊંધી, એ પ્રમાણે પદાર્થનું સ્વરૂપ નથી. પદાર્થ એને કારણે થઈ રહ્યો છે છતાં પદાર્થ છે તેવી શ્રદ્ધા નથી, શ્રદ્ધા છે તેવો પદાર્થ નથી માટે તેને મિથ્યાદર્શન કહે છે. સમજાણું કાંઈ ? દસ્ત કબજે રાખવા માંડે પણ દસ્તની ખણજ થઈ છે બહાર જાવું કે અંદર અરે ! તારે હાથ ન રહે એક મિનિટ પણ. પેશાબ જ્યારે નીકળી જવાનો ત્યારે નીકળી જવાનો, પેશાબ છૂટવાનો ત્યારે (છૂટે), તું રોકવાનો ત્યારે રોકાઈ જવાનો...

નહિ જ્યારે જડની પર્યાય શી રીતે થાય. એ શરીરનું ચરિત્ર નામ વર્તન એમાં કર્મનું નિમિત્ત છે તે પ્રમાણે વર્તન થયા કરે.

આત્મા એનો જાણનાર દૃષ્ટા-જ્ઞાતા છે એમ ન માનતાં મારે આધીન પ્રવર્તશે અને આપણે રાખશું તેમ રહેશે. ઘણાં નથી માનતા? પથ્ય ખાઈએ તો લાંબુ આયુષ્ય વધે. શ્વાસ બહુ ઓછા લેવા જેથી આયુષ્ય લાંબુ, શરીર વધે. સમજાય છે? પગમાં થડાકા ન લાગવા દેવા, ડુંટીએ થડકા લાગે એમ તો પછી આપણને નિરોગતા રહે. આ બધી મૂઢ જીવોની માન્યતા છે. (શ્રોતા:આરોગ્ય શાસ્ત્ર...) આરોગ્ય શાસ્ત્ર જ ખોટું છે બધું અને એને કારણે રહે તો આરોગ્ય શાસ્ત્ર કોણ કરી દે તો તો... આરોગ્ય શાસ્ત્રનો કરનારો મરી ગ્યો કે નહીં? હેં? ધનવંતરી મરી ગ્યો કે નહીં? ધનવંતરી વૈદ્ય મોટો કહેવાતો. જડની પર્યાય કર્મના નિમિત્તને આધીન એણે પહેરાવ્યું આ. એમ આ કહેને, પહેરાવ્યું કીધુંને? આ ખોળ કહે માણસ, કહો એ કહેતા માણસ ખોળ પહેરાવ્યું... કહેતા આ ખોળ. એ ખોળો એ ખોળાને તો જેવું કર્મનું નિમિત્ત એવી એની ચરિત્ર દશા થયા કરે.

આ જેમ ઓલું લૂગડું હોય છે ને ઓલુ આંહી, આ રગ ત્રગ થઈ જાય. જુઓ નથી આમ આમ થઈ જાય, આ ગોટલા વળી જાય, ઓલા થઈ જાય. એ બધી વિચિત્ર ક્રિયા જડની વર્તમાન પર્યાય જડની છે એમાં નિમિત્ત કર્મનું છે. એમ આત્માને લીધે એમાં કાંઈ થાય એ વાત છે નહીં. લ્યો, એમાં કર્મનું નિમિત્ત આવ્યું આત્માનું નિમિત્ત તો કાંઈ આપ્યું નહિ એમાં. આ બાજુથી નિમિત્તે ન રહ્યું. ભાઈ નથી મોહનભાઈ! સમજાણું? આમ કહ્યું કે કર્મના નિમિત્ત પ્રમાણે થાય એમ કહ્યું પણ આત્માના નિમિત્ત પ્રમાણે આમ થાય એ તો નિમિત્તના સબંધે પણ લીધો નહિ આમ. સમજાય છે કાંઈ? ઓહોહો! આ તો હર વખતે થાય છે. જેવું કર્મના ઉદયનું નિમિત્ત તેવું જડમાં પર્યાય જડને કારણે સ્વતંત્ર થયા કરે છે એમાં કોઈ નિયમ ફરે નહિ, છતાં અજ્ઞાની માને. એ પરાધીન ક્રિયા થવા છતાં પોતાને આધીન નથી. ઊલટી થઈ જાય, ઝાડા થઈ જાય, નિરોગી આમ અરેરે! અમને આવ્યું નહીં.પહેલા આવ્યા હોતને ભાઈ આ તાવ ને જરી ઝાડા પણ થઈ ગ્યા. પહેલા આવ્યા હોત તો મજા, અરે! પહેલા પછી હતું કે'દિ, છ મહિના થઈ ગ્યા તાવને. જો ચાર મહિના પહેલા આવ્યા હોત તો ક્ષય લાગુ ન પડે. હવે ક્ષય ગ્યો બીજે નંબરે.

એ તો જડની પર્યાય જવાની ને રહેવાની તે રહેવાની. ત્રણ કાળ ત્રણ લોકમાં દેહની પર્યાય જે ક્ષણે જે થવાની એનું ચરિત્ર કોઈ આત્મા ફેરવી શકે (નહિ). ઓહોહો! ભારે વાત ભાઈ! શું થાય આમાં? આ દેહ મારો નથી ને આત્મા જ્ઞાતાદૃષ્ટા હું છું

એમ કરીને સ્થિતિ ઘટાડે અને સ્વભાવ વધારે, તો સ્વાધીનતા થાય. બાકી આમાં કાંઇ ફરે એવું નથી. એ તો માટી ને ધૂળ છે. જે ક્ષણે જે વિચિત્ર ચરિત્ર, ચરિત્ર એટલે એનું વર્તન થવાનું તે થવાનું, વર્તન એટલે એની પર્યાય. જે થવાની તે (થવાની) પણ મિથ્યાદૃષ્ટિને એ વાત બેસતી (નથી). ત્યાગી નામ ધરાવનારને એ વાત બેસતી નથી. ત્યાગ તો હતો જ કે'દી.

શશીભાઇ! હજી શરીર અજીવ ને જીવ બે તત્ત્વો જુદે જુદા. જીવ પદાર્થ જુદો, અજીવ પદાર્થ જુદો. શરીર જુદું આત્મા જુદો. એનું ચરિત્ર જે ક્ષણે ક્ષણે બને વર્તન તે મારે આધીન છે જ નહીં. એ તો પૂર્વના કર્મ પ્રમાણે થયા કરે. હું એનો સાક્ષી ને દૃષ્ટા છું એમ ન માનતાં આને મેં કર્યું અને આમ ન થયું માટે આમ થઇ ગયું એ એની માન્યતા ખોટી છે. ''**તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે...**'' હવે બીજી વાત. ''**વળી જેમ કોઇ બહાવરો બેઠો હતો...**'' હવે બીજી વાત આવી. આ શરીર આવ્યું કારણકે ઓલું હારે હારે સંપદા રહ્યા કરે એને પહેલું મૂક્યું. હવે કહે ગાંડો એક ક્યાંક બેઠો હતો ''**ત્યાં કોઇ અન્ય ઠેકાણેથી માણસ...**'' એક બહાર ફરવા નીકળ્યો બહાવરો અને નદીને કાંઠે બેઠો.

''**એમાં કોઇ ઠેકાણેથી માણસ, ઘોડા અને ધનાદિક આવી ઊતર્યા...**'' લક્ષ્મી આદિ અને કોઇ પૈસા ગણવા બેઠા. માણસ નીકળીને રાજા, માણસો નીકળ્યા, કોઇ રાજા હોય, દિવાન હોય એ નીકળ્યા અને દસ વાગ્યાનું ટાણું, ઓલો બહાવરો ગાંડો પણ ત્યાં આવીને બેઠેલો પથરા ઉપર. તો દસ વાગ્યાનું ટાણું થયું તો હાથી, ઘોડા, માણસ, નોકરો, નોટો, રૂપિયા હીરા માણેક ગણવા માંડયા. ગાંડો - ઘેલા - ઘેલા - પાગલ. ''**ઘોડા ધનાદિક આવી ઉતર્યા...**'' મોહનભાઇ! શું આવ્યું? આ હીરા, માણેક ને પૈસા લઇને ઉતર્યા. ગાંડો બેઠો તો ત્યાં. ધનાદિ - લૂગડાં આવ્યા, મકાન આવ્યા, બાઇડીઓ આવી, છોકરા આવ્યા. સમજાય છે? ''**એ સર્વને આ બહાવરો પોતાના જાણવા માંડયો...**'' લ્યો, એ સર્વને ગાંડો પોતાના જાણવા લાગ્યો. ગાંડો ઓલો પાગલની વાત. ''**પણ એ બધા પોતપોતાને આધીન હોવાથી તેમાં કોઇ આવે...**'' ગાંડો છે ત્યાં ગાંડાને આધીન આવ્યા છે? રાજા આવીને ઉતર્યો, ટાણું થયું, રાજા હાલ્યો(ચાલ્યો) ગ્યો. માણસ આવ્યા'તા ખાઇપીને માણસ હાલ્યા(ચાલ્યા) ગ્યા. ઘોડા આદિ જે પાણી પીવા આવ્યા હતા તે પાણી પીને હાલ્યા ગ્યા. ગાંડો કહે કે પણ આ કેમ જાય? પણ તારે લઇને ક્યાં આવ્યા છે ઇ? સમજાય છે?

''**કોઇ જાય અને કોઇ અનેક અવસ્થારૂપ પરિણમે...**'' કોઇ ન્હાય, કોઇ ડૂબકી પાણીમાં મારે, કોઇ લૂગડાં ધોવે કોઇ સૂકવે નદીમાં આવીને, કોઇ આળોટે, કોઇ ઊંઘે. ''**એમ એ સર્વની પરાધીન ક્રિયા થવા છતાં આ બહાવરો તેને પોતાને આધીન માની**

**ખેદખિન્ન થાય છે.** એમ અરેરે! એલા પણ મને પૂછીને તો કરો - ગાંડો કહે. શશીભાઇ! ગાંડો આવીને બેઠો ત્યાં ઓલી ચીજો આવી, ગાંડો કહે તમારે જાવું'તું પણ મને પૂછવું'તું, ભલે જાવુ'તું ખરું. પણ કોણ તને પૂછે? પણ ગાંડા! તારે માટે ક્યાં આવ્યા છે અને તને પૂછીને ક્યાં જવાના છે એ? અમે તો નદીને કાંઠે પાણી પીવા આવ્યા'તા આ પીને હાલ્યા ગ્યા. પોરો ખાવા બેઠા'તા તારી પાસે જરી ... ભાઇ. આ પોરો ખાઇને હાલ્યા, ગાંડો માને અમારે આધીન. અરેરે! પૂછતો નથી. આ ગાય હાલી(ચાલી) જાય છે, આ હાથી હાલ્યો જાય છે, આ માણસ હાલ્યા ગ્યા. અરે! આ બધા આવ્યા'તા અને હાલ્યા જાય છે.

''**એ પ્રમાણે આ જીવ જ્યાં (શરીર) પર્યાય ધારણ કરે છે....**'' એ દાખલો છે એ તો. જ્યાં શરીર ધારણ કર્યું શરીરની પહેલી વાત લીધી. જ્યાં શરીર ધારણ કર્યું વાણીયામાં, કણબીમાં, કોળીમાં, શેઠ નાગરમાં ક્યાંક હશે ''**ત્યાં કોઇ અન્ય ઠેકાણેથી પુત્ર આવ્યા....**'' બીજે ઠેકાણેથી એ આવ્યો. ઓલો ગાંડો બેઠો'તો ત્યાં જેમ માણસ ક્યાંકથી આવ્યા એમ આ ક્યાંક જનમ્યો કૂળમાં ત્યાં રૂપિયા ક્યાંકથી આવ્યા, ''**ઘોડા....**'' ક્યાંકથી આવ્યા, બાયડી ક્યાંકથી આવી, ''**લક્ષ્મી....**'' ક્યાંકથી આવી, કો, મકાનના પથરા ક્યાંયથી મોટા પોરબંદરના ખડકાણા. ઓલા ધોળા. ભાઇ આવે છે ને? માખણ જેવા. ધોળા. આ રાજુલાના પથરા સમજ્યાને વિગેરે વિગેરે શેના? ... એ પથરા જ્યાં ખડકાણા મકાનમાં. મોહનભાઇ! કહો ગાંડો જેમ બહારમાં એક ગામમાંથી બહાર નીકળ્યો એમ પોતાનું ગામ છોડી બીજે ગ્યો એમાં આ ચીજો થઇ ગઇ ભેગી. લક્ષ્મી ને બાયડી ને છોકરા ને આ ને લૂગડાં ને દાગીના ને આબરૂ ને આડતિયાને ''**આવીને સ્વયં પ્રાપ્ત, સ્વયં પ્રાપ્ત થાય છે....**'' એમ આંહી કહ્યું છે જુઓ. જોયું? ત્યાં કર્મનું નિમિત્ત કહ્યું જોયું? ઓલામાં શરીરમાં લીધું'તું.

આ ચીજો તો એને કારણે આવીને પ્રાપ્ત થાય છે. કાંઇ તારે કારણે આવતી નથી. તારી ઈચ્છા પ્રમાણે આવી નથી. કોઇ અન્ય ઠેકાણે દીકરો ક્યાંક આત્મા હતો મરીને અહીં આવ્યો. કોઈક ઘોડા આવ્યા, કોઇ ઘોડાગાડીઓ આવી, કોઇ હાથી આવ્યા, કોઈ બળદ આવ્યા, ગાયો આવી, ભેંસો આવી, પાડા આવ્યા. સમજાય છે? મિત્રો આવ્યા કે આડતિયા થયા ક્યાંકથી ભેગા થઇને. આડતિયા ''**સ્વયં પ્રાપ્ત થાય તેને આ જીવ પોતાના જાણે છે....**'' ચીજ ક્યાંકથી આવી, પોતાના જાણે છે. ભાઇ! દીકરા બાપા! તું મારો દીકરો હોં અને હું તારો બાપ. આ લક્ષ્મી અમારી, આ નોટો અમારી, આ મકાન અમારા, આ ગાયો ભેંસું અમારી. ''**પણ એ તો પોતપોતાને આધીન કોઇ આવે....**'' એને કારણે આવે, એને કારણે જાય. મોહનભાઇ! બરાબર હશે આ? ન આવડતને કારણે જાય કે એ એને

કારણે જાય ? (શ્રોતા : એને કારણે જાય) ન આવડત માટે નહીં ? એને ભાઈ ! લક્ષ્મી રાખતા આવડી નહિ માટે ગઈ ? વ્યવસ્થા કરતા આવડવી જોઈએ. પરાધીન થઈ કોઈ લક્ષ્મી, દીકરા, બાઈડીયું, છોકરા, વસ્ત્ર મકાન આવ્યા, અને કોઈ જાય એની મુદ્દત પૂરી થઈ અવસ્થાની પર્યાયની દશા, ચાલ્યા જાય એને કારણે.

ઓલામાં આવ્યું'તું ને ? પાતળું, જાડું, જનમવું અને મરવું અને વચલી અવસ્થાઓ, વચલી બધી શરીરની અવસ્થાઓ શરીરને કારણે થાય. સમજાય છે ? એમાં ક્યાંક શરીર ધારણ કર્યું ત્યાં બધું આવ્યું ત્યાં ઓહોહો ! પદાર્થની જે અવસ્થા ઉત્પન્ન થાય એ એને કારણે થાય. બાપા કાંઈ મૂકી ગ્યા નહોતા આ બધું અમે... પુસ્તક બધા મોટા લખાણ મોટામાં આવે હોં લખાણમાં. બાહુબળે બધું ભેગું કર્યું એના બાપા પાસે તો બે-પાંચ હજારની મૂડી હતી, આણે પાંચ-પચાસ લાખ ભેગા કર્યા, આબરુ જમાવી. મોટી આબરુ દીકરા-દીકરી પરણાવ્યા અને જાહોજલાલી મોટી લીલી વાડી મૂકીને મરી ગ્યો.

આંહી કહે છે કે ભગવાન ! શાંત થા, ધીરો થા. જો આંહી પણ એ ચીજો આવે છે એ એને કારણે આવી, એને કારણે જાય, વચમાં એને કારણે અવસ્થા થયા કરે. એમ વચમાં એટલે સમજાણું કાંઈ ? ઈ વચમાં રહે ટાણે પણ કો'કને ઘરે આમ જાય, કો'કને ઘરે આમ જાય પથારા પડે, ફલાણું પડે, છોકરાઓ પણ ક્યાંક જાય, કોક છોકરાઓ જુદા પણ, જીવતા છોકરાઓ જુદા થાય લ્યો, પ્રવિણભાઈ ! જીવતા છોકરાઓ જાય. બાપા ! તમે બેસો અમારે જુદા થાવું છે. આ કેટલાનું પણ મારી બાયડી પણ ટીપશે રોટલા દસ ઘરનાં ? એ કરતા હુંતો ને હુંતી બેય જણ અમારે ઠીક પડશે બહાર. એય સ્વતંત્ર એને કારણે છે હોં ! તારે કારણે નહીં. એય ઓલો બળતરા કરે આટલા ભણાવ્યા આટલા મેં એને પૈસા ખર્ચ્યા કોઈ કહ્યું માનતા નથી. તારા કે'દી હતા કે કહ્યું માને ?

''**એ અવસ્થારૂપ પરિણમે છે એમ તેની પરાધીન ક્રિયા હોય છે એને પોતાને આધીન માની....**'' લ્યો, આધીન એને છે અને માને છે પોતાને... ''**આધીન માની. આ જીવ ખેદખિન્ન....**'' ખેદખિન્ન કે આ બધાને લાગુ પડતુ હશે કે નહીં ? મોહનભાઈ ! બધા ત્યાગીને અને ભોગીને બધાને ? બધા એક લાયકના. જે કોઈ આત્મા સિવાય શરીર અને બીજી ચીજ આત્માને આશ્રયે અવસ્થા થાય એમ માને એ બધા મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની મૂઢ છે તેને ધર્મની કાંઈ ખબર છે નહીં ભારે વાત ભાઈ ! ત્યારે આ બધા આત્મા પરને માટે લોલુ હશે ? એ આત્મા આવો અનંત શક્તિનો ધણી અને મોટો બહુ વર્ણવો છો તમે. કહે છે એ પણ તારામાં કે કો'કમાં ? હેં ? અનંત શક્તિનો ધણી, અનંત ગુણનો ધણી મહા આનંદનો

દરિયો પણ તારામાં. તું તારામાં અવળાઈ સવળાઈ કર. બાકી પરમાં કાંઈ તારાથી થાય એવી ત્રેવડ પરમાં... પર તારાથી થાય એવી પરમાંય નથી, અને પરમાં થાય તારાથી એવી ત્રેવડ તારામાં પણ નથી. સમજાણું કાંઈ ?

બે દાખલા આપ્યા લ્યો ! એક બહાવરાને લૂગડાનો અને એક બહાવરાને ઓલી વસ્તુ - આવી ને જાય ને વચમાં આમ થોડોક બે કલાક રહીને ઊઠે, જાય, ખાટલે સૂવે એનો. તેમ આ ગાંડા જેવો માણસ માળા મિથ્યાદૃષ્ટિ ગાંડો, ઊંધી માન્યતાપણે ઉન્માદમાં જ વધ્યો છે. ઉન્માદ છે ઉન્માદ. લ્યો આંહી તો નિમિત્તથી ઉડાવી આ વાત. સમજાણું ? લ્યો આવી ગઈ. સમજાણું કાંઈ ? ''**એ પોતાને આધીન માની આ જીવ ખેદખિન્ન થાય છે....**'' કેમ કે આત્મા પરનું કાંઈ કરવા સમર્થ છે નહીં. કહો બરાબર છે આ ? આત્માને શરીર મળે એ શરીરના સ્વભાવ પ્રમાણે શરીર કરે અને વસ્તુની પ્રાપ્તિ કાળે વસ્તુને કારણે થાય, આત્માને કારણે એમાં કાંઈ હોઈ શકે નહિ છતાં અજ્ઞાની માની ખેદખિન્ન થાય ને દુઃખી થાય છે.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

## શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૩
## અધિકાર ૪થો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૧૬.૦૫.૧૯૬૨ બુધવાર

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

મોક્ષમાર્ગ પ્રકાશક. ૪થો અધ્યાય છે જુઓ.

### જીવ અજીવતત્ત્વ સંબંધી અયથાર્થ શ્રદ્ધાન

''**અનાદિસે જીવ કર્મકા નિમિત્તમેં....**'' ઉપાધિભાવ જો હોતા હૈ ઉસકો ભી અપના માનતે હૈ. ઓ આયા અહીંયા જીવ અને અજીવકા વર્ણન ચલતે હૈ. દેખો ક્યા કહેતે હૈ દેખો. ''**આત્મા એક પદાર્થ હૈ ઔર શરીર આદિ અનંત પરમાણુ કા પિંડ હૈ....**'' તો અનંત દ્રવ્ય હૈ, આ એક દ્રવ્ય હૈ. ''**સબકો મૈં, આ જીવને ઐસી બુદ્ધિ ઉઠતી હૈ કે 'આ મૈં હૂં'....**'' ઓ શરીર અનંત પરમાણુકા પિંડ 'આ હું છું'. 'આ મૈં હૂં' ઐસી બુદ્ધિ હોતી હૈ. બરાબર હૈ? કારણકે શરીરસે ભિન્ન અને પાંચ ઇન્દ્રિયકા વિષયસે ભિન્ન આત્મા હૈ.

અનાદિકાળસે ઇન્દ્રિયસે વિષય દેખા, તો આત્મા ઇન્દ્રિયસે પાર ઉસકા પ્રતીત કિયા નહીં. અપની શુદ્ધ ચૈતન્ય સંપદા અનાદિકાળસે શરીર આદિ પરમાણુમે 'યે મૈં હૂં', એ મૈં હૂં તો આત્મા ઉસસે ભિન્ન હૈ ઐસી શોધને કી ઉસકી દૃષ્ટિ રહેતી નહીં. સમજમેં આયા?

''**વળી પોતે તો જીવ હૈ....**'', આત્મા તો ચૈતન્ય... ચૈતન્ય સ્વરૂપ જીવ હૈ. ''**ઉસકા સ્વભાવ જ્ઞાન-દર્શન-આનંદ હૈ.....**'' જ્ઞાન, દર્શન, વીર્ય આદિકી પર્યાય ઉસકા સ્વભાવ હૈ. ''**વિભાવ તો ક્રોધ, માન, માયા, રાગદ્વેષ ભાવ હૈ....**'', પુણ્ય અને પાપ, દયા, દાન, ક્રોધ, માન, માયા, લોભ એ વિભાવ હૈ. તો સ્વભાવ ને વિભાવ, દો હી કો અપના માનતે હૈ. ક્યોં? કે જ્ઞાનાનંદ સ્વભાવ અને વિભાવ, તો દો કા એક કાળમેં પરિણમન હૈ અને દો કા એક કાળમેં ઉત્પત્તિ હોતી હૈ, ઔર ભિન્ન ભાસનેકી દૃષ્ટિ તો હૈ નહીં. અંતર્મુખ મૈં ચૈતન્ય હૂં ઔર બહિર્મુખ ઉત્પન્ન હોનેવાલા શુભ અને અશુભ પુણ્ય-પાપ ભાવ મલિન હૈ, ઐસા બુદ્ધિ હૈ નહિ તો સબકો મૈં જીવ હૂં ઐસા માનતે હૈ. ''**આ જીવ-અજીવકા અધિકાર ચલતે હૈ....**'' સમજાય છે કાંઇ? આ દેહાદિની ક્રિયા અને પુણ્ય-પાપકા ભાવ વો સબ મૈં હૂં તો મૈં ચૈતન્ય હૂં ઐસા પરસે ભિન્ન તો કભી ભેદજ્ઞાન કિયા નહિ પરકી સાથ. અભેદ... અભેદ... અભેદ.

ઓ શરીર મૈં ઔર વાણી મૈં, કર્મ મૈં, ઔર પુણ્ય-પાપકા ભાવ વિકાર ઔર જ્ઞાન આદિ સ્વભાવ સબ હોકર મૈં. ક્યોં દુર્ગાદાસજી? વો બાત હૈ તો કૈસા હોતા હૈ દેખો. શરીરમેં રોગ આયા તો મેરે આયા. શરીરમેં ફેરફાર હોતા હૈ તો મેરે ફેરફાર હુઆ. ભગવાન અપના અસ્તિત્વ ચૈતન્ય વિકારસે ઔર શરીરસે ભિન્ન રખતે હૈ ઉસકા તો પતા નહિ અને પતા મિલને કા જ્ઞાન ભી નહિ, તો કહતે હૈ કે ઓ વિભાવ ઔર જ્ઞાન આદિ સ્વભાવ હૈ, વો પર સબકો અપના ચીજ માનતે હૈ. આંહી તો જીવ-અજીવ અધિકાર હૈ ને. એ સબકો અજીવ... એ અજીવકો જીવ માનતે હૈ અથવા અપના જ્ઞાનાનંદ સ્વભાવ જીવ હૈ ઉસકો ન માનકર વિભાવ આદિ વિકાર અને શરીર આદિ પર વો હી મૈં હૂં ઐસા માનતે હૈ. કહો સમજાય છે કાંઇ?

''**તથા પુદ્‌ગલ પરમાણુઓનો સ્વભાવ...**'' આ પુદ્‌ગલ પરમાણુ આ માટી શરીર, ''**વર્ણ, રંગ, ગંધ, રસ અને સ્પર્શાદિ હૈ.....**'' આનો તો સ્વભાવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. ''**એ સર્વને અપના સ્વરૂપ માની....**'' એ સર્વને અર્થાત્ જ્ઞાન ભી મૈં, વીર્ય ભી મૈં, દેખનેવાલા ભી મૈં, પુણ્ય-પાપકા ભાવ ભી મૈં અને આ શરીર પરમાણુકી અવસ્થા ભી મૈં, ઐસા સબકો એક અપના માનતે હૈ. ઉસકા નામ મિથ્યાદર્શન કહેતે હૈ, કહેનેમેં આતા હૈ. આ

મિથ્યાદર્શન... મિથ્યાપ્રતીત... મિથ્યાશ્રદ્ધા. અપના ચૈતન્યકો વિકાર ઔર પરમેં અપના માનના વો હી મિથ્યાત્વ હૈ. 'યે મારા હૈ' ઐસી મમકાર બુદ્ધિ હોતી હૈ. શરીરાદિમેં ઐસા લિયા કી મૈં હૂં અને આ જ્ઞાન, વિકાર ઔર શરીરાદિકા પરમાણુકી સબ અવસ્થા વર્ણ, ગંધ, રસ, સ્પર્શકી વો સબ મેરા હૈ. પરસે ભિન્ન કરનેકા પ્રયત્ન કરે તો ક્યારે કરે ? કે ઉસકો ઐસા ખ્યાલમેં આવે કે મૈં ચીજ હી ભિન્ન હૂં. શરીર, વાણી, મનસે ભિન્ન હૂં અને મૈં વિકાર કૃત્રિમ એક ક્ષણમેં એક સાથમેં જ્ઞાન-દર્શનકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઉસકી સાથ દયા, દાનકા ભાવ ઉત્પન્ન હોતા હૈ. કાળ એક, પરિણમન ઉસકા, છતાં દો એક નહીં, દો એક નહીં. ઈસકા જાનનેવાલા અને કાં મલિન પરિણામ પુણ્ય-પાપકા, દો એક નહીં. પણ એક કાળમેં ઉત્પન્ન હોતા હૈ અને સ્વભાવ સન્મુખકી દૃષ્ટિ અંતર્મુખ દૃષ્ટિ હૈ નહિ તો બહિર્મુખમેં અપના માનકર જ્ઞાન અને આસ્ત્રવ સબમેં મૈં હી હૂં. યે અજીવ સબ ચીજ હૈ ઉસમેં અપના માનતે હૈ.

વો આસ્ત્રવકા અધિકાર ભિન્ન આયેગા ભાઈ પછી, પણ આંહી તો એ અજીવ એ અજીવ છે ખરેખર. પુણ્ય-પાપનાં ભાવ ભી અજીવ હૈ, ઓ જીવ નહિ અને શરીરકા પરમાણુમેં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ઓ જીવ નહિ પણ સબકો અપના વો માનતે હૈ. કહો સમજાય છે કાંઈ ? વહેંચણી કરતાં ઉસકો અનંતકાળમેં આયા નહિ ક્યું કરે ? અપની ચીજ કોઈ દૂસરી હૈ. વિભાવ ક્ષણિક કોઈ દૂસરી ચીજ હૈ ઔર શરીરાદિકા વર્ણ, ગંધ, સ્પર્શ તો તદ્દન ભિન્ન ચીજ હૈ, ઐસા અંતરમેં હુએ બિના ઉસકા ભેદજ્ઞાન કરનેકા પ્રયત્ન ભી કહાંસે કરે ? સબકો એક માનતે હૈ.

''**જીવના જ્ઞાન આદિ...**'' હવે અવસ્થાની વાત કરે છે. એ ગુણ સુધીની વાત કરી હતી વર્ણ, ગંધ આદિ. ''**હવે જીવના જ્ઞાન દર્શનની અવસ્થા હીનાધિક હોતી હૈ....**'' અપનેમેં જ્ઞાન-દર્શન-વીર્યકી હીન અધિક અવસ્થા હોતી હૈ એક બાત ''**ઔર ક્રોધ, માન, માયાકી અધિક હીન અવસ્થા હોતી હૈ....**'' વિકારકી ભી અધિક હીન.... કોઈ વખતે કષાય મંદ, કોઈ વખતે તીવ્ર, તીવ્રમેં ભી તીવ્ર, તીવ્રતા ભી અસંખ્ય વિકારકા તીવ્ર અશુભમેં ભી અસંખ્ય ભેદ હૈ. ઔર શુભ કષાયકે મંદમેં ભી અસંખ્ય ભેદ હૈ. તો ઉસમેં હીનાધિક હોતે હૈ તો જ્ઞાન, દર્શનકી હીનાધિક અવસ્થા ભી મૈં ઔર વિકારકી હીનાધિક અવસ્થા ભી મૈં. સમજાય છે કાંઈ ? ઐસા માનકર અજીવકો હી જીવ માનતે હૈ. ઓ જીવ ક્યા ચીજ હૈ ઉસકી ખબર નહિ. ઓ મિથ્યાદર્શન શલ્યકે કારણ ઐસા માનતે હૈ. ભારે વાત ભાઈ !

બધા હારે રહેવું અને બધાની... વાણીમાં કહે છે ને શું કહે છે ? મગરમચ્છની હારે રહેવું ને ....... (શ્રોતા : દરિયામાં રહેવું ને મગરમચ્છ હારે વેર) હેં ? દરિયામાં રહેવું

ને મગરમચ્છ હારે વેર. કહેતે હૈ કે નહિ તુમ્હારે હિન્દીમેં. એમ કહેતે હૈ કિ સબની સાથમેં રહેના ઔર સબસે ભિન્ન. કોઈકી સાથ હૈ હી નહિ ઓ તો માન રખા હૈ. મૈં શરીર... આ તો માટી હૈ. ઉસકા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ ભી ભિન્ન હૈ ઔર ઉસકી જો અવસ્થા હોતી હૈ ઐસી બાળ, યુવાન, વૃદ્ધા ઓ ભી શરીરકી અવસ્થા શરીરમેં હોતી હૈ ઉસસે આત્મા તો ભિન્ન હૈ પણ અજ્ઞાનસે અપની જ્ઞાન, દર્શન, વીર્યકી અવસ્થા અપનેમેં અપના અસ્તિત્વમેં હોતી હૈ ઔર વિકારકી અવસ્થા ભી હીનાધિક હોતી હૈ હીનાધિક. જ્ઞાન દર્શનકી હીનાધિક, વિકારકી હીનાધિક ઔર શરીરકી હીનાધિક સમજાય છે?

એ વર્ણ, ગંધ, રસ આદિ પલટાવારૂપ પલટનેકો અવસ્થા હોતી હૈ. ''**સબકો અપની અવસ્થા માની. સર્વકો અપની અવસ્થા માની....**'' એમાં આ મારી અવસ્થા માનતે હૈ એ મેરી અવસ્થા હૈ. શરીરકી અવસ્થા એ મેરી હૈ. મૈં બાળ હૂં, મૈં યુવાન હૂં, મૈં વૃદ્ધ હૂં, મેરા શરીર જીર્ણ હો ગયા, મેરા શરીર પુષ્ટ હો ગયા ઓ મૈં હૂં. ઐસા નહિ હો? ઇતના પેટમાં બહોત દુ:ખતે હૈ તો કહાં ઐસે ચલ નહિ સકતે. (શ્રોતા : મેરે દુ:ખ હુઆ) હેં? મેરે દુ:ખ હુઆ, ક્યા દુ:ખ? કે ઓ શરીરકી અવસ્થા ઓ કાંઇ આત્મામેં આ જાતી હૈ? આત્મામેં રાગાદિકી અધિકતા-હીનાધિક હોતી હૈ પણ શરીર અવસ્થાકે કારણસે હોતી હૈ? પણ સબકો અપની અવસ્થા માનતે હૈ. અનાદિકાળસે અપના ચૈતન્ય સંપદા ક્યા હૈ? ઉસકી નિવાસ ઉસમેં કભી કિયા નહિ. ભગવાન આત્મા જ્ઞાનજ્યોતિ ચૈતન્ય વિકારકી હીનાધિક અવસ્થા કે જ્ઞાનાદિકી હીનાધિક પર્યાય ઇતના આત્મા નહિ. વિકાર તો નહિ, શરીરકી અવસ્થા તો નહિ, જ્ઞાન દર્શનકી હીનાધિક અવસ્થા ઇતના ભી આત્મા નહિ.

આત્મા ત્રિકાળ જ્ઞાયક, ચૈતન્યભાવ, ધ્રુવ અનાદિ અનંત સ્વભાવ, ઐસી દૃષ્ટિ કભી કરી નહિ. મિથ્યાદર્શનકે કારણ સબ અવસ્થાકો એક માનતે હૈ. ઓહોહો! આ નવરાશ પણ ક્યાં? આ દુનિયામાં કામ ઘણાં ને કામ બહોત. હેં? કામ કિતના કરના? દવાઓ શીશી કેટલી શીશી હતી એ ઘરે એને બે ચાર દિવસ રોકાયા પણ ઘણી શીશી પડેલી. હોયને, સૌને ઘરે હોયને એના પ્રમાણમાં! કોઈને દુકાનના ચોપડા હોય તો ઓલાને માલ હોયને બીજાને... આહાહા! હવે આમાં આ આમાં આત્મા એક ચીજ તે પણ હીનાધિક જ્ઞાનાદિ અવસ્થા જિતના નહિ. વિકાર તો નહિ, પરકી અવસ્થા નહિ એમ એ જ્ઞાન દર્શનકી હીનાધિક પર્યાયમેં દશામેં અનુભવતે હૈ ઇતના ભી નહીં. મૈં તો જ્ઞાયક ત્રિકાળ ચૈતન્ય દ્રવ્ય અનાદિ અનંત સ્વભાવ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય ઐસી દૃષ્ટિ કિયે બિના અનાદિકાળસે ઓ સબ અવસ્થાઓમેં અપના આત્મા માનતે હૈ. ''**એવી મમકાર બુદ્ધિ કરતે હૈ....**''

દેખો, ''**ઐસી અવસ્થામેં....**'' વિકારકી અવસ્થા, જ્ઞાન ઔર દર્શનકી અવસ્થા અને શરીરકી (અવસ્થા) તીનોમેં અપના હૈ ઐસે માનતે હૈ. સમજમેં આયા ? તો ખરેખર તો શરીરકી ''**અવસ્થા મેં....**'' નહીં. વિકારકી હીનાધિક અવસ્થામેં નહિ. આ જ્ઞાનાદિક હીનાધિક અવસ્થામેં ભી આત્મા ઈતના નહિ. હેં ? કઠીન બાત હૈ. એ આયા ને પહેલે ઓ આગે આ ગયા ને ? ઓ ૮૬ પાને આતે હૈ ને ''**કે આ જીવને મોહના ઉદયસે મિથ્યાત્વ કષાય આદિ ભાવ હોતા હૈ....**'' ૮૬ પહેલી પંક્તિ, પહેલી પંક્તિ... ''**ઔર અપના સ્વભાવ માનતે હૈ ઉસકો અપના સ્વભાવ માનતે હૈ પરંતુ તે કર્મ ઉપાધિસે હોતા હૈ ઐસા જાનતે (નહિ)....**'' ઉપાધિ, નિમિત્તકા ઉપાધિ, ... હોતા હૈ અપનેમેં અપને કારણસે પણ ઓ નિમિત્તકા લક્ષસે ઉપાધિ હૈ. ઓ કાંઈ નિરુપાધિક ભાવ (નહિ) નિરુપાધિક ભાવ નહિ.

દયા, દાન, વ્રત, તપકા વિકલ્પ ભક્તિ, પૂજાકા જો ભી રાગ હૈ ઓ નિમિત્ત સંબંધી અપના નૈમિત્તિક વિકાર ઉપાધિભાવ હૈ, તો વો ઉપાધિ ભાવ... એમ જાણતો નથી કે આ ઉપાધિભાવ હૈ અને મેરા ઉપાધિસે ભિન્ન ભાવકા પતા નહિ ક્યોં ? કે દર્શન જ્ઞાન ઉપયોગ અને આસ્ત્રવભાવ એ બંનેને એકરૂપ માને છે. ઓલામાં અજીવને કીધું'તું ઇ, પુણ્ય-પાપના ભાવ હીનાદિક થાય વો મૈં.... જીવ ઓ મૈં ઐસે માનતે થે. યે આસ્ત્રવભાવ હૈ વો હી મૈં. સમજમેં આયા ? ઝીણી વાત ભારે ભાઈ ! ભગવાન ચૈતન્ય પ્રકાશપુંજ એને મૈં જ્ઞાન-દર્શન ઉપયોગ અપના સ્વભાવ ઔર આસ્ત્રવભાવ મલિનભાવ નિમિત્તકા લક્ષે ઉપાધિ હુઆ વો, યે સબકો એકરૂપ માને છે. સબકો અનાદિસે એક માનતો, જીવ-અજીવકા ય ભેદકા ખબર નહિ ઔર આસ્ત્રવ અને સ્વભાવ આત્માકા ઉસકા ભી ભેદકા ખબર નહિ, સમજાય છે કે નહિ આમાં ચંપકભાઈ ?

હવે ક્યાં નવરા કાપડના ધંધા કરવા કે આ વિચારવું આ. શું કરવું આમાં ? હવે ન્યાં દેખાય રૂપિયા પાધરા પચ્ચીસ હજાર પેદાશ થાય કે ત્રીસ હજાર પેદા થાય બહારમેં આ હેં ? પચ્ચીસ હજાર ન પૂરું થાય લ્યો એમ કહે છે. કોણ એ શું હશે પણ પચ્ચીસ હજાર તો પેદા કરતા હશેને ? બે હજાર મહિને લ્યોને બ -અઢી... પણ અરે ! ત્યાં આગળ આ પચાસ હજાર પેદાશ. બાબુભાઈ ! હવે એનો છોકરો અઢી હજાર પેદા કરે, બાર મહિને પાંત્રીસ હજાર. લ્યો એકલો ન્યાં અને આંહી એ એકલા બેઠા હોય. પુણ્યને લઈને થાતું હશે કે પુરુષાર્થથી થાતું હશે ? પૂર્વકા પુણ્ય હો, થાય તો મૈં કિયા, વો મૈં કિયા વો પરમેં મમતા કરતે હૈ. ઐસી લક્ષ્મી મૈં પેદા કિયા, મૈં ધ્યાન રખા તો પેદા કિયા. બરાબર હૈ ? અપના સ્વરૂપ ભગવાન ચૈતન્ય જ્ઞાન ઔર અંતર્મુખ આનંદકી દલ્લી ઉસકો છોડકર ઐસી સબ અવસ્થા હો... ક્યોં કારણ ? કારણકે ઉસકા આધાર હો તો એક આત્મા. કિસકા ?

ઓ દયા, દાન, વ્રત, તપકા વિકલ્પ જો ઉઠતે હૈ ઓ મલિન ભાવ હૈ. આહાહા! બાર વ્રત, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, દયા-દાન-પૂજા-ભક્તિ-જાત્રા ઓ પર તરફકા લક્ષ હોકર ઉપાધિભાવ અપના કારણસે અશુદ્ધ ઉપાદાનમેં હોતા હૈ ઔર ઓહી સમયમેં જ્ઞાન-દર્શનકા વ્યાપારભી ઉત્પન્ન હોતા હૈ. તો કહેતે હૈ કે આધાર તો એક આત્મા. દેખો, આ વિકારકા આધાર જડ એમ ન લિયા ભાઇ આંહી. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિકા વિકલ્પ ઉઠતે હૈ ઉસકા આધાર કર્મ ઐસા નહિ, હૈ ને પ્રકાશચંદજી? આધાર એક અને તેનું અને આસ્ત્રવભાવનું પરિણમન એક જ કાળમાં હોને સે... આધાર એક અને પરિણમનકા કાળ એક. આહાહા! પલટવાનો જ્ઞાન-દર્શનના ઉપયોગનું પલટવું અને વિકારની ક્રિયા દયા, દાન, શુભાશુભ ભાવ એનું પરિણમવું એક કાળ, આધાર એક, કાળ એક. ભિન્ન ભાસનેકા પ્રયત્ન નહિ ક્યોંકિ બહિર્મુખ બુદ્ધિ હૈ તો ઓ આસ્ત્રવકી ઉત્પત્તિ ઔર જ્ઞાનકી ઉત્પત્તિ મેરેમેં એક સાથ ઉત્પન્ન હુઇ તો સબ મેરા હી હૈ ઐસા બહિર્મુખ દૃષ્ટિમેં હૈ.

અંતર્મુખ દૃષ્ટિ કરતે હૈ તો જ્ઞાનકા આધાર ઉત્પત્તિકા આત્મા, વિકારકા આધાર ભલે હો પણ ઓ નિમિત્તકા લક્ષસે ઉત્પન્ન હુઆ બહિર્મુખ ભાવ, વો મેરી ચીજમેં હૈ નહીં. સમજમેં આયા? ઐસા બોધ ન કરકે એક જ કાળમાં ભિન્નપણું ઉસકો ભાસતે નહિ. ક્યા વિકાર ભાવ? ક્યા ત્રિકાળ સ્વભાવભાવ? ઉસકી એકતામેં ભિન્ન કરનેકી ભાસ તો હોતા નહિ. એ ભિન્નપણું ભાસવાના કારણ વિચારો છે એ મિથ્યાદર્શનનાં બળથી થઇ શક્તા નથી. મિથ્યાદર્શનના બળથી, ક્યાંના? દર્શનમોહનીયનો ઉદયનું જોર છે માટે થઇ શક્તું નથી એમ છે? (શ્રોતા : નહિ...) મિથ્યાદર્શનનાં બળથી એમ લીધું છે આંહી તો. મિથ્યા માન્યતા છે ને, કે વિકારકી દશા અને જ્ઞાનકી દશા બેયનો આધાર અને એક પરિણમન ઓ મેરેમેં હી હુઆ ઐસી મિથ્યાશ્રદ્ધાના બળસે ભિન્ન ભાસનેકા પ્રયત્ન હૈ નહિ, ઐસા લિયા હૈ. ક્યોં સમ્રાટજી, કિસકા બળ લિયા હૈ કર્મકા? દર્શનમોહ નહિ, જુઓ. પણ પ્રતિબદ્ધ કારણ તો હૈ કે નહિ વો?

લ્યો, સવારના પ્રશ્ન આયા થા ને ફૂલચંદજી. પ્રતિબદ્ધ કારણ - સમર્થ કારણ ઈસકો કહેતે હૈ કે પ્રતિબદ્ધ કારણ ટળના ચાહિયે ઔર અપનેમેં અંતરંગકારણ કર્મકા ભી અભાવ હોના ચાહિયે તો અપનેમેં પુરુષાર્થ જાગૃતિ હોતી હૈ, નહિતર નહિ હોતી હૈ. સમર્થકારણમાં આપણે બે લીધા છે ને, પણ એ તો વહેવારથી બે લિયા હૈ. ન્યાયશાસ્ત્ર છે વો વ્યવહારસે દો સાથમેં લિયા હૈ. દો સાથમેં લેનેકા નિશ્ચય નહિ હોતા. સમર્થ કારણ પ્રતિબદ્ધકા કારણ સાથમેં લિયા વો તો વ્યવહારસે લિયા હૈ. નિશ્ચયમેં સમર્થ કારણ આત્મા હી હૈ.

આહાહા! વો તો પ્રમાણ, દો... દો કા ન્યાયશાસ્ત્રમેં વહેવારસે કથન દો કા પ્રમાણ... પ્રમાણ હુઆને? તો પ્રમાણ વ્યવહારનયકા વિષય હો ગયા.

એકીલા આત્મા અપને આધારસે જ્ઞાન-દર્શન-આનંદકી ઉત્પત્તિ કરતે હૈ અપને કારણસે, અપના હેતુસે, રાગ ઔર નિમિત્તકી અપેક્ષા છોડકર, નિરપેક્ષ અપના ભાવકી ઉત્પત્તિ કરતા હૈ ઉસમેં પ્રતિબદ્ધ કારણકા અભાવ ઉસકે કારણસે હો જાતા હૈ, પણ ઉસકી યહાં અપેક્ષા નિશ્ચયમેં અપેક્ષા હૈ નહિ. સમજમેં આયા? નિશ્ચયમેં અપેક્ષા કૈસી? પરની અપેક્ષા પરની હો તો વ્યવહાર હો જાય. સમજમેં આયા? આ પ્રતિબદ્ધ કારણ કહેતે હૈ કે નહિ, ઓ આયા ને વો જૈન સિદ્ધાંત પ્રવેશિકા. જૈન સિદ્ધાંત પ્રવેશિકા આયાને..(શ્રોતા : ...) હાં, એ તો પર સાથમેં લિયા હૈ, એ તો બે સાથે લિયા હૈ, પણ સાથમેં દો આયા વો નિશ્ચયકા વિષય નહિ. ખરેખર સમર્થ કારણ ભગવાન આત્મા, અપના વિકારકી પર્યાય ઉત્પન્ન કરનેમેં ભી નિમિત્તકી અપેક્ષા બિના. નિરપેક્ષ આત્મા વિકાર ઉત્પન્ન કરતે હૈ. વો અશુદ્ધ ઉપાદાનકા ભી સમર્થકારણ આત્મા હૈ. નિશ્ચયસે, નિશ્ચયમેં પરકી અપેક્ષા હોતી નહિ. ઔર અપના સ્વભાવકી શ્રદ્ધા જ્ઞાન ભેદજ્ઞાન કરનેમેં કષાયકી મંદતાકી નિશ્ચયમેં અપેક્ષા નહિ. સમજાય છે કાંઇ?

કષાયકી મંદતાકી અપેક્ષા અને અહીંયા સ્વભાવકી અપેક્ષા દો કા જ્ઞાન કરાના તો પ્રમાણજ્ઞાન હુઆ. પ્રમાણમેં દો આતા હૈ વો નિશ્ચય નહિ. નિશ્ચય તો એકીલા આત્મા અપના સ્વભાવકે આશ્રયસે, અંતર્મુખ ભેદ પાડકર, રાગ ઔર અપના સ્વભાવ રાગકી અપેક્ષા કિયે બિના ભેદજ્ઞાન કરતા હૈ ઐસા આત્માકા સમર્થકારણકા સ્વભાવ હૈ. સમજમેં આયા? હેં? (શ્રોતા : નિયમસે કાર્ય કહા) નિયમસે હોતા હૈ બરાબર છે. નિયમસે કાર્ય હોતા હૈ પણ વ્યવહાર પક્ષસે લિયા. પ્રતિબદ્ધ કારણ અને અપની પર્યાય દો કે સાથમેં કામ લિયા. વો અનુકૂળ હો ન હો અજ્ઞાન, નિશ્ચયમાં અનુકૂળ કે પ્રતિકૂળ હૈ હી નહિ વો તો વ્યવહારકા કથન હૈ. બે સાથમેં લિયા વો એક એકકા કથન ન આયા.

નિયમસે કાર્ય હોતા હૈ ભલે, પણ આંહી પણ નિયમસે હોતા હૈ. અપના ઉપાદાન અશુદ્ધ વિકારકા કર્તા - કર્મસે હોતા હૈ, નિયમસે ઉત્પન્ન હોતા હૈ વિકાર, નિમિત્તકી અપેક્ષા બિના. ઓહોહો! એમ કે નિયમસે કાર્ય ઉત્પન્ન હોતા હૈ ને ઓલામાં કહ્યું. એમાં છે પણ ઇ.... એનો અર્થ શું? યહાં નિશ્ચયસે અપના કાર્ય વિકારસે રહિત મૈં હૂં ઐસા કરતે હૈ તો વિકારકી મંદતાકા નિમિત્તકી સાપેક્ષતાસે પ્રતિબદ્ધ કારણ ટલા ઔર ઉદયકા અભાવ હુઆ ઐસા કહેનેમેં આતા હૈ. જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં ઓલા બે બોલનું સાથે છે ને એટલે એક

પ્રતિબદ્ધ કારણ. ઓ દીવો ક્યારે રહે? કે ઓ પવન ન હોય તો (શ્રોતા : પણ ઈ રહેવાનો હોય ત્યારે પવન....) ન જ હોય પણ એ તો નિમિત્તકા જ્ઞાન કરાયા. દીવાને અપની જ્યોતસે રહેના હૈ વો સમર્થકારણ અપના હૈ, તબ પ્રતિબદ્ધ કારણ પવનકા અભાવ... પવનકે કારણસે હોતા હૈ વો સાથમેં લેકર જ્ઞાન કરના પ્રમાણ હૈ. સમજમેં આયા?

તો આહીં કહેતે હૈ કે વિકાર ઔર ભગવાન આત્મા, જ્ઞાન - દર્શનકી પર્યાય ઔર વિકારી પર્યાય, દોયકી પર્યાયબુદ્ધિ હૈ ઔર વર્તમાન બુદ્ધિ હૈ કે દો કો આધાર એક માનકર ઔર દો કા પરિણમન એક માનકર મેરા હી ઓ વિકાર હૈ ઐસા માન્યતાકા બળસે કરતે હૈ. મિથ્યાશ્રદ્ધાકા બળસે ઐસા માનતે હૈ, વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ નહિ. વસ્તુ તો અંતર્મુખ ચૈતન્ય જ્ઞાનાનંદ, રાગ ઔર નિમિત્ત જડકી પ્રતિબદ્ધકા અભાવકી અપેક્ષાકે બિના, એ પ્રતિબદ્ધકા અભાવકી અપેક્ષાકે બિના... આરે... આરે... ભારે વાત! (શ્રોતા :...) કહો એ ટળે ત્યારે મને થાય એમ છે ન્યાં? પરકી અપેક્ષા બિના અપના નિરપેક્ષ ચૈતન્ય ભગવાન જ્ઞાન-દર્શનકી પર્યાયકા ઉત્પન્ન કરનેવાલા ઓ કોન હૈ પૂરણ? ઓ પૂરણ કોન હૈ? ઈતના. આ અંશ જે ઉત્પન્ન હોતા હૈ, વિકાર તો પરદ્રવ્ય... પર તરફકા લક્ષસે, પણ અપનામેં જો જ્ઞાન-દર્શનકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઉસકા આધાર કિતના હૈ? ક્યા હૈ? તો ઓ પર્યાયસે હટકર, સ્વભાવ બુદ્ધિ હોતી હૈ તો નિમિત્ત ઔર રાગકી અપેક્ષા બિના હોતી હૈ. નિરપેક્ષ હોતી હૈ. ફૂલચંદજી! આ બધી ગરબડ ચલતી હૈ.

અરે ભગવાન! તેરી સ્વતંત્રતા કર્તા સ્વતંત્ર હોકર કરે ઉસકો કર્તા કહેતે હૈ. કર્તા સ્વતંત્ર હોકર કરે ઉસકો કર્તા કહેતે હૈ. પરકી અપેક્ષા રખકર કરે વો કર્તા સ્વતંત્ર રહા નહિ. સમજમેં આયા? આહીં કહેતે હૈ કે જો આત્મા એક કાળમેં વિકારી પરિણમન ઉત્પન્ન હુઆ ઔર જ્ઞાનકી પર્યાય આદિ ઉત્પન્ન હુઈ, દો કો એક માનતે હૈ, ભિન્ન ભાસનેકા કારણ તો મિથ્યાશ્રદ્ધા રાખકર પડા હૈ. મિથ્યાશ્રદ્ધા રાખકર તો પડા હૈ કે વો મેરા હૈ. મેરેમેં સે ઉત્પન્ન હુઆ, મેરેસે ઉત્પન્ન હુઆ ઐસી શ્રદ્ધા રાખકર તો પડા હૈ. ભિન્ન કરનેકી તાકાત હૈ નહિ. અપની મિથ્યા શ્રદ્ધાકે કારણ ભિન્ન કરનેકી તાકાત નહિ. દર્શનમોહકા ઉદય હૈ તો ભિન્ન કરનેકી તાકાત નહિ ઐસા હૈ નહિ. સમજાય છે કે નહિ નંદલાલભાઈ? બહુ ઝીણું. વાતું પણ માળું!

આમાં એને આત્મા, પણ આ કેમ છે? આ શું છે? લખ્યું'તું ને પહેલેથી આવ્યું છે ને શું ઓલામાં? ''**અનાદિકાળસે કર્મ નિમિત્ત વડે અનેક પર્યાય ધારણ કરે છે....**'' ત્યાંથી શરૂ કર્યું છે ને? અનેક શરીરો એમાં વિકાસ, એમાં જ્ઞાનની ઉત્પત્તિ, વિકાર ઉપાધિભાવ સબકો એક માનકર પરિભ્રમણ કર રહા હૈ. કહો સમજાણું કાંઈ? અહીંયા હવે,

**''એ સર્વકો અપની અવસ્થા માની. એ મેરી અવસ્થા હૈ ઐસી મમકારબુદ્ધિ કરતે હૈ....''** ૮૪ પાનું. આંહી જીવ-અજીવકા અધિકાર ચલતે હૈ. વો જીવ નહિ વિકાર પરિણામ જીવ નહિ. શરીરકી અવસ્થા જીવ નહિ. શરીરકા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જીવ નહિ તો સબકો મમકાર કરતે હૈ કે નહિ? વો મેરા હૈ... વો મેરા હૈ... મેરા હૈ... ઐસા મમકાર કરતે હૈ.

વળી... વળીકા ક્યા અર્થ હૈ તુમ્હારે? (શ્રોતા : ઔર...) **''ઔર જીવને અને શરીરને નિમિત્ત - નૈમિત્તિક સંબંધ હૈ દેખો....''** હવે સબકો અપની અવસ્થા માનતે હૈ. ભિન્ન નહિ જાનતે હૈ ઓ બાત કરતે હૈ. **''જીવને અને શરીરને નિમિત્ત - નૈમિત્તિક સબંધ,....''** જ્યારે શરીરકો નિમિત્ત કહે તો આત્માકી પર્યાયકો જ્ઞાનાદિકો નૈમિત્તિક કહે. જબ આત્માકી પર્યાયકો નિમિત્ત કહે તો શરીરકી પર્યાયકો નૈમિત્તિક કહે. કાળ તો એક હી હૈ. **''તેથી જે ક્રિયા થાય....''** બેના સંબંધમાં જે હલન-ચલન-બોલન જે થાય, **''એ તેને પોતાની માને છે....''** કહો એ અપની માનતે હૈ. દેખો શરીર મૈં હલાયા. વો નીચે લીખે હોં એ જેમ **''અપના સ્વભાવ દર્શન-જ્ઞાન હૈ....''** દેખો ન્યાય આપતે હૈ, અપના સ્વભાવ તો જ્ઞાન-દર્શન હૈ. જાનના-દેખના અપના સ્વભાવ હૈ. **''ઈસકી પ્રવૃત્તિમેં નિમિત્તમાત્ર શરીરના અંગરૂપ...''** નિમિત્તમાત્ર શરીરના અંગ, મન, ઈન્દ્રિયો હૈ નિમિત્તમાત્ર. ઉપાદાન તો અપની પર્યાય અપનેસે કામ કરતી હૈ.

અપના સ્વભાવ દર્શન-જ્ઞાન ઔર ઉસકી પ્રવૃત્તિ અને પરિણતિમેં નિમિત્તમાત્ર શબ્દ લિયા. દેખો નિમિત્ત એમેય નહિ લિયા. સબકો બરાબર નિમિત્તમાત્ર. માત્ર કરકે બહોત સાધારણ બાત બના દિયા. ભગવાન આત્મા અપના જ્ઞાન-દર્શનકી પર્યાયમેં પ્રવૃત્તિ કરતે હૈ. આ ઉસમેં શરીરકા પાંચ ઈન્દ્રિય મન આદિ અંગ હૈ નિમિત્તમાત્ર હૈ. **''શરીરના અંગરૂપ સ્પર્શનાદિ દ્રવ્યેન્દ્રિયાં હૈ....''** પાંચ ઈન્દ્રિય હૈ ને દ્રવ્યેન્દ્રિય આ પાંચ. રૂપની પ્રવૃત્તિ જાણવાની કરે પણ આંખ નિમિત્ત છે. આ સાંભળવાની જાણવાની પ્રવૃત્તિ સાંભળવાની કરે તો કાન નિમિત્ત હૈ. પ્રવૃત્તિ તો પોતાની પોતાને કારણે આ થાય છે. પોતાની પોતાને કારણે થાય છે. નિશ્ચયમાં નિમિત્તની અપેક્ષા એમાં છે નહિ, પણ જ્યાં વ્યવહાર નિમિત્ત એના જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય એમાં નિમિત્ત ઈન્દ્રિયોને દેખીને...

હવે આ જીવ તે સર્વને એકરૂપ માની એમ માને છે. **''સબકો એક માનકર ઐસે માનતે હૈ, હાથ વગેરે સ્પર્શ વડે મેં સ્પર્શ્યું....''** દેખો હાથ વગેરે,પગ દ્વારા વિગેરે ઈન્દ્રિયો દ્વારા એ દ્વારા સ્પર્શ વડે... મેં આ સ્પર્શ વડે દૂસરાકા સ્પર્શ કિયા. (શ્રોતા : વડે એટલે) દ્વારા. મૈં સ્પર્શ દ્વારા. મેં સ્પર્શ દ્વારા. આ દ્વારા. આ સ્પર્શ ઈન્દ્રિયકે દ્વારા સ્પર્શ ઈન્દ્રિય

દ્વારા મૈં સ્પર્શ્યા. સ્પર્શ ઇન્દ્રિય દ્વારા તેં સ્પર્શ્યા? એ તો જાનના-દેખના હૈ તેરા ભાવ તો! તેરી પર્યાયમેં જાનના-દેખના હુઆ. ઉસમેં સ્પર્શ ઇન્દ્રિય તો નિમિત્તમાત્ર હૈ, પણ મૈં ઓ દ્વારા મૈં સ્પર્શ્યા. કોણ સ્પર્શે? પરકા કાર્ય કરે કોણ? સ્પર્શ દ્વારા ઔર પરકો સ્પર્શના વો આત્મામેં હૈ હી નહિ. એક દ્રવ્ય દૂસરા દ્રવ્યકો સ્પર્શ કરતે છૂતે તીનકાલ તીનલોકમેં નહિ. સમજાય છે કાંઈ? માટે હાથ વગેરે શું કરવા લીધું છે? હાથ, પગ... પગમેં ભી ઐસા આતા હૈ ને એકકોર ખરજ આતી હૈ તો પગ ઊંચા લેકર ઐસે ખરજ કરે પગ દ્વારા, ઇન્દ્રિય દ્વારા, હાથ દ્વારા, શરીર દ્વારા એ દ્વારા શરીરકા સ્પર્શના કોઈપણ ભાગ દ્વારા, હાથ વગેરે સ્પર્શ વડે મૈં સ્પર્શ્યા. ઐસે અજ્ઞાની માનતે હૈ પણ મૈં જાનના-દેખના પ્રવૃત્તિ કરનેવાલા જ્ઞાયકભાવ ભિન્ન હૂં. ઓ મેરેસે પ્રવૃત્તિ મેરેમેં હોતી હૈ ઓ તો નિમિત્ત માત્ર ઐસા નહિ જાનતે ઉસસે મૈં સ્પર્શ દ્વારા સ્પર્શ કરતા હૂં. કહો સમજાય છે કાંઈ? આહાહા!

ભાગ વહેંચો ને ભાગ! બાપ મરી જાય તો છોકરા તરત ભાગ વહેંચે. હેં? પાંચ -દસ લાખ મૂકી હોય તો વહેંચી નાંખો ભાઈ આપણે. ક્યાં મૂકી ગયા છે એટલે... આ ભાગ તેરા ક્યા સ્વભાવ, ક્યા વિભાવ, ક્યા ઇન્દ્રિય દ્વારા કા કાર્ય, ભાગકી વહેંચણી એને કભી કિયા નહિ. વો મિથ્યાદર્શન શ્રદ્ધા રખતે હૈ કે વો મૈં હૂં ને. એ મૈં હૂં ઐસી શ્રદ્ધા રખતે હૈ તો ઉસસે ભિન્ન કરને કી તાકાત હૈ નહિ. ''**વો હાથ વગેરે સ્પર્શ દ્વારા મૈં સ્પર્શા....**'' (શ્રોતા : વહેંચણી એટલે ભિન્ન કરના?) વહેંચણી... ભેદજ્ઞાન... વહેંચણી કા અર્થ ભેદ. ભાગ જુદા પાડના. દોકા ભાગ. ઉસકા કારણ ઉસમેં અને મેરા કારણ મેરેમેં. અલગ... અલગ. જીભ વડે મેં ચાખ્યું દેખો. આહાહા! જીભ વડે... હવે જીભ જ તેરે હૈ નહિં કહાં ચાખે? આ તો જડ હૈ. જડકા હલન-ચલન ભી જડ હૈ.

ઓ તો ૪૯ ગાથામેં આયાને? ૪૯ા ગાથા. જીભ દ્રવ્ય ઇન્દ્રિય દ્વારા જાનના વો ભી આત્મા નહિ, ભાવ ઇન્દ્રિય દ્વારા જાનના વો ભી આત્મા નહિ અને ક્ષયોપશમ ભાવ પૂરતા ભી આત્મા નહિ. ક્ષયોપશમ ભાવ ભી એક સમયકી પર્યાય હૈ. ઇતના આત્મા નહિ, (શ્રોતા : ...) વો ક્ષયોપશમ હો ઇતના. ક્ષયોપશમ સામાન્ય. ભાવઇન્દ્રિય ઓ ખંડખંડ ઇન્દ્રિયકા જ્ઞાન કરનેમેં કામ આતી હૈ. વો ખંડખંડ ઇન્દ્રિય ક્ષયોપશમસે ખંડખંડ પણ ઓ ક્ષયોપશમ આખા ભાવ ભિન્ન લિયા. આખા સબમાં સબ ઇન્દ્રિયકા ક્ષયોપશમ, મનકા ક્ષયોપશમ, સબકા ક્ષયોપશમ હૈ ને! ઓ એક એક ઇન્દ્રિયકા ઇતના ખંડ, ખંડજ્ઞાન વો ભાવ ઇન્દ્રિય અને સબકા ક્ષયોપશમ ભાવ પાંચકા, મનકા, સબકા ઉઘાડ ભાવ હૈ. વો ઉઘાડભાવકી પર્યાય ભી આત્મા ઇતના નહિ. વો ક્ષયોપશમભાવ વડે જાનના વો ભી ખરેખર આત્મા નહિ. કહો સમજે?

''**જીભ વડે મેં ચાખ્યા....**'' ચાખ્યું, ચાખે કોણ? આત્મા તો જાનના - દેખનેવાલા હૈ, આ હુઆ અહીંયા જીભ નિમિત્ત હુઇ, પ્રવૃત્તિ અપના પરિણામમેં અપનેસે હુઇ, ઓ હૈ ચીજ ઓ ખ્યાલમેં આયા કે આ ખટ્ટા મીઠા હૈ. વો ખટ્ટા મીઠાકે કારણે નહિ, જીભ ઇન્દ્રિયકે કારણે નહિ. અપની પર્યાયકી ઉપાદાનકી યોગ્યતાસે આ ખટ્ટા મીઠા ખ્યાલમેં આયા. ઐસા ન માનકર મેં જીભ દ્વારા વો ચીજ ચખી. આ તો એક મિથ્યાત્વકા એક એક અંગકા પ્રકાર બતાતે હૈ. મિથ્યાત્વકા અસંખ્ય પ્રકાર હૈ તો ઉસમેં સે એક આ ભી પ્રકાર હૈ, ક્યોંકી શરીર આદિ ઇન્દ્રિય પર હૈ તો ઉસસે દ્વારા મેં કામ કરતા હૂં ઓ ભી એક મિથ્યા શ્રદ્ધાનકા એક ભાગ હૈ. સમજાય છે કાંઇ?

વો જીભ વડે મેં ચાખ્યું કહો આ લાડવા... લડ્ડુ.. લડ્ડુ, માવાના જાંબુ ખાયા થા કે નહિ રાતકો, માવાકા જાંબુ પીરસ્યાથાને ન્યા, જમણ કિયા થા દસ દિન. ભિન્ન ભિન્ન જમણ કિયા થા ખૂબ. કેટલાકને પછી કેટલાકને ફડસા આપ્યા વળી ફડસા સમજ્યાને? આ વાણિયા ખાય ને સમજેને થોડા વિશેષ ટુકડા એ અમારે લગ્નમેં ઐસા હૈ, લગ્ન, ખાય ને સબ જમી લે ને પછી આ થોડા થોડા લડ્ડુકા કટકા દે એ પ્રેમસે હોંશસે દે. (શ્રોતા : પ્રેમ બતાવવા) હેં? પ્રેમ બતાવવા. એમ કે અહીં ફૂલચંદભાઇ પ્રેમ બતાવતા હતા એમ સાંભળ્યું'તું કો'ક કહેતું'તું. ફૂલચંદભાઇ મોરબીવાળા. જાંબુ માવાના જમણ. એક તો ખાઇને બેઠો હોય પેટ આટલું અને એમાં બે - ચાર નાંખે ને પછી ઉલટી થાય ને આમ આ... એ એને કારણે નહિ હોં? ઉલટી થાય તો સ્વતંત્ર જડને કારણે અને ખાવાની ક્રિયા હોતી હૈ વો ભી સ્વતંત્ર જડને કારણે, પણ મૈં જીભ દ્વારા ખાયા મૂંઢ હૈ, જીભ દ્વારા ચખા. પ્રભુ, ચખનેકી પર્યાયકા જ્ઞાન તો તેરેમેં તું સ્વયં ઇન્દ્રિય ઔર ઓ વિષયકી અપેક્ષા રહિત નિરપેક્ષ હોતી હૈ. આહાહા! સમજમેં આયા?

કારણકે પ્રવૃત્તિ તો લિયા ને. સ્વભાવ દર્શન જ્ઞાન તેરી પ્રવૃત્તિ, પ્રવૃત્તિ તો પરિણતિ અપની હૈ. જાનના-દેખનાકી પરિણતિ પર્યાય અપની હૈ, અપનેસે ઉત્પન્ન હોતી હૈ ને અપનેસે ષટ્કારક ઓ તો અપનેસે હૈ. વો પરિણતિકા કર્તા ભી આત્મા, કર્મ ભી અપના, સાધન ભી અપના, અપના કરકે અપનેમેં રખતે હૈ. અપનેસે ભિન્ન પાડકર ધ્રુવ રખતે હૈ ઔર અપને આધારસે પ્રવૃત્તિ હોતી હૈ. ઇન્દ્રિયકે આધારસે અને જો ચાખનેકી ચીજ હૈ ઉસકે આધારસે ઓ જ્ઞાન - દર્શનકી પ્રવૃત્તિ હોતી નહિ, પણ ભિન્ન પાડનેકી શ્રદ્ધા નહિ, જો સબમેં એક માને, ભિન્ન ક્યું પાડે? તો કહેતે હૈ કે ઓ શ્રદ્ધાકા બળસે ઓ સબકો અપના માનતે હૈ.

''**નાસિકા દ્વારા મૈં સૂંઘ્યા....**'' લો આ દ્વારા.. આ દ્વારા.. સબ કહેતે હૈ ને દ્વાર.. દ્વાર નિમિત્ત દ્વારા. નિમિત્ત દ્વારા. આંહી તો કહે નિમિત્ત દ્વારા મૈં કામ ઐસા લિયા વો

મિથ્યાદર્શન શ્રદ્ધાકા અભિપ્રાય હૈ. નાસિકા દ્વારા મૈં સૂંઘ્યું, ફૂલ સૂંઘ્યા ભૈયા આ સુગંધકી પર્યાય ઓ તો ઉસમેં રહી ઔર નાસિકાકી પર્યાય નાસિકામેં રહી ઔર અપની જ્ઞાન-દર્શનકી પર્યાય અપનેમેં પરકી નિશ્ચયસે અપેક્ષારહિત અપનેસે પ્રવૃત્તિ હુઇ. નાક ઔર સુગંધકી પર્યાયકી અપેક્ષા બિના, નિરપેક્ષસે જાનના-દેખનાકી ઓ સુગંધકા જ્ઞાન કરનેકી પર્યાય અપનેમેં અપનેસે હુઇ. ઐસે ન માનકર મૈં સુગંધ નાક દ્વારા સૂંઘ્યા. અરે! ખીચડા બના દિયા. અપના આત્મા ઔર ઇન્દ્રિય ઔર વો ચીજ તીનોંકો એક માન્યા. ઓહોહો! ભારે ઝીણી વાત ભાઇ!

આ કરતાં તો ધર્મ કરી નાંખે તો વ્રત પાળી નાંખે. વ્રત કરે, અપવાસ કરે, ઐસા કરે જાઓ ધર્મ હો ગયા. નંદલાલભાઇ! સોંઘુ સટ હતું, આ મોંઘુ થઇ ગયું. પાછુ કહે છે લોકો એમ કહે છે. એવું સોંઘુ હતું. ૫૦૦-૫૦૦ પોહા(પૌષધ) થતા ન્યાં. સંવર હોં ૫૦૦-૫૦૦ બોટાદમાં. એંસીની સાલમાં છેલ્લુ ચોમાસુ... ૫૦૦ સંવર.. લોકો તો ઓહો! ઘર ૩૦૦ ઘર મોટુ એટલે ૫૦૦ સંવર... સંવર... પોષા કહેતે હૈ ને? સંવર નહિં તમારે કરતે હૈ? પૌષધ કરકે બૈઠ જાના (શ્રોતા : એક વખત ખાના) ખાના ભી નહિ, ઓ પાણી ભી નહિ, ઉપવાસ કરકે બૈઠ જાના. (શ્રોતા : પાંચસો ઉપવાસ એક વખત?) પાંચસો આદમી લગાતાર, એક એક પાંચસો આદમી એક દિવસમેં. એક દિવસમેં પાંચસો સંવર, ઐસા હોતા થા, પાંચસો પ્રકાર કરનેવાલા, પાંચસો જીવ, હેં?

(શ્રોતા : ઓમ શાંતિ...) ઓમ શાંતિ તો વળી દૂસરા જાપ. આ તો અમારે અહીંયા સ્થાનકવાસીમેં ઐસા હોતા હૈ. એ વળી આહાર ન કરે, પૌષધે ન કરે ભઇ. પૌષધ તો વળી અમુક ટાઇમ સર કરે. આ તો આવીને બેસી જાય કલાક - બે કલાક મોડા આવે, ચાર કલાક મોડા આવે તો સંવર કરીને. સંવર કહે એને સંવર કહે. ધૂળમાંય સંવર નહિ. સમ્યગ્દર્શનકા સંવર હો ગયા. આત્મા ક્યા ચીજ હૈ? વિકાર ક્યા હૈ? પર ક્યા હૈ? પ્રવૃત્તિ દો મેં તો કુછ ભાન હૈ નહિ. કહાંસે તેરે સંવર આયા? મિથ્યાત્વકા આસ્ત્રવ રોકના કિસસે હોતા હૈ? ક્યા મિથ્યાત્વ આતે હૈ ઉત્પન્ન હુઆ ઉસમેં રોકના હૈ? મેં જ્ઞાનાનંદ ચૈતન્ય આનંદ શુદ્ધ હૂં, ઐસી જબ દૃષ્ટિ હુઇ, મિથ્યાત્વકી ઉત્પત્તિ હોતી નહિ. ઓ હોતી નહિ ઉસકો રુંધકર સંવર કિયા ઐસા કહેનેમેં આતા હૈ. વસ્તુ ભી...

સામાયિક ક્યા હૈ? સામાયિક કિસકો કહેતે હૈ? હવે આ બે જાત છે આવી રીતે આ બે એવું હોયને ચાલતું. આ સામાયિક આમાં નહિ કરતે તમારે બ્રહ્મચારી કરતે હૈ ને સબ પાંચ - પચ્ચીસ ઉદાસીન આસને નહિ કરતે હૈ? સામાયિક સબ હોતા હૈ પણ કિસકો

સામાયિક કહેના? ક્યા દેહસે કરનેમેં સામાયિક હૈ? હજી પુણ્ય ઔર પાપ દો વિકલ્પ હૈ. દો એક જાત હૈ બંધકા કારણ ઔર અબંધ સ્વભાવ મેરા ભિન્ન ઐસી પ્રતીત અનુભવમેં આયા બિના સામાયિક કહાંસે આયી? સામાયિક તો વ્રત હૈ અને વ્રત તો સમ્યગ્દર્શન પીછે પંચમ ગુણસ્થાનમેં હોતા હૈ. ચારિત્ર અને મહાવ્રત તો છઠ્ઠે ગુણસ્થાનમેં હોતા હૈ તો હજી સમ્યગ્દર્શન ભૂમિકા ક્યા હૈ? કિસમેં રહેના ઔર કિસમેં સે હઠના, ભેદજ્ઞાન તો હૈ નહિ. સમજમેં આયા? ભગવાન આત્મા જ્ઞાનાનંદ પુંજ પ્રભુ અભેદ એક વસ્તુ હૈ, ઉસમેં દૃષ્ટિ લગાકર ઔર રાગ ઔર પુણ્ય પાપકા વિકલ્પસે ભિન્ન નિજ નિહાળ. ભિન્ન અવલોકન ચૈતન્યકા ન હો, તબ લગ કિસમેં રમના ઉસકી ખબર ઉસકો હૈ નહિ.ચારિત્ર કિસમેં કરના હૈ? તો કહેતે હૈ કે આ તો સબમેં એક માનતે હૈ. ''**નાસિકા સે સૂંઘા....**'' સમજે.

''**નેત્ર વડે મૈં દીઠા....**'' લ્યો આંખ વડે મેં દીઠું. મારા જ્ઞાન વડે દીઠા ઐસા નહિ તો વો ચીજ નહીં. મેરા જ્ઞાન વડે મૈં મેરેકો દેખતા હૂં. પરકો દેખના કહેના એ વ્યવહાર હૈ. પણ આહીં તો કહેતે હૈ, નેત્ર દ્વારા મૈં દીઠા. મૂંઢ હૈ. નેત્ર પર વસ્તુ હૈ. ક્યા ઐસે નિશ્ચેતન તું કર સક્તે હો? એ દ્વારા તેરી... ઓ પર્યાય દ્વારા તેરી જ્ઞાન-દર્શનકી પર્યાય હોતી હૈ? તેરી જ્ઞાન દર્શનકી પર્યાય તેરેસે હોતી હૈ. નેત્ર ઔર દેખને કી ચીજકી અપેક્ષા બિના તેરી પ્રવૃત્તિ અપનેસે હોતી હૈ. પણ ઉસકો દેખા... વો દેખા નેત્ર દ્વારા તો મેરે જ્ઞાન-દર્શનકી પ્રવૃત્તિ હુઇ, તો જ્ઞાન - દર્શનકી પ્રવૃત્તિ હુઇ. બહુ! સમજે?

મૂળ ભૂમિકા પક્કી કિયે બિના ઝાડ... આયા થા આતે હૈ ને ઓ મોક્ષમાર્ગમેં આયા નહિ? ઝાડ ભૂમિકા બિના ઝાડ કહાંસે આયા? ઓ મોક્ષમાર્ગ આતા હૈ ને ૭મા અધ્યાયમેં નહિ? ૭મા... ૭મા... ભૂમિકા કે બિના વો આયા હૈ. શ્રદ્ધા અધિકારમાં આતા હૈ ને? ચારિત્રના અધિકારમાંય છે. આ બસ્સો બેતાલીસ. ચારિત્ર અધિકાર. ૨૪૨ પાનું છે. લ્યો (૨૪૮ નવામાં) ''**दंसणभूमिह बाहिरा, जिय वयरुक्ख ण होंति....**'' મૂળ તો શ્રાવકાચારના દોહા છે હોં. લખ્યુ છે યોગીન્દ્રદેવ કૃત પણ છે सावयधम्मं દોહામાં શ્લોક એ છે. ''**दंसणभूमिह बाहिरा, जिय वयरुक्खं ण होंति હે આત્મા! સમ્યગ્દર્શન ભૂમિ બિના વ્રતરૂપી વૃક્ષ ન હોતા હૈ. જે જીવોને તત્ત્વજ્ઞાન હૈ નહિ ઉસકો યથાર્થ આચરણ આચરતા નહિ....**'' કહાંસે આચરે પણ? હજી દૃષ્ટિ તત્ત્વજ્ઞાનકી પરસે ભિન્ન હુઇ નહિ, તો પરસે ભિન્નમેં વો પરમેં આચરણ કરતે હૈ ને માનતે હૈ કે હમ ચારિત્રવ્રત પાળતે હૈ તો મિથ્યાદર્શનકો પાળતે હૈ. સમ્યગ્દર્શન ભૂમિ બિના ઝાડ કહાંસે ઉગના? આકાશમેં ઉગતે હૈ? સમજાય છે કાંઇ? મૈં નેત્ર વડે દિખ્યા ઐસા માનનેવાલા પરકો અપના માનતે હૈ. મેરી પર્યાયસે મૈં દેખનેવાલા

મેરેકો દેખતા હૂં. વો ક્યા દેખનેકી ચીજ હૈ વો તો પરમેં રહી. મેરા જ્ઞાનસે, મેરા દર્શનસે, મેરી પર્યાયકો મૈં દેખતા હૂં ઐસા ન માનકર, આંખ દ્વારા પરકો મૈં દેખા ઓ બુદ્ધિમેં વિપર્યાસ હૈ. દેખનેકી ચીજ ઔર નેત્રસે ભિન્ન ન માનકર તીનોમેં એક માન રખા હૈ.

''**કાન વડે મેં સાંભળ્યું. કાન વડે મૈં સૂના....**'' કાન તો માટી હૈ. (શ્રોતા : બહેરો માણસ સાંભળતો નથી) સાંભળતો નથી અને ક્ષયોપશમમાં ઈતના યોગ્યતા હૈ તે કાનકે કારણસે હૈ? બહેરો સાંભળતો નથી બહેરા... બહેરા કહેતે હૈ ને ક્યા કહેતે હૈ? વો ક્યા કાનકે કારણસે હૈ? (શ્રોતા : કાન તો બડે બડે હૈ) બડે કાન હોય તો ઉસમેં ક્યા હૈ? અંદરમાં ભાવ... વળી કહે કે ઈ પડદો નથી અંદર એમ કહે. સમજેને! ભાવ, પણ પડદો તૂટે કે ન હો ઓ ક્ષયોપશમ જ્ઞાનકી યોગ્યતા હી ઐસી હૈ. ઉસકા અપને કારણસે ક્ષયોપશમ જ્ઞાનકી ઐસી યોગ્યતા હૈ, નહિ કે ઈન્દ્રિયકે કારણસે પ્રવૃત્તિ હુઈ અને ઈન્દ્રિય નહિ હોય તો ઐસી પ્રવૃત્તિ નહિ હોતી ઐસા હૈ નહિ. સમજમેં આયા? કાન વડે મૈં સૂના. લ્યો ઐસા માનતે હૈ.

જ્ઞાન કિયા ઓ શબ્દકા ઔર કાન હૈ ઉસકા જ્ઞાન કિયા તો જ્ઞાન કિયા તો અપને જ્ઞાનકી પરિણતિસે હુઆ. અપના જ્ઞાન દર્શનકી પ્રવૃત્તિસે... પરસે હૈ (નહિ). ઈતના અંશકી પ્રવૃત્તિકો સ્વતંત્ર ન સ્વીકારે, ઓ ત્રિકાળ જ્ઞાયકભાવ હૈ ઉસકા સ્વતંત્રકા સ્વીકાર ઉસમેં હોતા નહિ. સમજમેં આયા? ક્યા કહેતે હૈ કિ જ્ઞાન-દર્શનકી પ્રવૃત્તિ વર્તમાન અપની પર્યાય અપનેસે નિરપેક્ષ, ઈન્દ્રિય અને વિષયસે નિરપેક્ષ હૈ ઈતના સ્વીકાર જિસકો નહિ, ઉસકો ત્રિકાળ સ્વયંસિદ્ધ શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વતંત્ર હૈ વો સ્વીકાર હો સકતા નહિ. યહાં તો હજી રુકા હૈ પર્યાયમેં. મેરી પર્યાય કહાંસે હુઈ? કે ઈન્દ્રિયસે, નિમિત્તસે. નિમિત્તસે હો તો ઓ કાળમેં અપના ઉપાદાનને ક્યા કિયા? (શ્રોતા : પતા નહિ) પતા નહિ? પણ નિમિત્તસે હો તો નિમિત્ત આયા. હવે ઉપાદાનને ક્યા કિયા ઓ સમયમેં? ઉપાદાન નામ તેરી પર્યાયે ક્યા કામ કિયા? અથવા તેરે ગુણે ક્યા કામ કિયા? નિમિત્તસે જ્ઞાન-દર્શનકી પ્રવૃત્તિ હુઈ તો જ્ઞાન-દર્શન જો ગુણ હૈ ત્રિકાળ તો ઉસકા વિશેષ ભાવે ક્યા કામ કિયા?

ઉસકા વિશેષ ભાવ નિમિત્તસે હુઆ તો સામાન્યે વિશેષ ભાવ ક્યા કિયા? ભાવ તો એક હૈ, સમજાય છે કાંઈ? ગુણ સામાન્ય હૈ કે નહિ? ત્રિકાળ જાનના - દેખના, તો ઉસકા વિશેષકી પ્રવૃત્તિ તો કહેતે હૈ કે નિમિત્તસે હુઈ, તો સામાન્યસે ક્યા હુઆ? ખાલી રહા સામાન્ય? વિશેષ પરિણમ્યા બિના રહા? (શ્રોતા : નહીં.) હા ઉસને કી. વિશેષ, સામાન્ય વિશેષ બિના રહા. સામાન્ય વિશેષ બિના ઓ વિશેષ તો નિમિત્તસે બનાયા. બડી દૃષ્ટિ પર્યાયબુદ્ધિમેં ભી પરતંત્રતા. સમજમેં આયા? આહીં ઓ કહેતે હૈ કે ઈતના પર્યાય જ્ઞાન -

દર્શનની પ્રવૃત્તિ અપનેસે હોતી હૈ ઉસમેં ભી ઇન્દ્રિયો દ્વારા મેરે હુઆ, ઇન્દ્રિયો દ્વારા મૈં ચાખ્યા, સૂંઘ્યા. બહોત તેરી દૃષ્ટિ દો પરમેં એકત્વ હો રહી હૈ. જીવકા ભાવ જીવ ક્યા? ચૈતન્ય ભગવાન હૈ ઉસકે તેરી શ્રદ્ધાકા ભરોસા નહીં.

''**હવે મનોવર્ગણારૂપ આંઠ પાંખડીવાળું ફૂલ્યા કમળના આકારે હૃદયસ્થાનમાં શરીરના અંગરૂપ દ્રવ્યમન છે....**'' આંહી જડ છે. મનોવર્ગણારૂપ, મન રજકણો છે એની વર્ગણા - સમૂહ એના રૂપે જે પરિણમેલું સમજે? ૮ પાંખડીવાળું ફૂલ્યું... આંઠ પાંખડીનું કમળ હોયને! ફૂલ્યા કમળના આકારે પણ સંકોચવાળું નહીં એવા હૃદયસ્થાનમાં શરીરના અંગરૂપ અહીંયા એક દ્રવ્યમન હૈ ''**જે દૃષ્ટિગમ્ય નથી....**'' એ દ્રવ્યમન દૃષ્ટિગમ્ય નથી. માણસ મરીજાય છે ને આ. પછી દાક્તર નથી ચીરતા? ઓ હોસ્પીટલમેં મરી ગયા હોય ને ઝેરસે તો ત્યારે ચીરતે હૈ ને? ચીરતે હૈ. તે ઓ દ્રવ્યમન કાંઇ હાથ ન આવે ઉસકો? ઓ તો બહોત સૂક્ષ્મ હૈ. વો કહે તમે દ્રવ્યમન કહેતા થા, દ્રવ્યમન કહેતા થા, હમ તો ચીરકે દેખતા થા. છાતી ચીરીને. ન્યાં ક્યા તેરે હાથમાં આવે ઇ? એ તો અંગૂલકે અસંખ્યાતમેં ભાગ બહોત ઝીણા સૂક્ષ્મ રજકણસે. ફૂલ્યા કમળને આકારે મન હૈ. અહીં બાત દૂસરી બતાના હૈ.

''**વો દ્રવ્યમન તેનું નિમિત્ત થતાં સ્મરણાદિરૂપ જ્ઞાનની પ્રવૃત્તિ હોતી હૈ....**'' નિમિત્ત થતાં સ્મરણાદિરૂપ જ્ઞાનની... અહીંયા મનનું કામ કહેવું છે ને? સ્મરણાદિરૂપ પ્રવૃત્તિ આત્મા કરતે હૈ, તો ઉસમેં મન નિમિત્ત પડતે હૈ બસ ઇતની બાત હૈ. સ્મરણ આતા હૈ ને ભૂતકાળકા? પાંચ વર્ષ પહેલે ઐસા મૈં કિયા થા, દસ વર્ષ પહેલે ઐસા હુઆ, ઓ સ્મરણમેં ઓ મન નિમિત્ત હૈ ઇન્દ્રિયો ફળ નિમિત્ત નહીં. ઇન્દ્રિયો ઉસમેં વિચાર કરતે થે મેરે પાંચ વર્ષ પહેલે ઐસા હુઆ થા, દસ વર્ષ પહેલે હુઆ થા. વો સ્મૃતિકા પટમેં પ્રવૃત્તિ તો અપના જ્ઞાનકી પર્યાયકી પ્રવૃત્તિ હોતી હૈ. ઉસમેં મનકા નિમિત્ત પડતા હૈ. જડ મનકા નિમિત્ત પડતા હૈ. (શ્રોતા : એકેન્દ્રિયને?) વો હોતા હૈ નયી ધારણા હોતી હૈ ઉસકો અવગ્રહ, ઇહા, અવાય, ધારણા હૈ પણ ઓ વિશેષ આ ચીજ નહિ ઉસકે પાસ (શ્રોતા : નહિ હૈ) નહિ હૈ. અવગ્રહ, ઇહા અવાય ધારણા હૈ... ધારણા હૈ... સમજમેં આયા? નિમિત્ત થતાં સ્મરણાદિરૂપ જ્ઞાનની પ્રવૃત્તિ... મન ક્યાં છે એકેન્દ્રિયને?

આંહી તો મન હોય ઉસકી બાત ચલતી હૈ ને.જિસકો આંહી તો દ્રવ્યમનસે મૈં કામ કરતા હૂં ઐસા માનનેવાલા સંજ્ઞીકી બાત લિયા હૈ. જિસકો મન નહિ ઉસકી પ્રવૃત્તિ યહાં સ્વીકાર નહિ. એને ઉપદેશેય ક્યાં કરવો છે ને એને સમજાવવું છે ક્યાં કે તું ભૂલ કરે છે. તેરી તુમ ભૂલ કરતે ક્યાં યહાં સૂનના હૈ ઉસકો? આંહી તો કહેતે હૈ કે જો દ્રવ્યમન જડ હૈ, ઉસકા

નિમિત્ત પાકર, સ્મરણાદિરૂપ જ્ઞાનકી પ્રવૃત્તિકો દેખો, નિમિત્ત હોતા, પણ નિમિત્ત હોતા કા અર્થ ક્યા? ઓ અપનેમેં સ્મરણકી પ્રવૃત્તિ કરતે હૈ તો મનકા નિમિત્ત જડકા હોતા હૈ. અને એમ ''**એ દ્રવ્યમન અને જ્ઞાનને એકરૂપ માની....**'' દેખો. એ જ્ઞાનની સ્મરણરૂપ પ્રવૃત્તિ ઔર દ્રવ્યમન, દ્રવ્યમન હૈ તો મેરી સ્મરણકી પ્રવૃત્તિ હુઇ. એકેન્દ્રિયકો ક્યૂં નહિ હોતી હૈ? બેઇન્દ્રિયકો ક્યૂં સ્મૃતિ નહિ હોતી હૈ? કે મન નહીં. મન હૈ તો સ્મૃતિ હુઇ, ઐસા માનનેવાલા દો કો એક માનતે હૈ. સમજમેં આયા? ઔર દલીલ ઐસા દે, એ ઇયળ ને કીડી - મંકોડાને મન ક્યાં છે? તો એને સ્મૃતિ ક્યાં છે? માટે મન હોય તો સ્મૃતિ હોતી હૈ.

અરે! સૂન તો સહી, સ્મૃતિ હોતી હૈ અને મન નિમિત્ત હૈ એમ કહેતે હૈ. જિસકો સ્મૃતિ હોનેકા ક્ષયોપશમકી લાયકાત અંદર હૈ, ઉસકો નિમિત્ત દ્રવ્યમન નિમિત્ત કહેનેમેં આતા હૈ. આ નિમિત્ત હૈ તો સ્મૃતિ હોતી હૈ ઐસી બાત હૈ નહીં. નિમિત્તકી સાપેક્ષતા બિના અપની સ્મૃતિ અપને કારણસે આત્મા કરતે હૈ લ્યો. નિશ્ચયસે તો ઓ બાત હૈ, પણ વો નિમિત્ત દેખકર ઉસકે કારણસે મેરેમેં સ્મૃતિ હુઇ. મનસે મેરેમેં સ્મૃતિ હુઇ. ''**દ્રવ્યમન અને જ્ઞાન એકરૂપ માની એમ માને કે મેં મન વડે જાણ્યું....**'' દેખો... ''**મૈં મન વડે જાના....**'' અરે! તેરા જ્ઞાન વડે જાના હૈ પણ અંતર્મુખ દૃષ્ટિ નહિ તો બહિર્મુખ દ્વારા ઐસા માનતે હૈ. ''**મેં મન વડે જાણ્યું....**'' વળી અપની જ્યારે બોલવાની ઇચ્છા હોતી હૈ ઓ પાંચ ઇન્દ્રિય મન લિયા.

હવે જરી વાણી લેતે હૈ. ''**બોલનેકી ઇચ્છા હોતી હૈ ત્યારે અપના પ્રદેશોને જેમ બોલનેકા બને તેમ હલાવે....**'' પ્રદેશો તો ઉસકે કારણસે હલતે હૈ, પણ ઇચ્છાકા નિમિત્ત દેખકર ઇચ્છાસે પ્રદેશ ઐસા મૈં ઐસા બોલું, ઐસા પ્રદેશ હલાવે. ''**જેના નિમિત્તે એક ક્ષેત્રાવગાહ સંબંધસે શરીરનું અંગ પણ હાલતાં....**'' આ શરીરનું અંગ પણ હાલે આમ, હોઠ હાલે, ''**ભાષાવર્ગણારૂપ પુદ્‌ગલો વચનરૂપ પરિણમે....**'' ભાષાવર્ગણારૂપ પુદ્‌ગલો વચનરૂપ ઓ વખતે હોતા હૈ. આ..આ.. શરીરસેભી નહિ. શરીર તો આહારવર્ગણાકા બના હૈ તો આહારવર્ગણાસે ભી વચનવર્ગણાકા પરિણમન નહિ હોતા, તો આત્માસે વચનવર્ગણાકા પરિણમન હો ઐસા કભી હોતા નહીં, પણ માનતે હૈ કે મેં શરીર હલાવ્યું અને મેં ભાષા બોલ્યો. મેં ભાષા બોલ્યો જો આમ બોલ્યો. કેવળીને ઇચ્છા વિના ભાષા હોય. આંહી તો ઇચ્છા પ્રમાણે જ ભાષા આપણે બોલાય. એમ હશે? સમજાણું કાંઇ?

''**જે નિમિત્તસે એક ક્ષેત્રાવગાહ સંબંધ શરીરનું અંગ પણ હાલતાં....**'' હાલે ને શરીર આમ આ હોઠ આદિ કે કંઠ આદિ અહીંયા, બોલવાને વખતે, ''**ત્યારે ભાષાવર્ગણારૂપ પુદ્‌ગલો એ વખતે ત્યાં ભાષા રજકણના પરમાણુઓ છે, એ વચનરૂપે**

**પરિણમે. બધાને એકરૂપ માની આ એમ માને કે હું બોલુ છું....''** 'હું બોલું છું' 'મેં પ્રદેશ હલાવ્યા', શરીર હલ્યું, વાણી મૈં નીકાળી. ઓહોહો! સમજમેં આયા? આ મિથ્યાદર્શનકી દશા. મૈં બોલા. મેરેસે ભાષાકી પર્યાય હુઇ, શરીરકો મૈં હલાયા. શાસ્ત્રમેં તો ઐસે આતે હે કે આહારવર્ગણાસે ભાષાવર્ગણા નહિ હોતી. આહારવર્ગણા જુદી અને ભાષાવર્ગણા જુદી અને આત્મા તદ્દન જુદો. આત્મા ક્યાં બોલ સકે? આ આહારવર્ગણાસેભી ભાષા નહિ એ હોતી, તો ભાષાવર્ગણાસે ભાષા હોતી હૈ. સમજમેં આયા? તો આ તો માનતે હૈ કે આહારવર્ગણાકો ભી મૈં હલાયા, આ આહારસે બના વર્ગણા શરીર ઔર ભાષાવર્ગણાકો ભી મૈં પરિણમાયા. મૈં બરાબર ભાષા ઐસી બોલ સક્તા હૂં, ઐસે સબકો એક માનતી દૃષ્ટિ મિથ્યા હૈ. ઓહોહો!

(શ્રોતા : ઈચ્છા કરતે હૈ) ઈચ્છા હોતી હૈ ઓ કારણસે ઉસમેં ક્યા? ઈચ્છાસે કોઇ શરીર હલતે હૈ, હોઠ હલતે હૈ ઐસા? એ તો ઉસકે કારણસે. સમજે? આ તો એને કારણે બોલ્યા. આ તો મારે મારા કારણે હાલે છે એમ એક માને છે બધાને અને એને કારણે ભાષા નીકળી. મારે કારણે ભાષા નીકળી. સબકો એક... શરીરકો, ભાષાકો, સબકો એક માનતે હૈ. સમજાય છે કાંઇ? મૈં બોલતા હૂં. મૈં બોલતા હૂં. એક જણાએ પૂછ્યું કે મહારાજ આ કોણ બોલે છે? પછી કહ્યું તારો બાપ બોલે છે? તું બોલે છે. હે ભગવાન! ઓલા પૂછે છે કે આ બોલે છે કોણ? ભાષા બોલે છે કે શરીર બોલે છે કે આત્મા? એમ પૂછનેકા આશય થા. એ તો બરાબર જોરદાર માણસ દૃષ્ટિમેં. ક્યા બોલતે હૈ? તુમ નહિ બોલતે ક્યા તેરા બાપ બોલતે હૈ? ભઇ! સોનગઢવાળા કહેતે હૈ કે ભાષા વર્ગણા બોલતી હૈ. ન્યાં તો કહી શકાય નહિ ઈતના જોર હોય તો... હેં? અરે ભગવાન! એક - એક પરમાણુકી પર્યાય અપને કારણસે હોતી હૈ તો ભાષાવર્ગણા તો અનંત પરમાણુકા અનંત સ્કંધ હૈ. ઓ સ્કંધભી આ હોઠકે કારણસે હલતે હૈ તો ભાષારૂપ હોતી હૈ? તીનકાલમેં નહીં.

તો આ માનતે હૈ કે હોઠ મૈં હલાયા. હોઠ કહેતે હૈ ને આ, ઔર મૈં કંઠ હલાયા. કંઠ ધ્રુજા. અરે ભગવાન! ઓ દ્રવ્યકંઠકી પર્યાય ધ્રુજે ઓ તો જડકે કારણસે હૈ. ક્યા તેરી ઈચ્છાકે કારણસે ધ્રુજતી હૈ? ઈચ્છા આસ્ત્રવ હૈ, મલિન પર્યાય હૈ, ઔર રાગ ભિન્ન પર્યાય હૈ, કંઠકા ધ્રુજના. ભિન્ને - ભિન્ન કામ, આ તો એક પ્રસંગ - પ્રસંગ દેખકર બતાતે હૈ. મિથ્યાત્વકા સ્વરૂપ પરકો અપને માનનેકા કિતના કિતના પ્રસંગમેં હોતા હૈ ઐસા યહાં ખુલાસા કરતે હૈ. અલગ - અલગ પ્રસંગ - પ્રસંગમેં કહાં કહાં અપની પરમેં માન્યતા કરતે હૈ વો બતાતે હૈ. સમજાય છે કાંઇ? આહા!

''**અપની ગમનાદિક ક્રિયાની અથવા કોઈ વસ્તુગ્રહણાદિકની ઈચ્છા હોતી હૈ....**'' દેખો, ગમન કરનેકી ઈચ્છા. ચાલો, બેસો, ઊભા થાઓ એમ એવી ક્રિયા, ગમન આદિ એટલે કોઈ વસ્તુગ્રહણની ઈચ્છા. પકડવાની કોઈ વસ્તુ, ''**ત્યારે પોતાના પ્રદેશોને જેમ એ કાર્ય બને તેમ હલાવે....**'' એ કાર્ય પકડાય, એમ રોટી ખાતા હોય દેખો. રોટી ખાતા હો ને? રોટી, દાળ, ભાત, શાક પડા હો તો હાથકો ઐસે બનાવે ને રોટીકો તોડનેકો ઔર દાલ લેનેકો. જૈસે દાલ - રોટી આવે ઐસા હાથકો બનાવે. પાની - બાની પીના હો તો ઐસા કરેકે નહિ ઐસા કે ઐસા કરે? ઐસા કર સક્તા હૈ? પણ ઓ માનતે હૈ કે મૈં ઐસા કિયા ઔર પાની લિયા. શરીર... આરે... આરે.. ભારે વાતું વો કહેતે હૈ ને દેખો. પ્રદેશો જેમ એ કાર્ય બને... જેમ એ કાર્ય એટલે માને, કે જેમ આ રીતે કાર્ય બનશે તો મૈં ઐસા બનાઉં, હાથ ઐસા બનાઉં, શરીરકો ઐસા ગમન કરાઉં, સુવામેં ભી ઐસા સો જાઉં, શરીર ઐસા પલટકર, ઐસી ઈચ્છા બનાતે ગમનાદિક ક્રિયા અને કોઈ વસ્તુગ્રહણ ઈચ્છા, ''**અપના પ્રદેશોને જેમ કાર્ય બને તેમ હલાવે....**''

''**એકક્ષેત્રાવગાહ સંબંધી શરીરના અંગ હાલતાં....**'' અંગુલી હાલે, અંગુલી હાલે, શરીર હાલે, આમ બેઠાં બેઠાં નથી, બેઠો હોયને પગ આમ આમ કર્યા કરતે હૈ કે નહિ? ''**એ હાલતાં એ કાર્ય બને અને પોતાની ઈચ્છા વિના પણ શરીર હાલતાં પોતાના પ્રદેશો પણ હાલે....**'' બે ની વાત લીધી છે. પોતે ઈચ્છા કરે અને એને કારણે ઓલા બધાં ગમનાદિક થાય, એને માને કે એ બધું મારાથી થાય છે અને ઈચ્છા વિના શરીર હાલતાં, પોતાના પ્રદેશો હાલે ત્યારે શરીરને કારણે મારા પ્રદેશો હાલ્યા. એ પણ જૂઠ બાત હૈ. અપના પ્રદેશ અપને કારણસે ગતિ કરતે હૈ. શરીર શરીરકે કારણસે ગતિ કરતે હૈ. પડયા આમ ફડાક દઈને પડયું, પડી જાય છે ને માણસ. ક્યા કરે ભૈયા? હમારા આત્માકા પ્રદેશ ભી શરીરકે કારણસે ઐસા કરના પડા. શરીરકે કારણસે હુઆ હૈ ઉસમેં? આ અકસ્માત હોતા હૈ, અથડાતે હૈ. કહે નહીં. વો આત્માકા પ્રદેશકા કાર્ય અપના ભિન્ન હૈ ઔર શરીરકી પર્યાયકા કાર્ય ભિન્ન હૈ. શરીર પડા તો આત્માકો પડના પડા ઐસા હૈ હી નહીં. દો કો એક માનકર, કોઈપણ રીતે બે કો એક માનતે હૈ, ''**એ શરીર હાલતાં અપના પ્રદેશો ચલે, સબ બધાને એકરૂપ માની, આ એમ માનવા લાગે કે હું ગમનાદિ અને વસ્તુગ્રહણાદિ કાર્ય કરું છું....**'' જુઓ દેખો, હું ગમન કરું છું. હું શરીરને આમ સુવાડું છું, પગને હલાવું છું આ પ્રમાણેના ત્રણ કાર્ય છે. સમજાય છે? અથવા મેં કર્યું.

''**ગમનાદિ, વર્ણાદિ કાર્ય કરું છું....**'' અથવા ''**એ કામ મેં કર્યું....**'' શરીરની ક્રિયા ગમનની, સૂવાની, બેસવાની વિગેરેની એ ક્રિયા તો સબ જડની છે. એક સમયકી જડકી પર્યાય ઐસે ઐસે હોતી હૈ એ આત્માસે નહિ, અને શરીરકી પર્યાયસે ઉસી વખતે પ્રદેશભી ઐસા ક્રિયા અપનેમેં અપની યોગ્યતાકા ઉપાદાન કારણસે આત્મા પ્રદેશ ભી હલતા હૈ. ઓ શરીર હલા તો આત્માકા પ્રદેશ હલા ઐસા હૈ નહિ, પણ સાથમેં રહેતે હૈ. શરીર ચાલે અને પ્રદેશ પાછળ રહી જાય ઐસા નહિ હોતા ? ઔર પ્રદેશ ચાલે અને શરીર પીછે રહી જાય, આરે ! આમ બને નહિ માટે બે કી એકતા એ માને છે. ઈસલિયે દો કા કાર્ય એક કરનેવાલા મૈં હૂં ઐસા માનતે હૈ પણ વસ્તુ ઐસી હૈ નહીં. સમજમેં આયા ? ''**ઈત્યાદિ માને છે....**'' લ્યો એ શરીર સુધી લીધું હવે કષાયભાવની વાત કરશે.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૪
# અધિકાર ૪થો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૨૩.૧૨.૧૯૫૨ મંગળવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૯૨-૯૩. ''**મિથ્યાચારિત્રનું સ્વરૂપ....**'' અહીં મિથ્યાચારિત્ર... મિથ્યાદર્શનનું સ્વરૂપ આવી ગયું, મિથ્યાજ્ઞાનનું આવી ગયું અને અનાદિકાળમાં મિથ્યાચારિત્ર જે મિથ્યા માન્યતા કરીને કરે છે તેની આ વ્યાખ્યા. કહે છે કે ''**પોતાનો સ્વભાવ તો દૃષ્ટાજ્ઞાતા છે....**'' જુઓ એટલું કાઢયું. પોતાનો સ્વભાવ તો દેખવું અને જાણવું માત્ર એ સ્વરૂપ છે છતાં, જે દેખે અને જાણે છે, એમાં ઈષ્ટ - અનિષ્ટપણું માની અને રાગ - દ્વેષ જે કરે છે એને મિથ્યાચારિત્ર કહે છે. કેમ કે આ રાગદ્વેષને લઈને કોઈ પદાર્થની હૈયાતિ રહે એમ માને, કોઈની અહૈયાતિ રહે એમ માને, એથી એ રાગદ્વેષ નિરર્થક છે. એના રાગદ્વેષને આધીન કાંઈ પર પદાર્થ અનુકૂળતાની હૈયાતિ અને પ્રતિકૂળતાનો અભાવ એના રાગદ્વેષને આધીન નથી. છતાં માને કે હું રાગ કરું તો આ મને આ પદાર્થ

અનુકૂળતાની હૈયાતિ રહેશે, દ્વેષ કરું તો આ પ્રતિકૂળતાઓ દૂર થશે. એ રાગ દ્વેષને અહીંયા નિરર્થક - મિથ્યા કહ્યાં છે. ત્યાં સુધી અહીંયા આવ્યું છે જુઓ.

''**આને હું પરિણમાવું છું એ પ્રમાણે નિરર્થક માને છે....**'' ત્યાં સુધી આવ્યું છે ને? છોકરાનો હાથ અડે છે ને? તો ગાડું પહેલે અહીંયા હાલે, છતાં છોકરો હાથ અડાડીને માને કે આ મારાથી હાલે છે એ તો મિથ્યાભ્રાંતિ છે. જગતના અનંતા પદાર્થો એ દ્રવ્યરૂપે મોટું ગાડું છે. એનો સમયે સમયે પરિણમન પર્યાય થાય, એ પરિણમનનું ગાડું હાલે છે એ દ્રવ્યને લઈને હાલે છે. કોઈ બીજા પદાર્થને લઈને નથી. છતાં અજ્ઞાની માને છે કે મારે લઈને આ શરીર, કુટુંબ, નાત, દેશ, લક્ષ્મી, વ્યવસ્થા વિગેરે મેં ધ્યાન રાખ્યું માટે થયું, અને મેં ધ્યાન ન રાખ્યું માટે થયું નહીં, એવા રાગદ્વેષને અહીંયા મિથ્યા કહે છે. જ્ઞાનીને રાગદ્વેષ થાય છે, ઈષ્ટ-અનિષ્ટ પદાર્થ માનીને થતો નથી. તે તો તે પર્યાયમાં નબળાઈના કારણે રાગદ્વેષ થાય, તે વખતનો પણ જ્ઞાની તો જ્ઞાતા અને દૃષ્ટા જ રહે છે. મારો સ્વભાવ જ જાણવું અને દેખવું. રાગને ફેરવુંય નહિ, રાગને ટાળુંય નહિ, રાગને નવા ઉત્પન્ન કરવુંય નહિ અને રાગદ્વેષથી બીજી ચીજોની અનુકૂળતા રહેશે અને પ્રતિકૂળતા ટળશે એવી માન્યતા ધર્મીની હોતી નથી. સમજાય છે કાંઈ?

''**હવે તે પદાર્થ જ્યારે ઈચ્છાનુસાર ન પરિણમે ત્યારે કેમ પરિણામવતો નથી....**'' અને છતાં ઈચ્છા પ્રમાણે જ્યારે કદાચિત તેને કાળે પરપદાર્થ થાય ત્યારે આને હું આમ પરિણમાવું છું એ પ્રમાણેથી અસત્ માને છે. ''**જો તેનો પરિણમાવ્યો પરિણમે....**'' આ શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આ વાણી એ આત્માનાં બદલાવ્યા બદલે, તો જ્યારે તે એમ નથી પરિણમતો, ત્યારે તે પદાર્થ ભાષા રૂપે થતો નથી. શરીર હાલવાની ક્રિયા કરતું નથી. લક્ષ્મી લક્ષ્મીને કારણે આવતી નથી. લક્ષ્મી લક્ષ્મીને કારણે જવાને યોગ્ય જતી નથી. મકાન મળવાને લાયક મકાન આવતું નથી. મકાન તૂટવાને લાયક તૂટતું નથી ''**ત્યારે તે કેમ પરિણામવતો નથી ?....**'' ત્યારે કેમ તે બીજાને બદલાવતો નથી? એને કારણે બીજા પરિણમતા ન હોય. આમ પરિણમાવું દીકરાઓને આમ પરિણમાવું દીકરીઓને આમ કરાવું, બીજાઓને કેળવણી આપું, છોકરા અને દીકરીઓને વળી એવી કેળવણી આપું કે મારા ઘરમાં કોઈ અભણ રહે નહિ. તે તું કેળવણી આપી શક્તો હોઈશ?

અજ્ઞાનીનો એ રાગ પરની પર્યાય પરિણમાવવામાં નિરર્થક છે માટે મિથ્યાચારિત્ર કહ્યું છે. અને દ્વેષથી દુશ્મનને હેરાન કરી દઉં એનો પેશાબ ખોદી નાખું. નજીકમાં કાંઈ રહેવા દઉં નહિ. અમે પૈસાવાળા થયા, અમારા નજીકમાં કોઈ અમને અગવડતા

કરે તે રહેવા ન દઈએ. કોર્ટમાં અમલદાર અધિકારીમાં પણ અમારી તપાસ કરવાની છે તેને રહેવા ન દઈએ એ મૂંઢના દ્વેષ નિરર્થક મૂંઢનો છે. કેમકે એ દ્વેષને લઈને એ અવસ્થા થવાની નથી. અને એને કારણે જ્યારે થાય, ત્યારે એમ માની બેસે છે કે જુઓ ઈ કહે છે. ''**એટલે પોતાની ઈચ્છાનુસાર પદાર્થનું પરિણમન તો કદી પણ થતું નથી....**'' સિદ્ધાંત તો આ છે. પોતાની ઈચ્છાનો કાળ ઈસને પણ સમજાવી દઉં, બે ઘડીમાં તને બતાવી દઉં બે'દિમાં તને પોપટ જેવો બનાવી દઉં! માન્યતા સાચી છે? તાકાત છે કોઈની? કોઈ પદાર્થના તેના પરિણમવું અને તેને સમજણ કે અસમજણ થવી એ તો એના આધારે છે. કોઈના આધારે નથી.

''**પોતાની ઈચ્છાનુસાર પદાર્થનું પરિણમન તો કદી પણ થતું નથી....**'' એ સિદ્ધાંત. બરાબર હશે આ? આ દીકરા-દીકરીઓ, પૈસા-બૈસા, શરીર, દવા-પાણી, હવા. દવા, હવા ને પાણી ઈચ્છાને કારણ હોતા હશે કે નહીં? કદીપણ પદાર્થનું પરનું આવવું જવું પરિણમવું એ કદી પોતાની ઈચ્છાનુસાર થતું નથી. ''**કદાચિત્ થાય....**'' ધ્યાન રાખજો ''**તો તેવા જોગાનુજોગ બનતાં જ થાય છે....**'' શું કહ્યું? ''**કદાચિત્ થાય તો તે આ જોગાનુજોગ બનતાં જ થાય છે....**'' જોગાનુજોગ બન્યું આંહી ઈચ્છાનું થવું અને એનું એને કારણે પરિણમવું, આની ઈચ્છાને કારણે નહિ. કાગડાને બેસવું ને ડાળને પડવું એ કાગડો જાણે કે મારા ભારથી ડાળ પડી, એમ બનતું નથી. અજ્ઞાની અનાદિનો પોતાનો ચિદાનંદ જ્ઞાયક સ્વભાવ જેમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય અભેદરૂપે થાય એવો જેનો જ્ઞાયક સ્વભાવ છે એને ન જાણતાં, એ રાગદ્વેષમાં પ્રીતિ, રુચિ, હર્ષ અને દ્વેષ કરી અને પરપદાર્થમાં ઈષ્ટપણું-અનિષ્ટપણું માની પરિણમાવવા માંગે છે.

''**કદાચિત્ થાય તો તેવા જોગાનુજોગ....**'' જોગાનુજોગ એટલે શું સમજાણું? આ ઈચ્છા થવી, શરીરમાં રોગનું મટવું. અજ્ઞાની માને કે મેં ઈચ્છા કરી માટે દવા લાવ્યો, રોગ મટી ગયો. ઈચ્છા કરી, રાખવો તો પથરો (પણ) તો પડયો અને ઓલો કહે છે માર્યો. ઈ પથરાને જ્યાં જવાનું હતું જોગાનુજોગ, ઈચ્છાવાળાએ માન્યું કે મારી ઈચ્છાથી આ પથરો વાગ્યો. ઈચ્છા કરી કે આનું પચાસ હજારનું મકાન પચ્ચીસ હજારમાં લઈ લેવું છે. કુદરતે એવું થયું. ઓલો લેવાવાળો કહે કે પોચું છે ને નરમ છે કોઈ લેશે નહિ ને આવું છે તેવું છે મારી પાસે તો આગળ અમારા મકાન પાસે કોઈ બીજો મકાનવાળો આવી શકે એમ નથી. તારુ મફતનું મફતનું જાશે વેંચી નાખ. સમજાય છે? તેમ ઈચ્છા કરી આને ત્યાં કામ થઈ ગયું. મૂંઢને એમ થઈ જાય છે જોયું, મારી ઈચ્છા કેવી કામ કરી ત્યાં? બરાબર શું જોયું ? જુદો પડી ગ્યો લ્યો. એ જોગાનુજોગ મળતાં થઈ જાય અને અજ્ઞાની માને કે મારી ઈચ્છા પ્રમાણે થાય છે તે મિથ્યાચારિત્ર છે.

''**ઘણાં પરિણમન તો પોતાની ઈચ્છા વિરુદ્ધ જ થતાં જોઈએ છીએ....**'' લ્યો આ સિદ્ધાંતિક છે. આત્મા સિવાયના શરીર, વાણી, મન, કર્મ અને સ્પર્શ, રસ, દાળ, ભાત, રોટલી, શાક, મકાન, આબરૂ, કીર્તિ, એ પગ ઉપડવો, હોઠ હલવો, શરીર હલવું. ''**ઘણાં પરિણમન....**'' છે એની અવસ્થાનું થવું ''**તો પોતાની ઈચ્છા વિરુદ્ધ જ થતાં જોઈએ છીએ....**'' સૂતો હોય ત્યાં આમ ડાબે પડખે સૂતો હોય, વળી ઘડીકમાં જમણે પડખે સૂવાનું મન થઈ જાય, વળી આ પગ મારો ઉપડતો નથી ખાલી ચડી ગઈ છે. તો ઘડીકમાં ખાલી ચઢી જાય ઈચ્છા પ્રમાણે તો એનું કાંઈ પણ થાતું નથી. ઘણાં પરિણમન... કોઈ વખતે કાંઈ જોગાનુજોગ થઈ જાય એથી ઘણાં રાખ્યા છે. જોગાનુજોગ થઈ જાય તો ઈચ્છાથી થયા નથી પણ જોગાનુજોગ થવા છતાં, નથી, એમ અહીં સિદ્ધાંત સિદ્ધ કરવો છે. એના રાગ પ્રમાણે ય થાતું નથી અને એના દ્વેષ પ્રમાણે પણ થાતું નથી. પહેલું બોલવાની ઈચ્છા આવી કે આમ બોલું, વળી પાછું થયું ફરીને આમ બોલું અરે ! ભાષા તો આમ કાઢવી'તી, આ શ્લોકો આમ બોલવા હતા પણ બોલાણા નહિ. આ ઢબે ન બોલાણું. જે દેશી ને જે ઢબને જે પ્રકાર ને જે લહેજત બોલવાની હતી બોલાણું ? મૂકી દે, તો હવે ફરી બોલું લ્યો, ત્યારે હું બીજી ઢબે બોલીશ. તું બોલી શક્તો હોઈશ ?

ઈચ્છા પ્રમાણે બોલવાનો, ઈચ્છા પ્રમાણે જુઓ પગ મૂક્યો એક આમ, વળી ઈચ્છા થઈ બીજો પગ આમ મૂકું વળી ઈચ્છા થઈ ઓલો પગ ઉપાડીને આંહી મૂકું, વળી ઈચ્છા થઈ ઓલો પગ મૂકીને આ મૂકું. ઈચ્છા પ્રમાણે કાંઈ થાતું નથી. એમ ને એમ ચાળા કર્યા કરે છે. ક્યારે ઈચ્છા કરે સ્થિર પગ મૂકું ત્યાં આવી ગઈ કેળાની છાલ, પગ લપટીને પડે. કહો સમજાણું ? ગોરધનભાઈ થાય છે ખરું ? એ કહે (શ્રોતા : થાય નહીં.) નહીં. (શ્રોતા : પૃથક...) હેં ? શું પૃથક છે ? ક્યાં પૃથક છે ? બે મિનિટે ઝાડો કરીને ઉઠવાનું મન થાય, પા કલાક રોકાવું પડે છે. શું પૃથક છે ? પેશાબ બંધાઈ જાય ત્યારે અર્ધો કલાકે ટીપા... ટીપા આવે છે તું શું છો ? પૃથક છો એના પરિણમન પ્રમાણે થતું ભાળી અને અજ્ઞાનીને ઈચ્છાને પ્રમાણે જોગાનુજોગ શરીરની અનુકૂળતા એવી હોય પેશાબની ધારાની. જોયું ? અમને કેવો ઝાડો બે મિનિટમાં બેસીને ઊભા થઈ ગયા. બે મિનિટમાં પેશાબ કરી અરે ! નહિ રહેવા દે. એ ઈચ્છા પ્રમાણે થયું નથી એ તો એને કારણે થયું છે.

રોગ નથી થતા ? વધે છે કે નહિ ? અર્ધે કલાકે પેશાબ માંડ પૂરો થાય, સમજાણું કાંઈ ? ટીપા ટીપા આવીને સરખું પડતું નથી. ''**ઘણાં પરિણમન તો પોતાની ઈચ્છા વિરુદ્ધ થતાં જોઈએ....**'' જુઓને ઓલા ન કહે કેવા ? પુણ્યવિજય, કેટલી દસ્તની પીડા

ભાઇ, ઓલા દસ્તની પીડા. એક પુણ્યવિજયજી છે ને દેરાવાસી, બચારા અહીંના પ્રેમી છે. એકલા બહુ પહેલા કહે કે લાકડા રાખતા આવડા અને દસ્ત જવા માટે પૂંઠમાં લાકડા નાંખે તોય દસ્ત એવું કઠણ થઇ ગ્યું કે એ નીકળે નહિ. ઇચ્છા પ્રમાણે તારી પર્યાય થાય ત્યારે જોગાનુજોગ થાય છે. ઇચ્છા પ્રમાણે થતી નથી. ''**ઘણાં પરિણમન તો ઇચ્છા વિરુદ્ધ જ થતાં જોઇએ છીએ....**'' છતાં અજ્ઞાની માને છે અમે આ ઇચ્છા કરી, અમે જો દ્વેષ કર્યો તો જુઓ રહેવા ન દીધું એ માણસનું એક નામ ઘરમાં રહેવા દીધું નહીં.

જુઓને, આ રાજાને મારી નાંખેને કેટલાક, એમ માને છે કે અમે આ રશિયાનું આમ કરી નાંખ્યું આ બધા વર્તમાનમાં એમ ઇચ્છાથી અમે બધાને રાજાને ઉઠાવી નાખ્યા. ફલાણાને આમ કરી નાખ્યું. જોગાનુજોગ બનવાનું હતું. એ પર્યાય ત્યાં તે કાળે થવાની હતી. અજ્ઞાની રાગને નિરર્થક કરીને એમ માને છે કે આ રાગથી આ કામ થયા. ''**ઘણાં પરિણમન....**'' અને તારી ઇચ્છા પ્રમાણે થતા હોય તો તારી તો ઘણી ઇચ્છા હોય છે ઘડીકમાં આમ લાવો, ફલાણુ આમ લાવો, એમ થતા હશે ? એ તો જગતના પદાર્થો એના પરિણમનના ક્રમ પ્રમાણે થવા યોગ્ય બદલવાના નિયમનો એક સમય ત્રણ કાળમાં વ્યવસ્થિતમાં બદલતો નથી. જ્ઞાતા દૃષ્ટાનો સ્વભાવ ચૂકી રાગ દ્વેષને કારણે ઇષ્ટ-અનિષ્ટ માનીને નિરર્થક કષાય કરે છે. માટે એને મિથ્યાચારિત્ર કહે છે. કહો સમજાણું કાંઇ ?

''**ઘણાં પરિણમન તો પોતાની ઇચ્છા વિરુદ્ધ થતાં જોઇએ....**'' દીકરાને કહે, જરા આટલું કરજે પહેલી વાર, બાપા પણ મારે રજા નથી હોં ! દાક્તર કે લોયર શું કરે ? હેં ? ઇચ્છા વિરુદ્ધ ઘણું થતું દેખે છે. દીકરો માને નહિ પણ બે દી' તો રહે. તો કહે ના બાપા તમે કહો છો પણ મારે વેકેશન રજા છે ને બધા સગાવહાલાને મળવા જાવું છે. એની ઇચ્છા પ્રમાણે દીકરોય પરિણમતો નથી. ઇચ્છા પ્રમાણે દીકરીય પરિણમતી નથી. શરીર પરિણમતું નથી, પુસ્તક આવતું નથી, પુસ્તક જાતું નથી. મકાન ઇચ્છા પ્રમાણે થાતા નથી. એમ હશે ? હેં ? નેમચંદભાઇ ! આગમનું વાંચન તો ઘણું કરવા માંડયા સવાર-સાંજ પાટે. એ પર્યાય જે સમયે જે કાળે પ્રકારે થવાની હોય એ કોઇ ફેરફાર કરવા સમર્થ છે નહિ, પણ અજ્ઞાનીને શ્રદ્ધા બેસતી નથી. મિથ્યાદૃષ્ટિ બીજું બધું કરે દયા, દાન, વ્રત પરિણામ પણ વાસ્તવિક તત્ત્વનો સ્વભાવ શું છે, તેનો નિર્ણય કરવા એ નવરો થતો નથી. ત્યાં સુધી એને કિંચિત્ પણ ધર્મ થતો નથી.

''**ઘણાં પરિણામનો તો પોતાની ઇચ્છા વિરુદ્ધ જ થતાં જોઇએ છીએ....**'' ઇચ્છા વિરુદ્ધ 'જ' શબ્દ છેહેં ! દીકરા ભણે, ન ભણે. શરીર નિરોગી રહે ન રહે, આહાર - પાણી મળે ન મળે. સમજાય છે ? એ બધું ઇચ્છા પ્રમાણે થતું નથી. છતાં અજ્ઞાની પોતાના

ક્લેશથી, કષાયથી એમ માને છે કે અમારાથી આ થયું અને અમારાથી આ બગડયું. ''**માટે નિશ્ચય થાય છે કે પોતાનો કર્યો કોઈપણ પદાર્થનો સદ્‌ભાવ....**'' પોતાનો કર્યો કોઈપણ બીજા પદાર્થની હૈયાતિ કે એનો સ્વભાવ ''**થતો નથી....**'' કોઈપણ ચીજનો એક રજકણ, અહીંયા રાખું કે અભાવ કરું એ આત્માના અધિકારની વાત નથી. છતાં અજ્ઞાની... તો ''**નથી તો કષાયભાવ કરવાથી શું વળે ?....**'' લ્યો કોઈ પદાર્થ તારા ઈચ્છા પ્રમાણે તો થતો નથી તારા દ્વેષ પ્રમાણે પણ થતો નથી. સરેરામજી ! હોતા હૈ ? શરીર બીજા હોતા હૈ. શરીરમેં ભી ઉસકી જો પર્યાય હોગી ઓ.... હોગી. તે ફેરવવા ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ ફેરવવા સમર્થ છે નહિ. ''**તો કષાયભાવ કરવાથી શું વળે ?....**'' મફતનો હેરાન થાય. માણસ કહે ભઈ, કાંઈ નથી મફતનું કા થા ? તારાથી કાંઈ થાય અને મફતનો મળો છો ? પણ રાગ દ્વેષ કર્યા વિના અજ્ઞાની રહેતો નથી અને પરનું કાર્ય તો એને આધીન થાતું નથી. કેવળ પોતે જ દુઃખી થાય બળતરા.... બળતરા થાય.

અરેરે ! આ ઈચ્છા કરી, થયું નહિ. આ છોકરાઓએ માન્યું નહિ, બાયડીએ માન્યું નહિ. આ ઘરમાં ન માની એ બહારમાં મારી આબરૂ શું કામની ? બહારમાં મોઢું મારે શું બતાવવું પાંચ હજાર માણસમાં ? તો વળી કોઈ કહે કે તારા ઘરમાં તો ઠેકાણું નથી તો બહારમાં શું લઈને આવ્યો ? ઈચ્છા મફતનો કરે ઘરના માણસને સમજાવવાની, બરાબર હશે સુમનભાઈ આ ? છોકરા બરાબર હાલે છે એ ઈચ્છા પ્રમાણે હાલતા હશે કે નહિ ? ''**જેમ કોઈ વિવાહ આદિ કાર્યમાં જેનું કહ્યું કાંઈ થતું ન હોય....**'' નથી કહેતા આ વરની ફોઈ હું એમ જાનમાં કોઈ જાણે નહિ ને વરની ફોઈ હું. કોઈ પૂછે નહિ તોય ડબડબ દોઢ ડાહી થયા કરે અંદરમાં ઓલી બાઈ, આનું કરજો, આનું કરજો. પણ કોણ પૂછે છે તને ? અરે પણ એમ છોકરાઓ કાર્યમાં કોઈ પૂછે નહિ પણ માળો દોઢડાહ્યો થયા કરે.

''**વિવાહ આદિ....**'' આદિ શબ્દે કારજમાં, દાગીના લાવવામાં, લૂગડા લાવવામાં, મકાન કેટલી કિંમતનું કરવું, કેમાં કેટલા કાળમાં આપણે કોનું કરવું છે એમ વિચાર ચાલતો હોય તેમાં... ''**વિવાહ આદિ કાર્યમાં જેનું કહ્યું કાંઈ થતું ન હોય છતાં પોતે કર્તા બની કષાય કરે....**'' અને મફતનો કર્તા બનીને વિકાર રાગદ્વેષ કરે છે. પણ હું કહું છું તો મારી તો સલાહ લ્યો, મારી તો સલાહ લો પણ કોણ તને પૂછે છે ? પણ મારી સલાહ નહિ ? ઘરના વહેવારમાં, નથી જતાં બેંકમાં જાઓ. પણ માને અજ્ઞાની મારી સલાહ વિના હાલે નહિ. ''**પોતે કર્તા બની કષાય કરે....**'' ઘરનો મોઢા આગળ માણસ થઈ પણ પોતે દુઃખી થાય એમાં બીજો કોણ દુઃખી થાય ? બીજો કોઈ દુઃખી થાય નહીં તેમ અહીં પણ

સમજવું. એમ કષાય કરતો જે થવાનું હશે તે થાશે. તું દુઃખી થઇશ રાગદ્વેષ કરીને બાકી કાંઇ છે (નહિ). આ વાતનો નિર્ણય અજ્ઞાની કરતા નથી અને એકલી કષાય મંદની ક્રિયામાં ભ્રમ માનીને સ્વભાવની સૂઝ પડતી નથી.

હવે સ્વભાવની સૂઝ પડતી નથી અને નિરર્થક રાગદ્વેષ કેમ થાય છે તેનું જ્ઞાન થાતું નથી. એનું ય જ્ઞાન થાતું નથી રાગદ્વેષ નિરર્થકનું અને સ્વભાવ કેવો છે એનું પણ જ્ઞાન કરતો નથી. નિરર્થક રાગદ્વેષ કરીને હેરાન થાય છે. ''**માટે કષાયભાવ કરવો એ 'જેમ જળને વલોવવું કાંઇ કાર્યકારી નથી....**'' એવો છે. પાણીને વલોવતા માખણ નીકળે (નહિ) પાણીને વલોવતા હાથ ચીકણા ન થાય. ચીકણા થાય ? એમ રાગ અને દ્વેષ કરે એમાં જગતના કોઇ પદાર્થના કાર્ય ન થાય. પાણીને વલોવતા હાથ લેશ ચીકણો થાય તો અહીંયા રાગદ્વેષને કારણે જગતના પદાર્થનું કાર્ય થાય. ત્રણકાળમાં...... પરની દયા પાળી દઉં. પરમાં આ કરી દઉં. ત્રણકાળમાં કરી શકે નહિ. તારી ઇચ્છાને લઇને પરની દયા પળે નહિ, તારા દ્વેષને લઇને પરથી... પરથી શરીરથી વિયોગ થાય નહિ. મફતનો પાણી વલોવવા જેવું કરે છે. પાણી વલોવતા હશે આ બધાય ? હા. હેં ? બાબુભાઇ ! પાણી વલોવતા સમજે ?

''**જેમ જળનું વલોવવું કાંઇ કાર્યકારી નથી....**'' વલોવવું સમજતે હૈ ને ? પાણીમાં વલોણા કરના, હા ! ''**એવો છે તેથી એ કષાયોની પ્રવૃત્તિને મિથ્યાચારિત્ર કહીએ છીએ લ્યો. તેથી મિથ્યા ચારિત્ર કહીએ છીએ....**'' હો. આમ રાગ દ્વેષ જ્ઞાનીને થાય એ તો પ્રયોજનથી થાય. પ્રયોજન શું ? વિષયની આસક્તિ સ્વભાવમાં ભાન હોવા છતાં નબળાઇને લઇને થાય છે. એ પરના કાર્ય કરવા માટે જ્ઞાનીને રાગદ્વેષની ઇચ્છા થતી નથી. ''**તથા કષાયભાવ થાય છે એ પદાર્થોને....**'' જુઓ, ક્રોધ, માન, માયા, લોભ એ અજ્ઞાનીને થાય છે ''**એ પદાર્થોને ઇષ્ટ - અનિષ્ટ માનવાથી થાય છે....**'' ભાઇ ! અજ્ઞાનીની અહીં વાત કરી છે. એ કષાયભાવ થાય ઓલો કષાયભાવ થાય ઇ તો કાર્ય એ વખતે ઇ કાળમાં એ ગુણનું હોય છે એવું જ્ઞાની જાણે છે. ચારિત્રમોહના ચારિત્રની સ્થિરતા આત્મામાં ન હોય ત્યારે તે કાળે ચારિત્રગુણની વિપરીતરૂપી રાગ દ્વેષ ઇચ્છા આદિનું પરિણમન તે તે કાળે હોય, જેને થાય એ નિરર્થક નથી.

ભાઇ ! નિરર્થક નથી. કેમ કે તે કાળે તે રાગ સ્વભાવમાં સ્થિરતા નથી માટે થાય છે પણ એ રાગથી કોઇ વિષયમાં સુખ માની લે છે કે દ્વેષથી દુશ્મનનું બૂરું થાય એમ માને છે એમ જ્ઞાનીને હોતું નથી. સમજાણું કાંઇ ? અજ્ઞાની તો ''**કષાયભાવ થાય તે પદાર્થોને ઇષ્ટ - અનિષ્ટ માનવાથી થાય છે....**'' આ અનુકૂળ છે. આ ઇષ્ટ છે . આ મને અનિષ્ટ છે.

આ મને વહાલો છે. આ મને દવલો છે. સમજાય છે? આ મારા અંગત માણસો છે. આ વિરોધપક્ષના માણસો છે. હા, જેટલા વિરોધ બોલનારા ઇ પક્ષનો માણસ આવવા દે, એમ કરીને રાગ દ્વેષ કરે લે અને આ મારા અંગત માણસો અમારા અનુકૂળની ટુકડી છે ને મંડળની હા, એમાંનો આ માણસ લાગે છે, એમ કરીને, રાગ કરીને તેને અનુકૂળ રાખવા માગે અને દ્વેષ કરીને પ્રતિકૂળને દૂર કરવા માંગે. એ મિથ્યાચારિત્ર અને મિથ્યા રાગદ્વેષ અજ્ઞાનભાવ છે. ''**એ ઈષ્ટ-અનિષ્ટપણું માનવું મિથ્યા છે....**''

લ્યો, પર વસ્તુમાં આ મને પ્રિયકર છે, હિતકર છે, સ્નેહકર છે, અનુકૂળ છે, ઈષ્ટ છે એ માનવું એ મિથ્યા છે, એમ પરવસ્તુમાં પર પ્રિયકર છે, અહિતકર છે, અપ્રિયકર છે, અનિષ્ટ છે એમ માનવું પણ મિથ્યા છે. નથી માનતા માણસ? કે તેં આવીને આ અમારું બગડયું, મારી આબરૂ હતી, અમે મોટા હતા, અમારી અધિકાઈ હતી, અમે જાણપણાવાળા હતા. આ તારા આવવાથી બધું અમારું માન જાય છે. જેઠાભાઈ! એમ માણસ એ વાતું કરતા લ્યો ને ત્યારે વાતું કરતા લોકો હોં આ ભાઈબંધ તો એવો થઈ ગ્યોને! દોલત! અહીંયા તારા આવવાથી અમારું બધું માનપાન વયું જાય છે. જુઓ અમે વાતું કરતા તો અમારી મોટપ રહેતી, હવે તું આવા ડહાપણ કરીને મફતનો બેઠો હોય છે. વાહ! પણ તું આ જીવ છતાં રાગદ્વેષ મિથ્યા કરે એનું તો કર.

''**કોઈ વસ્તુ ઈષ્ટ - અનિષ્ટ છે નહીં....**'' એ તો જ્ઞેય છે એ તો એને કારણે આવે ને જાય છે એ કાંઈ તારે કારણે આવતા નથી. ''**ઈષ્ટ-અનિષ્ટપણું માનવું મિથ્યા છે....**'' આહાહા! જુઓને રાજા પણ અનુકૂળ ન હોયને ત્યારે ઓલા દિવાનને પ્રતિકૂળ લાગે. દિવાન અનુકૂળ ન હોય તો ઓલા રાજાને એમ કે મારું માન આનું વધી ગયું અને હવે કાઢવો શી રીતે આ એમ થઈ પડે લ્યો, સમજાય છે? એકબીજાને અંદર વિચાર એવો આવે કે મારું કામ જાણી ગ્યો અને અંદરથી બળતા હોય. મારું રાજ તો કાંઈ મારો હુકમ તો ગણતરીનો નથી. એમ આચાર્ય ને ઉપાધ્યાય, સાધુ નામ ધરાવનારા એ પણ માંહોમાંહે એમ બળતા હોય, સમજાય છે? બળતા હોય અંદરમાં. અરે! આચાર્ય સાચા જુઓ, આ તો ખોટાની વાત હાલે છે. સાચા આચાર્ય, ઉપાધ્યાય, મુનિ, જ્ઞાનીમાં આવું હોતું નથી. અરે! આ તો મોટો સમ્રાટ થઈ ગયો આ અને હું તો નાનો રહી ગ્યો? આ બધા સાધુઓનો ગુણ પ્રભાવ વધી ગયો અને પચ્ચીસ - પચાસ શિષ્ય થઈ ગયા, મારા શિષ્ય એકેય... મફતનો મૂઢ મિથ્યાદૃષ્ટિ રાગદ્વેષને કરીને હેરાન થાય છે. ધર્મ શું છે એની કાંઈ ખબર નથી. ''**કારણકે કોઈપણ પદાર્થ ઈષ્ટ - અનિષ્ટરૂપ છે નહીં....**''

આ જગતમાં ત્રણલોકના નાથ પણ આત્માને ઈષ્ટ નથી. એમ હશે ? સર્વજ્ઞ ભગવાન પણ આત્માને માટે ઈષ્ટ નથી. પરમેષ્ઠી કહેવાય છે ને ? પરમ ઈષ્ટ કહેવાય છે ને ? એ શુભરાગ આવે તેમાં નિમિત્ત થાય છે માટે કહેવાય છે. ખરેખર એ પદાર્થ પરમેષ્ઠી એના છે, આત્માને ઈષ્ટ નથી. આત્માનો સ્વભાવ તે ઈષ્ટ છે અને નિર્વિકારી પર્યાય તે ઈષ્ટ છે અને વિકારી પર્યાય તે અનિષ્ટ છે. ખરેખર તો તે પણ જ્ઞાતાનું જ્ઞેય છે. કહો સમજાણું કાંઇ ? ''**કારણકે કોઈપણ પદાર્થ આ જગતમાં ઈષ્ટ-અનિષ્ટરૂપ છે નહીં....**'' પોતાના આત્માને ઈષ્ટ માનવો અને પરને અનિષ્ટ માનવો એ પણ મિથ્યા છે. સમજાય છે કાંઇ ? તે કેવી રીતે અહીં કહીએ છીએ.

## ''ઈષ્ટ - અનિષ્ટની મિથ્યા કલ્પના''

''**જે પોતાને સુખદાયક ઉપકારી હોય તેને ઈષ્ટ કહીએ છીએ....**'' સુખદાયક, ઉપકારી. લ્યો કહે છે કે ઉપકાર બુપકાર કોઇ છે નહિ. મફતનો માનીને... ભારે વાત ભાઇ ! જેને જે પોતાને સુખનો દાયક નિમિત્ત હોય તેને ઉપકારી હોય તેને ઈષ્ટ કહીએ છીએ. ''**તથાપિ પોતાને દુ:ખદાયક....**'' દુ:ખનો દાતાર નિમિત્ત અને ''**અનુપકારી હોય તેને અનિષ્ટ કહીએ છીએ. હવે લોકમાં સર્વ પદાર્થો તો પોતપોતાના સ્વભાવના કર્તા છે....**'' લ્યો. આ કેવળજ્ઞાની ભગવાન પણ એની પર્યાયના કર્તા છે. કાંઇ તારી પર્યાયના કર્તા નથી. કહો સમજાણું કાંઇ ? શત્રુનો આત્મા પણ એની પર્યાયનો કર્તા, કાંઇ તારી પર્યાયનો કર્તા નથી. સમજાણું ? ''**લોકમાં સર્વ પદાર્થો તો પોતપોતાના સ્વભાવના કર્તા છે. કોઇ કોઇને સુખદાયક, દુ:ખદાયક કે અનુપકારી કે ઉપકારી નથી....**'' દેખો.

જુઓ ભગવાન ઉપકારક છે એ તો રાગ પોતાને જ્ઞાતા-દૃષ્ટામાં રહેવા છતાં અસ્થિરતા થાય છે એથી રાગ જ્યારે એને કાળે આવે ત્યારે નિમિત્ત ઉપર લક્ષ જતાં એ ઉપકારી છે એમ આરોપ અપાય છે. ખરેખર તો કોઇ ઉપકારી-અણઉપકારી છે જ નહીં. એ પદાર્થ ઉપકારી નથી. એ તો રાગ આવતા આરોપ અપાય છે. સમજાય છે કાંઇ ? પણ અનારોપના ભાન વિના આરોપે શેનો ? હું જાણનાર જ્ઞાતા-દૃષ્ટા છું. મારા ચિદાનંદ સ્વભાવમાં મારી પોતાની પર્યાય પોતાના સ્વભાવ તરફ જે વળી જ્ઞાનની અને બાકી રહેલીનો રાગ આદિનો પણ હું જાણનાર-દેખનાર છું. આવો સ્વભાવ વસ્તુનો છે. એ સિવાય વિપરીત માને છે એથી કહે છે કે કોઇ પદાર્થ કોઇના કર્તા તો નથી કે તને કોઇ ભગવાન આપી દે. આપી દે એવું છે ? શાસ્ત્ર આપી દે ? સમયસાર પુસ્તક કાંઇ આપે ? એક જ વસ્તુ કારણ છે. જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ છે. એ તો જાણે છે અને જાણનારને ગમે તે કાળે જે રાગ આવે તે

રાગને લાવવોય નથી, એ રાગને ઘટાડવોય નથી, તે રાગને ટાળવોય નથી, એ તો જ્ઞાન સ્વભાવ જાણતાં જે ક્રમસર પર્યાય આવે એને જાણવાનું એ કાર્ય દૂરથી કરે છે. એવા સ્વભાવને જાણ્યા વિના બીજાને ઉપકારી માનવા એ પણ મિથ્યાભાવ છે. બરાબર હશે આ? ભારે વાત ભાઈ!

શાસ્ત્રમાં તો ભાઈ વ્યવહારે તો ઉપકારક છે કે નહિ? આ તો નિશ્ચયની વાત ચાલે છે. તો વ્યવહાર ઉપકારની વ્યાખ્યા કરીને ભેગી. તેં તારા જ્ઞાયક સ્વભાવને, ચિદાનંદ મારો સ્વભાવ છે એવા સ્વભાવને જાણવા પહેલાં પણ શુભરાગના જ્ઞાનમાં સ્થાનમાં દેવ, ગુરુ, શાસ્ત્રએ કહ્યું, ચિદાનંદ સૂર્ય તારો છે એવા વિકલ્પ અને રાગ વખતનાં જ્ઞાનમાં પણ સ્વભાવ સન્મુખ જવું અને અભેદ થવું તે ઠીક છે એવો જે વિકલ્પ ઉઠયો અને સ્વભાવની રુચિ કરી, ત્યારે પેલા વિકલ્પને અને નિમિત્તને ઉપકાર તરીકે આરોપ અપાય છે. ખરેખર કોઈ પદાર્થ ઉપકારી કે અનુપકારી છે નહિ. એ રાગ આવ્યો એય ઉપકારી નથી. ભાઈ! શું કહ્યું? (શ્રોતા : આરોપ) હા, આરોપ એટલે યથાર્થમાં નહિ.

(શ્રોતા : તત્ત્વાર્થસૂત્રમાં...) એ તત્ત્વાર્થસૂત્રમાં એય કહ્યું. એની પર્યાય જ્યારે થાય ત્યારે જે ચીજ આગળ હોય નિમિત્ત, તેને આરોપ અપાય છે. ઉપકાર અનુપકાર શબ્દ બહુ આવે છે એમાં. જીવને મરણ એવમ્ સુખ-દુઃખમાં પુદ્‌ગલનો ઉપકાર છે. પુદ્‌ગલ આત્માને સુખમાં ઉપકાર કરતું હશે? દુઃખમાં ઉપકાર કરતું હશે? એ તો તું દુઃખી થવાની પર્યાય કર ત્યારે નિમિત્તને માટે દુઃખમાં ઉપકાર કહ્યો. દુઃખી થવાનો વિકલ્પ કર ત્યારે લાડવાને દુઃખનો ઉપકારી છે નિમિત્ત, વાત કરી. જીવન તો આયુષ્યને કારણે રહે છે તેને પુદ્‌ગલને નિમિત્ત કહ્યું. આંહી પુદ્‌ગલને - સંયોગને... એ તો નિમિત્તને કારણે, તારા કાર્ય તો તારે કારણે થવાના ત્યારે આરોપ અપાણો છે.

''**ઉપકારી-અનુપકારી કોઈ પદાર્થ છે નહિ....**'' જુઓ આ વાત આખી. તત્ત્વાર્થસૂત્ર ભગવાન કુંદકુંદઆચાર્યના શિષ્ય ઉમાસ્વામીએ કરેલું તેમાં પણ કહે છે કે જીવ જીવને ઉપકાર કરે છે લ્યો, એમાં એમ છે ગુરુ શિષ્યને ઉપકાર કરે છે અને શિષ્ય ગુરુને ઉપકાર કરે છે એવો પાઠ છે. એ તો ઉમાસ્વામીનું છે એમાં. આંહી ના પાડે છે. ત્યાં તો નિમિત્તની હૈયાતિનું જ્ઞાન કરાવે છે. જ્ઞાનના ભાન વખતે ગુરુ નિમિત્ત કોણ હતા? સમજાય છે? જીવન વખતે કયા પુદ્‌ગલો નિમિત્ત હતા? મૃત્યુ વખતે કયા પુદ્‌ગલ નિમિત્ત હતા? સુખ-દુઃખના વખતે કયા નિમિત્ત હતા એ નિમિત્તનું જ્ઞાન કરાવવા એ કથન કર્યું છે, પણ ઉપકારી કે અનુપકારી જગતમાં છે નહીં.

(શ્રોતા : સંસાર) હેં? સંસાર? સંસાર અને સ્વભાવ ત્રણકાળમાં તન્મય થયા નથી. ઉદયભાવ સંસાર અને સ્વભાવ પરિણામિક ભાવ, બે એકમેક ત્રણકાળ ત્રણલોકમાં થયા નથી. શું કહ્યું? જ્ઞાયકપણું સ્વભાવભાવ અને ઉદય સંસારભાવ બે તન્મય ત્રણકાળમાં નથી. જો બે તન્મય હોય તો અંધારું અને સૂર્ય બે એક થઇ જાય, એમ વિકાર અને નિર્વિકાર બે એક થઇ જાય. સ્વભાવ તે સ્વભાવ છે અને વિકાર તે વિકાર, ક્ષણિક સંસાર. એક સમયનો વિકાર સંસાર છે જીવમાં, એ સ્વભાવમાં નથી. સ્વભાવમાં એનો અભાવ છે. સ્વભાવમાં એનો (અભાવ છે). અભાવ સ્વભાવનું ભાન થતાં જે રાગ રહ્યો થોડો તેનો ઇ જ્ઞાતા છે. એનોય જ્ઞાતા કહેવો તે વ્યવહાર છે. સંસારનો જીવ જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે. શું કહ્યું સમજાય છે કાંઇ?

(શ્રોતા : ...) હેં? રાગ અને વિકલ્પ જે ઊઠે છે પુણ્ય, પાપ, દયા, દાન એ સંસાર છે. એ સંસારનો જ્ઞાતા છે એમ કહેવું એ વ્યવહાર, ઉપચાર છે. કારણકે તે રાગ છે માટે અહીં જ્ઞાન થાય છે એમ નહિ. એ ઉદય છે માટે અહીં જ્ઞાન થાય છે એમ નહિ. જ્ઞાતાનો સ્વભાવ છે માટે જ્ઞાન થાય, માટે જ્ઞાનને અને જ્ઞાતાને તન્મય એકપણું છે. રાગને અને સંસાર અને એના આત્માને એકપણું નથી. કહો સમજાય છે કાંઇ? તો આવા સ્વભાવની જાણ નથી અને રાગ ને દ્વેષ કરી પરને ઉપકાર માને. ઉપકાર તો તારો સ્વભાવમાં એકાગ્ર થા ત્યારે તારું દ્રવ્ય જ ઉપકારી છે, બીજો કોઇ ઉપકારી છે નહિ. ભારે વાત ભાઇ! આ બધો વ્યવહાર ઉથાપાઇ જશે. એ વ્યવહાર વ્યવહારને કાળે અને વ્યવહારની રીતે રહેશે. આડોઅવળો કરવા જાય તો રહેતો નથી. અજ્ઞાની કલ્પના કરે કે આનું નામ વ્યવહાર અને આનું નામ રાગ ને આ દયા, દાન ને ભક્તિ એ સાધન ને આમ છોડે.

હવે એ એકાર્થ ચૈતન્યમાં એકમેક નથી એને તું સાધન થવાનો, કહો સમજાય છે? એ સાધન હોઇ શકે નહીં. સ્વભાવમાં તો સ્વભાવનું સાધન નામનો એક ગુણ એકમેક છે. જ્ઞાયકમાં એક સાધન નામનો ગુણ તન્મય છે એ સાધન છે. રાગ અને પુણ્ય વિકલ્પ તો નિરર્થક કરીને, પરને ઉપકારી અને અનુપકારી સ્વીકારે છે. ''**સર્વ પદાર્થો તો પોતપોતાના સ્વભાવના કર્તા છે....**'' થઇ રહ્યું લ્યો. આખી દુનિયા એનો પર્યાય ધર્મ, એનું પરિણમન, એના કર્તા ઇ તો એનું દ્રવ્ય છે. તારા પર્યાયમાં ગુણનો પરિણમનનો કર્તા તો ગુણ છે. જ્યારે આ બેનું પરિણમન છે નહિ. ''**કોઇ કોઇને સુઃખદાયક દુઃખદાયક કે ઉપકારી-અનુપકારી નથી....**'' એ બધા ઉમાસ્વામીએ કહેલા કથનો નિમિત્તનું જ્ઞાન કરાવવા આચાર્યનું પ્રયોજન હતું. એ ઉપકારી, ઉપકારી છે એમ પરમાર્થે સિદ્ધ કરવાનું પ્રયોજન નહોતું. ''**સુખદાયક-દુઃખદાયક કે ઉપકારક-અનુપકારક નથી....**'' ઓહોહો!

કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એ પણ અનુપકારી ખરેખર નથી. તેં માન્યા હતા ભાવ માટે એને નિમિત્ત આરોપ અપાણો. શ્રીમદ્‌માં એમ કહેવાય છે ભાઈ કે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને આત્માના પ્રત્યક્ષ ઘાતક જાણ્યા વિના તારું જ્ઞાન સાચું થશે નહિ. આ તો પ્રત્યક્ષ ઘાતક, પછી કથનશૈલી તો જેમ આવવાની હોય એમ આવે, પણ ઈ પરમાર્થ શું છે એમ એને જાણવું જોઈએ. કહો સમજાણું કાંઈ ? આંહી કહે છે કે કોઈ પદાર્થ આત્મા સિવાય અનુપકારી કોઈ ચીજ જ નથી. અનુપકારી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર પણ અનુપકારી નથી. સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર પરમાર્થે ઉપકારી નથી. છતાં વ્યવહારના ગ્રંથમાં એવું આવે, અહો ધર્માત્મા! જેનાથી ઉપકાર થયો તેને ઉપકારને જો ઓળવે, આવ્યું નો'તું ભાઈ આમાં ? સમ્યગ્જ્ઞાનદીપિકામાં નો'તું આવ્યું! મહાઘાતકી, મહાપાપી, મિથ્યાદૃષ્ટિ સંસારી છે. લ્યો, હમણાં આવ્યું'તુંને સમ્યગ્જ્ઞાનદીપિકામાં કે જેનાથી જ્ઞાન થયું, જે નિમિત્તે જ્ઞાન થયું એને જો ઓળવે મહાપાપી, ઘાતકી, ગુરુને ઓળવનારો મિથ્યાદૃષ્ટિ સંસારી છે.

વાહ! આંહી કહે કોઈ ઉપકારી નથી. દલીચંદભાઈ, છે ? નિન્હવ છે. જ્યારે એના સ્વભાવનું યથાર્થ જ્ઞાન થયું તેમાં નિમિત્ત કોણ, એનો જે એને એ જાતનો વિકલ્પનો તે કાળ ઉપકારનો અથવા વિનયનો આવ્યા વિના રહે નહિ ઉપચારથી. ખરેખર એ ઉપકાર પરને માને તો એ ઉપકારેય નથી અને પોતે સમજ્યો પણ નથી. કહો સમજાય છે કાંઈ ? બેય વાત. આંહી તો ઉપકાર ઉપકાર ઓલો કહે કે ઉપકાર જેનો ઓળવે ઘાતકી, મહાઘાતકી, પાપી, મિથ્યાદૃષ્ટિ સંસારી છે. લ્યો વળી, ભાઈ આવ્યુ'તું ને આ, સમ્યગ્જ્ઞાનદીપિકામાં તે'દિ કહ્યું'તું , આવ્યુ'તું નહિ ? દૈનિકમાં લખાણું છે. લખાઈ ગયું છે સમ્યગ્જ્ઞાનદીપિકામાં અને અનુભવપ્રકાશમાં ય આવે છે. કહો સમજાણું કાંઈ ? ભાઈ, કઈ અપેક્ષામાં કયા તત્ત્વને કયા રીતે સમજાવે છે તેને સમજવું જોઈએ. સ્વભાવને જાણ્યો ત્યારે એ ભૂમિકામાં યથાર્થ જ્ઞાન થતાં એ કાળે જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો જ્ઞાને સ્વને જાણતાં, તે વખતે રાગ કેવી જાતનો અને આ જ્ઞાનમાં કયું નિમિત્ત થયું એ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સિદ્ધ થતાં, એ નિમિત્તનું યથાર્થ જ્ઞાન થયા વિના રહેતું નથી અને વિકલ્પ તે કાળે ઉપકાર તરીકે આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ ?

પણ પરમાર્થે પરદ્રવ્ય જ ઉપકારી છે અને પરપદાર્થ જ અનુપકારી છે, એમ માને તો તેના રાગ દ્વેષ મિથ્યા થાય, તે ઈચ્છા, ઓલી ઈચ્છા તો સાર્થક થઈ ભાઈ. વિનયની થઈ. વિનયની ઈ જાતના સ્વપરજ્ઞાનમાં સ્વપર સામર્થ્ય તો એ વખતે જ્ઞાન જાણતાં પર કયું હતું. આ જ નિમિત્ત હતું, આ જ પુસ્તક હતું, આ વાણી હતી. અને આના જ શબ્દો નિમિત્ત

હતા. એ તો જ્ઞાનનો વિવેક થયો. એને તે કાળે તે સાધકદશા છે માટે રાગમાં, ઉપકારને આવ્યા વિના રહે નહિ. હેં? (શ્રોતા : ...) હા, અધૂરો છે માટે આવે છે એ ચીજ ઉપકારી છે માટે આવે છે એમ નહીં. એ ચીજ ઉપકારી છે માટે... માટે નહિ. પોતાના રાગને કાળે તે જાતનાં જ્ઞાનના સ્વપરપ્રકાશના સામર્થ્યમાં તે નિમિત્ત જણાણું. એના પ્રત્યેનો રાગનો કાળ છે માટે નિમિત્તને કારણે પણ નહિ એ રાગ આવ્યા વિના રહે નહિ છતાં (શ્રોતા :...) હેં? છતાં એને ઉપચાર કહે છે તે ખરેખરનો ઉપચાર નથી. કહો સમજાય છે કાંઇ? ઓહોહો!

''**કોઈ કોઈને સુખદાયક કે દુ:ખદાયક કે ઉપકાર - અનુપકારી નથી....**'' ઓહોહો! ગાણા ગાયા, આચાર્ય મુનિઓએ ગોમ્મટસારમાં નહિ? નેમીચંદ સિદ્ધાંત ચક્રવર્તી. અહો ગુરુ તારા ચરણકમળના પ્રસાદે ભવસંસાર તરી ગયો હું. તારા ચરણકમળના પ્રસાદે સંસારથી પાર પામી ગયો. આંહી કહે છે કે ઉપકારક કો'કને માનવા એ મિથ્યાત્વ છે. બેનો મેળ શી રીતે આ કહ્યું ને? મેળ કહ્યો (શ્રોતા : ...) હેં? એ વિનય.... વિનય... વિનય... વિનય... વિનય છે. નિશ્ચયથી વિનય તો સ્વભાવનો કરે છે. નિશ્ચયથી વિનય સ્વભાવનો કરે અને સાધક છે અને બાધકપણું પડયું છે. એટલે રાગ એ ગુરુનો વિનય એને આવ્યા વિના રહેતો નથી. નહિતર એ નિન્હવ અને મિથ્યાદૃષ્ટિ થાય છે. આંહી ખરેખર પરને ઉપકારક માની લે તો પણ તે મિથ્યાચારિત્ર અને મિથ્યાદૃષ્ટિ થાય છે.

''**માત્ર આ જીવ પોતાના પરિણામોમાં તેમને સુખદાયક અને ઉપકારી જાણી....**'' પરિણામોમાં હો, ઓલા પદાર્થ નથી. પદાર્થ કાંઇ સુખદાયક નથી અને દુ:ખદાયકેય નથી. અહો! જ્યાં સુખનું નિમિત્ત થાય ને કલ્પના તો પોતે કરે આહાહા! છોકરાઓ.... દીકરાને દેખીને મને આમ હૈયામાં હૈયું મારું ઠરે છે હોં આહાહા! બાપુજી... બાપુજી કરે ત્યાં આમ હૈયુ ઠરે મૂંઢ છો માળા! એ રાગ તને આવ્યો છે. રાગથી તને મીઠાશ લાગે છે. એ તો છે તે છે. દુશ્મન જાણે આ... એક તો જાણે જાણતો હોય કે મારો આ વિરોધી છે એમાં કાંઇક ને પ્રતિકૂળતા આવે, હાય હાય! આ શું કરશે? આવા દુશ્મનો આઘે સારા એમ નથી કહેતા? આઘે સારા નજરે નહિ સારા. નજરે નહિ સારા તે જ્ઞાનને વાંધો આવે છે કાંઇ જ્ઞાનમાં? એ જ્ઞેય જાણવામાં? સમજાણું? પણ અજ્ઞાનીને ઇ વસ્તુ દુ:ખદાયક છે એમ માનીને જે દ્વેષ થાય છે એ પોતે દુ:ખી થાય છે એમાં પરમાં કાંઇ થતું નથી.

''**પોતાના પરિણામોમાં તેમને....**'' પોતાના પરિણામોમાં હોં, ''**સુખદાયક ઉપકારી જાણી ઈષ્ટરૂપ માને છે. પોતાના પરિણામમાં એ સુખદાયક માની અને ઉપકારી જાણી એ ઈષ્ટરૂપ માને છે અથવા દુ:ખદાયક....**'' પોતાના પરિણામમાં, ''**પરને દુ:ખદાયક**

**અને અનુપકારી જાણી અનિષ્ટરૂપ માને છે....''** જુઓ દૃષ્ટાંત આપે છે. કોઇ ચીજ કંઇ ઈષ્ટ અનિષ્ટ છે નહિ. **''એક જ પદાર્થ કોઈને ઈષ્ટરૂપ લાગે છે ત્યારે કોઈને અનિષ્ટરૂપ લાગે છે....''** એનો ઇ પદાર્થ કોઈને ઈષ્ટ લાગે અને ઇનો ઇ પદાર્થ અનિષ્ટ લાગે. પદાર્થમાં ઈષ્ટ - અનિષ્ટતા હોય તો બે ભંગ પડે નહિ. પદાર્થમાં જ્ઞેયતા છે, પ્રમેયતા છે કે જે પ્રમાણનું પ્રમેય થાય. જ્ઞાનનું જ્ઞેય નિમિત્તતા તો જ્ઞેયની છે. ઈષ્ટ - અનિષ્ટની નિમિત્તતા જ્ઞેયમાં નથી ભાઇ! પ્રમેય જ્ઞેયમાં પ્રમાણમાં પ્રમેય થાય છે તે નિમિત્તતા છે. પણ પ્રમાણમાં અથવા જ્ઞાનમાં તે તે અનિષ્ટ - ઈષ્ટ થાય એવો એનામાં નિમિત્તતા પણ નથી. એ તો પોતે ઊભો કરે છે. શું કહ્યું સમજાણું કાંઇ?

કેવળજ્ઞાન થતાં લોકાલોક જ્ઞેય છે એ નિમિત્ત બરાબર, પણ જ્ઞાન નૈમિત્તિક થતાં હો, નૈમિત્તિક થયું એટલે જ્ઞેય નિમિત્ત છે. નિમિત્તમાં કોઇ ભંગ પડતો નથી, નિમિત્તપણું જ્ઞાનમાં જ્ઞેયનું અને પોતાના જ્ઞાનમાં પણ પોતાના જ્ઞેયનું નિમિત્તપણું છે. પણ કોઇ પદાર્થ સુખ - દુઃખરૂપ, અનિષ્ટ - ઈષ્ટમાં નિમિત્ત થાય એ નિમિત્તતા એનામાં નથી. પણ પોતાના પરિણામમાં એ પદાર્થ જેને ઈષ્ટ કલ્પે તેને નિમિત્તમાં ઈષ્ટ નો આરોપ આપે. અનિષ્ટ કલ્પે તેને અનિષ્ટનો આરોપ આપે. ઇ પદાર્થમાં ઈષ્ટ - અનિષ્ટતા પદાર્થમાં નથી. ઇ પદાર્થ જ્ઞેય છે. એ પદાર્થ જ્ઞાનીને જ્ઞેયરૂપે થાય છે. સમકિતથી માંડીને કેવળજ્ઞાન. બધા જ્ઞાનમાં પદાર્થ જ્ઞેયરૂપે એકધારા વહે છે એ તો વસ્તુનો સ્વભાવ છે. જ્ઞાન... (શ્રોતા : ...) હેં? હાં પણ છતાં તે ઈષ્ટ - અનિષ્ટ તો છે જ નહિ. ઈષ્ટ - અનિષ્ટ છે નહિ પછી આરોપે જ્ઞાની કહે એ જુદી વસ્તુ છે. અજ્ઞાની તો તે ઈષ્ટ - અનિષ્ટ પદાર્થને જ માની બેઠો રહે છે. બધું લક્ષ... વસ્તુ જ એ રીતે થઇ પડી.

**''જુઓ એક જ પદાર્થ કોઈને ઈષ્ટરૂપ લાગે છે ત્યારે કોઈને અનિષ્ટરૂપ લાગે....''** આ તો દાખલો બીજો છે પણ વાણી સર્વજ્ઞની લ્યો ભાઇ! સમયસાર લ્યો એ આ કેટલા દિવસ આહાહા! આ સમયસાર નીકળ્યે ભારે જગતમાં અમારા માન ગ્યા, આબરૂ ગઇ લ્યો, વસ્તુ તો ઇ ની ઇ છે. સંતાડી દયો, સમજ્યાને! ભંડારમાં મૂકી દો, એવા સમયસાર વંચાય નહિ અત્યારે. જુઓ એને સમયસાર તો જ્ઞેય છે જ્ઞાનનું, પણ એનામાં એમ થ્યું કે માળું આ કરતાં અમારી આબરૂ રહી નહિ, અમારા ભણતરમાં પાણી વળે છે. જગત અમને માન આપતું નથી અને આ સમયસારમાં બધું માન વયું જાય છે. એ સમયસાર તો સમયસાર છે. શાસ્ત્ર તો... અરે! શાસ્ત્ર જ્ઞાનનું જ્ઞેય છે પણ અજ્ઞાની એને અનિષ્ટ માની અને દ્વેષ પોતાના પરિણામમાં કરે છે. એને જે ઈષ્ટ લાગે અજ્ઞાની રાગથી આરોપ.... રાગથી ખરેખર માને છે. આરોપથી માને તો ખરેખર પાછી વાત રહી ગઇ છે. સમજાણું?

શાસ્ત્ર એ નિમિત્ત છે જ્ઞાનમાં, ભગવાનની પ્રતિમા એ નિમિત્ત છે ભક્તિમાં, એ તો પોતાને તે કાળમાં, રાગ પોતાને કારણે થયો તેમાં એ નિમિત્ત થયું, એટલે ખરેખર ઈ પદાર્થ ઈષ્ટ - અનિષ્ટ થયો નહિ. સમજાણું કાંઈ ? અને એમ કોઈ કહે કે ભઈ, આ સમયસાર લ્યો તો એમાં આત્મા માટે નક્કી સમયસારમાં બીજા ગ્રંથો કરતાં પ્રિયતા જ છે. ખરેખર પ્રિયતા છે એમ વાત છે નહિ. એ તો જગતની પરમાણુની પર્યાય છે. એ પર્યાયમાં કાંઈ ફેર છે નહિ ત્યારે પોતાના પર્યાયમાં જ્યારે એ જાતનું જ્ઞાન થવાનું છે એવું નિમિત્ત સામે હોય છે. એ નિમિત્તને કારણે પર્યાય પલટી નથી અને પર્યાયને કારણે નિમિત્ત આવ્યું નથી અને પર્યાય પલટી માટે એ નિમિત્ત ઈષ્ટ છે એમ પણ છે નહિ. કહો દલીચંદભાઈ ! હેય - ઉપાદેય, આ વિકાર હેય ને સ્વભાવ ઉપાદેય. કીધુંને પહેલું ઈષ્ટ - અનિષ્ટનું. વિભાવ હેય, સ્વભાવ ઉપાદેય એ પણ અમુક ભૂમિકામાં. પરમાર્થે જીવ તો એકલો જ્ઞાતા - દૃષ્ટા છે. એમાં હેય - ઉપાદેય બધું આવી જાય છે. રાગ પણ જ્ઞાનનું જ્ઞેય છે કહો, એ જ્ઞેય છે પણ છૂટી જાય માટે હેય કહ્યું છે બાકી તો ખરેખર એ જ્ઞેય છે. સમજાણું કાંઈ ? પણ જ્ઞાન સમ્યક્ થતાં નિમિત્ત કેવું છે એનું એને જ્ઞાન થાય છતાં ઈષ્ટ - અનિષ્ટની કલ્પના સમ્યગ્જ્ઞાનમાં હોતી નથી. મિથ્યાજ્ઞાન તો ઈષ્ટ - અનિષ્ટ પરને કલ્પીને કલ્પના કરે માટે મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે.

હવે આંહી તો દાખલો આપ્યો છે સાધારણ હોં.... ''**જેમ જેને વસ્ત્ર ન મળતું હોય તેને ઘટ વસ્ત્ર ઈષ્ટરૂપ લાગે....**'' વસ્ત્ર જ નહોતું અને મળ્યું ગરીબ માણસને, જાડું આપો જાડું ચાર કેવાની કહેવાય છે ? ચાર તારી પછેડી જાડી, કહો ખાદીકી. ગરીબ માણસને આપો તો સારી લાગે લ્યો અને શેઠિયાઓને આપો તો અરે ! માળા આ શું ? ''**વસ્ત્ર ન મળતું હોય તેને ઘટરૂપ ઈષ્ટ લાગે, જેને બારીક વસ્ત્ર મળે તેને અનિષ્ટરૂપ લાગે છે....**'' વસ્ત્ર તો, સમજાય છે ? જેને વસ્ત્ર મળતું હોય તેને ઈષ્ટ લાગે તથા જેને બારીક વસ્ત્ર મળે તેને તો અનિષ્ટરૂપ લાગે. મલમલનો કાપડ મળતા હોય શરબતી એને ત્રણ તારી પછેડી આપે, પછેડી તો ઇ ની ઇ છે. હેં ? ગરીબ માણસને પૈસાવાળાની દીકરી મળે ઈષ્ટ લાગે અને મોટા પૈસાવાળા સામા દેવા જાય, લ્યો તમારે આ દીકરો નથી ! આમ છે ત્યારે ભઈ અમારે પરણવાનો ભાવ નથી પણ તમારે દીકરો - દીકરી નથીને આમ. રાજાને દેવા જાય સામે ભાઈ, રાજા દેવા જાય સામે પાંસઠ વરસનો હોય ને સોળ વરસ દેવા જાય પાંસઠ વરસનો હોય તોય સોળ દેવા જાય તો કહે લ્યો ભઈ મારે હવે ફરીથી પરણવું, હવે જે રહ્યું અને એક છોકરું થાશે તો આ અમારે દીકરીનું ઓલું રહેશે લ્યો.

જ્યારે હતો રાજકોટનો દરબાર હતો ને ઘરડો હતો. ઘરડો પાંસઠ વરસનો નહિ ! ગ્યા'તા આપણે વ્યાખ્યાન વાંચવા ન્યાં ગ્યા'તા, મોટી ઉંમર, બાઇ નાની ઉંમર, પાછી કે એકાદ છોકરું થાય તો પણ પાછળથી બે - પાંચ હજારની આજીવિકા બંધાવી છે. જોજો ઇ અને ઓલા, ઓલા માળાને ન મળતું હોય સાધારણને આમ મળે, પૈસા દીધે મળે, બહુ ખુશી થાય. ઓલાને પૈસા સામા ત્યાં એને દેવા આવે એ ચીજ ઇષ્ટ-અનિષ્ટ નથી. એની કલ્પનાના કાળે એ કલ્પના માળો ઊભો કરે અને આરોપ આપે છે પરમાં કે પર મને સુખદાયક અને દુઃખદાયક થાય છે. કહો સમજાણું ?

આ તો દાખલો સાધારણ આપ્યો છે હોં વસ્ત્રનો, એમ કોઇપણ ચીજ લ્યો. આમ ઉલટી થઇહોય જ્યારે સરખાઇની અને દુધપાક અને લાડવા ચૂરમાના પડયા હોય, ખાવા માટે કર્યા હોય હો સાડા દસ વાગે કર્યા હોય. જમ્યા દાળ, ભાત, રોટલી, શાક અથવા ઇ લાડવા ચૂરમાના, ઉલટી થઇ એવી ઉલટી થઇ કે છઠ્ઠીનું ધાવણ નીકળી ગ્યું. બાપા પીરસે લાડવા પણ કહે અત્યારે લાડવો ? લાડવો પણ આ ચાર કલાક પહેલાં તો ભૂખ્યો હતો, ઇષ્ટ હતો ક્યાંથી અનિષ્ટ થઇ ગયો ? આંહી તો ભઇ ચૂરણ ખાવાનો મોહ નથી અત્યારે. ચૂરણ... ચૂરણ. આ ચૂરમું તો નહિ પણ ચૂરણ ! હેં ? ચૂરમું તો નહિ પણ ચૂરણ ખાધે ને ચૂરણનો મોહ અત્યારે નથી. ઉલટી થાશે, નાંખીશ ત્યાં ઉલટી થાશે. પેટમાં નહિ રહે કાંઇ. ચૂરણ નાંખીશ તો રહેશે નહિ એમ થાય છે ને ભાઇ. ચૂરણ નાંખી ને ભાઇ ! દવા છે દવા તરીકે જરીક ગમે તે હોય ખાતો નથી. લ્યો, લાગતું'તું ને ઇષ્ટ ! ઘડીકમાં થઇ ગ્યું અનિષ્ટ. તો કલ્પના છે કે નહિ તારી ? કોઇને એમ લાગે સમજાણું ?

''**ભૂંડાદિકને વિષ્ટા....**'' એ સુખ લાગે. ભૂંડ... ભૂંડ ઓ સૂંવર હોતા હૈ ને સૂંવર. સૂંવરને વિષ્ટા સારી લાગે. વિષ્ટા પાપડી પડી હોય ને નરમ આમ એવી ચાટે માળો કે રાબડી ચાટતો હોય જાણે. ''**વિષ્ટા એને ઇષ્ટ લાગે....**'' લ્યો ભૂંડાદિકને ''**જ્યારે દેવાદિકને અનિષ્ટરૂપ લાગે....**'' દેવોને વિષ્ટા ભૂંડી લાગે. મનુષ્યને આમ વિષ્ટા જરી પડી હોય, પાયખાનું આમ ખૂલું હોય તો આમ ઉં ઉં પાયખાનું ઘરમાં રાખ્યું હોય અને ઓલો સુધરેલો સફાઇનો ખાવા બેઠો હોય અને એમાં વળી કોઇ જંગલ જાતો હોય અને એમાં જંગલમાં કાંઇ પવન આવ્યો ઉહં... આ માળો ખાવા ટાણેના... કોણ બેઠું છે આમાં ? હવે તેં પાયખાનું કરાવ્યું છે ને તારા ઘરના માણસ ત્યાં દિશાએ જાય છે, શું થયું પણ તને ? આ મફતનો માનીને કલ્પના, રાગ અને દ્વેષ અને ઇષ્ટ - અનિષ્ટ માની આવું કરે છે. છોકરો જોડે બેઠો હોય રૂપાળો બે વરસનો હવે હાલ હાલ જમવા. એમાં જો એ હંગ્યો એમાં, શું કરે છે ? લ્યો એ

ઘડીકમાં ઈષ્ટ લાગતો હવે ન્યાં જો હંગણ થયું બાળકને અને થાળીમાં ઉડતા હોય છાંટા એના, તો કહે લઇ જા આને. કોણ છે? અરે! લઇ જા આને! બાપુ પણ તમે જ બોલાવ્યો'તો ને ખાવા. ખાવા તો તમે બોલાવ્યો'તો કે હાલ... હાલ... હાલ ખાવા થાળીમાં ભેગો. વળી કહે લઇ જા, ખાવામાં પડયા હાય હાય!

આ એક વરસાદ પંદર દી' મોડો આવ્યો હોતને, ભલે માવઠું થયું હોય, પંદર દી'માં તો ઘરમાં માલ પડયા પછી આવ્યો હોત ને પછી, કલ્પના છે કે નહિ? **મેઘવૃષ્ટિ કોઈને ઈષ્ટરૂપ લાગે છે ત્યારે કોઈને અનિષ્ટરૂપ લાગે....''** એ વખતે દેડકા, કીડીયું, સર્પના બચ્ચા તણાય પાણીમાં જંગલમાં જુઓ. એનો એ જ વરસાદ એ પાણી નદીમાં જાય તો કહે પાણી તો આવ્યું બે કળશા કહે રેલ છે ચાર ઈંચ આવ્યો'તો રેલ છે એમ ઓલા ગામમાં માણસ માને. અને જંગલમાં જનાવરો ઓલા હરણીયા, દેડકા એ પાણીમાં તણાઇ મરી(જાય), સર્પો એ બિલમાં પાણી ચાલી જાય અને મરે, નથી નીકળતાં બધાં મરેલા નીકળે. એ કોઇને અનિષ્ટ લાગે છે ત્યારે એનો એ વરસાદ બીજાને ધોધમાર કેટલાકને સારો લાગે છે જ્યારે બીજાને ત્યારે આહાહા! એક પા કલાક મોડો આવ્યો હોત ને તો આને હું ઘરમાં લઇ જાત માલને હાય! અરેરે! મોડું થઇ ગયું. બધો માલ બગડી ગયો. આખા વરસની મોસમ બગાડી દીધી મોસમ. આમ કલ્પના કરવી છે.

ચીજ તો ચીજ... આ પર્યાયથી પરિણમતી નથી. તો કહે છે અજ્ઞાનીને પદાર્થ જાણનાર - દેખનાર મારો સ્વભાવ છે એને કારણે તે પરિણમન તેનો કર્તા તે દ્રવ્ય છે એમ માનતો નથી. ''**એમ અન્ય પણ જાણવું....**'' કે દાખલા બે આપ્યા ભાઇ. એ પ્રમાણે બીજું પણ જાણવું. સારો છોકરો થયો હોય એકનો એક અને ધાર્યા પ્રમાણે કામ... તો સારો લાગે. એકનો એક છોકરાને પણ જો ધાર્યા પ્રમાણે ન કામ આપતો હોય અને પોતામાં પોતાને કોઇ એવી આફત આવી પડી અને છોકરો જો વચ્ચે આવતો હોય, મારી નાંખે. છોકરાને મારી નાંખે. સારો કહેતો'તોને તું. પણ ભઇ અમારા લખાણમાં પડયા એમાં આ વિરોધ કરે છે આ. મરે ને મારી નાંખતા બાઇયું છોકરાને મારી નાંખે. દીકરા મારી નાંખે. છોકરાને જુવાન એકના એક દીકરાને. અમે જે ચાલે ચાલીએ, અમારી ચાલમાં અટકાવ... અટકાવ કરે, જીવતા ન રહેવા દઇએ. ધણીને મારી નાંખીએ અને છોકરાને મારી નાંખે. એલા ઈષ્ટ હતું ને? કલ્પના, અજ્ઞાનીની કલ્પના. પોતાની માન્યતાથી રાગ દ્વેષે કલ્પી રાખ્યું છે કે આ મને વહાલું અને આ મને... વસ્તુમાં વહાલા કે દવલાપણું ન આવે. ન્યાં(ત્યાં) ચીતરી નથી રાખ્યું. સમજાય છે? ત્યાં રજીસ્ટર નથી કરી રાખ્યું કે આ ઈષ્ટ - અનિષ્ટ છે. તારી

કલ્પનાએ ઈષ્ટ - અનિષ્ટ ઊભો કર્યો. ઈષ્ટ - અનિષ્ટ એ તારી કલ્પના જ ખોટી છે સમજાય છે ? એટલે કહે છે.

''**વળી એ જ પ્રમાણે એક જીવને પણ એક જ પદાર્થ કોઈ કાળે ઈષ્ટરૂપ લાગે....**'' આ તો સામાન્ય વાત કરી. ''**એનો એ પદાર્થ કોઈ જીવને....**'' કોઈ જીવને વાત કરી, આ પહેલી વાત કરી. એ જ પદાર્થ, એક જ પદાર્થ કોઈ કાળે ઈષ્ટ લાગે. આ દાખલો ઈષ્ટનો કર્યો. છોકરો ઈ નો ઈ ઈષ્ટ લાગે ત્યારે કોઈ કાળમાં અનિષ્ટરૂપ લાગે. શિયાળામાં ગરમ લૂગડું સારું લાગે અને ધોમ તડકો ૧૦૭ ડીગ્રી પડે ત્યારે, લ્યો બાપા ! આ કોટ ગરમ ઓઢવાનો, અમે બનુસ આપીએ છીએ ઓઢવા. મૂર્ખો લાગે છે માળા. એલા ઉનાળે ના હોય ? પણ બાપા તે દી' તો કહેતા શિયાળો હોય તો પણ એ હિમ વર્ષે, અત્યારે ? .... સમજાય છે ?

''**એક જ કાળમાં કોઈ પદાર્થ ઈષ્ટ લાગે છે ત્યારે કોઈ કાળમાં અનિષ્ટ લાગે છે....**'' સમજાણું ? ઈ નો ઈ પદાર્થ. શિયાળામાં ઉના પાણી ધગધગતા તાજા ઉના પાણી નહાવા માટે આપ્યા હોય, સારા લાગે, ઉનાળામાં આપ્યું હોય તો.. ધગધગતું વરાળ વાળું અને બાર વાગ્યે આમ પરસેવાથી રેબઝેબ થઈને એને તડકામાં બેસાડયો હોય તડકામાં પાટલો નાંખીને અને ઉનું ધગધગતું આપ્યું લ્યો. ... લ્યો, એની એ ચીજ જગતનો પર્યાય પરિણમેલો પદાર્થ, એક વખતે ઠીક લાગે ને બીજા વખતે....... ત્યારે કોઈ અનિષ્ટ લાગે. ''**આ જીવ જેને મુખ્યપણે ઈષ્ટરૂપ માને છે એ પણ અનિષ્ટ થતું જોવામાં આવે છે....**'' હવે એક ત્રીજી વાત લીધી જરી નજીકની. બીજા ઈષ્ટ તો ઠીક પણ કહે છે મુખ્યપણે ઈષ્ટરૂપ માને તે પણ અનિષ્ટ થતું જોવામાં આવે છે.

''**જેમ શરીર લ્યો ઈષ્ટ....**'' છે પણ એ તો વહાલું લાગે છે કહે છે. ''**રોગાદિ સહિત થતાં અનિષ્ટ થઈ જાય....**'' એવા શરીર સડે, બગડે, ઈયળુ પડે, બળતરા થાય, હવે શરીર ટાઢી માટી થાય તો સારું. ક્યાંથી આવું ડહાપણ આવ્યું ? પહેલા તો કહેતો'તો કે પચાસ - સો વરસ જીવું તો સારું. જ્યાં ઈયળુ પડી, નથી થાતું આ ? ઓલા શીતળા નીકળે છે, શીતળા નીકળે, દાણે દાણે ઈયળુ પડે, દાણે દાણે કલ્પનાય કરી નથી. એક બાઈને દાણે દાણે ઈયળુ પડી હતી. જુવાન બાઈ હો, બા ! આવા પાપ મેં આ ભવમાં કર્યા નથી આ ક્યાંના આવ્યા ? બહેન, સમતા રાખ. એ કોઈ પૂર્વના છે એ મળતાં અનિષ્ટ લાગે. જે શરીર આમ વિષય વખતે, ભોગ વખતે આમ માખણના પિંડા જેવું સારું લાગતું, ઈ જ્યાં દાણા પડયા ઈ આમ તળાઈમાં આમ શરીર જ્યાં કરે ત્યાં આમ ઈયળુનો ઢગલો, આમ કરે ત્યાં

આમ ઢગલો કારણ કે દાણે દાણે ઈયળું પડી, દાણા પડયા, રુંવાટે-રુંવાટે, આને આમ સુંવાળુ દેખી આમ મલકાતો હોય સારું હોય ત્યારે સાબુના ગોટા રૂપિયા - રૂપિયાના ગોટા લઈ અને ઉના પાણી અને એમાં પાછા સુગંધી તેલ નાંખેલા પાણીમાં અને મસળતો હોય, મલકાતો હોય મસળતા વખતે. એ પદાર્થ તારો જે ઈષ્ટ લાગે છે એ જ્યારે દાણે - દાણે ઈયળું પડે, બાપા તને અનિષ્ટ લાગશે. એ પદાર્થ ઈષ્ટ અનિષ્ટ નથી. તારી માન્યતાએ ઈષ્ટ-અનિષ્ટનો આરોપ કરીને મોટો દરવાજો ઊભો કર્યો છે, એમાંથી જાય રાગ-દ્વેષમાં. હવે રાગે ઈષ્ટપણું માન્યું, દ્વેષે અનિષ્ટપણું માન્યું રાગ દ્વેષમાં ધ્યાનમાં રાખ, પણ જ્ઞાન સ્વભાવ આત્મા છું કોઈ ચીજ મને ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. એને કાળે પરિણમવાને કાળે પરિણમશે.

જુઓને, ઓલા ઝામર થાય છે, બહુ પીડા નહિ? બહુ પીડા ઝામરની આમ માથા ફોડે માથા હેં? અને માથું આમ રૂપાળું હોય ને સરખું હોય ને રાખ્યું હોય તો આમ ઉઘાડું બતાવવા માગે બીજાને ઉઘાડું, તદ્દન માથે કાઢી નાંખીને અને જ્યારે ઝામરવા હોય ને આંખ્યુ ફૂટે, આડો ડાફા મારે કોઈ આમ મારો કહ્યા વગર, એ ઈષ્ટ છે તે અનિષ્ટ થઈ ગયું કલ્પનામાં હોં, પદાર્થમાં તો જે થયું છે તે થયું છે. વાત આમ આહાહા! આ પીડા! બીજા રોગ સહ્યા જાય પણ આ ઝામર સહ્યા જાય નહિ. આકરા ઝામર આવે આકરા હો એ તો એવા ઝામર માથું ફાટી જાય એવા ઝામર. સાધારણ થાય એમાં કાંઈ નહિ. ઈષ્ટ તરીકે જે સારું લાગતું એ જ અનિષ્ટ (થઈ ગયું) વસ્તુ તો વસ્તુને કાળે પરિણમન અવસ્થા થયા કરે છે. માટે કાળ મળતાં અનિષ્ટ થતાં જોઈએ છે ઈત્યાદિ એમ પણ જાણવું લ્યો. આ મુખ્યની વાત કરી હો. ''**માટે પર પદાર્થને ઈષ્ટ - અનિષ્ટ માની રાગ - દ્વેષ કરવા એ મિથ્યાદર્શન પૂર્વકનું મિથ્યાચારિત્ર છે માટે એ નિરર્થક છે....**''

જ્ઞાતાદષ્ટા રહેવું અને રાગ થાય તેને જાણવો, સંયોગને ઈષ્ટ - અનિષ્ટ ન કલ્પવા એ વસ્તુના સ્વભાવની શાંતિનો ઉપાય છે.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

## શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૫
## અધિકાર ૭મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૧૨.૦૮.૧૯૬૨ રવિવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

મોક્ષમાર્ગ પ્રકાશકકા સપ્તમા અધ્યાય ચલતે હૈ. ઉસમેં નિર્જરાકા અધિકાર ચલતે હૈ. નિર્જરા અર્થાત્ આત્મામેંસે અશુદ્ધતાકા નાશ હોના, શુદ્ધતાકી વૃદ્ધિ હોના અને કર્મકા ઝડના. તીનોંકો નિર્જરા નામ ધર્મકી શુદ્ધિકી વૃદ્ધિ કહતે હૈ. કર્મકા ઝડના - વિપાક ઘટ જાતા હૈ, અશુદ્ધતાકા ગલના - વ્યય હો જાતા હૈ ઔર અપના શુદ્ધ સ્વભાવકા, નિધિ ભંડાર અપના આત્મા અંતર સ્વસંવેદન જ્ઞાનસે અપના જ્ઞાનકો વેદન નામ અનુભવ કરકે વિશેષપણે સ્વરૂપમેં સ્થિરતાકી લીનતાકા હોના આ ઉસકા નામ નિર્જરા ને ઉસકા નામ ધર્મ, ઉસકા નામ મોક્ષકા માર્ગ હૈ. ''**ત્યારે શિષ્યે પ્રશ્ન કિયા શાસ્ત્રમેં તો તપસા ચ નિર્જરા ઐસા કૈસે કહા ?....**'' ''**તત્ત્વાર્થસૂત્રને વિષે....**'' તત્ત્વાર્થસૂત્ર ઉમાસ્વામી કૃત ઉસમેં ''**તપસા ચ નિર્જરા, તપસા નિર્જરા ચ ઐસે ક્યૂં કહા ? ઉસકા સમાધાન....**'' ભાઈ ! ઈચ્છા નિરોધ તપઃ ''**શાસ્ત્ર વિષૈ ઈચ્છા**

**નિરોધ તપઃ....''** બહુ ગોટા ચલતે હૈ વર્તમાનમેં. બાહ્ય ઉપવાસ, ઉણોદરી, બાહ્ય ત્યાગ, રસકા ત્યાગ, વનવાસ રહેના, એકાંતમેં રહેના આદિ અનેક પ્રકારકી ક્રિયાકાંડમેં નિર્જરા નામ ધર્મકી શુદ્ધિ ને વૃદ્ધિ માનતે હૈ વો મિથ્યાત્વ ભાવ હૈ, ઉસકો ધર્મ કૈસે હોતા હૈ ઉસકા ઉસકો પતા નહીં.

ઇચ્છા નિરોધ. ભગવાન આત્મામેં શુભ અને અશુભ ઇચ્છા હી નહીં. ઇચ્છા નિરોધ કહાને! તો આત્મામેં શુભ ને અશુભ ઇચ્છા હી નહીં. ઐસા આત્માકી દૃષ્ટિને અનુભવ કરનેસે ઔર ઉસમેં ઉગ્રપણે ''**પ્રતપન્તે વિજયંતે**'', અપના શુદ્ધ સ્વભાવકા વિજય હોના અને અશુદ્ધ પરિણામકા પરાજય હોના. સમજમેં આયા? ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદમૂર્તિ પરમાનંદ હૈ, ઉસકા સંવેદનમેંસે સમ્યગ્દર્શન પ્રતીત કરકે, ઉસમેં ઉગ્રપણે અપના શુદ્ધ સ્વભાવકા વિજય હોના, વિજયપતાકા ફલતે હૈ. સમજમેં આયા? પ્રભુ આત્માકી શુદ્ધતામેં વિજય હોતા હૈ, ઔર અશુદ્ધતાકા નાશ હોતા હૈ, આ ઉસકો ધર્મ અને નિર્જરા કહેનેમેં આતા હૈ. ''**ઇચ્છા નિરોધ તપઃ ઇચ્છાકા રોકના તાકા નામ તપ હૈ....**'' ભગવાન તો ઐસા કહા હૈ ભાઇ, તેરા અપવાસ અને ઉણોદરી ને બાર પ્રકારકા તપ જો હૈ, બારેય પ્રકારના તપકી ક્રિયા રાગ હૈ. ઓ અભ્યંતર હો છ પ્રકારકા, કે બાહ્ય છ પ્રકારકા હો, સબમેં વિકલ્પકા ઉઠના ભેદરૂપ રાગકા હોના હૈ વો ખરેખર અભ્યંતર તપ નહીં.

(શ્રોતા : તો ઉસે નિર્જરા ક્યોં કહા?) વો નિર્જરા નિમિત્તસે કહા. નિર્જરાકા કથન દો પ્રકારકા ચલતે હૈ, નિર્જરા દો પ્રકારસે નહીં. સમજમેં આયા? નિર્જરાકા કથન દો પ્રકારસે ચલતે હૈ. બાહ્ય તપ નિર્જરા વો નિમિત્ત દેખકર અંતરમેં ઇચ્છા પુણ્ય - પાપકી રોકકર શુદ્ધિકી આનંદકી અમૃતકા વેદન વિશેષ હો જાય, આ ઉસસે નિર્જરા હોતી હૈ ઔર બાહ્ય તપ સાથમેં નિમિત્ત તપ દેખકર, સહચર દેખકર, ઉપચારસે વ્યવહારતપ હૈ ઐસા આરોપ કરનેમેં આયા હૈ. સમજમેં આયા? ઓ વ્યવહાર તપ વો તપ હૈ હી નહીં. આહાહા! સમજમેં આયા? કહેતે હૈ કે વ્યવહાર સમ્યગ્દર્શન - અપના શુદ્ધ ચૈતન્ય, નિર્વિકલ્પ ઉસકી શ્રદ્ધા ને પરિણતિ ઉસકા નામ નિશ્ચય સમ્યગ્દર્શન હૈ, ઉસકે સાથ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ ઔર પંચ મહાવ્રતકા ભી પરિણામકા વિકલ્પ વો ચારિત્ર વ્યવહાર, અને આ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ વ્યવહાર સમકિત.

સમકિત દો પ્રકારકા નહીં. સમકિત સહિત કથની નિરૂપણ, નિરૂપણ દો પ્રકારકા ચલતે હૈ. એક સ્વઆશ્રય, એક પરાશ્રય. સ્વઆશ્રય ચૈતનકી શ્રદ્ધા અનુભવમેં હોના, નિર્વિકલ્પ આત્માકા અનુભવ હોના. ઓહોહો! સમજમેં આયા? આ ઉસકો નિશ્ચય

નામ સચ્ચા સમ્યગ્દર્શન કહેતે હૈ. સાથમેં રાગ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા, નવ તત્ત્વકી ભેદવાળી શ્રદ્ધા આ ઉસકો નિમિત્ત દેખકર, સાથમેં રહેનેવાલા દેખકર વ્યવહારસે નિમિત્તકો અનુકૂળ દેખકર, વ્યવહારસે... નિશ્ચયસે અનુકૂળ નહીં હૈ. સમજમેં આયા? ઓ તીવ્ર કુગુરુ-કુશાસ્ત્ર - કુદેવકી શ્રદ્ધા નિકલ ચૂકી હૈ ઔર નવતત્ત્વ વીતરાગ કહેતે હૈ ઐસા ભેદ પાડકર ઉસકા વિકલ્પકી શ્રદ્ધા હૈ ઐસા નિમિત્તકો નિશ્ચય સમ્યગ્દર્શનમેં વ્યવહારસે અનુકૂળ માનકર ઉસકો આરોપ કહા કે વો સમ્યગ્દર્શન હૈ. (પર વો) સમ્યગ્દર્શન હૈ નહીં, હૈ નહીં ઉસકો સમ્યક્ કહેના ઉસકા નામ વ્યવહાર હૈ. ભારે વાત ભાઈ! સમજમેં આયા? જો ચીજ જૈસી હૈ ઐસી નિશ્ચય કહેતે હૈ. વ્યવહાર તૈસી બાત કરતે નહીં, વ્યવહાર અન્યથા કહેતે હૈ. એ દો નયકા કથન શાસ્ત્રમેં ચલે, અંદરમેં કહે કે આ શાસ્ત્રમેં લિખા હૈ ને! લિખા હૈ ભૈયા! કઈ નયકા કથન હૈ? ઉપચારકા હૈ? વ્યવહારકા હૈ? નિમિત્તકા હૈ કે યથાર્થકા હૈ? ઐસા યથાર્થ ભાન હુએ બિના, એકીલા રાગકી ક્રિયાકો સમ્યગ્દર્શન માન લેના મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા?

ઐસા અપના આત્માકા સમ્યગ્જ્ઞાન-આત્મજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન નહીં. આહાહા! અપના આત્મા શુદ્ધ અખંડાનંદકા અંદર સ્વજ્ઞેયકો વર્તમાનજ્ઞાનકી પર્યાયસે અભેદ હોકર... અભેદ હોકર, જો જ્ઞાન સ્વસંવેદનકા વિકાસ હુઆ ઉસકા નામ નિશ્ચય સમ્યગ્જ્ઞાન હૈ. સમજમેં આયા? ઔર ઉસકે સાથ શાસ્ત્રકા જ્ઞાન વિકલ્પાત્મક કહો, નિમિત્ત અનુકૂળ, કુશાસ્ત્રકા જ્ઞાન નહીં ઐસા શાસ્ત્ર, જૈન શાસ્ત્રકા જ્ઞાન વિકલ્પાત્મક ને નિમિત્તકો ગણકર સહચર દેખકર, સમ્યગ્જ્ઞાન વ્યવહારસે આરોપસે કહા હૈ. સમ્યગ્જ્ઞાન હૈ નહીં. સમજમેં આયા? ઐસે સમ્યગ્ચારિત્ર. આ દર્શન, જ્ઞાન, ચારિત્ર પીછે તપ આતા હૈ કે નહીં? ઐસે ચારિત્ર અપના સ્વરૂપમેં લીનતા, સ્વરૂપમેં રમણતા, સ્વભાવમેં ચરના. ચરના, રમના, અતીન્દ્રિય શાંતિકા રસકા ઉગ્રપણે વેદન, ઉસકા નામ ભગવાન નિશ્ચય નામ સચ્ચા ચારિત્ર કહેતે હૈ. ઐસા ચારિત્રકે સાથમેં રાગકી મંદતાકા, પચંમહાવ્રત ને બારવ્રતકા વિકલ્પ આદિ દેખકર, નિમિત્તકી વ્યવહારસે અનુકૂળતા દેખકર વો ચારિત્ર હૈ ઐસા આરોપ કરનેમેં આયા હૈ, વો ચારિત્ર હૈ નહીં. પંચમહાવ્રત ને બારવ્રત એ તો પહેલે આ ગયા, પીછે આ ચલતે હૈ ને આ તો નિર્જરાકી બાત ચલતી હૈ. સમજમેં આયા? ક્યાં ગયા નવરંગભાઈ? સમજાણું આ? ભારે વાત ભાઈ!

વ્યવહારસે નિશ્ચય હોય તો આરોપ કરનેકી ચીજ હૈ, વાસ્તવિક ચીજ નહીં, એ તો પહેલે આ ગયા. પંચમહાવ્રતકા પરિણામ ચારિત્ર નહીં. મુનિકો પંચમહાવ્રતકા પરિણામ નિશ્ચય આત્મજ્ઞાન ને દર્શન ને સ્થિરતાકે સાથમેં ચારિત્ર નહીં. અઠ્ઠાવીસ મૂળગુણ

ચારિત્ર નહીં પણ નિમિત્તકી વ્યવહારસે અનુકૂળતા ઐસા ઓ ભૂમિકામેં રાગ આયા બિના રહેતે નહીં. ભૂમિકામેં ઐસી યોગ્યતા વ્યવહાર, ઇસસે નિશ્ચય નહીં હો જાતા હૈ. ઇતની અપેક્ષા ગણકર ઉસકો ચારિત્રકા આરોપ દેનેમેં આયા હૈ. સમજમેં આયા? તીવ્ર પુણ્ય પરિણામસે હટકર તીવ્ર પરિણામ પાપમેં આતે નહીં, અને ઇતના વ્યવહારકી અનુકૂળતા દેખકર પંચમહાવ્રતકો ચારિત્ર કહા, ચારિત્ર હૈ નહીં. નિરૂપણ દો પ્રકારકા હૈ, વસ્તુ દો પ્રકારકી નહીં. વસ્તુ દો પ્રકારકી નહીં, વસ્તુ એક પ્રકારકી હૈ.

એમ તપ હવે અહીંયા ચાલતો અધિકાર સમજમેં આયા? ''**ઇચ્છા નિરોધ તપઃ....**'' ભગવાન આત્મામેં, અતીન્દ્રિય આનંદકા, અમૃતકા સ્વાદમેં ઇચ્છા હી ઉત્પન્ન નહીં હોતી. લોકો કહેતે હૈ ભગવાને ક્યોં બાર વર્ષ તપ કિયા? ઐસે કહેતે હૈ ધન્નાલાલજી ક્યા? મહાવીર ભગવાને બાર વર્ષ તપ કિયા તબ ઉસકો કેવલજ્ઞાન હુઆ, નિર્જરા હુઇ તો કેવળજ્ઞાન હુઆ, અરે પ્રભુ! સુનતો સહી. એ ભગવાને ક્યા કિયા થા ને કૈસે ઉનકો લાભ હુઆ વો અંતરકી બાતું હૈ. બહારકા આહાર તો છ માસ, છમાસ ન મિલા, નહીં મિલનેકા થા. સપ્તમાસમેં આહાર તો નહીં મિલનેકા થા, વો મૈં છોડા ઐસા હૈ નહીં ઔર ઓ તરફકા વિકલ્પ હૈ કે મૈં છ મહિના આહાર નહીં કરુંગા, વો વિકલ્પભી પુણ્યભાવ હૈ, વો ભી નિર્જરા નહીં, તપ નહીં, શાંતિ નહીં, અમૃતકા સ્વાદ નહીં. સમજમેં આયા?

ભગવાન અમૃતકા નિધિ અતીન્દ્રિય અમૃતકા સ્વાદ, જિસકા સ્વાદકા આગળ ઇચ્છા હી છ મહિના સુધી આહારની ઉત્પન્ન ન હુઇ. સમજમેં આયા? ઇચ્છા નિરોધ કહા યે બરાબર હૈ પણ એ ઇચ્છા હુઇ થી ને અટકા દિયા (એમ નહીં) સમજમેં આયા? શાસ્ત્રતો શાસ્ત્રકી ભાષાસે કથન કરે. આ ઇચ્છા નિરોધ તપઃ કયા ઇચ્છા ઉત્પન્ન કી ઔર ઉસકે કાળમેં નિરોધ કિયા? વો વિકલ્પ પહેલે થા કે આહાર ન કરું. ભાન થા અપના શુદ્ધ શ્રદ્ધા, અનુભવ જ્ઞાતાદષ્ટા, અપના શુદ્ધ ઉપયોગ વધારનેકે કારણ વો નિમિત્તમેં ઐસી ઇચ્છા સહેજ આહાર છોડ દૂં. આહાર તો છૂટા હી પડા હૈ. આહાર કાંઇ આતા થા ને છોડ દિયા? ઐસી ઇચ્છા હૈ ઉસકો મૈં છોડ દૂં? ક્યા છોડે? ઇચ્છા આનંદકા સ્વાદમેં ઉત્પન્ન હુઇ નહીં, ખુદ ઇચ્છાહી ઉત્પન્ન નહીં હુઇ. સમજમેં આયા? આ ઇસકો ભગવાન નિર્જરા નામ ધર્મકી વૃદ્ધિ, શુદ્ધિકી વૃદ્ધિ અને અશુદ્ધતાકા નાશ કહેનેમેં આતા હૈ. સમજમેં આયા? આ તો ક્યાંના ક્યાં તપ લગાવે. પાંચ ઉપવાસ કિયા, તપ હૈ. કુછ તો લાભ હૈ કે નહીં? વ્યવહાર હૈ કે નહીં? નિશ્ચયકે બિના નિમિત્તકા આરોપ ભી કિસકો આતે હૈ? સમજમેં આયા?

ચાવલ હી નહીં તો બોરીકો ક્યા ચાવલકી બોરી યે કિસકો કહા ? ચાવલ હી નહીં.... ચાવલકી બોરી - બોરી કહેતે હૈ ને ! ગુણી, થેલા-થેલા પણ ચાવલ હી હૈ નહીં ને ખાલી, કોથળા - બારદાન, બારદાનકો ચોખાકા બારદાન કૈસે કહા ? એકલા ચોખા ચારમણ હૈ, ચોખા સમજેને ? ચાવલ. તો અઢી શેર બારદાન હૈ તો ઉસકે સાથમેં તોલા જાતા હૈ. ચારમણ અઢીશેર. વો પકનેમેં કામ આતા નહીં. અઢીશેર(કોથળા) તો ચાર મણ અઢીશેર કુંવરજી ભાઈ ! મજૂર બોલેને બધા અમારે નટુની... મજુરની દુકાન જોડે હતીને ? ઓલા મજૂર બોલે ચાર મણ ને અઢીશેર. મેં કહ્યું ચાર મણ અઢીશેર આ કોથળા સહિત બોલતા લાગે છે. હેં ? એમ બાહ્ય તપ. ઈચ્છા અશુભકી ટળી ઔર શુભ હુઈ અને શુભરહિત જિતની શાંતિ ને આનંદકા વેદન હૈ આ ઉસકે સાથ બાહ્યતપકા બારદાનકો સાથમેં ગણકર ઉસકો તપ વ્યવહારસે કહેનેમેં આયા હૈ.

એ આત્માકા આનંદકા ઈચ્છા નિરોધમેં જો આનંદ હોતા હૈ ઉસમેં વો ઈચ્છા કામ આતી નહીં. બાહ્યતપ કિંચિત્કર હૈ નહીં. બાહ્યતપ-અંતરતપમેં કિંચિત્કર કાર્ય કરતે નહીં. ઓહોહો ! સમજમેં આયા ? નિશ્ચય સમ્યગ્દર્શનમેં વ્યવહાર સમ્યગ્દર્શન અકિંચિત્કર હૈ. આહાહા ! ચંદુભાઈ ! પણ આ વ્યવહાર ને વ્યવહાર, વ્યવહાર - વ્યવહાર. અમે વ્યવહાર અને નિશ્ચય બેય માનીએ છીએ, એ લોકો એક નિશ્ચય માને છે, પ્રભુ ! સાંભળ ભાઈ ! વાત આકરી. બાપુ ! એ તને નિશ્ચય વ્યવહારના ઊંડા ઘર.... સમજાય છે કાંઈ ? એ આત્મા નિશ્ચય જ્યારે આત્માના સ્વઆશ્રયે અખંડ પરમાત્મ સ્વરૂપ મેરા ઉસકી અનુભવમેં પ્રતીત હો તબ સાથમેં રાગ આતા હૈ, વો અકિંચિત્કર સમ્યગ્દર્શનમેં હોકર ભી વ્યવહારકા આરોપ આતે હૈ. જો કિંચિત્કર હો તો ઉસકો વ્યવહાર કહેનેમેં આતા નહીં. સમજમેં આયા ?

ઐસે આત્માકા સમ્યગ્જ્ઞાન - આત્મજ્ઞાન - આત્મદ્રવ્યકા જ્ઞાન - આત્મભાન વો અંતરકા આત્માસે સમ્યગ્જ્ઞાન હુઆ વો તો યથાર્થ ચોખા હૈ, ચાવલ હૈ. સાથમેં શાસ્ત્રજ્ઞાનકો વિકલ્પકો વ્યવહારજ્ઞાન કહા, વો સમ્યગ્જ્ઞાન માટે અકિંચિત્કર હૈ. આહાહા ! નિશ્ચય સમ્યગ્જ્ઞાન માટે શાસ્ત્રજ્ઞાન અકિંચિત્કર હૈ. ચંદુભાઈ ! આહાહા ! અરે ભગવાન ! આ જીવ અકિંચિત્કર હૈ સમ્યગ્જ્ઞાનકા કાર્યને માટે, આ ઉસકો સમ્યગ્જ્ઞાન કહેના ઉસકા નામ આરોપ હૈ. વ્યવહાર હૈ. વ્યવહાર હૈ ઉસમેં કુછ માલ બાલ હૈ નહીં. અહીં તો વ્યવહારમેં સબ રખ દિયા, નિશ્ચયકો ઉડા ડાલા. સમજમેં આયા ? ઐસે ભગવાન આત્મા અપના શુદ્ધ ચૈતન્યકા અનુભવ ઉપરાંત સ્વરૂપકી સ્થિરતા, અવિકારતા, નિર્મળતા, શાંતિકી બઢવારી પર્યાયમેં હુઈ ઉસકા નામ ચારિત્ર. ઔર પંચમહાવ્રતકા પરિણામ અકિંચિત્કર ચારિત્ર માટે હૈ. આહાહા ! અકિંચિત્કર

ન હો તો ઉસકો વ્યવહાર હી નહીં કહેનેમેં આતા હૈ. વ્યવહાર કહો કે નિમિત્ત કહો. નહીંતર તો ઉસકા કર્તા હો જાય તો તો સ્વભાવકા કાર્ય ઉસને કિયા ઐસા એક ચીજકા દો કાર્ય કિયા. નિશ્ચય ભી કાર્ય કિયા ને વ્યવહાર ભી કાર્ય કિયા ઐસા હૈ નહીં. સમજમેં આયા? તો પંચમહાવ્રત ને અટ્ઠાવીસ મૂળગુણ ભી અપના ચારિત્રમેં અકિંચિત્કર હૈ. આ ઉસકો નિમિત્તકી નીચે નહીં પડતા દેખકર ભૂમિકાકે યોગ્યવશાત્ ભાવ દેખકર, આરોપ કરકે ચારિત્ર ઐસા કહેનેમેં આયા હૈ. હવે ઐસા તપ.

આરાધના ચાર પ્રકારકી હોતી હૈ ને! દર્શન-જ્ઞાન-ચારિત્ર ને તપ. તો આ તપકા બોલ યહાં આયા હૈ તાકડે. સમજમેં આયા? તો કહેતે હૈ "**ઈચ્છાકા રોકના તાકા નામ તપ હૈ....**" ભગવાન આત્મા યે તો વિકલ્પકા ખદબદાટ હૈ, મૈં છોડ દિયા, મૈં અપવાસ કિયા ઔર આહાર છોડ દિયા. આહાર છોડ દિયાકા અભિમાન વો હી મિથ્યાત્વ હૈ. ક્યા વો આહાર તેરે પાસ આના થા કે તે શુભઈચ્છા હુઈ તો રુક ગયા આનેકો? ધન્નાલાલજી! ક્યા કવલ આના થા? થાળીમેં પડા હૈ રોટી, દાળ, ભાત, શાક - નહીં ખાના હૈ, મેરેકો આજ ઉપવાસ હૈ ચાલો, તો ક્યા યે મુખમેં આનેકી ચીજ થી ઔર તેરે ઈચ્છા હુઈ તો તેં છોડ દી? ભ્રમણા હૈ. સમજમેં આયા? વો ચીજ આનેકી થી નહીં મુખમેં ઉસકા પરાવર્તનકા નિયમમેં વો ચીજકા ત્યાંહી રહેના થા, અહીંયા સુધી આના નહીં થા, ઉસકી ઈચ્છા માન્યા કે મૈં છોડ દિયા.

પરદ્રવ્યકા સ્વામી હોકર મિથ્યાદષ્ટિ હોતા હૈ. સમજમેં આયા? ઔર જો ઈચ્છા હુઈ કે મૈં છોડા આ એ ઈચ્છામેં પણ મેરે કુછ લાભ હૈ, પુણ્યમેં કુછ લાભ હૈ ઐસે માનનેવાલા મિથ્યાદષ્ટિ અજ્ઞાની મૂંઢ હૈ, ઉસકો તો નિશ્ચયને વ્યવહારમેંસે એકેય હોતા નહીં. સમજમેં આયા? પણ જબ આત્મા ઈચ્છા ઉત્પન્ન ન હો, ઐસી નિરીચ્છક નિર ઈચ્છા વિનાની રમણતા, વિજય ચૈતન્યકા હુઆ, ડંકાકી ચોટ પર આત્માકા આદર હોકર અપના વિજય શુદ્ધિકી હુઈ. સમજમેં આયા? તબ અશુદ્ધતાકા નાશ હોતા હૈ, અશુદ્ધતાકી ઉત્પત્તિ હોતી નહીં અને કર્મકા ગલના હોતા હૈ ઉસકો નિર્જરા કહેતે હૈ પણ એ નિર્જરાકે સાથમેં આ શુભ વિકલ્પને બાહ્યતપ હૈ, ઉપવાસ, ઉણોદરી વગેરે... અરે! વિનય, વૈયાવચ્ચ... વિનય, વૈયાવચ્ચ યે સબ વિકલ્પ હૈ. ઓહોહો! અરિહંતકા વિનય કરું, ગુરુકા વિનય, શાસ્ત્રકા વિનય સબ વિકલ્પ હૈ. સમજમેં આયા? આ ઓ વિકલ્પકો વ્યવહાર તપ કહેનેમેં આયા હૈ, ઉપચારસે, હૈ યે અકિંચિત્કર હૈ.

નિશ્ચય અપની શુદ્ધિકા વિજયમેં યે બાહ્યતપકી ઈચ્છા અકિંચિત્કર હૈ. કંઈપણ આત્માકા કાર્ય કરનેમેં તાકાત નહીં. આ વિરુદ્ધ કાર્ય કરનેકી તાકાત હૈ. સમજમેં આયા?

ઔર ઉસકે આશ્રયતો બંધ હોતા હૈ. પુણ્યબંધકા કારણ વિરુદ્ધ કાર્ય કરતે હૈ, એટલે કહ્યું કે ''**શુભ-અશુભ ઈચ્છા મિટે ઉપયોગ શુદ્ધ હોય....**'' દેખો શુભ ને અશુભ દો હી ઈચ્છાકી ઉત્પત્તિ ન હો મિટેનો અર્થ ઈ. સમજમેં આયા? ''**શુભ ને અશુભ ઈચ્છા મિટે....**'' મિટે એટલે કે ઉત્પત્તિ ન હો, ઉત્પત્તિ ન હો ત્યારે આનંદકી શાંતિકી ઉત્પત્તિ હો એ ઉપયોગ શુદ્ધ હૈ ઉસકો શુદ્ધઉપયોગ કહેતે હૈ અને શુદ્ધ ઉપયોગ હી નિર્જરા, ઉસકો નિર્જરા કહેનેમેં આતા હૈ. વાસ્તવિક નિર્જરા વો હૈ અશુદ્ધતાકા નાશ ઉપચારસે, કર્મકા નાશ ભી ઉપચારસે નિર્જરા કહેનેમેં આતા હૈ. સમજમેં આયા? ''**શુભ અને અશુભ ઈચ્છા મિટે, ઉપયોગ શુદ્ધ હોય તહાં નિર્જરા હો હૈ ત્યાં આત્માકી શાંતિકી બઢવારી હોય તાતૈં તપકરિ નિર્જરા કહી....**'' વો કારણસે વ્યવહારતપ કરીને નિર્જરા ઉપચારસે કહેનેમેં આયા હૈ.

''**યહાં કૌઉ કહૈ આહારાદિરૂપ અશુભકી તૌ ઈચ્છા દુરિ ભયે હી તપ હોય....**'' પ્રશ્ન કર્યો પ્રશ્ન. આહારાદિરૂપ અશુભકી ઈચ્છા, આહાર કરના તો અશુભ હૈ. સમજમેં આયા? અહીંયા તો સાધારણ બાત કિયા, સંસારકી અપેક્ષા હોં. મુનિકો આહાર કરનેકી ઈચ્છા યે અશુભ નહીં. પાછા ઐસા કોઈ કહ દે કે મુનિકે આહાર કરનેકી ઈચ્છા એ પાપ હૈ ઐસા નહીં. અહીં તો ગૃદ્ધિપણે જો કરતે હૈ સમજમેં આયા? ''**આહારાદિરૂપ અશુભકી તૌ ઈચ્છા દુરિ ભયે તપ હોય....**'' ઓલો શિષ્ય પ્રશ્ન કરે છે હોં! ''**પરંતુ ઉપવાસાદિ ને પ્રાયશ્ચિતાદિ શુભકાર્ય હૈ....**'' ઉપવાસ કરના, રસકા ત્યાગ કરના, કાર્યોત્સર્ગ કરના, પ્રાયશ્ચિત કરના, વિનય કરના, વૈયાવૃત્ય કરના ઐસા જો હૈ. ચલતી હૈ તો યે બારહ તપકી બાત, અભ્યંતરકી પીછે આયેગા, સમજે? પણ છતાં પ્રાયશ્ચિત એક સાથ લે લિયા હૈ. ચાલતી તો સાથમેં બાહ્યતપકી બાત ચલતી હૈ, પણ ઉસમેં અભ્યંતરતપ ભી પ્રાયશ્ચિતાદિ સાથમેં શિષ્યકે પ્રશ્નમેં આયા હૈ, આ ગયા હૈ. એ ઉપવાસ, ઉણોદરી (અલ્પ પેટમાં રખના), રસકા ત્યાગ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય આદિ શુભકાર્ય હૈ. ઈનકી ઈચ્છા તો રહે. શિષ્યકા આ પ્રશ્ન કિયા કે ઉસકી તો ઈચ્છા રહતી હૈ?

''**તાકા સમાધાન....**'' એ ''**જ્ઞાનીજનનિકૈં ઉપવાસાદિકકી ઈચ્છા નાહીં હૈ....**'' આહાહા! ધર્મી આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ નિર્વિકલ્પ આત્માકા ભાસ-વેદન હુઆ, એને એ ઉપવાસકી ઈચ્છા નહીં. સમજમેં આયા? એક શુદ્ધ ઉપયોગકી ઈચ્છા હૈ. અંતરમેં ઠરું, અંતરમેં ઠરું, શુદ્ધમૈં પકડું, સ્વરૂપ જ્ઞાયકકા મૈં પકડ કરકે આનંદમેં ઝુલું ઐસા શુદ્ધ ઉપયોગકી સમ્યગ્દષ્ટિકો ઈચ્છા હૈ. સમજમેં આયા? ઓહોહો! ભારે ગડબડ ભાઈ! જ્યાં આણે ઈચ્છા કરી ને આ ઈચ્છા રોકી એટલી અશુભ ઈચ્છા રોકી એટલો તો શુભ ખરો કે

નહીં ? ધૂળમાંય તપ નહીં. સુનને ! મિથ્યાદૃષ્ટિ હૈ. અશુભ ઇચ્છા રોકીને શુભ હુઇ ઉસમેં તપ માનતે હૈ - નિર્જરા તત્ત્વકી અયથાર્થતા હૈ. તત્ત્વાર્થ શ્રદ્ધાનમેં નિર્જરા તત્ત્વકા ક્યા સ્વરૂપ હૈ ઉસકી ઉસકો ખબર નહીં.

''**જ્ઞાનીકો એક શુદ્ધ ઉપયોગકી ઇચ્છા હૈ....**'' હવે આવ્યું. ચંદુભાઇ ! હવે આવ્યું. ''**ઉપવાસાદિ કિયે શુદ્ધોપયોગ બધે હૈ. તાતૈં ઉપવાસાદિ કરે હૈ....**'' ક્યા કહેતે હૈ ? ઉપવાસાદિક - જો શુદ્ધોપયોગ બઢે તો અનંતબેર ઉપવાસાદિ કિયા. છ - છ મહિનાના ઉપવાસ અભવી અને ભવી અનંતબેર કિયા હૈ પણ કહેતે હૈ કે જ્ઞાનીમેં ભાવના ક્યા હૈ ? કે મૈં આજ આહાર કરનેકી ઇચ્છા નહીં ઔર હેતુ ક્યા હૈ કે નિવૃત્તિમેં મેરા શુદ્ધ ઉપયોગ અંતરમેં રમે સમજમેં આયા ? ઓ નિમિત્તકા લક્ષસે તો હટકર મૈં મેરા પ્રવૃત્તિમેં જરી આહારકી ઇચ્છા આવે એ પ્રવૃત્તિ રૂક જાય તો મેરા ચૈતન્ય ઉપર એકાગ્ર હોનેકા મેરે અવસર મિલે. પણ એકાગ્ર હો તબ ઓ બહારકા ત્યાગકો નિમિત્ત કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? તો કહેતે હૈ ''**ઉપવાસાદિક કિયે શુદ્ધોપયોગ વધે....**'' આમાં ઊંધા અર્થ કરે. ચંદુભાઇ ! આ તો બે-ત્રણ વાર આવી ગઇ છે વાત (શ્રોતા : ...) પણ જેને શુદ્ધ ઉપયોગ વધે એને ઉપવાસાદિને નિમિત્ત કહેવામાં આતે હૈ. ઐસા ઉપવાસ તો અનંતબૈર કિયા 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.'

વસ્તુકી અંતર અનુભવદૃષ્ટિ અખંડાનંદ પરમાત્મા પ્રતીતમેં અનુભવમેં ન આવે ઔર એકીલા ઉપવાસાદિ ક્રિયાસે શુદ્ધઉપયોગ બઢે ઐસા તીનકાલમેં હોતા નહીં. સમજમેં આયા ? ઓ વ્યવહારકા કથન આયા, નિમિત્તકા કથન આહાહા ! પહેલે કહા થા કે નિમિત્ત ને વ્યવહાર અકિંચિત્કર હૈ. ચંદુભાઇ ! આંહી... આંહી કિંચિત્કર કહા ભાઇ ! અરે ભગવાન ! ઓ તો ધર્માત્માકો મૈં... આજ આઠમ હૈ, ચૌદશ હૈ, આજ મેરે આહારકી ઇચ્છા નહીં, ઐસા હોકર ઉસકી ભાવના ક્યા હૈ ? સ્વરૂપમેં લીન નિવૃત્તિસે મેરા આત્માકો પકડકર મૈં આત્માકા આનંદમેં ઝૂમું, આનંદમેં અંદર ડોલું ઐસા શુદ્ધઉપયોગકી જ્ઞાનીકી ભાવના હૈ. યે અપવાસકી ભાવના નહીં. સમજમેં આયા ? કે ઇચ્છાકી ભાવનાને ઐસા ત્યાગ કરું ને ઐસી ભાવના નહીં. આહાહા ! લક્ષ્મીચંદજી ! ઐસી બાત હૈ.

દસ લક્ષણી પર્વ કરતે હૈ. ઓહોહો ! કેવા તપ કરે છે ને કંઇ આ. આ રત્નત્રય, ષોડશકારણભાવના, રત્નત્રય ઓ ચલેગા. અપવાસ, અપવાસ નિર્જરા... નિર્જરાના ખોખા, નિર્જરાના ખોખા એટલે નિર્જરા ફિર્જરા હૈ નહીં, બારદાન હૈ. ચૈતન્યદળ નિર્વિકલ્પ ચૈતન્યઆત્મા વર્તમાનમેં અંતરભાસ હુએ બિના વર્તમાનમેં શુદ્ધ ઉપયોગ કહાંસે આતે હૈ ?

સમજમેં આયા? વર્તમાન પર્યાયમેં ત્રિકાળદ્રવ્ય શુદ્ધ આનંદકંદ હૈ ઐસા ભાસ હુએ બિના ઉસમેં લીન હોના હૈ ઐસી લીનતા કહાંસે આયેગી? પહેલી તો ખબર નહીં કે ચીજ ક્યા હૈ અને કિસ તરફસે મેરે ઢલના વળના હૈ? એકીલા બાહ્યતપ કરકે ઐસા માને કે અમારા શુદ્ધઉપયોગ વધારવા માટે, શુદ્ધ ઉપયોગ વધવા માટે હૈ. સમજમેં આયા? ઐસા હૈ નહીં. ''**તાતૈં ઉપવાસાદિક કરે હૈ વળી ઉપવાસાદિકસે શરીરકી....**'' દેખો. ઉપવાસ, રસત્યાગ, કાયોત્સર્ગ આદિ ''**શરીરકી અને પરિણામનિકી શિથિલતાકરિ....**'' એમ જાણે કે આ તો હવે શરીર જીર્ણ થાય છે, સહનશીલતામેં ભી કમી હો જાતી હૈ. સમજે? ઐસા ''**પરિણામનિકી શરીરની શિથિલતાકરિ શુદ્ધોપયોગ શિથિલ હોતા જાનૈ....**'' આમ કહેતે હૈ.

શુદ્ધોપયોગમેં બરાબર જમાવટ નહીં હોતી હૈ ઐસા નિમિત્ત શરીર મંદ હો ગયા ઔર પરિણામમેં ભી ઈતની ઉગ્રતા રહી નહીં તો આહાર કર લેતે હૈ. ક્યા કિયા(કહા)? સમજમેં આયા? ''**એ શિથિલ હોતા જાને તહાં આહારાદિ ગ્રહે હૈં. આહારાદિ ગ્રહે....**'' એટલે પ્રતિજ્ઞા કિયા થા ને બીચમેં ગ્રહે વો બાત યહાં નહીં હૈ સમજમેં આયા? ઓ બાત નહીં પણ પીછે જાણે કે હવે શરીર આમ કતૃત્વ પરિણામમાં નથી, એ એકાસન અપવાસ કરે, ફિર ઉપવાસ ન કરે અને શુદ્ધની અંતરમેં જેમ એકાગ્રતા હોનેકા પ્રયત્ન કરે ઐસા પ્રયત્ન ચલે. ''**જો ઉપવાસાદિક તૈં સિદ્ધિ હોય....**'' ઉપવાસ, ઉણોદરી, રસકા ત્યાગ ઉસસે જો આત્માકા નિર્જરા અને શુદ્ધિ હોય ''**તૌ અજિતનાથાદિ ત્રેઈસ તીર્થંકર....**'' ઋષભદેવ ભગવાનને તો વળી છ મહિનાકા તો ઉપવાસ થા અને દૂસરા છ મહિનાકા આહાર મિલા નહીં તો બાર મહિના હો ગયા પણ અજિતનાથ ભગવાન અને દૂસરા તીર્થંકર ભગવાન પીછેથી પચાસલાખ કરોડ સાગરોપમમેં ઉત્પન્ન હુઆ. સમજમેં આયા? દો અપવાસ કિયા, તો તીર્થંકરકી શક્તિ નહોતી? તીર્થંકરતો મહાન સમર્થ હૈ. સમજમેં આયા?

કહેતે હૈ અને આદિપુરાણમાં તો ઐસે આતે હૈ બાત, કે ભગવાનને આહાર ક્યોં લિયા? છ મહિના પણ પછી અપવાસ બાર મહિના હુઆ આહાર ક્યોં લેને જાતે થે? કે સંતોકો ખ્યાલ આવે કે તીર્થંકરોકો ભી જ્યારે ઈતના નભાવ નહીં હોતા, તો વો ભી આહાર લેતે હૈ ઐસા અનુકરણ કરાનેકો કિયા ઐસા અદિપુરાણમેં પાઠ હૈ. સમજમેં આયા? નહિતર તો શક્તિવાન હૈ મહા તીનજ્ઞાન, ચારજ્ઞાન મુનિ હુઆને! ચારજ્ઞાન તો ક્યા જ્ઞાનમેં ઉપયોગ મૂકતા હોગા? કે કલ આહાર ક્યા મિલેગા? કયો બાજરો કયા ખેતરમાં વાવેલો અને ક્યાંથી રોટી આવશે એમ ઉપયોગ મૂકે? સમજમેં આયા? ચારજ્ઞાન થા, છ મહિના સુધી ગયે ને આયે ભોજન માટે, કોઈ તો ઐસા કહેગા કેવા સાધુ કહેવાય આ? વળી તીર્થંકર આજ તો

ગયે... પાછા આવ્યા તો કલભી ગયે - પાછા આવ્યા તો ઉપયોગ તો મૂકના થા મન:પર્યયમેં? અવધિજ્ઞાન હૈ, ઉપયોગ તો મૂકના થા કે કહાંસે આહાર મિલેગા? કિસ ક્ષેત્રસે મિલેગા? કૈસા આહાર મિલેગા? મિલેગા કે નહીં? અરે ભગવાન! એ તે કાંઇ નવરા હૈ ઐસા ઉપયોગ કરનેકો. આહાહા!

''**યાકે ઐસાભી અભિપ્રાય હૈ....**'' દેખો વળી મોક્ષ તત્ત્વકી દૂસરી ભૂલ બતાતે હૈ. ''**યાકે ઐસાભી અભિપ્રાય હૈ કે સ્વર્ગ વિષૈ સુખ હૈ તાતૈં અનંતગુણા મોક્ષ વિષૈ સુખ હૈ....**'' ઈન્દ્રના સુખ કરતા મોક્ષમેં અનંતગુણા સુખ હૈ. (શ્રોતા : આવે છે ને?) એ આવે એ તો ઉપચાર કરીને આવ્યું છે ને! સર્વોત્કૃષ્ટ સુખ લોકમાં બીજુ દેખે નહિ, તો દેવના સુખનો ખ્યાલ કરાવી, અને અનંતગણું કહે. પણ જાતિ એક હો તો અનંતગુણા કહેના વો તો સ્વર્ગકા સુખ તો ઝેર હૈ. ભગવાન આત્માકા સુખ તો અનંત આનંદ અમૃત હૈ. વો ઝેર સે અમૃતકા ગુણાકાર કહાં સે હોગા? હેં? સમજમેં આયા? ''**સ્વર્ગ વિષૈ સુખ હૈ તાતૈં અનંતગુણા મોક્ષમેં સુખ હૈ....**'' કહે જુઓ માને છે કે નહિ ઘણાં? માળે ઓહોહો! મોક્ષમાં સુખ ઈન્દ્રથી

અનંતગુણા. ''**સો ઈસ ગુણાકાર વિષૈ સ્વર્ગ મોક્ષ સુખકી એક જાતિ જાનૈ હૈ....**'' સ્વર્ગના સુખની જાત અને મોક્ષના સુખની જાત એક વર્ગ. એક એકડિયાનો વર્ગ. પછી પાંચસો નંબર નો હોય કે પહેલે નંબર હોય. ''**તહાં સ્વર્ગ વિષૈ તો વિષયાદિ સામગ્રી જનિત સુખ હો હૈ....**'' ત્યાં તો વિષયાદિ સામગ્રી જનિત રાગકા, રાગકા ઝેરકા સુખ હૈ, હેં? આ પૈસાવાળા સુખી કહે છે ને? ધૂળમાંય સુખ નથી. (શ્રોતા : ...) કલ્પના કરે છે સામગ્રીને દેખીને કે મારે... જાણે કો'ક કહેતુ'તું ને હમણાં કે કેટલા ઉપજ? એ તો બહુ કહેતા'તા એક દિવસની ત્રીસ હજારની પેદાશ છે એમ કહેતા'તા કાંઇ?

પોપટભાઇ હતાને! ગ્યાકે નથી હમણાં નહિ! એમના સાળા ગોવામાં રહે છે જે? દશાશ્રીમાળી, આપણે ત્યાં જોરાવર છે ને? શાંતિલાલ પણ પાંચ-સાત હજારની પેદાશ હોય જે ૧૦-૧૦ લાખના તો બંગલા છે ત્યાં, ગોવામાં. એક કરોડ રૂપિયાનોતો સામાન પડયો છે, ઓલા બધા શું કહેવાય? એના ... હોયને? કૂવા ને તેલ નીકળે છે ને? ... મોટો ઘણો, ઘણા કરોડ, એ તો વળી અબજોપતિ કહેતા હતા. એ પોપટભાઇ કહે, કીધું અબજોપતિ નહિ પણ હશે કંઇ કેટલા કરોડ (શ્રોતા : ...) હેં? હા એવું કાઢે સમજ્યા? પણ ઇ તો કહે એક દિવસની કહે ત્રીસહજારની પેદાશ. ઓહોહો! બાર મહિને સાઇઠલાખ. લક્ષ્મીચંદનેય સાઇઠલાખ નથી પેદાશ. હવે ઇ તો કહે આખો દિ' પૈસા વધી ગ્યાને, છોકરો કહે કે આ મોટર લેની હૈ, ઓલા કહે કે આ મોટર લેની હૈ ફેરવી નાંખો. ઓલો કહે કે આ લેની હૈ એને આમ તકિયા નાંખીએ. ઐસા આ લાકડા નાંખના ઐસા.

એ આખો દી' લાકડામાં જ જાય ન્યાં(ત્યાં), પૈસા ઘણાં. દશાશ્રીમાળી વાણિયા હોં આપણા, છે ને? જોરાવરમાં. છે ને આંહી પોપટભાઇ, આપણા લીંબડીવાળા નહિ? આ પરનાળાવાળા આ ધારશીભાઇના ગામના, ના ના આ પોપટભાઇ પરનાળાના અને એ તો આપણાં આમના ભાઇ છે ને! આ તમારા મામાના દિકરા શાંતિલાલની વાત હાલે છે. (શ્રોતા : એની પેદાશ ઘણી છે) એટલી પેદાશ! આ પોપટભાઇ કહેતા'તા કે એક દિવસની ત્રીસહજારની એક દિવસની. એ કુંવરજીભાઇ! થોથે, થોથા (શ્રોતા : ...) આ ડાહ્યા થઇને કર્યું છે એ મીંડા વાળવા જેવા છે. કાંઇ છે નહિ ચક્કર હોં! ઓલ્યો દસ, ત્રીસહજારની નહિ પણ પાંચ - સાત હજારની કહે છે હેં? ત્રીસહજાર? કેટલા વીસ તો કેટલા થયા? બાર મહિને પણ? કહે છે પણ વીસહજાર કેટલા થ્યા? (શ્રોતા : ...) છ લાખ રૂપિયા મહિને અને બોત્તેર લાખ બાર મહિને. હેં? બોત્તેર લાખ બાર મહિને. એટલી બધી તો કોની હશે પેદાશ છે મોટી, મોટા કારખાના છે. વાણીયા છે આપણા દશાશ્રીમાળી, પાનાસણાના છે, આના મામાના દીકરા, સગા મામાના દીકરા આના.

(શ્રોતા : ...) હા, ધૂળમાંય સખ નથી એમ આંહી કહેના હૈ એ હમણા કહેતો'તો કે આખો દી' છોકરાઓ ને છોડિયું, લડકા-લડકી પૈસા બહોત, ઐસા લાઓ, ઐસા મકાન આ એનું કરો, આ મોટર લાવો ને આ લાવો ને આ લાવો ને આ લાવો. હોળી તે હોળી, આખો દિ' સળગે. શાંતિ જરીએ ન મળે. આટલા પૈસા થયા તોય ધૂળમાંય ન મળે. (શ્રોતા : ...) પૈસામાં કે દી' શાંતો હતો ? પોપટભાઇ ! જેમ પૈસા વધે એમ આ છોકરાઓય એમ કહે હોં બધું આ, હેં ? (શ્રોતા : ...) કમળો થઇ ગ્યો છે. કહે છે કાંઇ એ તો સામગ્રી જનિત કલ્પના છે સ્વર્ગમાં. સામગ્રી મળી ઘણી એની કલ્પના, એના સુખને તું સિદ્ધના સુખ હારે મિલાતે હૈ ? ક્યાં અતીન્દ્રિય આનંદ અમૃતના રેલમછેલ આનંદ મુક્તમેં અને ક્યાં ઝેરના આનંદ ? એ પૈસાને ધૂળના પચાસલાખ કે કરોડ પેદા કરતો હોય તો ક્યા હુઆ ઉસમેં ? એ તો પૂર્વના પુણ્ય હોય તો એ મળે ઉસમેં ક્યા આયા ? ધૂળમેંય હૈ નહિ. પણ અમે બરાબર-બરાબર જાળવીએ છીએ લ્યો ! કુંવરજી ભાઇ ! લ્યો બીજાની દુકાન ઊડી ગઇ અને અમે ધ્યાન રાખીએ તો દુકાન જાળવીએ છીએ.

આ શાસ્ત્ર આચાર્ય કહે છે કે બધું ગપેગપ ગોળા છે. (શ્રોતા : ...) એણે ધંધો ક્યાં કર્યો છે ? બધી બુદ્ધિ સમજવા જેવી છે. એ તો થવા કાળે થયા કરે છે. કીધું ને વાણિયાને આટલું બધું, ઓલો એક મહિનામાં પચાસલાખ. નહિ પારેખ ? ક્યાં ગ્યા અમૃતલાલભાઇ, આ રહ્યા. એમના સાળા કેશવલાલ પારેખ, એક મહિનામાં પચાસલાખ. હવે એ તો ધૂળમાં પૂર્વના પુણ્યકા રજકણ હો, આ જાય, ઉસમેં આયા ક્યા ? તેરે કહાં શાંતો ને ધર્મ હૈ, કે પૈસા ખરચું માટે ધર્મ. ધૂળમાંય ધર્મ નથી સુનને સહી. (શ્રોતા : ...) એ તો રાગ મંદ કરે તો પુણ્ય હો, બાકી ધર્મ બર્મ કૈસા ઉસમેં ? તો કહતે હૈ કિ સ્વર્ગના સુખ સામગ્રી જનિત હૈ. અહીં તો એ સિદ્ધ કરના હૈ. સમજમેં આયા ? એ સામગ્રી જનિત હૈ ને ? સુખ સામગ્રી જનિત, આત્મજનિત નહિ. વો તો સામગ્રી દેખકર ઐસા કલ્પના, કલ્પના, કલ્પના બસ આમ કરોને !

આપણે ઘરની મોટર બનાવો, સાઇઠલાખની એક બનાવો. સાઇઠલાખની મોટર દુનિયામાં, હિંદુસ્તાનમાં ન હોય એવી એક મોટર બનાવો આપણે મોટી, શું કરવું પણ એમાં ? પૈડાં જુદા, ફલાણું જુદું, એવી સામગ્રીની કલ્પના હોળી સળગે અને દુ:ખી છે. ''**તાકી જાતિ યાકૌં ભાસૈ હૈ....**'' એ સ્વર્ગના સુખની જાત મોક્ષમાં ભાસે ''**અને મોક્ષ વિષૈ વિષયાદિ સામગ્રી હૈ નાહીં....**'' મોક્ષમાં તો કાંઇ વિષય સામગ્રી નથી. (શ્રોતા : પૈસો નથી) પૈસોય નથી અને આહારનો કણે નથી, રહેવાને મકાને નથી, લાડી, વાડી, ગાડી,

ઘોડી કાંઇ નથી ત્યાં. સિદ્ધમેં લાડી નહિ, વાડી નહિ, ગાડી નહિ, ઘોડી નહિ (શ્રોતા : ...) હવે ગાડી એટલે પહેલા ગાડી હતી એવી, ગાડી કહેતે હૈ ને હવે કાર, કાર કહેતે હૈ ને ? (શ્રોતા : ...) હેં ? ક્યા ? (શ્રોતા : ...) પણ એ તો અતીન્દ્રિય આનંદકા સુખ હૈ, પરકા ક્યા આયા ?

ભગવાન આનંદકંદકા પર્વત હૈ ઉસમેં સે નિકાલકર આનંદકી પર્યાય અનંતી નિરાકુળ, શાંતરસ જિસકા આનંદકી ગંધ ઇન્દ્રકા ઇન્દ્રાસનમેં નહીં. ઐસા કહાં આત્માકા સુખ અને કહાં સ્વર્ગકા સામગ્રી જનિત સુખ ! દોકી એક જાતિ માનનેવાલા મિથ્યાદૃષ્ટિ હૈ. એ ઉસકો મોક્ષકે સુખકા પતા નહીં, ક્યા મોક્ષકા સુખ હૈ ખબર નહીં હૈ, સમજમેં આયા ? શું સુખ છે કંઇ ધૂળેય નથી. પછી બહુ પૈસા થાય તો છોકરાય માને નહીં. પોપટભાઇ ! પછી કહે હા તમે તમે જૂના ગર્ભશ્રીમંત નથી, અમે ગર્ભશ્રીમંત આવ્યા છીએ. બોલશો નહીં ઝાઝું તમે કહે બાપા ! તમે તો પહેલા સાધારણ હતા અને અમે આ પાંચ - દસ લાખમાં આવ્યા, ગર્ભશ્રીમંત આવ્યા છીએ એના પ્રમાણમાં અમારે સામગ્રી જોઇશે. ઠીક બાપા ! (શ્રોતા : ...) હા, હા એમ બધે થાય છે. (શ્રોતા : એમ બનેલું છે) બનેલાની વાત હાલે(ચાલે) છે ને ?

અમારે એકજણો કહેતો હતો કીધુંને ? ...માં છોકરો બાર વર્ષનો હતો ગૃહસ્થમેં અવતરેલા સારા ગૃહસ્થમાં પચાસ - સાઇઠ વર્ષ પહેલા, પછી એનો બાપ ન મોકલે પૈસા, પૂનામાં ભણે, દશાશ્રીમાળી વાણિયાનો છોકરો. પૂનામાં ભણે તો પૈસા ન મોકલે તો કહે બાપા આ કાકા ભેગા છે ઉસકો ન જચે તો મહિને બસ્સો રૂપિયા ખરચવાના ગુંજામાં જોઇશે, લખીને મોકલે. આપણે ખાતર લખીને, અમે ગરીબને ઘરે નથી અવતર્યા એમ લખ્યું'તું. અમને બધાની ખબર હોય કે નહીં ? ઘણાની ખબર હોય. અમે ઘોડાગાડીને ઘરે અવતર્યા છીએ, ઊસમેં જનમ લિયા હૈ, ઐસે હમ ગરીબકે ઘર (નહીં) અને વો લક્ષ્મી એ વખતે તો રોકડ નગદ ચલતે થે ને ? રોકડ પૈસા એ અમે ઉપાડીએ છીએ. એ વખતે પૈસા હતાને ચાંદી, રોકડ તબ જો લાખ, દો લાખ આતે થે સો હજાર કોથળી આવે ને ! એક એક કોથળી હજારની સો, એ ત્યાં જ્યાં મૂકવી હોયને જ્યાં જે કમરામેં ત્યાં મજૂર ન લઇ જાય, ઘરના માણસોને બોલાવે. મજૂર તો અમૂક સુધી લઇ જાય ત્રણ માળ બહાર સુધી. બસ્સો - ત્રણસો કોથળી આવી હોય, એક એક કોથળી હજારની ત્રણલાખની તો ઓલા છોકરાઓને બોલાવે, ઉપાડીએ છીએ આ એ વખતે કેડયું(કેડું-કમર) અમારી ભાંગે છે હોં. એ જ્યારે અંદર લઇ જવા પડે ત્યારે અને તમે કહેતે હો કે મહિને ગુંજાના પચાસ, આ પહેલાની વાત છે. આ તો ચાલીસ વરસ પહેલાની. જોઇશે પૈસા મહિને બસ્સોનો ખરચ જોઇશે. ખાના - પીનાકી દૂસરી બાત. ગુંજાનો ખરચ બસ્સો મહિને જોઇશે. ના પડાય નહિ પછી આમાં. પોપટભાઇ ! સાચી વાત છે ને એ તો. (શ્રોતા : બધા એમ જ માને છે).

કહો, ''**સો વહાંકા સુખકી જાતિ યાકૌં ભાસૈ તૌ નાહીં અતીન્દ્રિય આત્માકા સુખ તો ભાસે (નહીં)....**'' ઓહોહો ! અંદર આનંદ... આનંદ... આનંદ... ક્યા હૈ અતીન્દ્રિય સમ્યગ્દર્શન બિના ઉસકી તો ખબર હૈ નહીં તો લગાદે સામગ્રીકા સુખ ને સિદ્ધકા સુખ એક જાતકા. ''**સુખકી જાતિ ભાસૈ નાહીં પરંતુ સ્વર્ગસે ભી ઉત્તમ મોક્ષકૌં મહાપુરુષ કહે હૈ....**'' એ મહાપુરુષ કહે છે કે સ્વર્ગથી મોક્ષ ઉત્તમ. ''**તાતૈં યહભી ઉત્તમ માને હૈ જૈસે કોઉ ગાનકા સ્વરૂપ તો ન પહિચાને. પરંતુ સર્વ સભાકે સરાહૈં, તાતૈં આપભી સરાહે હૈ....**'' બધા દાંત કાઢે, છોકરો બેઠો હોયને બે વરસનો એ પણ દાંત કાઢે ? શું કરવા ? કો કાંઇ ભલે ખબર ન હોય અમને દાંત કાઢે ભેગો, કાઢે. મા-બાપ દાંત કાઢતા હોય ને ઓલો દાંત કાઢે. પણ શું કરવા ? અમે તો કારણથી જાણીએ છીએ કે આમાં કાંઇક વિસ્મયતા છે. એ કહે તમે કાઢો માટે અમેય કાઢીએ. સમજાય છે કાંઇ ?

એમ સિદ્ધના સુખની જાતની ખબર ન મળે. મહાપુરુષો કહે કે મોક્ષમાં મહાસુખ અમેય કહીએકે મહાસુખ એમ તને મહાસુખ સિદ્ધની ખબર નથી બાપુ ! એ રાગ રહિત, વિકલ્પ રહિત, સામગ્રી રહિત, મન રહિત, વાણી રહિત દેહાતિત એવા આત્માના આનંદમાંથી પાવર ફાટીને જે નીકળી પર્યાય પૂર્ણાનંદ, પૂર્ણાનંદ એના આનંદની તો તુલના કહાં ''**ઐસા મોક્ષ જાનૈ નહીં ને સ્વર્ગ કે સાથ મિલાદે તો મિથ્યાદષ્ટિ....**'' એને મોક્ષતત્ત્વકી ખબર નહીં.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

## શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૭
## અધિકાર ૭મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૧૫.૦૮.૧૯૬૨ બુધવાર

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

સપ્તમાં અધ્યાય ચલતે હૈ. ઉસમેં ક્યા અધિકાર હૈ? શેઠાઇકા અબજોપતિકા જો સુખ હૈ વો તો સામગ્રીજનિત વો પહેલા આ ગયા હૈ કલ, સામગ્રીજનિત સુખ હોય કલ આ ગયા હૈ. ક્યા કહેતે હૈ? ઈન્દ્રકો સુખ હૈ વો સામગ્રી. પૂર્વકા પુણ્ય જો બંધ થા, સામગ્રી અને સામગ્રી તરફકા ઝુકાવ હુઆ, હમ સુખી હૈ ઐસા કલ્પના કિયા, વો ઝેર હૈ, રાગ હૈ, દુઃખ હૈ. સમજમેં આયા? યે ઈન્દ્રના સુખ અને અબજોપતિના સુખ કે મોટા રાજા - મહારાજાના સુખ, ઉસસે સિદ્ધ પરમાત્મા અથવા મોક્ષકા સુખ અનંતગુણા તુમ કહેતે હૈ, બડી તેરી વિપર્યાસબુદ્ધિ હૈ. ક્યોંકિ સંસારકા પુણ્યકા સુખ જો હૈ વો સામગ્રીજનિત પૂર્વકા પુણ્ય હૈ. વહ ખીલા, ફળા. આ ધૂળ મિલી પાંચ-પચાસ લાખ, કરોડ પાંચ કરોડ, દસ કરોડ. સમજમેં આયા? ધૂળ... ધૂળ. હૈ? બાબુભાઇ બરાબર હૈ! ધૂળ મળી તને અને એ ધૂળમાં, ઈન્દ્રો પણ

અમને સુખરૂપ છે, અમને એમાં આનંદ છે એમ રાગના સુખની કલ્પનામાં એ આનંદ માનતે હૈ. અને મોક્ષકા સુખ રાગ નહીં, મોક્ષકા સુખ તો આત્માકા આનંદ.

જેમ ચણા હોતા હૈ, કચ્ચા ચણા, આ કાચા ચણા હોતા હૈ ને ક્યા કહેતે હૈ? આ અમારા વાણિયામાં કહે, દાળિયા થયા કાંઇ શુક્રવારીયા! એમ કહે શુક્રવાર હોય ત્યારે. એ ચણામાં ચણા જ્યારે પક્કા હોતા હૈ, સમજમેં આયા? ત્યારે ચણામેં મીઠાશ હૈ ઓ બાહર પ્રગટ હોતી હૈ બરાબર હૈ? ક્યા કિયા (કહા) આ કચ્ચા ચણા હૈ ને કચ્ચા ચણા! એ ચણા હૈ ને તો વાવો, વાવો ક્યા કહેતે હૈ! બોતે, બોતે. કાંઇ બધી ભાષા નહીં આતી તુમ્હારી હિન્દી. જો ચણાકો બોએ તો ઉગ જાય, ખાવે તો તૂરા લગે, તૂરા લગે કષાયેલા લગે પણ ઉસકો એકવાર શેક દે, પછી વાવે તો ઉગે નહીં અને એ તૂરાશકા નાશ હોકર, એ ચણામેં મીઠાશ જો સ્વાદ જો પડા હૈ વો પ્રગટ હોતે હૈ. સમજમેં આયા? વો મીઠાશ અંદરમેં પડી હૈ એ અગ્નિસે નહીં આયી, ભૂંજન કિયા વો રેતીમેં ઉસસે સ્વાદ નહીં આયા. ઉસસે સ્વાદ આયા હો તો કાંકરા, કોલસા શેક ડાલે. સ્વાદ જો આવે તો. ઉસમેં સ્વાદ હૈ હી નહીં. ચણામેં તો અંદર સ્વાદ પડા હૈ, વો અંતરસે શક્તિ હૈ, વો જહાં જલાયા તૂરાશકા નાશ હુઆ, સ્વાદકા પ્રગટ હુઆ. બોએ તો ઉગે નહીં આનંદ આપે આ દૃષ્ટાંત.

હવે આત્મા ઉપર સિદ્ધાંત. સમજમેં આયા? એમ ભગવાન આત્મા અપનેમેં અંદર આનંદ પડા હૈ. આનંદ આત્મામેં હૈ, જૈસા ચણામેં સ્વાદ હૈ, ઐસે આત્મામેં આનંદ પડા હૈ. ભગવાન જાણે આનંદ ક્યા હોગા? એ આનંદમેં અજ્ઞાનકે કારણ - મૈં આનંદ નહીં. મેરેકો આ સ્વાદ પુણ્ય-પાપકા ફળ વો સામગ્રી ઇન્દ્ર ને ઇન્દ્રાસન વૈકુંઠમાં આદિ સ્વર્ગના ભવ, એમાં અમારે આનંદ હૈ. તો કહેતે હૈ કિ વો તો રાગકી જાત હૈ, ઝેરકી જાત હૈ. સ્વર્ગકા સુખ તો રાગકી, કષાયકી, મલિનતાકી જાત હૈ. ઉસસે તુમ મોક્ષકા સુખ અનંતગુણા કહેતે હૈ તો ઉસ જાતસે અનંતગુણા તો ઝેર આયા. સમજમેં આયા? એક બિંદુ આ ઝેર અનંત મણ ઝેર. ગુણાકાર કરે તો ઝેરસે અનંતગુણા ઝેરકા દંઝ આતા હૈ. ઉસમેં કોઇ અમૃત આતા નહીં. એમ ઇન્દ્રકી ઇન્દ્રાણીના સુખને... અહીં તો ક્યાં અત્યારે રાજા જેવા છે. સમજાય છે? વો તો ઇન્દ્ર મહારાજા ને ચક્રવર્તી ને વાસુદેવ, બળદેવ તીર્થંકરકે સમયમેં હોતા થા.

ઇતની સામગ્રી! કહેતે હૈ કિ સામગ્રીજન્ય જો રાગ આયા, ઉસમેં જો વિકારી સુખ માનતે હૈ ઉસસે અનંતગુણા મોક્ષમેં સુખ હૈ ઐસે માનનેવાલા મૂંઢ હૈ. ક્યોંકિ એ રાગકી જાત હૈ, ને મોક્ષમાં સુખ તો આત્માકા આનંદ હૈ. અંતર આનંદ આત્મા હૈ આ ઉસકી એકાગ્રતા કરતે આત્માકી પ્રતીત કરતે કે મૈં તો આનંદ, શાંતરસકા કંદ હૂં. મૈં શરીર નહીં,

વાણી નહીં, મન નહીં, કુટુંબ નહીં, પુણ્ય-પાપકા ફળ મૈં નહીં ઔર મેરી દશામેં વર્તમાન શુભ ને અશુભ, પુણ્ય ને પાપભાવ હોતા હૈ વો ભી મૈં નહીં, મૈં હોઉં તો મેરેસે છૂટા પડે નહીં, ઔર છૂટા પડતે હૈ વો મૈં ચીજ નહીં. સમજમેં આયા? મૈં તો આત્મા અખંડ આનંદ, સચ્ચિદાનંદ, નિર્મળાનંદ પ્રભુ, મેરી પર્યાય નામ હાલતમેં દયા-દાન-વ્રત-જપ-તપકી વૃત્તિ ઉઠતી હૈ, વહ ભી રાગ હૈ. ઓ પુણ્યબંધકા કારણ હૈ ઓ પુણ્યબંધસે ધૂળ મિલતી હૈ. આત્માકા લાભ ઉસસે કિંચિત્ હોતા નહીં. સમજમેં આયા?

બહુ કઠણ વાત છે. (શ્રોતા : ...) મેં કહ્યું'તું ને એક ફેરી નહીં? વો ક્યા, કયું ગામ કહ્યું એ ? ટોડી... ટોડી... ટોડીમેં હમ ગયે થે, બે વરસ થયા. સોળની સાલ. તો માણસ બહોત આયેને! પ્રસિદ્ધ તો છે ને નામ. એ ચારેકોરથી બગસરા ને શેઠિયાઓને બધા આવ્યા'તા. મનહરભાઇ, રામભાઇ ને બધા. ખૂબ માણસ ખીચોખીચ. પછી વ્યાખ્યાન તો હુઆ કે ભઇ આત્મામેં આનંદ હૈ, અધ્યાત્મ દૃષ્ટિ કિયે બિના પુણ્ય-પાપકા ભાવમેં લાભ માનનેવાલા મિથ્યાદૃષ્ટિ હૈ, મૂંઢ હૈ, એને ધર્મ હોતા નહીં. રાત્રિકો શેતીવાળા કણબી હૈ ને! કણબી કહેતે હૈ ને! કિસાનકો ખબર પડી સ્વામિનારાયણ કિસાન થા. બહુત ગામમેં ઘર હૈ. ટોડી... ટોડી, સોળકી સાલ. એને ખબર પડી કે મહારાજ એક આત્માકી બાત કરને આયા પણ મહારાજ અમે તો જંગલમાં હતા. તમારી વાત તો થઇ ગઇ. એક પુસ્તક લઇને આવ્યા 'અગાધ ગતિ'. નાનું પુસ્તક હતું એની પાંહે (પાસે). કણબી લોક બહોત ઘણાં ઘર અને એમાં વાંચતા વાંચતા એને ઘડ નહોતી બેસતી કે આ શું છે? એમાં એવું લખાણ આવ્યું'તું. પછી કીધું વાંચો ભઇ, આપણે તો એ પુસ્તક વાંચ્યું નથી. તત્ત્વ શું છે ઇ તમે વાંચો તો તમને ખબર (પડે) 'અગાધ ગતિ' નામનું પુસ્તક. એમાં ઐસા લિખાણ થા.

આ ટોડી, આ નહીં ટોડીવાળા નથી કહેવાતા? ટોડીવાળા તારાચંદભાઇ ત્યાં રહે છે ને ઇ મુંબઇમાં. ઇ તારાચંદભાઇને! ક્યોં? ટોડીના છે ને? આ અમારે કુંવરજીભાઇના વેવાઇ. તારાચંદભાઇ નહીં ટોડીના ન્યાં (ત્યાં) રહે એનું ગામ. એના મકાનમાં જ અમે આહાર કર્યો'તો ત્યાં આ બે વરસ પહેલા. એ બધા કાઢતા એમાં એક, ઐસા લખાણ નિકલા કે કોઇ પણ પ્રાણી જપ-તપ-દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-કોમળતા સેવા એવા બહોત બોલ ઘણાં, એ કરનેવાલાકો યહાં સંસાર મિલેગા. ધર્મ-બર્મ હોગા નહીં. ઉસકો મોક્ષ હોગા નહીં. લક્ષ્મીચંદજી! આ ઉસકા ગ્રંથમેં નિકલા. વો તો બિચારા દિવસમેં સાંભળવા આવી શકે નહીં. રાત્રે પછી બધું આ ટોળું આવ્યું પુસ્તક લઇને અગાધ ગતિ... અગાધગતિ... અરે, આત્મા! તેરી ગતિ કોઇ અગાધ હૈ. સમજમેં આયા? ઐસા બહુત લખાણ પણ એ તો એટલા બધા

શબ્દો. આ વ્રત પાળો, દયા પાળો, અહિંસા પાળો, તપ કરો, ઉપવાસ કરો, જાપ કરો, ભગવાનનાં સ્મરણ કરો, ગુણગાન કરો, દાન આપો, ભક્તિ-પૂજા-જાત્રા કરો એ સબકા ફળ સંસારમેં રુલનેકા હૈ. એનો આંહી જેમ પાઠ હતો તેમ આવ્યો. એનું ફળ આંહી છે. ધૂળ મળશે આંહીની સામગ્રી.

વાડીભાઇ ! ઓલ્યા કહે તમે જુઓ ભાઇ એમાં. અમે આ બપોરે કહ્યું છે એ નીકળ્યું એમાં જુઓ. બપોરકો વ્યાખ્યાન હમારા થા તો ઉસમેં તુમ્હારા પુસ્તકમેં નિકલા દેખો તો ખરા ! ક્યા ચીજ હૈ ખબર ન મળે. ખબર ન મળે. એ તો ઓઘે ઓઘે 'જે વાડામાં જનમ્યા, એ માથે કહે ઇ સચ્ચા, અને એમને એમ મારે ગપ્પા, તો પણ માને સચ્ચા.' જિંદગી ચાલી જાય. અનંત અનંત કાળમેં ઇસમેં તો બહુત લખ્યું છે અહીંયા ફળશે, અહીંયા ફળશે, અહીંયા ફળશે એમાં મુકતો બુકતો છે નહીં. આહાહા ! સમજાય છે કાંઇ ? ચતુરલાલજી ! ઐસા લિખા થા 'અગાધ ગતિ'. અરે આત્મા ! તેરી તો કોઇ અગાધ ગતિ હૈ. એ દયા-દાનકા વિકલ્પકી વૃત્તિસે કોઇ ધર્મ માનતે ને મનાતે હૈ, એ બધા આત્માકા ન્યાયસે લૂંટનારા હૈ. સમજમેં આયા ? પ્રાણભાઇ ! ભારે આકરું ભાઇ ! આખું જગત તો એને ધર્મ માને.

(શ્રોતા : આખું જગત માને ને !) જ્ઞાની ન માને એક. એક ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ એને ધર્મ ન માને કે જેવા પાપબંધન છે હિંસા, જૂઠ, ચોરી, વિષય, આ રળવું કમાવવું શું હશે આ ? આ તમારા કમાવાનો ભાવ પાપ હશે કે પુણ્ય ? પણ આ છોકરા સાટુ(માટે) તમે રળો છો ને, કમાવવા સાટુ(માટે) (શ્રોતા : ...) નહીં ! પાપ, જિતના કમાવાના ભાવ, રળવાના ભાવ પાપ અને ફળે ઇ પૈસા પૂર્વના પુણ્યનું ફળ. વર્તમાન પાપની લોન નવી લે નવી એ ભવિષ્યમાં વટાવશે પાપ. સમજાય છે કાંઇ ? (શ્રોતા : તો ધંધો નહીં કરી શકાય ?) કોણ કરતો'તો. એય અજ્ઞાની રાગ અને દ્વેષ કરે દુકાન પર બેઠા. બાકી ત્રીજી ચીજ કાંઇ કરી શક્તો નથી. કુંવરજીભાઇ ! એ તો કાલે સંભળાવ્યું'તું ને કુંવરજીભાઇને. શુભ અને અશુભભાવ બેય સિવાય ત્રીજું એણે અનંતકાળમાં કોઇ દી' કભી કિયા નહીં. જડકી ક્રિયા શરીર હલાના આદિ વો આત્મા કર સકે ત્રણ કાળમેં નહીં. મરતાં દેહ આમ ઐસા હો જાતા હૈ. ભાઇ કાંઇ બોલો, કોણ બોલે ? ઇ તો જડ છે આ તો. આ તો માટી છે, ધૂળ છે.

આત્મા તો સચ્ચિદાનંદ અરૂપી, જ્ઞાનઘન ભિન્ન તત્ત્વ છે. એ તત્ત્વકી ખબર બિના હમ કિયા, શરીરકા કિયા, કુટુંબકા કિયા, નાતકા કિયા, ધંધા બહોત કિયા, ઐસા ઐસા કરકે હમ પાંચ-પચાસ કરોડ, પાંચ કરોડ ઇકઠ્ઠા કિયા, મૂંઢ તેરી માન્યતામેં બડી

વિપરીતતા હૈ. એય બહારસે મિલતા હૈ તો એ તો પૂર્વકા પુણ્ય પડયા. 'હુન્નર કરો હજાર ભાગ્ય બિન મિલે ન કોડી', લાખ તેરા હુન્નર કરને પૂર્વના પુણ્ય સત્તા. હા. પૂર્વે કોઇ શુભભાવ કિયા હો દયા-દાનકા, વ્રતકા કોઇ શુભભાવ કિયા હો, તો પુણ્ય બંધન હો જાય અને પુણ્ય બંધનકા પાક કે કાળમેં સોગઠી ગોઠવાઇ જાય, સોગઠી સમજતે હૈ? નહીં સમજતે હૈ? આહાહા! આમ પાસા નહીં રમતે? ભેંસ ને ગાય ને સોગઠી મૂકે છે કે નહીં? સમજમેં આયા? પોપટભાઇ! સમજાય છે કાંઇ? આ અમારી ગુજરાતી ભાષા સમજમેં આતે હૈ કાંઇ?

કહેતે હૈ કે પૂર્વકા પુણ્યના ફળ, થર આહીં આ સુખડીના થર નથી કરતા? સુખડી સમજતે હૈ? (શ્રોતા : આગળ કરતાં હવે ગ્યું) હવે ગ્યું પોપટભાઇ, આપણે તો હવે ઇ જોયેલું ભાઇ આ સુખડીના થર કરે, કારજ બારજ કરવું હોય, ડોસો મરી ગયા હોય તો સુખડી... તો જેવી જાતના સુખડીનો થર આવે એ ખાવો. જો કાચો આવે તો કાચા અને પક્કા આવે તો પક્કા અને લાલ હો જાય, જરી સુખડી લાલેય થઇ જાય છે ને થોડી અને દળદાર હોય દોઢ તસુ, ત્રણ તસુ દળદાર, એ આયે એ ખાના. એમ પૂર્વકા પુણ્ય ને પાપકા જૈસા ભાવા કિયા હો ઇતના પરમાણુ કર્મકા દળકી સુખડી પડી હૈ. આ ઉસકા પાક કે કાળમેં જો આયા વો લેના, મિલા, વો ઉસકો મિલા નહીં. ઉસકી પાસ આયી. આ માનતે હૈ કે મેરે મિલા. ઓ મમતા ઉસને કિયા. વો ચીજ તો ચીજમેં રહી. ચીજ કોઇ અહીં આ આતી નહીં. આ કાંઇ ત્યાં ઘૂસ જાતા નહીં.

અનાદિકાળસે પુણ્યકા પરિણામ ઉસકા ફળ હમકો ધર્મ હુઆ, ઐસી માન્યતાવાળાકો, આચાર્યદેવ કહેતે હૈ કે ઇન્દ્રના સુખસે સિદ્ધકા સુખ મોક્ષકા તેં અનંતગુણા માન્યા. એ જાતમેં તેરી ફેર હૈ તો તેરી માન્યતામેં ફેર હૈ. જે કારણસે પુણ્યબંધ હોતા હૈ, વો કારણસે ધર્મ હો, ઐસી તેરી માન્યતા, તો તેરે ઇન્દ્રકા સુખ કરતાં મોક્ષકા સુખ અનંતગુણા તેં જાતિ માન રખા હૈ. યે તેરી માન્યતામેં બડી એ આઠ પાંચશેરીની ભૂલ હૈ. આઠ પાંચશેરી સમજે? મણમેં મણકી ભૂલ. સમજમેં આયા? અહીંયા તો આચાર્ય વો બાત કહેતે હૈ ... હૈ કે ભગવાન તેરા સંસારકી સામગ્રી કા ફળ ઉસકો અનંતગુણા તું મોક્ષકા સુખ માનતે હૈ, યે તેરી બડી મિથ્યાશ્રદ્ધા હૈ. અજ્ઞાન પાખંડ તેરી દૃષ્ટિમેં હૈ તો તર્ક હમને ક્યું ઐસા ન જાણ્યા કે અમે ઐસા... દેખો અહીં કહેતે હૈ ને, ''**શાસ્ત્રવિષૈ ભી તૌ ઇન્દ્રાદિકતૈં અનંતગુણા સુખ સિદ્ધનિકૈ પ્રરૂપૈ હૈ....**''

શિષ્યે ''**પ્રશ્ન....**'' કિયા. હમ ક્યા કહેતે હૈ? હમ તો કહેતે હૈ પણ શાસ્ત્ર ઐસે કહેતે હૈ. એમ શિષ્યે પ્રશ્ન (કિયા). દેખો છે ને? ''**ઇન્દ્રાદિકતૈં અનંતગુણા સુખ**

**સિદ્ધનિકૈ પ્રરૂપૈ હૈ....''** મોક્ષ, સિદ્ધ એટલે મોક્ષ. પરમાત્મદશા જો હો, જૈસે વો ચણામેંસે મિઠાશ પૂર્ણ પ્રગટ હો પીછે ઉગે નહીં. એમ આત્માકા આનંદ અંદરમેંસે અનુભવ કરકે, પુણ્ય-પાપકા રાગસે હટકર, અપના ચૈતન્ય ભગવાન આનંદકંદ, ઐસી દૃષ્ટિ ઔર અનુભવ કરતે કરતે પૂરણ મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ. ત્યાં આગળ કભી થોડા દુઃખ કે રાગ કે સંસારમેં અવતરના વો સિદ્ધ પરમાત્મદશામેં હોતા નહીં. તો કહેતે હૈ શિષ્ય, મહારાજ અમને તમે નિષેધ કરો છો કે સ્વર્ગના સુખ કરતાં અનંતગુણા સુખ અમે મોક્ષમાં માનીએ તો હમ મૂઢ હૈ, હમારી દૃષ્ટિ વિપરીત કહેતે હૈ પણ હમ તો શાસ્ત્રમેં લિખા તુમકો બતાતે હૈ. સમજમેં આયા ?

''**શાસ્ત્રને વિષે ઈન્દ્રાદિક આદિ....**'' ઈન્દ્ર આદિ એટલે રાજા મહારાજા અબજોપતિ બધા ખમ્મા ખમ્મા થાતી હોય કે નહીં ? એક એક દિવસના પચાસ-પચાસ હજારની પેદાશ. આ હું પહોળો ને શેરી સાંકડી. કુંવરજીભાઈ ! આહાહા ! શું તેથી આહાહા ! હવે ? એવી તો ધૂળ અનંતવાર મિલી હૈ અને એના કારણરૂપે પુણ્યભાવ ભી તું અનંતબાર કર ચૂકા હૈ પણ આત્મા ક્યા હૈ ઉસકી પીછાન એક સેકંડ ભી કભી કરી નહીં. 'જે સ્વરૂપ સમજ્યા વિના' વો શ્રીમદ્ કહેતે હૈ ને ! શ્રીમદ્ રાજચંદ્ર પહેલા શ્લોકમેં ઓગણત્રીસ વર્ષે ઉસને એકસો બેતાલીસ શ્લોક બનાયા. ઉસકો જાતિસ્મરણ તો સાત વર્ષસે થા. શ્રીમદ્ રાજચંદ્ર, વવાણિયાના દશાશ્રીમાળી વણિક હતા. એમને સંવત૧૯૨૪માં જન્મ અને સંવત ૧૯૩૧માં સાત વર્ષની ઉંમરે પૂર્વભવકા ભાન થા, જાતિસ્મરણ. આ ભવ પહેલા મૈં ક્યા થા આ ગયા. એમ કરતે પછી સોલ વર્ષકી ઉંમરમેં એક મોક્ષમાળા બનાયી, સોલા બરસ. દસ ને છ. એકસો આઠ પાઠ બનાકર નામ મોક્ષમાળા, માળામેં એકસો આઠ મણકા હોતા હૈ ને ! એ એકસો આઠ મણકા તો એ એકસો આઠ બનાકર મોક્ષમાળા બનાયી.

પીછે વો કહા હૈ 'બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો તો યે અરે ! ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો' તે આત્માનું સુખ ક્યા હૈ ખબર નહીં. 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો, ક્ષણ-ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો ! રાચી રહો'. ક્યા કહેતે હૈ ? એ ક્ષણ–ક્ષણમેં તેરે પુણ્ય ને પાપકા ભાવ ઉત્પન્ન હોતા હૈ, આ વો મેરી ચીજ હૈ, ઔર મેરે લાભદાયક હૈ, ઐસે માન્યતાવાળાકા આત્માકા આનંદ લૂંટ જાતા હૈ. આત્માકા આનંદ લૂંટતા હૈ. ઓ આત્મસિદ્ધિ ! સમજમેં આયા ? આત્મસિદ્ધિ કી શરૂઆત કી ઓગણત્રીસ વર્ષમેં, કે 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, એ સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.' એ પહેલો શ્લોક આ ઉપાડયો એમ કરતાં દોઢ કલાકની અંદર આખા એકસો બેતાલીસ શ્લોક બનાયા. સમજમેં આયા ?

કહેતે હૈ કે અનંતકાળમેં તેં આત્મા પ્રભુ સત્ ચિદાનંદ આનંદકંદ આ ક્યા હૈ? અપના આત્મામેં આનંદરસ પડા હૈ ઔર શુભ ને અશુભ દયા, દાન, વ્રત, કામ, ક્રોધકા ભાવમેં દુઃખ હૈ. આહાહા! સમજમેં આયા? જગતસે તો નિરાળી ચીજ હૈ. અનંત અનંત કાળસે પરિભ્રમણ કિયા, કભી ઉસને આત્માકી ચીજ ક્યા એક સેકંડ પિછાની નહીં. એક સેકંડ પણ પિછાને, જેમ પર્વતમાં બડી વિજળી પડતાં દો ટૂકડા હો જાય ઓ ટૂકડા પીછે મિલે નહીં. રેણ દીધી રેણ. રેણ સમજતે હૈ ક્યા કહેતે હૈ ઉસકો? સંધિ મારતે હૈ ને? તો દો ડુંગરમેં કટકા હો જાય વિજળીસે તો ક્યા રેણ દેકે ઈકઠ્ઠા હોતા હૈ?

ઐસે ભગવાન આત્મા એ પુણ્ય ને પાપના રાગસે રહિત મેરી ચીજ અંદર ભિન્ન હૈ. એક સેકંડ પણ સમ્યગ્દર્શન ને જ્ઞાન હુઆ, જન્મ-મરણકા અંત ઉસકો આયા. સમજમેં આયા? અને ઓ બિના અનંતબેર યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ, વૈરાગ અથાગ લહ્યો. યમ નિયમ સંયમ ત્યાગ કિયો 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ અથાગ લહ્યો', મુખ મૌન રહ્યો, દૃઢ મુખ મૌન રહ્યો, 'જપ ભેદ જપે તપ ત્યોં હી તપેં સબસે ઉદાસી લહી સબતૈં', બધાથી ઉદાસ સબ ત્યાગ સબ કરકે... અરે! પણ તેરા આત્મા ક્યા? ઉસને એક સમય પિછાના નહીં. એવી ક્રિયાકાંડ અનંતબેર કિયા જિસમેં અજ્ઞાનીએ ધર્મ માન્યા અને મનાવ્યા. મનાયા તેરે ધર્મ હોગા હળવે હળવે હોગા. દુકાન છોડકર બૈઠે હૈ ને તો તમારે ધર્મ હૈ ને! ધૂળમેંય નહીં હૈ, સુન તો સહી. દુકાન છોડી હી નહિ તેણે. અંદરમેં એક રાગકા કણ શુભ આવે, આ ઉસકો ભલા માનના એ અનંતી કસાઈખાનાની દુકાન ચલાતે હૈ. સમજમેં આયા? કઠણ વાત છે કઠણ.

જગતને જન્મ-મરણ રહિતકી ક્યા ચીજ હૈ વો સુનનેમેં આયી નહીં, ઔર શ્રદ્ધા તો કહાંસે આવે? જ્ઞાન તો કહાંસે હોય? અને ચારિત્ર તો કહાં રહા? એ તો આત્માકા અનુભવ સમ્યગ્દર્શન હુએ પીછે એ સ્વરૂપમેં આનંદમેં લીન હોના ઉસકા નામ ચારિત્ર હૈ. બાહ્યકી ક્રિયાકાંડકો ભગવાન ચારિત્ર કહેતે નહીં. સમજમેં આયા? તો કહેતે હૈ આત્માના સ્વરૂપનું ભાન નહીં, પામ્યો દુઃખ અનંત. એમ ન કહ્યું કે ફલાણી ક્રિયા પુણ્યની કિયા નહીં માટે પામ્યો દુઃખ અનંત. સમજમેં આયા? અરે ભગવાન! તેરે ખબર નહીં. તુમ તો અનાદિકા હૈ, અનાદિ... અનાદિ... અનાદિ આદિ નહીં ક્યાં છે? ક્યાં છે? ક્યાં છે વો અનાદિકા હૈ. (શ્રોતા : ...) કેવળી ભી અનાદિ દેખતે હૈ. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એ ભી આત્માકો અનાદિ, આદિ નહિ હૈ, હૈ ને હૈ. જો ચીજ ન હોય, 'ન તતો વિદ્યતે ભાવો' ન હોય તે નવી હોતી નહીં, હોય તે પુરાણી પલટકર બદલે પણ નાશ હોતી નહીં. રૂપાંતર હો, નાશ હોતી નહીં.

અનાદિકાળસે આત્મા અને પરમાણુ આ માટી, આ જડ, જડ, માટી જડ, એ આ પૈસા જડ, દાળ-ભાત જડ, માટી જડ, શરીરના ચામડા, લોહી રૂપાળા લાગે એ માટી માંસના હાડકા જડ. એ અનાદિ ચૈતન્ય ને જડ અનાદિ તત્ત્વ હૈ. એ કોઈ નયા હૈ (નહીં) ઐસા આત્મા અનાદિકા ચોરાશીકા પરિભ્રમણમેં ભમ્યા. પણ ઉસને પુણ્ય-પાપકા ફળમેં, પાપકા ફળમેં તો જરી એને ઠીક લાગે કે આહાહા! પાપ તો બહુ ખરાબ હોં. ઉસસે નરક મિલે, તિર્યંચ યોનિ મળે, આ ઢોર યોનિ મિલે. આ પુણ્યસે તો હા પોપટભાઈ! પુણ્યથી આ દાનમાં પાંચ-પચાસ લાખ ખર્ચે તો, ત્યાંય પણ ધર્મનું સ્થાન પહેલું મળે કે નહીં? સમજમેં આયા? અરે તારા પાંચ-પચાસ લાખ શું, પચાસ કરોડ હોયને એમ ને એમ શરીરેય વેંચી નાંખને ધર્મ કિંચિત્ ઉસમેં હૈ (નહીં). આહાહા! એ તો પુણ્ય પરિણામ, ઓ ક્રિયાકો અજ્ઞાની ધર્મ માનતે હૈ, ઔર ઉસકે અનંતગુણા સુખ મોક્ષમેં...

તો આચાર્ય કહેતે હૈ, સાંભળ અમે શાસ્ત્રમાં ઈન્દ્રના સુખ કરતાં, મોક્ષના સુખ જો અનંતગુણા કિયા(કહ્યા) ઉસમેં ક્યા હમારા આશય હૈ? ઓ તું સુન. મોક્ષના સુખ ને સ્વર્ગકા સુખકી જાત એક નહીં, એક નહીં. ઝેર અને અમૃતની જાત એક નહીં. સંસારના સુખ તો ઝેર... ઝેર... ને ઝેર. ઝેરના વાટકા (શ્રોતા : એને ઝેરમાં મજા પડેને) મજા પડે એ તો હરખ સનેપાત. એ તો કહ્યો'તોને દાખલો એકવાર. એ બચ્ચા હોતા હૈ છોટા વરસ - દોઢ વરસકા, તો ઉનાળાકી ગરમી હોતી હૈ ને જેઠમાસકી, બહોત ગર્મી તો ઉસકી માએ બરાબર ખબર ન હોય તો દૂધ બહોત પાયા હો, પીછે સેરણા હો જાતા હૈ, ટટ્ટી બહોત પતલા હોતા હૈ દેખા હૈ કભી? હમને તો સબ દેખા હૈ. એ પતલી ટટ્ટીમેં હાથ નાંખે ઠંડા લાગેને ગરમી બહુ હોય એટલે હાથ નાંખે ને એ ચાટે. ધન્નાલાલજી! એ દશા સંસારકી હૈ. એ આત્માકી પર્યાયમાં દશામાં પુણ્ય ને પાપ, ઓ દોહી ભાવ વિષ્ટા હૈ. સમજમેં આયા? માને ક્યાંથી? કોઈ દી' ખબર ન મળે. (શ્રોતા : ...) હેં? આહાહા! મજા... મજા... મજા એ છોકરાના લડકાને, વો ટટ્ટીકા સ્વાદ આતા હૈ, ઐસી મજા સંસારકા પુણ્યકા ફળમેં હૈ. પ્રાણભાઈ! થાતું હશે આ!

સરદારમલજી! તમે તો ક્યાં પૈસા તમારા બાપ મૂકી ગ્યા છે પહેલેથી. ઘણાં લાખો, તો એને સુખ હશે કે નહીં? તમને તો શાણા માણસો એમ કહે છે લ્યો, સુખી છે બહુ. (શ્રોતા : એ તો જન્મથી સુખી છે) જન્મથી સુખી, એમ કહે છે કે એના બાપ મૂકી ગ્યા છે. કેટલા? પંદરલાખને કેટલા, સુખી હોગા કે નહીં? ધૂળમેંય નહીં, હવે સાંભળને. એ પોપટભાઈ! આ બધા માખણ ચોપડે હોં તમને અને બધા ને પૈસાવાળા માણસને. ઓલા નાનાલાલભાઈ

હતાને, નાનાલાલભાઇ છે ને! નાનાલાલ કાળીદાસ. બેચરદાસ કાળીદાસ ગુજરી ગ્યાને હમણાં તો એના વેવાઇ આવ્યા'તા એક ફેરે અહીંયા. તો જેવા આવ્યા તો કહે ઓહોહો! અમારા વેવાઇ બહુ સુખી છે. વઢવાણના હતા વઢવાણના. (શ્રોતા : ચૂડગર) હેં? ઇ ચૂડગર લ્યો.

એ ચૂડગર આવ્યા એટલે કહે અમારા વેવાઇ બહુ સુખી. સુખની વ્યાખ્યા શું? કીધું. સુખીની વ્યાખ્યા કરોડપતિ છે માટે? જસાણી કરોડપતિ છે એને પાંચ-સાત લાખની પેદાશ છે માટે? કોણ કહે સુખી? હેં? (શ્રોતા : મોટર વગેરે હોય) ધૂળમાંય સુખ નહીં મોટરમાં. એ ગાડી ચડી છે માથે, એ ગાડી ઉપર બેઠો નથી. એને નભાવવાની તૃષ્ણા, એ નભાવવાની તૃષ્ણા અને એના આબરૂ પ્રમાણે રાખવાની તૃષ્ણા એના ઉપર ખોળો ચડીને બેઠી છે. (શ્રોતા : એ ક્યાં મોટરમાં) એ મોટરમાં ક્યાં બેઠો? એ તો એનામાં બેઠો છે. બાપા! સુખ બુખ ધૂળમાંય નથી.

એ કરોડપતિ સુખી નથી ને અબજોપતિ ય સુખી નથી. એ આ છોકરા, લડકાની જેમ વિષ્ટા કાઢી વિષ્ટા છે એ. શાસ્ત્રકારે ભૂંડને આ વિષ્ટાનો ખોરાક હોય એમ દૃષ્ટાંત આપ્યો છે. એ વિષ્ટા, મનુષ્યના ખોરાકની કાઢી નાંખેલી ચીજ છે. એમ જ્ઞાનીએ પુણ્યના ફળ અને પુણ્ય વિષ્ટા તરીકે શ્રદ્ધા જ્ઞાનમેંસે નિકાલ દિયા હૈ. ઐસા પુણ્યકા ફળ ભૂંડ જૈસા મિથ્યાદૃષ્ટિ, એ લક્ષ્મીમેં મજા ભૂંડ જૈસા માનતે હૈ. સમજાણું કાંઇ? વો મનુષ્ય અનાજ ખાતે હૈ. લોઠા બાજરા ને જુવાર અને દાણાને અને ઉસમેંસે વિષ્ટા નિકલી ભૂંડ ખાતે હૈ. આચાર્યદેવ દૃષ્ટાંત દેતે હૈ અરે ભગવાન! એકવાર સુન તો સહી. તેં તેરી ચીજ અને વિકાર ક્યા કિયા, તુને સુના હી નહિ કભી.

અનંતકાળમાં ત્યાગી હુઆ, ભોગી હુઆ, અબજોપતિ હુઆ. આ અનાદિકા આત્મા હૈ. એ ક્યાં પહેલા વહેલા હૈ? અનંતબેર અબજોપતિ હુઆ. અનંતબેર જૈન સાધુ હુઆ, અનંતબેર. સમજમેં આયા? પણ તેરા આત્મા ઔર અંદરમેં પુણ્ય પરિણામ ક્યા હૈ? ઉસકા ભેદજ્ઞાન કભી એક સેકંડ ભી કિયા (નહીં). ચારગતિમેં રુલા ને પરિભ્રમણ કિયા. કહેતે હૈ મનુષ્યકા ખોરાક તો અનાજ, ઉસકા ખોરાકકી વિષ્ટા વો ભૂંડકા ખોરાક. ઐસે ભગવાન આત્મા સમ્યગ્જ્ઞાની અંતરદૃષ્ટિ હુઆ. અરે! મૈં તો આનંદ હૂં. મેરી વર્તમાન દશામેં પુણ્યભાવ જો ઉત્પન્ન હોતા હૈ, દયા, દાન, વ્રત એ તો વિષ્ટા સમાન નિકાલનેકી ચીજ હૈ. એ નિકાલનેકી ચીજકો ભૂંડ જૈસા મિથ્યાદૃષ્ટિ ઉસમેં ધર્મ માને ને મનાવતે હૈ ઉસકો ભૂંડકી ઉપમા આચાર્ય દેતે હૈ, એને ક્યાં ચંદા કરવા છે આ કો'ક પાસે કે આ સારું લાગે કે ન લાગે. હેં? (શ્રોતા : ...) પૈસાવાળા પાસે ખરડો કરવો હોયને કે આ પાંચહજાર ભરજો, બે હજાર ભરે, ન ભરે, આંહી ક્યાં કામ હૈ.

આચાર્ય સત્ય બાત જગત પાસે પ્રસિદ્ધ કરતે હૈં, આહાહા! આ અબજોપતિ ભૂંડ જૈસા! ભાવ, ભાવ, ભગવાન તેરી ચીજ તો આનંદ હૈ ને! ઉસકી તો કભી તેં પ્રતીત કિયા નહીં, અને પુણ્યકા ફળમેં બહોત તો પાપકા ફળમેં હી ખડા, ખડા... ખડા... ખડા... પણ પુણ્યકા બંધનને તે ભલા માન્યા તો બંધનને ભલા માનનેવાલા મિથ્યાદૃષ્ટિ હૈ. ઐસી શ્રદ્ધા અનંતકાળમેં સેકંડ ભી કિયા (નહીં) જ્ઞાનીએ કાઢી નાંખી વિષ્ટા, એ ઓલા સ્વાદ લે, સ્વાદ લેતે હૈ. હમણાં અમારે બાદશાહી છે, બોલે છે ને એમ બેઠા હોય ત્યારે એય. ચક્રવર્તીનું રાજ બેઠું જાણે એ તો. પાંચ-પચ્ચીસ લાખ મળ્યા હોય એ કુટુંબ, કુટુંબ, કબીલો એ તો કળશી કુટુંબ ભેગું થઈને બેઠું હોય આમ, શું છે? હમણાં અમારે બાદશાહી છે, શેની? દુ:ખની. ઈ કાંઈ કહે નહીં પણ દુ:ખની હો. એમ કહે? (શ્રોતા : એને ખબર જ સુખની છે ને) ભાન જ ન મળે એને એ સનેપાતિયા.

એ સનેપાતિયા કહેતે હૈ ને! ક્યા કહેતે હૈ તુમ્હારેમેં. (શ્રોતા : ...) વાત, પિત્ત ને કફ હોતા હૈ ને! એ ખડખડ ખડખડ હસે. એ ખડખડ ખડખડ હસે. જોડેવાળા માણસ કહે અરેરે! હમણાં બે-ચાર કલાકે ઠરી જશે. સમજમેં આયા? એ હરખ સનેપાત એ સનેપાતમાં હરખ દાંત કાઢે એ સુખી હશે? (શ્રોતા : ટાઢો મુંઝારો) હેં? ઝાડો અંદર મુંઝાઈ ગયેલો છે એ (શ્રોતા : ટાઢો મુંઝારો) હા, ટાઢો મુંઝારો પણ ઝાડોય ન્યાં(ત્યાં) અંદર થઈ ગયો છે. કહ્યું ટાઢો મુંઝારો. આ બે-ચાર કલાકે ખલાસ. અમે નજરે જોયું છે ને! ઓલા દાંત કાઢે. બત્રીસ વરસનો જુવાન હતો લીમડાની અંદર અને પછી ઝાલે પાંચ-સાત જણા રહે નહીં અને ખડખડ દાંત કાઢે. લોકો રોવે એની વહુને અરે! હવે સવાર નહીં કાઢે. એલા પણ આ દાંત કાઢે છે ને! જેમ એ હરખ સનેપાતિયો દાંત ને ખુશી માને છે એમ અજ્ઞાની પૂર્વના પુણ્યના ફળમાં રાજીપો બતાવે, હરખસનેપાતિયો છે. (શ્રોતા : સનેપાત ક્યા?) સનેપાત નહીં સમજતે હૈ? (શ્રોતા : ત્રિદોષ, ત્રિદોષ) ત્રિદોષ... ત્રિદોષ અમારે કહેતે હૈ. વાત, પિત્ત ને કફ. વાત, પિત્ત ને કફ ક્યા? મિથ્યાદર્શન - મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર એ તીનોંકા બડા રોગ હો ગયા હૈ મિથ્યાશ્રદ્ધા. સમજમેં આયા?

તો અહીંયા કહેતે હૈ એ સુખ માનતે હૈ પણ સુખ હૈ નહીં. તો વો સુખ માનતે હૈ ઉસકી દૃષ્ટિમેં ઐસા હૈ કે પુણ્ય કરતાં અનંતગણું સુખ મોક્ષમેં હોગા પણ પુણ્ય તો ઝેર હૈ. ઉસકા ફળ મોક્ષમેં તું ગિનતે હૈ? તેરે નથી મોક્ષકી ખબર, નથી તેરે પુણ્યકી ખબર, નથી તેરે આત્મતત્ત્વ ક્યા હૈ ઉસકી ખબર! બેફામ અજ્ઞાની મૂર્ખની પેઠે બકતે હૈ. સમજમેં આયા? પ્રાણભાઈ! ત્યારે કહે આ ઈન્દ્રાદિનું સુખ શાસ્ત્રમાં કહ્યું છે ને! કે સાંભળ ''**જૈસે તીર્થંકરકે**

**શરીરકી પ્રભાકૌં સૂર્યપ્રભાતૈં કોટયા ગુણી કહી....**'' પરમાત્મા દેહનું શરીરમાં સર્વજ્ઞપદ જ્યારે પ્રગટે સર્વજ્ઞ.

જૈસે એ ચોસઠ પહોરી પીપર. પીપર સમજતે હૈ ને! ઓ લીંડીપીપર, છોટી પીપર. ઉસમેં ચોસઠ પહોરી તીખાશ ભરી હૈ. તીખાશ સમજતે હૈ? તુમ્હારે ચરપરાઇ. હિંદી ભાષામેં ચરપરાઇ કહેતે હૈ વો એક એક પીપરકે દાણેમેં ચોસઠ પહોરી ચરપરાઇ પડી હૈ અંદરમેં, એ જબ જ્યારે ચોસઠ પહોરી પ્રગટ હોતી હૈ, કહાંસે આયી? પત્થરમેંસે? કાંકરા કસ ડાલો નિકલે? ધૂળમેંસે નિકલે? એ પીપરકે દાણેમેં ચોસઠ પહોરી પીપરમેં રસ પડા હૈ રસ. તીખારસ, ચરપરારસ તો હૈ ઉસમેંસે નિકલતે હૈ, પ્રાપ્ત કી પ્રાપ્તિ હૈ ઔર વો વહાંસે મિલતી (હૈ). એ પૂરણ દશા જબ હો ગયી ચોસઠપહોર હો ગયી. હવે એને ઘસવાની કાંઇ જરૂર ... હવે એ પાછી ત્રેસઠ થાય નહીં ત્રેસઠ થાય નહિ અને હવે ઘસવાની જરૂર (નથી).

એમ ભગવાન આત્મા સમજમેં આયા? એક સેકંડકા અસંખ્ય ભાગમાં અંદર પૂર્ણાનંદકો એકાકાર આનંદ તો પડા હૈ ચોસઠપહોરા. ચોસઠ નામ સોળઆના. ચોસઠ નામ સોળઆના. ચોસઠ પૈસા, રૂપિયો પૂરણ સબ એક અર્થમેં હૈ. એક એક પીપરને દાણે પૂરણ આનંદ પડા હૈ ચોસઠપહોરા, બહાર પ્રગટ હોતા હૈ, એમ ભગવાન આત્મા પ્રત્યેક દેહમેં બિરાજમાન એક એક લીંડીપીપરમેં જેમ ચોસઠપહોરી હૈ, એમ આ આત્મા એકએકમેં અંદરમેં, પૂરણ આનંદ હૈ એ આનંદકા અંદર અનુભવ કરતે, પૂરણદશા જ્યાં પ્રગટ હુઇ આ ઉસકો તીર્થંકર કહેતે હૈ. અને ઉસકા પૂર્વકા પુણ્યકે કારણ ઇન્દ્રો મોટી સભા રચતે હૈ, આપણે છે ને અહીં સમોશરણ દેખાવ કિયા હૈ. ઇન્દ્ર ઉપરસે ઉતરકર સભા કરતે હૈ. એ તીર્થંકરકી ઉપમા અહીંયા દેતે હૈ.

તીર્થંકરકા શરીર ઐસા હોતા હૈ કે ''**સૂર્યપ્રભાતૈં કોટયા ગુણી....**'' શરીરની પ્રભા સૂર્યની પ્રભાથી ક્રોડગુણી. સુંદર શરીર, નિર્મળ, સર્વજ્ઞ પરમાત્મા જબ આત્મા... ચોસઠપહોરી જેમ તીખાશ પડી હૈ ને પ્રગટ હોતી હૈ એક એક દાણેમેં, ઐસે આત્મામેં જબ પૂરણદશા પડી હૈ શક્તિ, ઉસકા અનુભવ કરકે આત્મામેં પુણ્ય-પાપસે હટકર દેહકી ક્રિયા મેરી નહીં, પુણ્ય-પાપ વિકલ્પ ઉઠતે હૈ વો મેરા નહીં, ઐસા અંતરમેં અનુભવ કરતે કરતે જબ કેવલજ્ઞાન હોતા હૈ, તો તીર્થંકરકા શરીર પરમ ઔદારિક સ્ફટિક જેવા દેખાય. સ્ફટિક એની પાસે કોઇ દેખે શરીરમાં સાત ભવ દેખે. સાત ભવ ઇતના શરીર સુંદર ઓ ઇસકી બાત આચાર્ય કહેતે હૈ. દેખો ભૈયા કે ઇન્દ્રાદિકકા સુખ તેં સિદ્ધકા અનંતગુણા કહ્યા વો તો અપેક્ષાસે કહા હૈ. કઇ અપેક્ષા? આ. ''**તીર્થંકરકે શરીરકી પ્રભાકૌં સૂર્યપ્રભાતૈં કોટયા ગુણી કહી તહાં તિનકી એક જાતિ નાહીં....**''

એ ક્યાં સૂર્યની પ્રભા અને ક્યાં ભગવાનના શરીર પરમ ઔદારિક સ્ફટિકરત્ન જેવું થઇ ગયું. સમજમેં આયા ? જ્યાં આગળ બાર સભા વ્યાખ્યાન સુનનેકો આતી હૈ, ઇચ્છા બિના ૐકી ધ્વનિ નિકલતી હૈ, ઇચ્છા બિના ૐ ધ્વનિ, ઔર સિંહ, વાઘ, હાથી, રાજા-મહારાજા અને ઇન્દ્રો સભામેં સુનતે હૈ ''**ઐસા તીર્થંકરકી પ્રભાકૌં સૂર્યપ્રભાતૈં કોટયા ગુણી કહી એક જાત નાહીં....**'' જાત એક નહીં. આ તો ઔદારિકની પ્રભા મહાન દુસરી જાતકી હૈ. પરંતુ ''**લોકવિષૈ સૂર્યપ્રભાકી મહિમા હૈ તાતૈં ભી બહુત મહિમા જનાવનેકૌં ઉપમાલંકાર કીજિયે હૈ....**'' ઉપમા અલંકાર હૈ. સૂર્ય ક્યાં અને ક્યાં પ્રભુનું શરીર એટલું સ્ફટિક જિસમેં રોગ નહીં, ક્ષુધા નહીં, તૃષા નહીં, છેલ્લું કેવલ જ્યાં પૂર્ણ દશા પ્રગટ થાય એ પરમાત્મદશા, શરીરમાં રોગ ન હોય, ક્ષુધા ન હોય, આહાર ન હોય. પાણી ન હોય, કાંઇ ન હોય એવા શરીરની પ્રભાને સૂર્યથી ક્રોડગુણી કહી, જાત એક નહીં જાત બીજી છે પણ સૂર્યની પ્રભા દુનિયામાં વિશેષ ગણાય છે એની ઉપમા આને આપી છે.

''**તૈસેં સિદ્ધસુખકૌં ઇન્દ્રાદિસુખતૈં અનંતગુણા કહ્યા. એક જાતિ નાહીં....**'' એ ઇન્દ્રના સુખને અનુભવે અને મોક્ષના સુખનો અનુભવ એક જાત નહીં. જાત એક નહીં. ''**પરંતુ લોકવિષૈ ઇન્દ્રાદિસુખકી મહિમા હૈ....**'' દુનિયા તો એક ભૂતડું આવે ને દેવ આહાહા ! આ મૂરખને કાંઇ એક ભૂતડું ને દેવ દેખાય તો કહે આહાહા ! અરે ! અનંતબેર દેવ તુમ હુઆ ક્યા હૈ ઉસમેં ? પૂર્વે ઐસા પુણ્ય કિયા, ઐસા પુણ્ય કિયા મરકર દેવ હુઆ. સ્વર્ગનો દેવ એ પણ એક ધૂળના ઢગલાનું શરીર છે. ઉસમેં કોઇ આત્માકા લાભ (હૈ નહીં) દેહસે હૈ નહીં. તો કહેતે હૈ કિ એક દેવ દેખે સાધારણ આહાહા ! માનો આને, નારિયલ ફોડો, આસ્થા કરો. કાંઇ મૂર્ખાઇના કાંઇ ગામ જુદા વસતા હશે ? સમજાય છે કાંઇ ? ગામ દીઠ મૂરખ વસે. એના ગામ કાંઇ જુદા હોય નહીં. એમ એક ભૂતડું જાણે દેખાય જાણે કે આહાહા ! દીકરો આપે ને આ આપે ને પૈસા આપે ને જ્યાં ને ત્યાં માન્યતામાં માથા ધૂણાવે. કહેતે હૈ એ ''**સિદ્ધસુખકૌં અનંતગુણા કહ્યા એક જાતિ નાહીં....**'' એ સ્વર્ગના સુખ ને મોક્ષની જાત એક નથી. ''**પરંતુ ઇન્દ્રાદિકકી બહુત મહિમા....**'' મહિમા જણાવી.

''**પ્રશ્ન: જો સિદ્ધસુખ ઔર ઇન્દ્રાદિ સુખકી એક જાતિ વહ જાને હૈ ઐસા નિશ્ચય તુમ કૈસે કિયા ?....**'' દેખો ક્યા કહેતે હૈ પ્રશ્ન કર્યો. મહારાજ ! આ અજ્ઞાની જીવ સિદ્ધના સુખને અને ઇન્દ્રના સુખને એક જાણે છે આપ કહાંસે નિકાલા ? આ બધા પ્રાણીઓ અનાદિસે સ્વર્ગકા સુખ ને પરમાત્મા મોક્ષકા સુખ એક માનતે હૈ તુમ નિકાલા કહાંસે ? આ શિષ્ય પ્રશ્ન કરતે હૈ. ''**આ જિસ ધર્મ સાધનકા ફલ સ્વર્ગ માને હૈ....**'' સાંભળ અમારી

વાત. એ અજ્ઞાની જે ધર્મના સાધનનું ફળ સ્વર્ગ માને છે એ દયા, દાન, વ્રતના પરિણામમાં સ્વર્ગ માને છે એ ધર્મસાધનનું ફળ મોક્ષ માને છે. સમજમેં આયા ? એ જે ધર્મ માને છે એ પુણ્ય છે. એ પુણ્યનું ફળ સ્વર્ગ છે છતાં એનાથી મને મોક્ષ મળશે એમ માને છે. સમજમેં આયા ? સમજમેં આયા ? શું કહ્યું ? એ અજ્ઞાનીને અમે પરીક્ષા કે એવો જેવો જાત પુણ્યકી હૈ દયા, દાન, વ્રત, જપ, તપ, ભક્તિ, પૂજા કે વ્રત પાલના, દાન કરના વો પુણ્યભાવ હૈ. આ ઉસસે સ્વર્ગ ભી માનતે હૈ, ઔર હળવે હળવે ઉસસે મોક્ષ ભી હોગા ! હૈ ને દેખો.

''**કોઇ જીવ ઇન્દ્રાદિપદ પાવૈ કોઇ મોક્ષ પાવૈ....**'' પહેલું આવ્યું જુઓ. ''**તહાં તિનદોઉનિકૈ એક જાતિ ધર્મકા ફલ ભયા માને....**'' સમજે ? ખબરેય ક્યાં છે કે કયા ફળથી સ્વર્ગ મિલે અને કયા ફળથી મોક્ષ મળે ખબર નહીં. એ તો કરોને આપણે, ઉસમેંસે સ્વર્ગ ભી મિલેગા ઔર મોક્ષભી (મિલેગા). ઇસકી ઐસી માન્યતામેંસે હમ નિકાલા કે રાગમેંસે સ્વર્ગ મિલતે હૈ, રાગકી ક્રિયા હૈ વો સબ ઔર ઉસસે મોક્ષ ભી મિલતે હૈ ઐસે વો માનતે હૈ તો હમ કહેતે હૈ કે સ્વર્ગકા એક જાતકા સુખ અને મોક્ષકા સુખ એક જ માનતે હૈ. ભિન્ન માનતે નહીં. એની શ્રદ્ધામેં ભિન્નતાકા ભાવ હૈ નહીં. સમજમેં આયા ? સમજાય છે ને ! પોપટભાઇ ! શું કહ્યું આમાં ? શું કહ્યા એટલે ક્યા કહા ? એને ખબરેય નથી બચારાને, કાનેય પડી નથી વાત, ક્યાંથી કરે ? સમજાણું કાંઇ ?

'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવધર્મ રુચિ હીણ, ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન ?' જેવું કૂવામાં હતું એ અવેડામાં આવે. એટલે કે દ્રવ્યક્રિયા, આ વ્યવહાર, આ કરું ને આ કરું, દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને એનાથી કલ્યાણ થાય એવા દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવધર્મ રુચિહીન પણ એ રાગથી મારી ચીજ જુદી છે, અનુભવમેં આને લાયક ચીજ હૈ દૂસરી, આ ઉસકા ભાન કભી કિયા નહીં, કેમ કરે ? ઉપદેશક પણ તેહવા, માથે બેસીને કહેનારા પણ (તેહવા) માલી મકવાણી ને જોગી જસલો બેય ભેગા થયા. આપણે અમારે છે કાઠિયાવાડમાં એમ હશે તમારે કાંઇ ? જૈસા જસલા જોગી એવી માલી, માલી મકવાણી. માલી મકવાણી નટખટ હતી એટલે એને કોઇ રાખે નહીં. જસલા જોગીને કોઇ મળે નહીં. એકલો વાંઢો ને પૈસા વિનાનો. બેયનો થયો ભેટો એમ આચાર્ય કહેતે હૈ અનંતકાળસે ઉસકો પુણ્યની ક્રિયા, વ્યવહારની ક્રિયા, વો દયા, દાન, વ્રત, સામાયિક, પૌષધ આદિ જે રાગ આ ઉસમેં પુણ્યભી હોગા અને ક્રમે ક્રમે ઐસા અજ્ઞાની માનતે હૈ, આ મનવાનેવાલા ભી મિલ ગયા. સમજમેં આયા ? ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન ?

'હે ચંદ્રાનન જિન સાંભળીએ અર દાસ' એ ભગવાનની સ્તુતિ છે ચંદ્રાનન ભગવાન હૈ ને! વીસ બિહરમાન મહાવિદેહક્ષેત્રમેં વર્તમાન બિરાજે છે, સાક્ષાત્ તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા, કેવલજ્ઞાનપણે સીમંધર આદિ વીસ તીર્થંકર મહાવિદેહક્ષેત્રમેં મનુષ્યદેહે સીધા બિરાજતે હૈ, સમજમેં આયા? ઉસમેં એ ચંદ્રાનન ભગવાનકી સ્તુતિ કિયા હૈ, ઉસમેં કહા કે નાથ! અમારા ભરતક્ષેત્રની ગતિ ફિર ગઈ હૈ સબ. આપકા પડા વિરહ, અને આ ભરતક્ષેત્રના માણસ કૈસે માનતે હૈ? ક્યા માનતે હૈ કિ દ્રવ્યક્રિયા ને ધર્મ માનકર મોક્ષ હોગા ઔર પુણ્ય ભી ફળેગા. અમારે તો એક કાજને સમજે? શું કહેતે હૈ? એક પંથ દો કાજ, પુણ્ય ભી હોગા ને મોક્ષ ભી હોગા. પ્રભુ! આ ક્યા હુઆ? આ આપકા શાસનમેં ક્યા હુઆ? લૂંટારા લૂંટનેકા મારગકો લૂંટ રહા હૈ, પોકાર, પોકાર કર્યો છે ભગવાન પાસે. ભગવાન તો વીતરાગ છે એ કાંઈ સાંભળે નહીં કાંઈ. એ તો જાણે છે પહેલેથી આ બધા આવા નીકળશે. એને કાંઈ ઈચ્છા ય થાય નહીં. ઈચ્છા વિનાના છે એ તો કેવળજ્ઞાન પરમાત્મદશા છે. ઈચ્છા હોય નહીં એ તો ઈચ્છા વિના વાણી નીકળે. સમજાય છે કાંઈ?

કહેતે હૈ એ ''**જીવ ઈન્દ્રાદિપદ પાવૈ ને કોઈ મોક્ષ પાવૈ તહાં તિન દોયનિકૈ એક જાતિ ધર્મીકા ફળ ભયા માનૈ....**'' જુઓ. આ કરતાં કરતાં ઝેર ખાતાં ખાતાં પેટ ભી ભરાય, અને આપણે કાંઈ ખાધું એમ પણ મનાય. એમ પુણ્યક્રિયા કરતાં સ્વર્ગ ભી મિલેગા. આ પૈસાય મળશે, સ્વર્ગ મળશે અને પછી મોક્ષ મળશે ઐસી માન્યતા પ્રભુ! જગતકી હૈ. વો મોક્ષતત્ત્વ ને આત્મતત્ત્વકો જાનતે નહીં. અનંતકાળમેં એક સેકંડ પણ ઉસને પીછાના નહીં. સમજમેં આયા? જૈસે સો કળશી અનાજ પકતે હૈ તો સો ભરોટા ખડ સાથમેં હોતા હૈ. હજી છપ્પનિયામાં એવું દેખ્યું. બાંટા બાંટા અમારે કહેતે થે. પાંચ-છ ઈંચ વરસાદ આવ્યો'તો છપ્પનિયામાં. બાંટા સમજે, ઈતના ઈતના છોડ હુઆ થા જવાર બાજરાના ઈતના, દાણા નહીં. પણ દાણાં સો કળશી પાકે અને ખડ ન હોય એમ કદી બને નહીં. એમ જેને આત્મા એ પુણ્ય ને પાપના વિકલ્પ રાગથી ભિન્ન મેરી ચીજ હૈ, મેરા ધર્મ તો નિર્વિકાર, શુદ્ધ, વિકારસે રહિત હૈ. ઐસા ભાન હુઆ આ ઉસકા ભાનમેંસે મોક્ષરૂપી કણસલા પાકેગા ઔર બીચમેં રાગ જરી દયા, દાનકા રહે ગયા, આ ઉસકો બીચમેં સ્વર્ગ કે શેઠાઈ મિલેગા. સમજમેં આયા?

ખડની સાથે અનાજ. અજ્ઞાનીને એકલું ખડ. ખડ સમજતે હૈ? (શ્રોતા : ઘાસફૂસ) ઘાસફૂસ, ઘાસફૂસ. એ પુણ્યના ફળમેં એકલા ઘાસફૂસ પાકેગા. એમાં કાંઈ આત્માના મોક્ષ-બોક્ષ હૈ નહીં. તો કહેતે હૈ ધર્મી જીવકો દોય મિલતે હૈ, અપના સ્વરૂપ, પુણ્ય - પાપની ક્રિયા રાગસે ભિન્ન માનકર અપના અનુભવ કરકે નિર્મળતા જિતની નિર્દોષતા, આત્મિકતા,

પવિત્રતા, વીતરાગતા, અકષાયતા જિતના સ્વભાવકા ભાન હોકર પ્રગટ કરતે હૈ, આ ઉસમેં તો મોક્ષકા કણસલા પાકતે હૈ, પણ બીચમેં જરી રાગ ભક્તિકા, પૂજાકા, દાનકા, દયાકા આતા હૈ, ઉસમેં શેઠાઇ ને સ્વર્ગ મિલે પણ બે જાત જુદી હૈ. અજ્ઞાનીકો એકલી ધૂળ મિલતી હૈ એને તો ધર્મ નહીં, મોક્ષ નહીં, સમ્યગ્દર્શન નહીં, સમ્યગ્જ્ઞાન એ તીનમેંસે એક ભી ચીજ એને હૈ નહીં. સમજમેં આયા? ક્યા કહેતે હૈ? ''**ઐસા તૌ માનૈ જો જાકે સાધન થોરા હોહૈ સો ઇન્દ્રાદિકપદ પાવૈ હૈ....**'' દેખો! થોડું પુણ્ય કરે તો ઇન્દ્રપદ મળે, ઘણું પુણ્ય કરે તો મોક્ષ મળે. અરે! તારી માન્યતામાં મોટા કાણાં પડયા છે. ફાંકા પડયા છે. કઠણ કઠણ જગતને ભારે! હેં? સમજે એવું છે? તો ક્યા કહેતે હૈ?

સીધી વાત બે ને બે ચાર છે. એમાં ક્યાંય ત્રણકાળ ત્રણલોકમાં ફરે નહીં. સુના નહીં, સાંભળ્યા નહીં. જ્યાં જ્યાં પડયા ત્યાં માન બૈઠા કે શું છે આપણે! પૈસા ભી મિલતે હૈ. પચાસલાખ હુઆ ઔર પાંચલાખ ખર્ચે, પાંચલાખમેં મોક્ષ ભી મિલેગા અને રૂપિયા ભી રહે. એક પંથ દો કાજ. પોપટભાઇ! (શ્રોતા : ઊંધુ છે) ઊંધુ છે. ભઇ! પાંચલાખ આપે અને દસનું લાગું જાઓ. પચાસ માંથી દસનું લાગુ જાઓ. દસનુ લાગુ તારા પચાસ લાખે આપી દેને! અને રાગ મંદ કર તો પુણ્ય થાય, પૈસા આપે પુણ્ય નહીં. પૈસા તો જડ હૈ. જડ એને કારણે જાતા હૈ. તેરી તૃષ્ણામેં મંદતા હો, રાગ મંદ હો, લોભ મંદ હો પુણ્ય બંધ જાયેગા. સમજમેં આયા? ધર્મ બર્મ નહીં. પૈસાવાળાકો ધર્મ હોતે તો ગરીબકો રોના પડે. અરેરે! એ (શ્રોતા : એને ધર્મ ક્યારેય ન થાય.) હેં? (શ્રોતા : ધર્મ ક્યારેય ન થાય એને) એને ધર્મ થાયે નહીં. શરીરસે તો ધર્મ હોતા નહીં તો પૈસાસે તો ધર્મ કહાંસે આયા?

અપના આત્મા એ દેહ, વાણીસે તો પૃથક પણ પુણ્યના ભાવ દયા, દાન, વ્રતસે ભી મૈં પૃથક હૂં. ઐસી અનુભવદષ્ટિ કિયે બિના, ધર્મકા એક અંકુર કભી ઉત્પન્ન હોતા નહીં. એ અનંતકાળમેં ન કિયા હો તો આ નહીં કિયા, બાકી તો ધૂળધમાહા અનંતવાર (કિયા). સમજમેં આયા? ઇ ક્યા માનતે હૈ દેખો! ''**જાકૈ સાધન થોડા હો....**'' આવે છે ને? નથી ઓલું ખામણામાં આવે છે ને! જધન્યરસ હોય તો આમ થાય ને ઉત્કૃષ્ટરસ હોય તો તીર્થંકર ગોત્ર બાંધે છે. ખામણામાં આવે છે થોડું ખપે ને ઉત્કૃષ્ટ હોય તો તીર્થંકર ગોત્ર બાંધે. ક્યાં સુધી વાત એક એક. આંહી કહેતે હૈ કે જુઓ ભાઇ આપણે થોડા સાધન કરેગા, થોડા ક્યા કહેતે હૈ, કમ કમ, પુણ્યકા થોડા સાધન કરેગા તો સ્વર્ગ મિલેગા અને બહોત પુણ્ય કરેગા તો (મોક્ષ), તો તેરા શ્રદ્ધામેં બડી વિપરીતતા હૈ. થોડા પુણ્યમેં પુણ્ય મિલેગા સ્વર્ગાદિ અને વિશેષ પુણ્ય હોય તો ય સ્વર્ગાદિ, ઉસમેં કોઇ ધર્મ-બર્મ ને મોક્ષ-બોક્ષ હૈ નહીં. આ ઐસી

માન્યતાસે હમ પકડ લિયા કે ઉસકી દૃષ્ટિ વિપરીત હૈ એમ આચાર્ય કહેતે હૈ. સમજમેં આયા ?

"**પરંતુ તહાં ધર્મકી જાતિ એક જાનૈ હૈ....**" એક ધર્મની જાત જાણે છે. આ ધર્મથી પુણ્ય થાય અને એ ધર્મથી મોક્ષ પણ થાય. તો મોક્ષ તો "**સો જો કારણકી એક જાતિ જાનૈ તાકૌં કાર્યકી ભી એક જાતિકા શ્રદ્ધાન અવશ્ય હોય....**" જેણે કારણ એક જાતના કાર્યને માન્યા, એને કાર્યમાં પણ બધો ફેર છે. "**જાતૈં કારણ વિશેષ ભયે હી કાર્ય વિશેષ હો હૈ!....**" કારણમાં ફેર હોય તો કાર્યમાં ફેર હોય અને આ તો કહેતે હૈ કારણમાં અમારે ફેર નહીં. પુણ્યે પરિણામ અમારે સ્વર્ગ ભી મિલે ને મોક્ષ ભી મિલે, તો તારી કારણની જાત સ્વર્ગ ને મોક્ષની એક જ છે અને તને ધર્મની ખબર ન મળે, અને પુણ્ય કિસસે હોતા હૈ એ ભી તેરે ખબર નહીં. "**જાતૈં કારણવિશેષ ભયે હી કાર્ય વિશેષ હો હૈ. તાતૈં હમ યહ નિશ્ચય કિયા, વાકૈ અભિપ્રાયવિષૈ ઈન્દ્રાદિસુખ અર સિદ્ધસુખકી જાતિકા એક જાતિકા શ્રદ્ધાન હૈ....**" એની શ્રદ્ધા એક જ જાતકી હૈ. સમજમેં આયા ? પોપટભાઈ ! આ તમારા વાસ્તુ ને ઘરે આવ્યું આ. ખરેખર વાસ્તુતો ઈસકો કહેતે હૈ, વાસ્તુ ભગવાન, એ ચિદાનંદમૂર્તિ પ્રભુ, એ પુણ્ય પાપકા રાગસે ભિન્ન વસ્તુ પડા હૈ. અંદર અંદર આનંદ આખા ગુણ પડયા હૈ. વસ્તુ આત્મા હૈ આ ઉસમેં વસના એ અતીન્દ્રિય આનંદકી પ્રતીત કરકે વસના ઈસકા નામ ભગવાન વાસ્તુ કહેતે હૈ. સમજાણું કાંઈ ?

પાંચ-પચ્ચીસ લાખના મકાન બનાયા. વહાં વળી લાખો ખર્ચ કર્યા ઉસમેં પ્રવેશ કિયા વાસ્તુ કિયા, રાજાને બોલાવે મોટાને, અનંતબેર કિયા ઉસમેં કુછ હૈ નહીં. ભગવાન આત્મા એ શુભ ને અશુભ વિકલ્પ ઉઠતે હૈ, રાગ, એ રાગ છે પણ એને ધર્મ માને છે. શું કરે ! એ જાત જ જાણે આપણે કર્યુંને દુકાનથી ખસ્યા ને બેઠા ને કાંઈ કરીએ છીએ, ત્યાં જન્મ હુઆ ન્યાંય એની એ જાત છે પુણ્યની, સાંભળને જો રાગ મંદ કરે તો. અને માન સાટુ(માટે) કરતો હો, કે અમને કોઈ ગણે, ધર્મમાં ગણે, અષ્ટિકમાં ગણે, મોઢા આગળ બેસાડે આ એવા ખાતર દાન ને દયા ને પૂજા ને ભક્તિ કરતો હોય તો પાપી, પાપ છે. પુણ્યેય નથી. સમજમેં આયા ? તો અહીંયા તો કહેતે હૈ કિ "**હમ યે નિશ્ચય કિયા અભિપ્રાયસે ઈન્દ્રાદિસુખ ને સિદ્ધસુખની જાતિ એક જાતિ માને હૈ.....**" સમજમેં આયા ? "**બહુરિ કર્મ નિમિત્તતૈં આત્માકૈ ઔપાધિક ભાવ થે, તિનકા અભાવ હોતૈં શુદ્ધ સ્વભાવરૂપ કેવલ આત્મા આપ ભયા.....**"

આ મોક્ષ તો એને કહીએ કે, ભગવાન આત્મા એ મેલથી દૂર હોકર, પુણ્ય - પાપકા પરિણામસે પહેલા દૂર હોકર અનુભવ કરે પીછે સ્થિર હોકર પુણ્ય - પાપકા ભાવ છૂટ જાય, મલિનભાવ છૂટ જાય એકીલા આત્મા સ્વભાવરૂપ રહે જાય, આ ઉસકા નામ ભગવાન મોક્ષ કહેતે હૈ. મોક્ષ કોઇ દૂસરી ચીજ નહીં, અહીંયા ઉપર લટકના યે મોક્ષ નહીં હૈ. આત્મામાં પરમઆનંદના શુદ્ધસ્વભાવ, જે અંદર શક્તિમેં પડા હૈ, પ્રગટ હો જાય ઉસકો ભગવાન મોક્ષ કહેતે હૈ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. આત્મસિદ્ધિમેં હૈ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ. સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિગ્રંથ'. સર્વજ્ઞ પરમાત્માએ આત્માનો મોક્ષમાર્ગ, જે પરિણામ મોક્ષના નિર્મળ છે હૈ ઐસા હી નિર્મળ વો અલ્પ જાતકા, જાત એક પણ અલ્પ અંતર પુણ્ય-પાપસે રહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ પરિણતિ હોતી હૈ વો હી મોક્ષકા મારગ દૂસરા કોઇ મોક્ષકા મારગ હૈ નહીં, અજ્ઞાનીએ દૂસરા મોક્ષમાર્ગ માન રખા હૈ એ મિથ્યાદૃષ્ટિ મિથ્યાદર્શન શલ્યની પોષક હૈ. એમાં ધર્મ તો નથી પણ પુણ્યનાય ઠેકાણા નથી.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

## શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૮
## અધિકાર ૭મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૧૬.૦૮.૧૯૬૨ ગુરુવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગકા સપ્તમા અધ્યાય ચલતે હૈ. ઉસમેં સાત તત્ત્વકી શ્રદ્ધાકી વિપરીતતા અનાદિકાલસે જીવકો હૈ. સાત તત્ત્વકી વિપરીત માન્યતા ''**ઉસમેં મોક્ષ તત્ત્વકી બાત ચલતી હૈ....**'' પહેલે કહા કે ''**જગત મોક્ષ કિસકો માનતે હૈ? કે સિદ્ધ હોના ઔર લોકાલોકકો જાનના ઔર જનમ - મરણ દુઃખસે રહિત હોના, ઉસકો મોક્ષ કહેતે હૈ. પણ ઐસા મોક્ષકા સ્વરૂપ હૈ નહીં....**'' જરીક ઝીણી વાત છે હોં. ભાઈલાલભાઈ! કોઈ દી' સાંભળી ન હોય પૈસા આદિમાં નવરાશ ક્યાં છે? કોક દી' સાંભળવા જાય તો બહારનું સંભળાય પોપટભાઈ! (શ્રોતા : બહારનું સાંભળાય એટલે?) બહારનું સાંભળાય એટલે આ દયા કરો, દાન કરો, ભક્તિ કરો, વ્રત કરો, પૂજા કરો ધર્મ થાય. પોપટભાઈ! (શ્રોતા : સાંભળવા જઈએ એટલે સંભળાવે તે સાંભળવું પડે) એમ તો નરમ માણસ છે ને? એમ તો

નરમ છે ને? કાંઇ તુલના તો કરશે કે નહિ ન્યાય શું છે ઇ?

ભાઈલાલભાઇ! તુલના તો કરે કે આ તત્ત્વ ક્યા હૈ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા! જેમ કે પીપરમેંસે ચોસઠપોરી પ્રગટ દશા હો જાતી હૈ, ઐસા ભગવાન આત્મામેં સર્વજ્ઞ પદ અંતર સર્વકો પડા હૈ. ઉસમેં સે અંતર અનુભવ કરકે, અંતર આનંદકી લીનતા કરતે કરતે, સર્વજ્ઞ પદ હો જાતા હૈ. જેમ વો ચોસઠપોરી પીપર હો જાતી હૈ એમ આંહી પૂરણ કેવલજ્ઞાન આત્મામેં પડા હૈ પ્રગટ હોતા હૈ. વો સર્વજ્ઞ ભગવાન ધર્મકા મૂળ ક્યા ચીજ હૈ? ઔર અનંતકાળસે ક્યું પરિભ્રમણ કરતે હૈ વો બાત કરતે હૈ. તો અહીંયા તો કહા કે જીવ-અજીવકા ભાન નહીં. પહેલેસે કહેતે હૈ કિ આત્મા કિસકો કહતે હૈ અને જડ કિસકો કહેતે હૈ. આ જડકી દેહકી દશા હૈ, વો ચલન હલન હોતા હૈ વો અપનેસે હોતા હૈ ઐસા માનના, આત્માસે હોતા હૈ ઐસા માનના, વો મિથ્યાદૃષ્ટિ મૂંઢ જીવ હૈ. અજીવ જડકી અંશ જડકી દશાકી પર્યાયરૂપ, હાલતરૂપ અંશ યે અપના આત્માસે હોતા હૈ ઉસકો જડકા ભાન નહીં. ઉસકો જડકી શ્રદ્ધાકી ખબર (નહીં) ઔર મેરા આત્મામેં જ્ઞાન આદિ હોતા હૈ વો ઇન્દ્રિયોંસે હોતા હૈ ઐસા માનના, એ આત્મતત્ત્વકી ભૂલ હૈ નવરંગભાઇ!

આ આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ અપની પર્યાયમેં જ્ઞાનસે, દર્શનસે, વીર્યસે જાનતે દેખતે હૈ ઔર ઉસમેં એમ જાનના કી આ ઇન્દ્રિય આદિ અવયવો હૈ માટી, ઉસસે મેરેમેં જ્ઞાન હોતા હૈ ઉસકો અપની વર્તમાન જ્ઞાનકી, પર્યાયકી, જીવકી, અંશકીભી સ્વતંત્રતાકી ખબર નહીં. ઉસકી જીવકી તત્ત્વકી ખબર નહીં. અજીવકી ખબર નહીં. આત્મામેં દયા, દાનકા પરિણામ હોતા હૈ વો પુણ્ય આસ્ત્રવ હૈ. દયા, દાન, ભક્તિ, વ્રત, તપકા ભાવ હોતા હૈ યે રાગ હૈ, પુણ્ય હૈ આ ઉસકો ધર્મ જાનના વો આસ્ત્રવ તત્ત્વકી ભૂલ. સમજમેં આયા? ઔર સંવરમેં સંવર નામ ધર્મકી શુદ્ધિ. આ ઉસમેં બાહ્યકા વિકલ્પ ઉઠતે હૈ, ભેદ રાગ આ ઉસકો સંવર માનના, વો સંવરકી ભૂલ. ઔર અપવાસ કરનેસે મેરે ધર્મ હોતા હૈ એ નિર્જરા તત્ત્વકી ભૂલ. ઝીણી બાત હૈ. અનંતકાલમાં સુની નહિ, કભી કિયા નહીં આ ઐસા સાધન નહિ કિયા. અનંતબૈર મનુષ્ય દેહ પાયા. અનાદિકા આત્મા હૈ, અનંત અનંત અવતાર હુઆ. પણ સાચું સમ્યગ્જ્ઞાન આત્મજ્ઞાન... સમજમેં આયા?

નરસિંહ મહેતા એ કહે છે ને ન્યાં એની અપેક્ષા એ 'જ્યાં લગી આત્મતત્ત્વ ચિંતવ્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી' ક્યા હૈ આત્મા? ક્યા કર સક્તે હૈ અને કિતના અંશ જડમેં અપના અધિકાર રખતે હૈ ખબર નહીં. ઐસે ને ઐસે ઓઘે ઓઘે... ઓઘે ક્યા કહેતે હૈ? તમારી ભાષા હિન્દી કોને આવડે છે અહીં કાંઇ બધી ભાષા હિન્દી આતી હૈ?

ઓઘે - ઓઘે એટલે સમજે બિના. ઓઘે ઓઘે, સમજે બિના માન લેતે હૈ. સત્ય ક્યા હૈ ઉસકી ખબર નહીં ઔર અપનેમેં પુણ્ય-પાપકા ભાવસે બંધ હોતા હૈ. નયા કર્મકા બંધ હોતા હૈ ઉસમેં પાપસે બંધ હોતા હૈ માને, પણ પુણ્યસે બંધ હોતા હૈ ઉસકો ભલા માને. વો બંધ તત્ત્વકી ભૂલ મિથ્યાદૃષ્ટિકી હૈ. સમજમેં આયા? ઔર અબ મોક્ષ તત્ત્વકી ભૂલ બતાતે હૈ. સમજાય છે? ક્યાં ગયા મોટા ... આ બધું સાંભળવું પડશે હોં! આ બાપાએ મકાન કર્યું છે ને તે એ બધા મહાબળેશ્વર હરવા ફરવા જાવું ઇ કરતાં આ ઠીક છે આંહી. આ પૈસાવાળાના છોકરા બહાર જાય ફરવા. વખત ટાણું જ્યારે ઉનાળો હોય ત્યારે.

અરે ભગવાન! આ ચૈતન્ય તત્ત્વ, આ દેહના પરમાણુસે ભિન્ન તત્ત્વ, ઉસકી ક્યા કિંમત હૈ, ઉસકી ક્યા ચીજ હૈ આ ઉસકી કિંમત કરે બિના આ શરીર લક્ષ્મી વો મેરી હૈ ઈસકી કિંમત કરતે હૈ, વો આત્માકા ખૂન અનાદર કરતે હૈ. ઔર અપની પર્યાય નામ અવસ્થામેં પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ દયા, દાન, વ્રતકા આ ઉસકી કિંમત કરતે હૈ કિ વો બડી ચીજ હૈ, તો વિકાર રહિત મેરી ચીજ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન, જો સિદ્ધ પરમાત્મા અરિહંત હુઆ, વો અપની અંદરમેં સે નિકાલા પર્યાય. યે ક્યા ચીજ હૈ ઉસકી કિંમત કરતે નહીં, અને પુણ્ય ને પાપ, શુભ-અશુભ ભાવકી કિંમત કરતે હૈ, વો આત્માકી હિંસા કરતે હૈ. એ આત્માકી હિંસા કરતે હૈ. પોપટભાઇ! જરી સૂક્ષ્મ હવે એને બધું સવળુ થયું છે હોં હવે. એ બોલે છે બધું સવળું. સમજમેં આતે હૈ? કુંવરજીભાઇ! આ સમજાય છે આ? સંભળાય છે, સંભળાય છે ને? સમજાય પછી. ઓહોહો!

એ શાસ્ત્રકા રહસ્ય ખોલકર વો પંડિતજીએ મૂક્યા હૈ ઉસમેં. તો કહેતે હૈ અહીંયા દેખો મોક્ષતત્ત્વ મોક્ષ ક્યા માનતે હૈ કે વો કાંઇ અહીંયા સ્વર્ગમેં જાના ને લડુ બડુ મિલે ત્યાં આગળ એ મોક્ષકી ઉસકો ખબર નહીં. મોક્ષ તો આત્માકા... દેખો અહીંયા આ થોડા લિયા હૈ. ''**પર યે દો અવસ્થા વિષે એ દુઃખી સુખી નાહીં....**'' કોઇ પરમાણુ હોય ને પરમાણુ, આ પરમાણુ હોય ને પરમાણુ રજકણ પોઇન્ટ જડ હૈ. આ જડ હૈ. આ પરમાણુ હોય ને આ માટી પરમાણુ એટલે ઓલું લૂગડાનું પરમાણુ કરે એ નહિ હો, આ પોઇન્ટ છે. આ પોઇન્ટ આ ટુકડા છે. છેલ્લે ટુકડો કરો આનો કટકા કરતે કરતે કરતે કરતે કરતે છેલ્લો પોઇન્ટ એને ભગવાન પરમઅણુ, પરમઅણુ બહુ સૂક્ષ્મ અણુ કહતે હૈ. ઉસકા દો ભાગ હો સકે નહીં. વો પરમાણુ જબ સ્કંધ આ પિંડકે સાથ હૈ તો વિભાવ હૈ ઉસમેં, છૂટા પડે તો સ્વભાવ હૈ પણ ઉસકી આ પિંડકી સાથ રહે, તો ભી દુઃખી નહીં પરમાણુ અને છૂટો પડે રજકણ, રજકણ ઉસમેંસે તો સુખી નહીં. છે કંઇ સુખી? ''**ઐસે દોઉ અવસ્થા વિષે દુઃખી સુખી નાહીં....**'' આ પરમાણુ, દૃષ્ટાંત આપ્યો છે. રજકણ પોઇન્ટ.

''**આત્મા અશુદ્ધ અવસ્થા વિષૈં દુઃખી....**'' અરે! યે અનાદિકાલકા મલિન અવસ્થા પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન, વ્રત, ભક્તિ, જપ, તપ ઐસા જો મલિનભાવ પુણ્ય-પાપ દોય મલિન હૈ. વો દુઃખી થા અશુદ્ધ અવસ્થામેં દુઃખી હૈ. બરાબર હૈ? પછી આ પૈસાવાળા સુખી છે એ કોણ કહેશે? ભાઈ! આ ભાઈલાલભાઈની મોટી વાત હાલે છે. કહે છે એ તો મોટા જે. પી. છે આમ છે ને તેમ છે બધું. (શ્રોતા : બોલાય એમ તો) બોલાય! એ દુનિયા બીજા પ્રાણી ને આ સંયોગની અપેક્ષાએ બોલતે હૈ સુખી હૈ નહીં. દેખો, ''**આત્મા અશુદ્ધ અવસ્થા વિષૈં દુઃખી થા....**'' અનાદિકાલસે કર્મકા નિમિત્ત સંયોગ અને અપની પર્યાય નામ દશામેં શુભ-અશુભ, કામ, ક્રોધ, દયા, દાન વિકલ્પકા વિકલ્પ નામ લાગણીકી ઉત્પત્તિ અંદર હોતી હૈ, શુભ-અશુભ વો સબ દુઃખ હૈ. આહાહા! શેઠી! ''**અબ તાકે અભાવ હોનેતૈં....**'' જબ યે આકુળતા હૈ અંદર પુણ્ય-પાપ, શુભ-અશુભકી યે અપના સ્વભાવકા ભાન કર, યે અશુદ્ધતાકા અભાવ હુઆ.

''**નિરાકુળ લક્ષણ અનંત સુખકી પ્રાપ્તિ ભયી....**'' એ ઉસકા નામ મોક્ષ હૈ. એ આકુલતાકા નાશ હોકર, અનાકુળ અંતર આત્મામેં આનંદ પડા હૈ, ઉસકી અનુભવ કરતે કરતે પ્રગટ દશામાં પર્યાય હાલતમાં, જો દુઃખના સ્થાનમાં દુઃખ ગયું અને આત્માકા આનંદ અંદરમેં પૂરણ પ્રગટ હુઆ, આ ઉસકા નામ મોક્ષ કહનેમેં આતા હૈ. મોક્ષ કોઈ દૂસરી ચીજ નહીં. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' ''**ઔર ઈન્દ્રાદિકનિકૈ જો સુખ હૈ સો કષાય ભાવની કરિ આકુળતા રૂપ હૈ....**'' ઈન્દ્ર ને શેઠને સુખ હૈ એ આકુળતા છે. ભાઈલાલભાઈ આ આકુળતા કહે છે. આમ સાચવવું ને આ સાચવવું ને આ રાખવું ને અરે! મુનિને હોય? આ બધા શેઠીયા ફરે છે એના માટે વાત આ ચાલે છે. આ મુનિને આકુળતા શેની? મુનિને તો આનંદ હૈ. 'મુનિ' અંદર આત્મા સત્‌ચિદાનંદ પ્રભુ ઉસકા અનુભવ કરતે મુનિઓકો તો વીતરાગી સુખ હૈ 'ણવી સુખી, શેઠ શેનારે? નથી આવતું ણવી સુખી સુખી પૃથ્વી રાયા...' પૃથ્વીનો રાજાયે સુખી (નથી) દેવતાના દેવેય સુખી નથી. 'દિગંત સુખી મુનિ વીતરાગી' પણ એ કોણ મુનિ કહેવાય? એ જરી બહુ ઝીણી વાત છે.

અત્યારે લોકો માની બેસે છે એવું મુનિપણું નથી. ઐસા મુનિપના હૈ નહીં. અપના આત્મા અંતર સચ્ચિદાનંદ આનંદ, આનંદ, આનંદ અંતર પડા હૈ. આ ઉસમેં અંતરમેં ઘૂસકર એ આનંદકા અનુભવકી ઉગ્રતા જિસકી દશામેં હો, જિસકો પ્રતિકૂળતાકા દુઃખ હી નહીં. અનુકૂળતાકા સુખ નહીં. અંતર ભૂમિમાંસે અંતર આત્માધામમાંસે, અંતર ચૈતન્યધામમાંસે, આનંદ નિકાલકર અતીન્દ્રિય આનંદકા અનુભવ કરતે હો, ઉસકો મુનિ કહતે હૈ. સમજમેં આયા? ઓ જરા ઝીણી વાત છે. અત્યારે ચાલે છે કાંઈ, અને માર્ગનું સ્વરૂપ કંઈક રહી ગયું છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા દેવાધિદેવ કહેતે હૈ કિ અરે પ્રભુ! તેં તેરી ચીજકી ક્યા કિંમત હૈ ને વિકારકી ક્યા તુચ્છતા હૈ, તેં જાણી નહીં તેં કદી જાણી નહીં. સમજમેં આયા? પર પદાર્થકી તો તુચ્છતા હૈ હી પણ અપની પર્યાય નામ હાલતમેં પુણ્ય ને પાપકા ભાવ હોતા હૈ, વો તુચ્છ હૈ, ઉસકી કુછ કિંમત હૈ નહીં. ધર્મકી દૃષ્ટિમેં ઉસકી કોઈ કિંમત નહીં. ઓહોહો! ધર્મીકી દૃષ્ટિમેં વો શુભ ને અશુભ પુણ્ય-પાપકા ભાવસે અલગ અંદર હોકર અખંડાનંદ પ્રભુ ચૈતન્યકી અંતર આનંદકી દશાકી પ્રાપ્તિ હો, આ ઉસકી કિંમત ધર્મીકી દૃષ્ટિમેં હૈ. સમજમેં આયા? બાકી કિંમત ધર્મીકી દૃષ્ટિમેં દૂસરી કિંમત હૈ નહીં.

તો કહેતે હૈ ''**ઈન્દ્રાદિકનિકૈ જો સુખ હૈ યે કષાય ભાવની કરિ આકુલતારૂપ હૈ....**'' ઈન્દ્ર ને ગૃહસ્થો પૈસાવાળા અબજોપતિને બધા વાઈસરોયને ફલાણા ને ફલાણા મોટા કહેવાય, બધાને આકુળતા વિકલ્પોની લાગણીની જેમ પૂણી રૂની પૂણી એક તૂટે ને બીજી સાંધે, એક તૂટે ને ત્રીજી સાંધે એમ એક રાગથી બીજો રાગ બીજા રાગથી ત્રીજો રાગ આ રાગની ધારા અજ્ઞાનીઓને સંસારદશામેં પુણ્યવંતને કે પાપીને, બેયને વિકારની લાગણીની ધારા વહે છે. આ એ દુઃખ છે. કહો સમજણમેં આયા? તો વહ પરમાર્થે દુઃખ હી હૈ. યે શેઠીયા ને ઈન્દ્રોના સુખ યે પરમાર્થે દુઃખ હૈ ''**તાતૈં વાકો યાકો એક જાતિ નાહીં....**'' મોક્ષના આનંદની અને ઈન્દ્રના સુખની જાત એક નહીં, જાત જ જુદી છે. ''**સ્વર્ગ સુખકા કારણ પ્રશસ્ત રાગ હૈ....**'' ક્યા કહેતે હૈ? આ સ્વર્ગ અને પૈસા મિલવાના કારણ એ શુભ રાગ હૈ. પુણ્યરાગ દયા દાનાદિ શુભરાગ હો ઉસસે પૈસા મિલે કાં સ્વર્ગ મિલે, એ એનાથી આત્માકી મુક્તિ હોતી નહીં.

''**મોક્ષસુખકા કારણ વીતરાગભાવ હૈ....**'' આત્માકી પરમ પૂરણ દશા આનંદ ઉસકા કારણ તો અંદર અકષાય ભાવ, વીતરાગભાવ, શુદ્ધ પરિણતિ ભાવ, નિર્દોષ દશાકી પરિણતિ વો મોક્ષકા કારણ હૈ. સ્વર્ગના કારણમાં રાગ અને મોક્ષના કારણમાં આત્માના આનંદની પવિત્ર નિર્મળ દશા. બેયના કારણમાં ફેર છે. સ્વર્ગના કારણ ને મોક્ષના કારણમાં ફેર છે. એ અજ્ઞાનીને એનો પત્તો નથી ખબર નથી કે કયા કારણ મોક્ષના ને કયા કારણ સ્વર્ગના હેં? ઉગમણો આથમણો, એમ હશે? ''**તાતૈં કારણ વિષૈ ભી વિશેષ હૈ....**'' કાર્યમાં તો વિશેષ છે પણ કારણમાં પણ વિશેષ.

''**સો ઐસા ભાવ યાકૌં ભાસૈ નાહીં....**'' અનાદિ અજ્ઞાની જીવ ધર્મકે નામસે દયા, દાન, વ્રત આદિમેં ધરમ માનકર પડા, ઉસકો મોક્ષ ક્યા ચીજ હૈ ઉસકા ભાવભાસન હોતા નહીં. ભાવભાસન નહીં હોતા હૈ, જૈસે પોપટકો મગફળી હૈ ને મગફળી

- મગના દાણા બોલો પોપટ રઘુરામ. એને ક્યાં ભાન છે કે રઘુરામ તે દાણો હશે કે પુરી હશે ? પુરીને ખવડાવે છે ને પોપટને પાંજરામાં. બોલો પોપટ રઘુરામ એ જાણે કે આ પુરીનું નામ હશે કે આ દાણાનું નામ હશે ? રઘુરામ કહેવા કોને ?

નિજ પદ રમે સો રામ કહીએ. ભગવાન આત્મા અખંડાનંદ પવિત્ર સ્વરૂપ, ઉસકી પૂરણ દશા પ્રાપ્ત કર અપના સ્વરૂપમેં રમે, વો રામ નામ આત્મા ઉસકો કહનેમેં આતા હૈ. ઐસે આત્માકી ખબર નહીં તો પોપટકો પુરીને દાણા દોય માનલે કે આ સારું લાગે ને મીઠું લાગે ને મીઠું લાગે. એમ અનાદિ અજ્ઞાનીને પુણ્યને પાપમાં ને બહારની ચીજમાં ક્યાંય ધર્મ માનકર, એ અમે ધર્મ કરતે હૈ ઐસે માનતે હૈ, પણ રાગસે રહિત, અપની નિર્વિકલ્પ ચીજ ક્યા હૈ ? ઉસકી શ્રદ્ધા ? જ્ઞાનકી ભી ખબર નહીં તો ચારિત્ર તો કહાંસે હોગા ? ભારે વાત ઝીણી છે જરી.

અનંતકાળ થયો. 'અનંતકાળથી આથડયો વિના ભાન ભગવાન, સેવ્યા નહીં ગુરુ સંતને મૂક્યું નહીં અભિમાન'. અનાદિકાળથી અનંત ભવ થયા પણ ચૈતન્યની જાત, સત્સમાગમે, ગુરુગમે, એક સમય પણ પિછાનમેં લાયા નહીં. ''**સો ઐસા ભાવ યાકૌં ભાસે નાહીં તાતૈં મોક્ષકા ભી યાકે સાચા શ્રદ્ધાન નાહીં....**'' યા પ્રકાર યાકૈ સાંચા તત્ત્વશ્રદ્ધાન નાહીં. સરવાળો સાતે તત્ત્વનો. અનાદિ અજ્ઞાની આ સાતે તત્ત્વની ભૂલ કર રહા હૈ. ''**યાહી તૈં સમયસાર વિષૈ કહ્યા હૈ (માં) અભવ્યકે તત્ત્વશ્રદ્ધાન ભયે ભી મિથ્યાદર્શન (હી રહે હૈ.)....**'' કહા.

ક્યા કહેતે હૈ ? એક અભવી જીવ હોતા હૈ જૈસે કોરડું મગ હોતા હૈ ને કોરડું મગ. ક્યા કહતે હૈ તમારે હિન્દીમેં કોરડું મગ, મઠ, અડદ કોરડું હોતા હૈ. લાખ મણ પાણી પલાળો તોય કોરડું ઓગળે નહીં. ભરડે ભૂકા થઇ પાપડ થાય પણ સીજે નહીં. ઓગળે નહીં. લાખ મણ પાણી લાખ લાકડા મૂકો એ કોરડું મગ સમજમેં આયા ? ઐસે ઐસી એક જીવકી જાત હૈ એને ગમે ઇતના સત્ય સમજાવો, તત્ત્વની શ્રદ્ધા કરે, પણ આત્મજ્ઞાન ક્યા હૈ ઉસકી શ્રદ્ધા નહીં કરતે. શેઠી ! (શ્રોતા : સ્વ...) નહીં વો દૂસરી બાત કહેતે હૈ અહીંયા તો તત્ત્વ શ્રદ્ધાન નામ વિકલ્પવાળી શ્રદ્ધા રાગવાળી શ્રદ્ધા, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્ત્રવ. સંવર, નિર્જરા બંધ મોક્ષ રાગકા ભેદસે માનતે હૈ. પણ મૈં અખંડ આત્મા ઔર વિકલ્પ નામ રાગસે નિર્વિકલ્પ મેરી ચીજ જુદી હૈ ભિન્ન હૈ, ઐસા અભવી પ્રાણી કોરડુ મગ જૈસા કભી આત્માકી પ્રતીત અનુભવ કરતે નહીં.

ત્યાગી થાઓ, મુનિ થાઓ, જોગી થાઓ, બાહ્ય ક્રિયાકાંડ કરે સ્વર્ગમાં કદાચિત્ જાય આ તત્ત્વને સમજે નહીં. સમજમેં આયા ? ઓહોહો ! આ મોહનમોતી.... આવતા હતાને ભાઈ, ગઢડાવાળા, ભાઈ ઓળખતા હશેને ? મોહનલાલ મોતીચંદ આ હોસ્પિટલમાં છે ને. કાલ જોવા ગયા હતાને ? ઓલો બાવલું છે. અહીં બહુ કામ કરતો ગુજરી ગયા આંહી. આંહી ગુજરી ગયા ન્યાં મેડી ઉપર અહીં આઠ દી' પહેલા દર્શન કરવા આવ્યા'તા. આંહી કાયમ દર્શન કરવા આવતા. માણસ... ઉમ્મીદવાળા માણસ હતા. ઘણીવાર વારંવાર બહુ આવે. એકવાર કહેતા હતા કે મહારાજ આવી વાત તો ક્યાંય સુનનેમેં આતી નહીં. (શ્રોતા : આવી કોણ વાત કરે ?) ક્યાંય છે નહીં. કીધું. આ બધા તમે સાંઢડા જેવા, ભાઈલાલભાઈ ! આ પાંચ-પચાસલાખ થયા દસ લાખ થયા. આબરૂ મોટીને રાગ પાંહે જાય ને સાંઢડા જેવા ઓ કીધું આ ઉકરડા ઉથામો છો બધા. હેં ? પોપટભાઈ, શેઠ ! સમજમેં આતે હૈ ?

વો મોહનમોતી થા ને બહુ મજેદાર માણસ થા. મોહનલાલ કાયમ આંહી આવનારા, કાયમ આવનારા હોં ! આહાહા ! આ વાત ક્યાંય હમકો તો સાંભળવા મળતી નથી. મેં કીધું આ તમે બધા દુનિયાના કામ કરી દે ને આના કરી દે ને ગઢડાને સુધારી દીધું. આમ હતું ને, ઐસા થા ને, ઐસા કરી દે ને એમ જરી અંદર મકાન બકાન બધું ઘણું હતું. અમે તો નાની ઉંમરથી જાણીએ છીએ ને નાની ઉંમરમાંથી. સમજાણું ? દીક્ષા લેવાના હતા ત્યારે એને ઘરે લઈ ગયા'તા મહારાજ ! મેં કીધું ભાઈ રાત્રે અમે ચા પીતા નથી. હું તો ચા પીતો જ નહોતો. દિવસે પણ દૂધ પીતો'તો. પણ રાત્રિએ બેસવા આવીશું કીધું. દીક્ષા લેવા પહેલા સિત્તેર પહેલા અડસઠની વાત છે. અડસઠની ત્યારથી ઓળખીએ અમે પચાસ વરસ. પછી કહે આ વાત. આહાહા ! અને શેઠીયાઓને તો બધા માખણ ચોપડે. હેં ? (શ્રોતા : કામ ઘણાના કરેને) કામ ઘણા ધૂળના ય કરતો નથી. કોણે કર્યા છે ? રાગ ને દ્વેષ કરતે હૈ વો, ક્યા પરના કામ કરી શક્તે હૈ કોઈ ?

પોપટભાઈ ! આ ઉકરડો હોય છે ને ઉકરડો વિષ્ટા, છાણાં હોય આ રાડા હોય સાંઢ ક્યાં જાય ખબર છે ? ભીંતમાં માથું મૂકે તો ત્યાં કાંઈ ડગરું પડે ? એ પછી રાડા ને છાણ ને રાખ માથે પડે. ભાઈલાલભાઈ ! એ મોહનભાઈ હતા ને વાત કરી'તી એ તો પ્રસિદ્ધ વાત છે ને બધા રાજા મહારાજાની હોં બધાય. કીધું શું છે આ ? તમે દૂસરાના કામ કરી દયો છો, ને એનાથી અમે આ કાંઈ કામ થશે રાડા ને છાણ માથે પડે છે. રાડા સમજતે હૈ ? રાડા સમજતે હૈ ? ક્યા કહેતે હૈ ? (કૂડા - કચરા) કૂડા કચરા નહીં પણ વો વો બાજરા જુવારકા જો દાણા નીચે હોતા હૈ ન (હાંઠી) સાંઠી (હાંઠી) વો તમારે (હાંઠી) કહતે હૈ ને વો, બગડી ગયું

હોય તે નાંખે ઉકરડામાં પછી ઓલો સાંઢ હોયને મોટો આંહી ભીતરમાં ક્યાં માથું મારે? આમ મારે, પડે માથે, એમ દુનિયાના ઉકરડા ઉથામવા માટે દુનિયા પ્રયત્ન કરી રહી છે.

એ પ્રયત્નથી કાંઇ થતું નથી. એને પ્રયત્નમાં રાગ ને દ્વેષ થાય એનું ફળ બંધન થાય છે. (શ્રોતા : એનું અભિમાન પોષાય છે) ધૂળેય નથી. અભિમાન જ્યાં હોય ત્યાં કરે છે અમે કિયા અમે કિયા અમે, તકદી બકદી લગાડો અમારા નામની. તકદી હું એને તસ્દી કહું છું. તસ્દી બહુ છે મહેનત પડે બહુ એને. એ પત્થરને કોતરવાના દસ હજારને એક ફલાણા ફલાણા એની વહુના સ્મરણાર્થે. એના દીકરાના લગ્નને પ્રસંગે બધાય નામ આવે પાછા. એનું નામ આવે એના બાપનું નામ આવે બાયડીનું આવે ને છોકરાનું આવે, ત્યારે એને હખ થાય. હવે તારા પુણ્યનાય ઠેકાણા નથી. તને પાપ તો બંધાય ધર્મ તો ક્યાં હતો? સમજમેં આયા? એવું લખે. સોભાગચંદ અમૃતલાલ હસ્તે એમની સ્ત્રીના સ્મરણાર્થે એમના પુત્ર અમૃતલાલના લગ્નના પ્રસંગે એ ચારેય નામ આવી ગયા શેઠી! (શ્રોતા : તો સંતોષ થાય) આ ધૂળમાંય સંતોષ નથી.

એને સંતોષ છે? કે ભઇ મેં રાગ તૃષ્ણા ઘટાડી પચાસહજાર આપ્યા ને તૃષ્ણા ઘટાડી એટલો કષાય મંદ એટલો શુભભાવ મારો છે. દુનિયા આપે કે ન આપે, દુનિયા લખે કે નહીં એની કાંઇ મારે ખબર નથી, મારે કિંમત નથી. જેટલી તૃષ્ણા ઘટાડે એટલું એને પુણ્ય થાય, (શ્રોતા : ધર્મ થાય) પણ એ પુણ્યનું બંધન થાય. ધર્મ બર્મ ધૂળેય ન થાય. સમજમેં આયા? આહાહા! જગતથી ઊંધી વાત છે ભાઇ. દુનિયાથી મોક્ષનો મારગ કોઇ જુદી જાતકા હૈ, પણ બધાને એવે રસ્તે ચઢાવી દિયા કે સામા લાવો લાવો, ભઇ થાય થાય હળવે હળવે થાય કાંઇ પાધરું બી.એ. ભણાતું હશે? એમ એવી ક્રિયાકાંડ કરીએ કાંઇ વ્યવહાર સુધરે પછી હળવે હળવે ધર્મ થાય.

કોલસાને બહુ ધોઇએ સાબુથી લાખમણ સાબુએ ધોઇએ તો કોલસો ધોળો થાય? ધૂળેય ન થાય. સાંભળને! કોલસાને ધોળો કરવો હોય તો દીવાસળી મૂકે છૂટકો. હેં? એ ધોળી રાખ થાય એ કોલસાને રાખીને તું લાખમણ સાબુથી ધો, કોલસા કાળા મટે નહીં. એમ તારા સંસારના કામ પુણ્ય ને પાપના એ કોલસા જેવા મલિન ભાવ છે. એનાથી આત્માનો સુધારો કાંઇ થાય? લાખમણ સાબુથી કોલસો ધોળો થાય તો એને ધર્મ થાય! સમજાય છે કાંઇ? કોલસા સમજતે હૈ ને! આ કોલસો. આ બધી ભાષા આપણને ક્યાં આવડે છે ભાઇ તમારી! ''**યાહી તૈં સમયસાર વિષૈં અભવ્યકો તત્ત્વ શ્રદ્ધાન ભયે મિથ્યાદષ્ટિ કહ્યા....**'' શેઠી! આમ તો માને જીવ હૈ. અજીવ હૈ, પુણ્ય-પાપ હૈ પણ અંતરમેં એ પુણ્યના

પરિણામ શુભરાગ આવે ને! દયાનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, જાત્રાનો એ મેરે કલ્યાણકા કારણ હૈ. ઐસી મિથ્યાદૃષ્ટિ મૂઢકો શ્રદ્ધા વિપરીત રહતી હૈ. ઈસસે ઉસકા જનમ-મરણકી ગાંઠ ગળતી નહીં. જિસકો ગ્રંથિભેદ કહતે હૈ. ગ્રંથિભેદ એ રાગની ક્રિયા, પુણ્યની ક્રિયા ને આત્મા બે ભિન્ન હૈ, ઐસા ભાસ હુએ બિના, વો રાગસે ધર્મ માનતે હૈ મિથ્યાદૃષ્ટિ હૈ. તત્ત્વાર્થકી શ્રદ્ધાન હૈ. સમ્યગ્દર્શન ભાન નહીં.

''**પ્રવચનસાર વિષૈ કહા આત્મજ્ઞાન શૂન્ય તત્ત્વાર્થશ્રદ્ધાન કાર્યકારી નાહીં....**'' લ્યો, આત્મજ્ઞાન શૂન્ય તત્ત્વાર્થશ્રદ્ધાન કાર્યકારી નાહીં. આત્માકા જ્ઞાન હુએ બિના તેરી તત્ત્વકી શ્રદ્ધાન ભી રાગકા કારણ હૈ. પુણ્યકા કારણ હૈ. સ્વર્ગ મિલેગા, જન્મ - મરણકા અંત હોગા નહીં. સમજમેં આયા? આવ્યા છે કે નથી આવ્યા? ભાઈ નહીં આવ્યા હોય દુર્ગાદાસજી નથી આવ્યા? છોકરા પાસે છોકરા પાસે કીધું મુંઝાઓ નહીં ... બધા ન્યાં વહ ગયા નહીં નહીં છોકરાઓને કીધું છોકરાઓને કીધું ભાઈ આ ... આહાહા! ''**વળી વ્યવહારદૃષ્ટિ કરિ સમ્યગ્દર્શન કે આઠ અંગ કહે હૈ....**'' સમ્યગ્દર્શનના આઠ અંગ છે ને! નિઃશંક નિકંખ પાળે પચ્ચીસ દોષ ટાળે સમજે? એ સંવેગ આદિ રાગ-વૈરાગ કરે.

''**આ તિનકો ધારે પરંતુ જૈસેં બીજ બોએ બિના ખેતકી સાવધાની કિયે ભી અન્ન(ફલ) હોતા નાહીં....**'' જમીન બહોત સાફ કિયા, બોરડી આમ કડ કડ હમારે ઊંડેસે નિકાલ દિયા. કાંકરા નિકાલ દિયા. સબ ખેત સાફ પણ બીજ બોયે બિના, ફસલ હોતી (નહીં). ફસલ કહતે હૈ ને! ક્યા કહતે હૈ વો હિન્દીમેં ફસલ કહે. આપણે કહે છે ને ભાઈ મોલ આપણે મોલ કહે છે બિયા બિના બીજ વાવ્યા વિના મોલ પાકે નહીં. ગમે એવું ખેતર સાફ કર્યું કાંકરા નિકાલકરકે અમારા ખડમાં હતા રાયચંદ કુંભાર. બહુ સાફ કરે. બહુ સાફ કરે ઓલા નહીં રાયચંદ દીક્ષા લીધી હતી. એવું ખેતર સાફ કરે બીજ વાવે નહીં. ખડ થાય. એમ અનાદિકાળનો અજ્ઞાની આત્મા એ પુણ્યને-પાપની ક્રિયામાં સુધારીને બહુ તો પુણ્યનો સુધારો કરે અને રાગ મંદ કરે રાગ મંદ કરે, કોમળતા કરે - કોમળ... કોમળ... કોમળ પણ એ રાગ મંદ કિયા વો તો ખેતર થયું સાફ, પણ અંદરમેં જ્ઞાનાનંદકા બીજ બોયે બિના સમ્યગ્દર્શનકા અનુભવ હોતા (નહીં). અને સમ્યગ્દર્શનકા અનુભવ હુએ બિના જન્મ-મરણકી ગાંઠ ઉસકો ગળતી નહીં. જનમ-મરણમેં ઉસકો રૂલના હી પડતા હે. સમજમેં આયા?

જુઓ, અહીં ભાઈ પચ્ચીસ દોષ ટાળે એમ કહ્યું વ્યવહાર છે ને વ્યવહાર પચ્ચીસ દોષ છે. કુગુરુ, કુદેવ, કુગુરુ કુશાસ્ત્રને ટાળે. એના માનનારાઓને પણ ધર્મી માને એવા પચ્ચીસ દોષ ટાળે, પણ આત્મા ચિદાનંદ ભગવાન, જ્ઞાનાનંદ પ્રકાશમૂર્તિ, એના

સન્મુખ થયે બિના ઐસી ક્રિયાસે કભી મોક્ષકા લાભ હોતા નહીં. ઓહોહો! ભારે કઠણ જગતને... સમજમેં આયા?

લોકોને બહારની બહુ પડી છે બહારની. કહ્યું હતુંને એક ફેરે વો મુંબઇ આયે થે ને મુંબઇ, આ પંદરમી સાલમેં નહીં? ઝવેરીબઝારમાં ચારલાખનું મકાન મંદિર. મોટું ધામધૂમ. લાખો માણસ હવે ઉસકે સાથ હમ છેલ્લા વરઘોડામેં સાથમેં થે ને ન્યાં થયું હતું ને છેલ્લો વરઘોડો પછી વહાં તોલારામભાઇ ગુજરી ગયાને હમણાં તોલારામ મારવાડી નહીં આપણા વચ્છરાજજીએ અહીં મકાન બનાવ્યુંને. ત્રણભાઇ. આઠ-દસ વરસ પહેલા. એક એક એંસી લાખ વહેંચ્યા થા. એક-એક, એંસી-એંસી લાખ ત્રણ ભાઇઓએ. ઉસને સવાલાખ નાંખ્યા હતા. ભોગીભાઇ બ્રહ્મચારી, પછી ઓ ચૌદકી સાલમેં ઉસને ચૌદલાખકા મંદિર બનવાયા. લાડનુમેં. ઉસકા પિતાજીકા નામ પ્રખર. ત્રણ ભાઇઓ વચ્ચે ચૌદલાખકા મંદિર બનવાયા. પછી અહીંયા અમારી સાથે વરઘોડામેં સાથ થે આ માણસો બહુ ને ઉપર આમ બધી મેડી ભરાયેલી. ઓહોહો! ઓલું શું કહેવાય એ તમારે કેવું કહેવાય? કાલબાદેવી... કાલબાદેવી અડધો પોણો ઘંટા બંધ, જનતા હાલી ચાલી શકે નહીં એટલું માણસ.

એ શેઠ! મારી હારે તોલારામભાઇ હમણાં ગુજરી ગયા શુક્રવારે. એ કહે કે મહારાજ! મેરા શહેરમેં ઐસા બના દો ને. મેરે લાડનુમેં ઐસે બના દો. અરે શેઠ! કાંઇ એ કાંઇ કર્યા હોતા હૈ? એ કાંઇ મુંબઇની જાહોજલાલી કાંઇ લાડનુમાં આવે? પણ એ બાહ્યની મહિમા. પ્રાણભાઇ! આ ભોળા હતા બિચારા બહુ બુદ્ધિ નહોતી. આ ગજરાજજીની બુદ્ધિ ઘણી. નાના ગજરાજજી છે ને એની બુદ્ધિ ઘણી. ત્રણ ભાઇઓ. આ વચ્છરાજજી, નાના ગજરાજજી, મોટા એ તોલાજી. મોટી કંપની છે ત્યાં કલકત્તા. ઐસી ચીજ તો મેરે, પણ તુમ્હારે ચીજ ક્યા બહારની ચીજ ક્યા આત્મા કર સક્તે હૈ? ધન્નાલાલજી! આ તો ઉસકે કારણસે આતા હૈ ને જાતા હૈ, આત્માકે કારણસે નહીં.

આત્મા તો કાં શુભ રાગ કરે અને કાં અશુભ રાગ કરે અભિમાન કરે અને કાં જ્ઞાતાદષ્ટા હોકર જાણે કે હોતા હૈ, મેરા કુછ કાર્ય હૈ નહીં. પણ લોકોને બહારની મહિમા ઓહોહો! એલા ચૌદલાખનું મંદિર બનાવાયું ત્યારે આવી નહિ શોભા તમારે ઘરે? મહારાજ, ઐસી તો નહિ થી પ્રભુ! પ્રાણભાઇ! ઓલા માણસને બહારગામનો હું હારે ને ઓલા શેઠીયાએ હારે વરઘોડામાં મોટા મોટા કરોડોપતિઓ હારે એટલે માણસને એમ થાય આહાહા! અને માળ સાત-આઠના જોવા નીકળે માણસ બધા. બધું શું છે આ! જાણે કે સો-સો વરસમાં એવો મહોત્સવ... વરઘોડો એવો થયો, બે હાથીને હાથી ને ઓલા સોનાના નાંખ્યા હતાને,

શેઠના આવ્યા હતાને! સર હુકમીચંદ શેઠના હાથીનો સામાન બધો સોનાનો ઈંદોરથી આવ્યો હતો. લોકો તો આમ જોઇને ઓહોહો! હા ભાઇ, એ તો પૂર્વના પુણ્યના ઠાઠ હૈ. સમજમેં આયા? ધર્મ નહીં. ઉસમેં શુભરાગ પ્રભાવનામેં હુઆ હો તો પુણ્યબંધકા કારણ હૈ. વો ચીજ કે કારણસે નહીં.

અપનેમેં રાગ શુભ હો કે ઐસા પ્રભાવના હો ઐસા હો દયા દાન કે બાહ્યમેં લોકો જાણે સમજે. ઐસા ભાવ હો તો ઉસસે પુણ્યબંધ હૈ, ઔર વો રાગસે ભી મૈં પૃથક જ્ઞાનાનંદ હું ઐસી અંતરકી દૃષ્ટિ કિયે બિના આત્માકો ધર્મ ત્રણકાળ ત્રણલોકમેં હોતા નહીં. ઓહોહો! વાત ગળે ઉતરવી કઠણ નવા માણસને તો જાણે એવું લાગે આ હેં?... હેં? (શ્રોતા : ...) ભાઇ એ તો જરી આ તો ગળે ઉતરવું કઠણ છે. સમજે ને? ગળે ન ઉતરે તો ઓલું વેલણું મૂકે છે ને એની મા ગળે નાંખે વેલણું મૂકીને ગળે ઓલો નાંખે મોસંબી. એમ આ તો પરાણે સમજ્યા વિના ને ઝટ બેસે. જરી હળવે... હળવે... હળવે... હળવે વિચાર કરે કે અમે શું માનીએ છીએ અને કયા સત્યકા સ્વરૂપ હૈ ઐસી તુલના કરે તુલના.

વાણિયાતો તુલના બહુ કરે. એક જુવાર હોય તોય તુલના કરે કે આ જુવાર હારી(સારી) ને આ બાજરો હારો(સારો) ને આ હીરો હારો ને આ હીરો ખરાબ ને આ કપડું સારું ને આ કપડું ... પ્રાણભાઇ, ભીંડાનું શાક લેવા જાય તોય તપાસ કરે. સડેલું ન હોય ને આ ન હોય ને શું કહેવાય એને કાંઇક પડયો હોય એને જીવ પડે એને (ટુવો) ટુવો... ટુવો... હા. એ બધા ભાષા હોય સ્વતંત્ર એને કારેલામાં ટુવો ન હોય ને ભીંડા ભીંડા આતે હૈ ને ભીંડો એમાં બહુ ગોતે. ચાર પૈસાની શેર અત્યારે તો ચાર પૈસાનું ક્યાં હતું પહેલાની વાત છે. અત્યારે તો ચારઆનાથી ય મોંઘુ છે ત્યાં કિંમત કરે.

'પરખ્યા હીરા માણેક પરખ્યા, પરખ્યા હેમ કપુર પણ એક ન પરખ્યો આતમા ત્યાં રહ્યો દિગ્મૂઢ'. અનાદિકાલસે આત્મા ક્યા ચીજ હૈ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા જિસકો ત્રણકાળ ત્રણલોકકા જ્ઞાન હૈ વો આત્મા કૈસે કહેતા હૈ ઔર ધર્મ ક્યા હૈ ઉસકી પિછાણ ઉસને કિયા (નહીં). તો કહતે હૈ ''**પચ્ચીસ દોષ કહે હૈ તીનકૌ ટાલે હૈ પરંતુ બીજ બોયે બિના ખેતકી સાવધાની કિયે બિના ફસલ હોતા નહીં. એમ સાચા શ્રદ્ધાન હુએ બિના....**'' જુઓ આ સરવાળો. જ્યાં સુધી સમ્યક્ સાચી શ્રદ્ધાન તત્ત્વની જીવ, અજીવ, પુણ્ય-પાપ બંધ મોક્ષ ઉસકી ક્યા સ્વરૂપ હૈ ઉસકી ''**શ્રદ્ધા બિના સમકિત હોતા નાહીં....**'' કહો સમજમેં આયા?

''**પંચાસ્તિકાય વ્યાખ્યા વિષૈ જ્ઞાનકે વિષૈ વ્યવહારાભાસવાલેકા વર્ણન કિયા તહાં ઐસાહી કથન કિયા હૈ કિ અનંતબૈર પ્રભુ તેં મહાવ્રત પાલા....**'' મહાવ્રત પંચમહાવ્રત વો તો રાગ હૈ. પંચમહાવ્રત તો પર ઉપર લક્ષ જાતે હૈ ઉસકો ન મારના ને સત્ય બોલના ને બ્રહ્મચર્ય પાલના વો તો સબ રાગ હૈ, વિકલ્પ હૈ, પુણ્યબંધકા કારણ હૈ, પણ વો મહાવ્રત પાલે છત્તે મહાવ્રતસે પાર આત્મા ક્યા હૈ? દૃષ્ટિકા અનુભવ કિયા નહિ તો તેરે એક ભવ ભી ઘટા નહીં. પોપટભાઇ! ઓલા તો માથે પાટે બેસીને કહે કે જયનારાયણ સાચી વાત હશે ભાઇ આપણા કરતા તો ત્યાગી થઇને બેઠા છે ને કાંઇ સમજ્યા હશે કે નહીં? અરે બાપા! એ સમજણના ઘર પ્રભુ બહુ મોંઘા છે હોં! એ સાચી સમજણના ઘર, એ બહુ ઊંડા ને મોંઘાને ફળ પણ એનું બહુ કિંમતી અલૌકિક છે. તો કહતે હૈ વ્યવહારનું બહુ વર્ણન કર્યું છેલ્લું એમ જાણી લેવું કે તેને પણ કાંઇ ફળ છે નહીં. લ્યો, હવે આવ્યું. હવે આ આવ્યું હેમરાજજીને દુલીચંદજીને દોકો, આ દો નય હવે દિવસે થોડા રહ્યા ને! કાલસે આઠ દિન રહ્યા. આ બાર દી' તો થયા તમારા કલાસને. જરી આ વિષય બહુ ઝીણો છે. જરીક વિચારવાળા માટે અંતરની ભૂલ ક્યાં રહી જાય છે એનું આ માખણ હૈ.

થોડો પરિચય કરવો પડે ભાઇ, શું નામ મોટાનું હેં? હસમુખભાઇ, એમ ને એમ નહીં મળે ન્યાં લાદીમાં પત્થરમાંથી. આ તો બહુ અભ્યાસ કરે, નિવૃત્તિ કરે, થોડું ઘણું સાંભળે તો એનું તુલના કરે તો સમજાય એવું (છે) એમ બાપા માને છે માટે આપણે સાચું એમેય નહિ હાલે(ચાલે). હેં? ત્યાં પોપટભાઇ સાંભળે બાપા એમે સાંભળેને માટે ઠીક એમેય ન હાલે(ચાલે) અહીં તો એને જાતે તપાસ કરવી ચાહિયે ક્યા ચીજ હૈ? એ અંતરથી તપાસ અવલોકન જડકા ચૈતન્યકા વિકારકા નિર્વિકારકા ક્યા અવલોકન હૈ ને કયા વિપરીતતા હૈ એ જાતે તપાસ બિના...

લોકોમાં એમ નથી કહેતા? કોઇ ચોપડા જોવે તો ના હું જાતે તપાસુ પછી. હેં તમે તપાસ્યું પણ મેળ કરવો છે મને હું જાતે તપાસુ શેઠી? કરતા હશે કે નહિ? મહેન્દ્રભાઇ ન્યાં કરે - તું નહિ હું જ તપાસીશ. ચોપડા બધાય ભલે તમે પ્રસન્ને લખ્યા હોય બધાય હું તપાસીશ. તપાસીશ એટલે? કેટલું આવ્યું? કેટલું ગયું? કેટલી પેદાશ થઇ? બાર મહિનામાં કેટલો વધારો થયો? વાણિયાને સર્વ એ મગજ ઉપર તરવરતું હોય. કેમ કુંવરજીભાઇ! હા. એ મમતા તો તરવરતી હોય. (શ્રોતા : ...) એ મમતા કહું છું મમતા એને કારણે. એ દસલાખ હતા એમાંના આ પચાસહજાર પોણોલાખ ઓણ વધ્યા. પચાસહજાર ખર્ચ થયો. અગિયારલાખ થયા. આટલી ઉઘરાણી એટલું આ. આ માલ જરી મોંઘાનો આવ્યો. અત્યારે

જરી સોંઘો છે એમાં આટલી ખોટ ગઇ બધું તરવરે અંદરમાં વગર લખે ને વગર બોલે મગજમાં બધું તરવરે ભાઇલાલભાઇ! એ તો અનુભવની વાત છે કે નહીં? અહીંયા શું છે? અનંતકાળસે ક્યું ખોટ ગઇ? નફા કૈસે મિલતે હૈ, કૈસા કિતના નફા મિલા? કિતના નુકસાન હુઆ? મૈં નફા કે પંથમેં હૂં કે ખોટકે પંથમેં હૂં? વાતે સાચી છે હવે અહીંયા તમારે પાનું કયું આવ્યું ભાઇ! બસ્સોત્રેપ્પન આમાં પ્રતમાં સાડાત્રણસો (૩૫૦) પાનું છે. ક્યા કહતે હૈ દેખો હવે.

## ઉભયાભાસી મિથ્યાદ્રષ્ટિ

**અબ નિશ્ચય - વ્યવહાર દો નયનિકે આભાસકૌં અવલંબે હૈ.** ક્યા કહતે હૈ? આત્મા નિશ્ચયાભાસી, નિશ્ચય એટલે સત્યની ખબર નહીં પણ સત્યનો આભાસ - લેબાસ. મૈં સિદ્ધ સમાન આત્મા હૂં, મૈં શુદ્ધ હૂં, મેરી દશામેં રાગ ભી નહીં. ઐસા માનનેવાલા નિશ્ચય સત્યકા આભાસ નહીં. સત્યકા આભાસ નહિ પણ નિશ્ચયકા ખોટા આભાસ. સત્યકો માન નહિ મૈં સિદ્ધ સમાન હૂં. બસ મેરેમેં રાગ હી નહીં. ઓહો! મૈં તો શુદ્ધ નિર્મળ સચ્ચિદાનંદ. એ સચ્ચિદાનંદ વાત તો સ્વભાવમેં હૈ. તેરી દશામેં જો શુદ્ધતા હો તો આ પરિભ્રમણ કિસકા? હેં? તેરી દશા - હાલત, સોનું તો સોળવલ્લુ ઉસકી શક્તિ પણ પર્યાયની દશામેં બે વાલ તાંબુ કે કથીર ભેગું હોય એને સોળવલ્લુ માને, મૂરખ છે. સમજમેં આયા? એમ ભગવાન આત્મા અંદરમાં સ્વભાવ તો એનો શુદ્ધ જેમ પીપર, ચોસઠપહોરી તીખાશ પણ પ્રગટયા વિના, એમ ને એમ ખાવા જાશે પીપર તો ચોસઠપહોરી તીખાશ લાગતી હશે? લાગે કે નહિ? કે અંદર તીખાશ છે, અંદર તીખાશ પણ તીખાશ તો ઘસીને કરે ત્યારે પ્રગટ થાય. એમ ને એમ તું ચોસઠહોરી ખા તો તીખાશ નહિ લાગે.

તીખાશ સમજતે હૈ ન ચરપરાઇ. તમારી ભાષામેં ચરપરાઇ. એક એક પીપરમેં ચોસઠપહોરી ચરપરાઇ હૈ પણ વો પ્રગટ કર તો દશામેં આનેવાલી હૈ પ્રગટ કરે બિના તું ઉસમેં ચોસઠપહોરી હૈ તો મૈં ખાઉં. ગરમી લાનેકો આપતે હૈ ન વો ચોસઠપહોરી બહોત હોતી હૈ તો એક વાલ આપતે હૈ. આ મરવા ટાણે પણ દેહ છે ને બહુ ઠંડી થઇ જાય જરી વાલ એ આપે અથવા દાળિયા હવે તો દાળિયા બાળિયા કોણ કરે દેશી. ઇંજેક્શન ઓલા... ઇંજેક્શન ઓલા... થઇ ગયા હવે તો પહેલા તો દાળિયાને સૂંઠ. બહુ શરદી થાય મરતા ટાણે શરીર ઠંડુ પડવા માંડે, છેલ્લી સ્થિતિ. ચોપડો દાળિયા. દાળિયા સમજતે હે? દાળિયા નહિ સમજતે? આ ચણા... ચણા પક્કા ચણા ભૂંજા હુઆ ચણા એના કરે લોટ એમાં નાંખે સૂંઠ, ઠંડી હોય તો ચોપડે અને આ શું કહેવાય? ધાબળો, ઊનના ધાબળો હોય ઇ

ઓઢાડે. આયુષ્ય હોય તો રહે ને મરી જાય નહિ તો. એ ઓઢાડેલા જોયા છે એમ ને એમ સૂંઠે ચોપડેલા મરી ગયા છૂ થઇ ગયા. સમજાણું કાંઇ ?

કહેતે હૈ કે ઉસમેં વો ગરમ આતે હૈ ને ગરમી તો એક વાલ ભી આપે તો ગરમી બહોત હૈ વો ચોસઠ પહોરી પ્રગટ હુઇ એમાં પણ એમ ને એમ બે - પાંચ દાણા આપી દે વાલ... વાલ જેટલી ચોસઠ પહોરી વાલ જેટલી તીખાશ હોતી હૈ ઉસમેં ? નહીં. પ્રગટ પર્યાય બિના અવસ્થા પ્રગટ હુએ બિના શુદ્ધતા આતી નહીં. એમ આત્મા તો અંદર શુદ્ધ હૈ પરિપૂર્ણ નિર્મળ હૈ. આનંદકંદ હી હૈ. મોક્ષ થવાને લાયક ઉસમેં ચીજ હૈ અંતરમેં, પણ દશામેં- હાલતમેં - વર્તમાન પર્યાયમેં, જેમ પીપરની વર્તમાનમાં તીખાશ થોડી અને કાળી અંદરમેં લીલી અને તીખી, અંદરમેં રંગ લીલા, લીલા સમજતે હૈ ? હરા, અંદરમેં રંગ હરા મહેંદીકે પાકમેં પડયા હૈ રાતા રંગ, મહેંદીકે પાકમેં મહેંદી છે ને આમ લીલો અંદર લાલ એમ ભગવાન આત્મા એની વર્તમાન દશામેં રાગ ને દ્વેષની લીલપ દિખતી હૈ અંતરમેં આનંદ ને શુદ્ધતાકા રંગ પડા હૈ. ભગવાન જાણે ક્યાં હશે ને શું હશે ? એમાં માને કે હા એ બરાબર વાત હોં.

લીલો રંગ દેખાય ને... ને ઘૂંટે ત્યારે લાલ થાય મહેંદી મહેંદી હોતી હૈ ને ? લગાતે હૈ ન લાલ લાલ નખ કરે નખકો લાલ કરાનેકો ઐસા કરે, ઐસા કરે,વળી કોઇ ઐસે રાખે તો હાથ લાલ થાય. વળી આ આંગળા લાલની હારે આંગળા આમ રાખે તો આંગળાય લાલ થાય. આંગળા હોતા હૈ ને આંગળા આમ આમ રાખે લાલ, હૈ તો લીલી હરી લાલ કહાંસે આઇ ? અંતરમેંસે. એમ આ ભગવાન આત્મા પ્રત્યેક આત્મામેં અંદર જ્ઞાન ને આનંદ અંદર પડા હૈ પૂરણ પણ ઉસકી વર્તમાન દશા જૈસે કાળી દિખતે હૈ. લીંડીપીપરકી ઔર હરા રંગ તો હૈ હી નહીં. ચરપરીલી બહોત થોડી જરી. આ ખારી કરે છે ને એ ખારી પીપરને ખાધા પછી ખાય છે ને થોડી બે-ચાર ખારી ખાય. એ ખારી કાંઇ ઓલી ચોસઠપહોરી થાય ? એમ અનાદિથી અજ્ઞાની કિતના નિશ્ચયભાસી સત્યકા ભાન નહીં. અપની દશામેં અમે પવિત્ર હૈ, અમે તો ભગવાન હૈ, અમે શુદ્ધ હૈ ઐસે માનનેવાલાકા ભાન... ભાન હૈ ? તેરી વસ્તુમેં શુદ્ધતા હૈ પ્રગટ કર સમ્યગ્દર્શન જ્ઞાનસે તો પ્રગટ હોગા, ઐસે પ્રગટ માન લે, ભ્રમણામેં પડા હૈ. સમજમેં આયા ?

તો યે નિશ્ચય કહા ઔર વ્યવહાર વ્યવહાર ક્યા ? અપની દશામેં દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ કુળકી પરંપરાસે કહે કે રાગકી મંદતા કરકે સબ ક્રિયા કરતે કરતે મેરે ધર્મ હોગા. ઐસા પહલે કરીયે ધર્મ હોગા. ઐસે માનનેવાલા વ્યવહાર આભાસી, વ્યવહારકા સાચા જ્ઞાન કરનેવાલા નહિ પણ વ્યવહારનો લેબાસ પહેર્યો છે. શાહૂકાર નહિ

પણ શાહૂકારકા લેબાસ ભાઈલાલભાઈ ! ઓલા તમારે નહોતા વસનજી કચ્છી જે.પી. હતાને ! આ વસનજી ત્રિકમજી વો કચ્છી હતાને ...... ને એના નામ લઈને છોકરા લખે છે અહીં એનો છોકરો નહોતો ને માળો ઢોંગી કે હું વસનજી ત્રિકમનો દીકરો છું જે.પી.નો આટલા રૂપિયા અહીં આપુ છું સાડાત્રણ હજાર આપ્યા હમણા, બોસ્કીના ના લૂગડાં પહેરેલા, સોનુ પહેરેલું સાથે બાયડી ને કહે કે આ મારી ભત્રીજી છે એનું સગપણ કરવા નીકળ્યો છું. એ સમયે સાડાત્રણ હજાર આપ્યા પછી અહીં જોયું - આપે ક્યાં ? લખી દીધા. અહીં બેઠો હતો પણે ન્યાંથી બોલાવ્યો આંહી મોઢા આગળ એવા એ માળા ઢોંગી નીકળે એને આત્મા ક્યાં માળા ઢોંગ ! બોસ્કીનાં લૂગડાં સોનાની જોડી પહેરેલી, જે.પી. વસનજી ત્રિકમજીનો દીકરો છું, ભત્રીજીના સગપણ કરવા નીકળ્યો.

એમ આત્મા અનાદિસે એ વર્તમાન દશામેં પવિત્રતા પ્રગટે બિના અમારે પવિત્ર હમ પવિત્ર હૈ... પવિત્ર હૈ... પવિત્ર હૈ ઐસે માન લે ઠગાઈ જાયેગા ઔર વ્યવહારકી ક્રિયા કરતે કરતે દયા કરતે, દાન કરતે, ભક્તિ કરતે, ભગવાનકી પૂજા કરતે... કરતે... કરતે... કલ્યાણ હોગા. ધૂળમેંય નહિ હોગા. વો તો રાગ પુણ્ય હૈ, પુણ્ય હૈ. આયા બિના રહેતે નહીં. પાપ ન હો ત્યારે પુણ્ય આતે જરૂર, પુણ્ય હોતા હૈ ધર્મીકો ભી પુણ્ય તો આતા હૈ પૂજા ભક્તિ, પણ વો પુણ્યબંધકા કારણ સમ્યગ્દૃષ્ટિ જાણતે નહીં. ઉસસે રહિત મેરી ચીજ સદાય અંદર આનંદ મેરા પડા ઉસકા અનુભવની સ્થિરતા જિતની હો, ઈતના ધરમ. વો રાગ જિતના આયા, વો વ્યવહારભાસી વો રાગકો હી ધર્મ માનતે હૈ. છે ને ?

નિશ્ચય ને વ્યવહાર, દોય નયની કે આભાસકો આભાસ એટલે ભાસ ભાન નહિ. સત્યકા ખ્યાલ નહિ ને વ્યવહારકા ખ્યાલ નહીં. કિસકો નિશ્ચય કહેના કિસકો વ્યવહાર કહેના ખબર નહીં. નામ લે લિયા કે હમારે બેય નય હમારે છે. ''**ઐસે મિથ્યાદૃષ્ટિ તિનિકા ઈન્હીંકા નિરૂપણ કિજિયે હૈ....**'' ઉસકા કથન કરનેમેં આતા હૈ. ''**જે જીવ ઐસે માને હૈ, જે જીવ ઐસે માનતે હૈ જિનમત વિષૈ....**'' વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા ઉસકા અભિપ્રાય ઉસકા મારગ વિષે ''**નિશ્ચય વ્યવહાર દોય નય કહે હૈ....**'' દોય નય હૈ જ્ઞાનકા અંશ દોય હૈ. જ્ઞાનકા અંશ દોય હૈ. સમજમેં આયા ?

જ્ઞાનકા અંશ ક્યા ? નય ક્યા ? આ આત્મા વસ્તુ હૈ વસ્તુ, ઉસમેં જ્ઞાનગુણ હૈ ત્રિકાળ, ઉસકી વર્તમાનદશામેં વો ત્રિકાળ દ્રવ્ય વસ્તુ ક્યા, અને વર્તમાન દશા કિતની કમ હૈ વિકારસે ને નિર્વિકારસે, ઉસકા જ્ઞાન કરના. તો દોયકા જ્ઞાન કરનેકો પ્રમાણ જ્ઞાન કહતે હૈ. પ્ર..મા..ણ અખંડ પૂર્ણ જ્ઞાન ઔર વો પ્રમાણજ્ઞાનકા એક ભેદ અવયવ ઉસકો નય કહેતે હૈ.

નય એટલે એક જ્ઞાનકા, એક વસ્તુના એક ધર્મ નામ એક ભાવકો જાનનેવાલા જ્ઞાનકા અંશકો નય કહેનેમેં આતા હૈ. સાંભળ્યુંય ન હોય આ નય એટલે શું? બધે નય...નય...ન્યાય નથી... લોકો નથી કહેતા આ ન્યાય છે એમ કહે છે કે ન્યાય એટલે શું? નય અને નિ એટલે જે પ્રકારના વસ્તુનું સ્વરૂપ હૈ, વો તરફ જ્ઞાનકો લે જાના ઉસકો નય કહેતે હૈ. સમજમેં આયા? વીતરાગ સર્વજ્ઞ પરમાત્માકા પંથમેં જો પૂરણ વસ્તુકા જ્ઞાન કરના ઉસકો પ્રમાણ કહેતે હૈ. પ્રમાણ આખી ચીજમેં પૂરણદ્રવ્ય હૂં શક્તિએ પૂરણ હૂં. પર્યાયમેં અપૂર્ણતા હૈ ને રાગ હૈ, વો સબકા એક સાથ જ્ઞાન કરના વો પ્રમાણ. પ્ર-માણ માપ લે લિયા. પદાર્થકા માપ લે લિયા કિ પદાર્થ ઐસા હૈ. ઔર વો પ્રમાણકા એક અંશકો-અવયવકો-ભાગકો નય કહતે હૈ, કિ જો નયકા જ્ઞાન ત્રિકાળી વસ્તુકો જાને વો નિશ્ચય, વર્તમાન ભેદ રાગ ને અપૂર્ણતાકો જાને વો વ્યવહાર, ઐસી તો ખબર હૈ હી નહીં, અને માનતે હૈ કિ હમારે તો દોય નય સાધન કરના હૈ. ઝીણી વાત છે પોપટભાઈ! ઝીણી નથી?

''**દોય નય કહે તાતૈં હમકૌં તિનિ દોઉનિકા અંગીકાર કરના....**'' લ્યો. ભગવાને તો બે નય કહ્યા છે વ્યવહાર ને નિશ્ચય. વ્યવહાર એટલે આ તમારો વ્યવહાર નહિ હોં ધંધાનો હા. ધંધા બંધાનો વ્યવહાર નહીં. હા, એ વળી એકવાર આવ્યો હતોને ઓલા ભાઈ, મંગલદાસ મંગલ જેસિંગ, જેસિંગ ઉજમશી. આ મોટી છે ને સાત-આઠ કરોડ રૂપિયાની જેને, શાંતિભાઈનો બાપ. અહીં આવે બધાય આવે તો બધાય આવે વારાફરતી બધાય. એક ફેર આવ્યા હતા ઘણીવાર આવતા અહીં એક ફેરે આવ્યા. મંગલદાસ જીવતા હતા આ નવી પેઢીના શાંતિલાલનો બાપ, પછી કહે કે તે દી' તો બહુ નહોતુ આટલુ બધું સાતેક લાખ હતા. હવે વધી ગયું તે દી'... કહે મહારાજ તમે વ્યવહાર વ્યવહાર કહો છો પણ વ્યવહાર અમારે રોગ આવે તો દવા ન કરવી? અરે! શેઠ શું કહો છો? તમને કાંઈ ખબરું ન મળે. આ રૂપિયાના ધણી થઈને બેઠા! ભાઈલાલભાઈ, અમારે કાંઈ શેઠની પાસેથી લેવું ન હોય એટલે! તે દી' સાત લાખ કહ્યા'તા તે દી' હો. આ તો અહીં ચોરાણુની સાલ થઈને આ મકાન થયું હતુંને તે દી' આવ્યાતા અને એકાણુ-બાણુમાં ત્યાં યે આવ્યા હતા હીરાભાઈના મકાનમાં. ભાવનગર આવે એટલે દર્શન કરવા આવે છે મોટર લઈને. કીધું આ પણ વ્યવહાર! તમને સુન્યા નહિ, જૈનમેં તમારા જનમ અને તમને ચોપડા જ સંભાળવા આ ચોપડા આ ફર્યા ને આ ચોપડા આ ફર્યા ને પાંચ લાખ મળ્યા ને આઠના પાંચ થયાને, શું છે આમાં? ઈ વ્યવહાર અમે આંહી કહીએ છીએ કીધુ તમારે આ દવા કરવાનો ઈ વ્યવહાર! ઈ વ્યવહાર કૌન કહતે હૈ?

યહાં તો આત્માકા ભાન હો મૈં અખંડ શુદ્ધ ચૈતન્ય સચ્ચિદાનંદ આત્મા પવિત્ર ભગવાન ઐસી પર્યાય પ્રગટ દશા હુઇ પવિત્ર, ઉસમેં પૂરણ પવિત્રતા ન હો, તબ લગ દયા દાનકા ભાવ આતા હૈ, આ ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ. એ કેટલાય વરસથી... હજી એના બાપને કાંઇ પડી છે અગાસમાં તો જેસિંગભાઇ નહીં? જેસિંગ ઉજમશી. અહીં અગાસમાં લલ્લુજી હતા ને એનો પરિચય ખરો. સમજાણું કાંઇ?

કહેતે હૈ, અમારે તો દો નય હૈ. નિશ્ચય ભી હૈ, વ્યવહાર ભી દોય આદરણીય હૈ. દેખો અંગીકાર કરીને, અમારે દોય અંગીકાર કરના પણ દો અંગીકાર હો સક્તે નહીં તેરે ખબર નહિ. સમજમેં આયા? ''**ઐસે વિચારી દોય ના....**'' મારે તો ત્રિકાળ દ્રવ્ય હૈ ઉસકા પર્યાયમેં નિર્મળતા હો. નિર્મળતા તો હુઇ નહીં ઉસકો પણ નિશ્ચયભી હમારે અંગીકાર કરના. અને વ્યવહાર ભી અંગીકાર (કરના) આદરણીય માનના. નિશ્ચય ભી આદરણીય હૈ ઔર દયા-દાનકા વિકલ્પ ઊઠતે હૈ વો ભી હમારે ઉપાદેય નામ આદરણીય હૈ. કારણકે ભગવાને દો નય કહા. એકેય નય તો છૂટયા જાય નહિ અને એનું વસ્તુ સમજમેં આવે નહીં. સમજમેં આયા?

''**ઐસે વિચારી જૈસે કેવળ નિશ્ચયાભાસ કે અવલંબીનિકા કથન કિયા થા....**'' પહેલે, મૈં શુદ્ધ હૂં ને પવિત્ર હૂં ને કેવળજ્ઞાનમય હૂં ને મેરેમેં રાગ હૈ હી નહિ ને પવિત્રતા હી હૈ, પર્યાયમેં ભી હોં. ઔર ''**યે નિશ્ચયકા અંગીકાર કરે....**'' આ પ્રમાણે બાત સમજતે હૈ ને? પવિત્ર પરમાત્મા હમારે કુછ હૈ હી નહિ. બડી બાત હૈ! તો આ ઇચ્છા કિસકો ઉત્પન્ન હોતી હૈ ખાનેકી, પીનેકી? ત્યાં ઇચ્છા ઉત્પન્ન હોતી હૈ ત્યાં પરમાત્મપના આયા કહાંસે? સમજમેં આયા? વો તો રાગ હૈ અને તુમ કહતે હૈ કિ હમ પવિત્ર હૈ... પવિત્ર હૈ... પવિત્ર હૈ... ખાનેકા રાગ, પીનેકા રાગ, સોનેકા રાગ વો સબ રાગ હૈ, ઇચ્છા હૈ, વૃત્તિ હૈ, વિકલ્પ હૈ, ઉત્થાન હૈ, ઉત્થાન વિકારકા હૈ ત્યાં માન લેના કિ હમે તો મોક્ષ હૈ, હમે તો મોક્ષ હી હૈ હમારે. ઐસા માનનેવાલા નિશ્ચયકો અંગીકાર કરતે માનતે પણ વો મિથ્યાત્વ હૈ ઉસકો ખબર નહીં.

''**ઔર જૈસે કેવળ વ્યવહારભાસકે અવલંબીનિકા કથન કિયા થા ઐસે વ્યવહારકા અંગીકાર કરૈ** હૈં....'' હમ બસ દયા પાળતે હૈ, પુણ્ય કરતે હૈ, ભક્તિ કરતે હૈ, પૂજા કરતે હૈ વો વ્યવહાર હૈ. અને વ્યવહાર હૈ વો હમારા નયકા વિષય હૈ. અમારા લાભકા લાભદાયક હૈ. ''**યદ્યપિ ઐસે અંગીકાર કરને વિષૈ દોઉનયનિ વિષૈ પરસ્પર વિરોધ હૈ....**'' જરી ઝીણી વાત હૈ. ભગવાન આત્મા આમ પૂરણ શુદ્ધ તો હૈ શક્તિમેં, સ્વભાવમેં, અને

પ્રગટ પર્યાય દશામેં શુદ્ધતા પ્રગટ કરે, તો ઉસકો નિશ્ચય કહનેમેં આતા હૈ. ઔર સાથમેં હજી રાગ રહતે હૈ ભક્તિ, પૂજા, દયા, દાન આતે હૈ, ધર્મીકો ભી હૈ પણ વો રાગ હૈ ઉસકો જાનના કી આ રાગ હૈ, આ ઉસકા નામ વ્યવહાર.સમજમેં આયા ? પણ વો રાગ ભી અંગીકાર કરને લાયક હૈ ને નિશ્ચય ભી અંગીકાર કરને લાયક હૈ, મૂંઢ હૈ ભ્રમણા તેરે હો ગઈ હૈ.

''**દો નયનિકે પરસ્પર વિરુદ્ધ હૈ....**'' દેખો એક જ્ઞાનકા અંશ કહતે હૈ કિ હમ પવિત્ર હૈ. દૂસરા જ્ઞાનકા અંશ કહતે હૈ કિ હમારામાં અપૂર્ણતા રાગ ને નિમિત્ત હૈ, તો દો કા વિષય વિરુદ્ધ હૈ, તો દો કો અંગીકાર કરના ઐસા બન સક્તે નહીં. સમજમેં આયા ? ઐસે હી કરને દો નયમેં તો પરસ્પર વિરોધ હૈ. ''**તથાપિ કરૈ કહા..... સાંચા તો દોઉનયનિકા સ્વરૂપ ભાસ્યા નહીં....**'' નિશ્ચય કિસકો કહતે હૈ ? નિશ્ચય નામ સત્ય, વ્યવહાર નામ આરોપિત કામ. સત્ય ભગવાન આત્મા સત્ય, ઓલા કબીરમાં પણ સત્ય નામ ભગવાન એમ બોલતે હૈ ઉસમેં બોલે, એને ખબરેય નથી કે સત્ય નામ ક્યા હૈ. અંદર સત્ય પરમાત્મા. પ્રભુ એ વાતો તો બહુ કરે પણ સમજે નહીં.

ઓલું પણ છે ને એક રાધાકૃષ્ણ મોટો પંથ છે આગ્રામાં. આગ્રામાં અમે ગયા હતા ને જોવા તો બધા બચારાને ખબર પડે કે સંઘ આવ્યો છે મોટો એટલે નામ. બધાને અંદર બતાવ્યું છે બધુ. સાડાત્રણ કરોડ રૂપિયા તો એક ફક્ત મકાનનો હજી મંજલો નથી કર્યો તેમાં નાંખ્યા છે. સાડાત્રણ કરોડ હજી મંજલો નથી કર્યો. હા આધા ભી નહીં. ભાઇએ જોયું છે આધા હી નહીં. હજી તો હેઠું સાધારણ થાંભલા છે. અને એમાં સાકળ ટેકવીને ખપ શું કહેવાય ? બળાતને એકલા આરસપહાણ નાંખી છે આમ. સાડાત્રણ કરોડનું હજી સાધારણ મકાન હજી તો એનામાં તો કેટલાક નાંખવા હશે. એ બધા કહેતાને એનો ફોટો ત્યાં અંદર હતો ને અંદર ફોટો એ બાઇનો ને ઓલો વાહ વાહ કરતા કે સબસે બડા હો ગયા લખ્યું'તું અંદર. ક્યા બડા કિસકો કહેના ?

અરે ભાઇ ! બાપુ એ ચીજ આત્મા એ સચ્ચિદાનંદ પ્રભુ પૂરણ ઉસકી અંતર અનુભવ કરના ઔર ઇસમેં જરી કચાશ હૈ પૂરણતા નહિ તો રાગ આતા હૈ જરૂર ધર્મકા, શ્રવણકા, ભક્તિકા, પૂજાકા, દાનકા, જાત્રાકા વો ભાવકો જાનના કિ હૈ ઇસકા નામ વ્યવહાર હૈ, વો ભાવકો આદરના, ઔર નિશ્ચયકો ભી આદરના, વો તો પરસ્પર વિરુદ્ધ હુઆ, દોય કો આદરના ને વિષય તો વિરુદ્ધ હૈ, દોયકો આરાધના હો સક્તે નહીં. સમજમેં આયા ? ''**ક્યા કરે ? સાંચા તો દોઉનયનિકા સ્વરૂપ ભાસ્યા નહીં અને જિનમત વિષે દોય નય કહે....**'' બેય કહ્યા હૈ નિશ્ચય ભી કહા ને વ્યવહાર ભી કહા હૈ, નહિ હૈ ઐસા નહીં.

''**તિનિવિષૈ કાહૂકૌં છોડી ભી જાતી નાહીં....**'' વ્યવહારનય છોડે તો નિશ્ચય એકાંત હો જાતા હૈ. નિશ્ચય છોડે તો વ્યવહારકા એકાંત વ્યવહારભાસી હો જાતા હૈ. ક્યા કરે? સમજમેં આયા નહિ કિ વ્યવહાર નિશ્ચય ક્યા? હમારે તો બેય અંગીકાર કરના. ભગવાને બેય નય કહ્યા છે ને પણ ભગવાને કહ્યું છે કે નહીં? મુનિઓએ કહ્યું છે કે નહીં? દેખો કુંદકુંદાચાર્ય મહારાજ ધર્મના ધોરી, એમણે પણ વ્યવહારનય કહ્યો છે કોણે ના પાડી? સુન તો સહી ક્યા કહા હૈ? ભગવાન આત્મા અપની શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ અનુભવદૃષ્ટિ સમ્યગ્દર્શન પ્રગટ કરે વો નિશ્ચય હૈ, ઉસકા આશ્રય લિયા યે. અને અંશમેં રાગ ભક્તિ આદિ ભાવ સાધર્મી પ્રત્યે પ્રેમ પ્રભાવના ઐસા રાગ હોતા હૈ વો જાનના કે યે ભૂમિકામેં ઐસા હૈ ઉસકા નામ વ્યવહાર. વ્યવહાર આદરણીય હૈ ને નિશ્ચય આદરણીય હૈ ઐસા દો વાતકો ભગવાને કભી કહી કહા નહિ. સમજમેં આવે નહિ ને ક્યા કરના? દોય લેના દોય માનના. ''**દોય નય કહે (તિનિ કાહૂકૌં છોડી જાય નહીં). તાતૈં ભ્રમ લિયે દોઉનિકા સાધન સાધે હૈ....**'' ભ્રમણાથી જુઓ સાધન એટલે નિશ્ચયનું પણ સાધન સાધીએ, વ્યવહારનુંયે સાધીએ. બેનું સાધન હોય નહીં. બેના સાધન હોય નહીં. સાધન એકનું હોય નિશ્ચયનું અંતર અને રાગ આવે એને જાનનેલાયક. સાધન બેના ન હોય સાધન એકના હોય. આ બેયના સાધન સાધીએ તો આપણે બે નયને માન્યા કહેવાય, એમ કરીને માને પણ વસ્તુની ખબર નથી. કેમ નથી એની વિશેષ વાત કરશે.

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૯
## અધિકાર ૭મો
### સ્થળ:સુવર્ણપુરી તા.:૧૭.૦૮.૬૨ શુક્રવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગ પ્રકાશક સપ્તમા અધ્યાય, ઉસમેં દો નયકે અવલંબનવાલેકા કથન હૈ. ''**નિશ્ચયનયકા ક્યા સ્વરૂપ હૈ ઔર વ્યવહારનયકા ક્યા સ્વરૂપ હૈ ઉસે જાને બિના, દોયકા હમ અવલંબનકા સાધન કરતે હૈ, ઐસે માનનેવાલા મિથ્યાદષ્ટિ હૈ. ઉસકા કથન ચલતે હૈ....**'' સમજમેં આયા? ''**જૈન મતમેં દો નય કહા હૈ....**'' જૈન મતમેં દો હૈ ને? દૂસરેમેં કહા હૈ પર વો સાધારણ પરમાર્થ વ્યવહારને ઉપચારની બધી વાતું. વીતરાગ અભિપ્રાયમેં દો નયકા કથન ચલા હૈ. સંપ્રદાયમેં દિગંબરમેં જન્મે છતેં, ઉસકી બાત ચલતી હૈ. દિગંબરમેં જન્મેકી બાત. જન્મ હુઆ છતાં નિશ્ચય ક્યા? વ્યવહાર ક્યા? હમારે તો દોય નયકા સાધન સાધના. ક્યોંકિ દોય નય જિન મતમેં તો ચલી હૈ તો ભ્રમણાસે નિશ્ચયકા ભાન બિના ઔર વ્યવહાર કિસકો કહતે હૈ? ઉસકા જ્ઞાન બિના દોયકા સાધન સાધના એમ

માનનેવાલા મિથ્યાદષ્ટિ હૈ. ''**જાતે તાતૈં ભ્રમ લિયે દોઉનિકા સાધન સાધે હૈ. તે ભી જીવ મિથ્યાદષ્ટિ જાનને....**'' કહો, બેય નયનું સાધન કરવું. નય દો નય હૈ કે નહીં? આતે હૈ દેખો, ''**અબ ઈન્હીકી પ્રવૃત્તિકા વિશેષ દિખાઈયે હૈ....**''

''**અંતરંગ વિષૈં આપ તૌ નિર્ધાર કરિ યથાવત્ નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગકો પહિચાન્યા નાહીં....**'' આ દિગંબરમેં જન્મે ઉસકો લાગુ પડતે હૈ. અહીંયા તો શ્વેતાંબર આદિને તો યહાં અન્યમતમેં ડાલ દિયા હૈ. વો પંચમ અધ્યાયમેં. દિગંબરમેં જન્મે છતે નિશ્ચયકા ક્યા સ્વરૂપ, વ્યવહારકા ક્યા સ્વરૂપ જાને બિના હમારે હમ દોય નય માનતે હૈ. દોય નય માનતે હૈ અને અમે દોય નયકા સાધન ઔર દોય નય હમ અંગીકાર કરતે હૈ ઐસા માનનેવાલાકી દષ્ટિમેં ક્યા હૈ? ''**અંતરંગ વિષૈ તો આપ નિર્ધાર કરિ, નિશ્ચય કરિ....**'' કે ક્યા નિશ્ચય મેરા અખંડ ગુણ સ્વરૂપ મેરા આત્મા અનંતગુણકા પુંજ, ઉસકા આશ્રય કરકે જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ હો ઉસકો નિશ્ચય કહેતે હૈ. ઈસકા તો નિર્ધાર હૈ હી નહીં. નક્કી હૈ નહીં. જૈસે કહે વૈસે કલ્પનાસે માન લે કે હમ તો નિશ્ચય માનતે હૈ. સિદ્ધ સમાન હમારા સ્વરૂપ હૈ. હમારી પર્યાયમેં મલિનતા ફલિનતા હૈ હી નહીં. ઐસા નિશ્ચય કહો સત્યાર્થ નિર્ધાર કરે બિના નિશ્ચયકો માનતે હૈ. ઔર વ્યવહાર? વો ભી નિર્ધાર કરતે નહિ કિ વ્યવહાર કિસકો કહેના. સમજમેં આયા?

અંદરમેં આત્મામેં નિશ્ચયકા ભાન હુએ પીછે અથવા નિશ્ચયકા ભાનકે સાથમેં દયા, દાન, વ્રત, ભક્તિકા રાગ આતા હૈ ઉસકા જાનના ઉસકા નામ વ્યવહારનય હૈ. ઐસા તો નિર્ધાર કરતે નહિ, નક્કી કરતે નહિ ''**ઔર દોય મોક્ષમાર્ગકો પહિચાન્યા નાહીં. જિનઆજ્ઞા માનિ....**'' વીતરાગ દોય નય કહતે હૈ તો દોય નયકા હમારેકો માનના ક્યોંકિ એક નય છોડેગા તો એકાંત હો જાયેગા. હેં? (શ્રોતા : બેય નય) એ તો બીજી વાત છે. બે નયને ન છોડવા ઉસકા અર્થ, નિશ્ચયતત્ત્વકા જો સ્વરૂપ હૈ ઉસકો જો છોડેગા તો તત્ત્વકા નાશ હો જાયેગા. ઔર વ્યવહાર બીચમેં ગુણસ્થાન ભેદ ચોથું, પાંચમું, છઠ્ઠી ભૂમિકા ઔર રાગકા પ્રકાર હૈ, ઐસા તો જૈસે હૈ ઐસે ન જાને, તો વ્યવહાર છોડયા કહેનેમેં (આતા હૈ). આદરણીય ઐસી બાત નહીં.

'જિનમતં પ્રવર્તઃ' જિનમતમેં પ્રવર્તનાના તો ચાહતે હો તો દોય નય નહિ છોડના. ઉસકા અર્થ ક્યા? કે જો નિશ્ચય છોડેગા તો તત્ત્વદષ્ટિ નહિ રહેગી, ઔર વ્યવહાર છોડેગા તો બીચમેં ભેદ આતા હૈ. ગુણસ્થાનમેં સમ્યગ્દર્શન, શ્રાવકપણા, મુનિપણા ઔર રાગકી મંદતા ઔર તીવ્રતા પહેલે તીવ્ર પછી મંદ. ઐસી શુદ્ધિકી પહેલે મંદ પછી વૃદ્ધિ, ઐસા

જો ભેદ પડતે હૈ, વો વ્યવહારનયકા વિષય હૈ. ઉસકો છોડે તો ગુણસ્થાન ભેદ રહતે નહિ, તીર્થ હી રહતે નહિ, આદરણીય નહીં. સમજમેં આયા ? નિશ્ચયકો ક્યા સ્વરૂપ હૈ જાનતે નહિ, વ્યવહાર કિસકો કહેતે હૈ જાનતે નહિ અને અમે દોય નયકા સાધન કરતે હૈ, દોયનયકો હમ અંગીકાર કરતે હૈ. તો કહતે હૈ કે ઈસકો જિનઆજ્ઞા માનિ નિર્ધાર કર્યા વિના નિશ્ચય કિયા નહીં. ''**જિનઆજ્ઞા માની નિશ્ચય વ્યવહારરૂપ મોક્ષમાર્ગ દોય પ્રકાર માને હૈ....**'' અહીં તો મોક્ષમાર્ગનું લીધું છે ને ? મોક્ષમાર્ગ દો પ્રકારકા માનતે હૈ. અજ્ઞાની નિશ્ચય વ્યવહારકા, નિશ્ચય નિર્ધાર ક્યા ચીજ હૈ ઉસકા પ્રબોધ, બોધ હુએ બિના, જિનઆજ્ઞા હૈ હમારે તો જિનઆજ્ઞા દો નયકી હૈ તો દો નયકા દો મોક્ષમાર્ગ હૈ. કુંદકુંદાચાર્ય કહતે હૈ પંચાસ્તિકાયમેં 'जीव धम्मादिसद्दहणं सम्मतं' સમજમેં આયા ? અને આત્માકી શ્રદ્ધા, વો નિશ્ચય શ્રદ્ધા, વો વ્યવહાર દોય મોક્ષમાર્ગ આર્ષમેં આચાર્યોને કહા હૈ તો હમારે દો હી માનના. સમજમેં આયા ?

ઐસી ''**જિનઆજ્ઞા માનિ નિશ્ચય....**'' નામ સત્યાર્થ મોક્ષમાર્ગ ક્યા હૈ ? ''**વ્યવહાર....**'' નામ ઉપચાર ક્યા હૈ ? ''**ઉસકો જાને બિના મોક્ષમાર્ગ દોય પ્રકાર માને હૈ. સો મોક્ષમાર્ગ દો હૈ નાહીં, મોક્ષમાર્ગ દો નાહીં....**'' ઓહોહો ! તો કહે કે નહીં. ઓ ટોડરમલ ઘરમેં કહતે હૈ હમારે તો આર્ષ વાક્યમેં દો મોક્ષમાર્ગ ચલતા હૈ ઐસે કહતે હૈ કિતને લોગ. અરે ભગવાન ! ગાથા લીધા પહેલે આધાર, આચારજ કહતે હૈ કી વ્યવહાર અભૂતાર્થ હૈ. જિસકો મોક્ષમાર્ગ વ્યવહારસે કહા વો અભૂતાર્થ હૈ, અસત્યાર્થ હૈ એ વ્યવહાર મોક્ષમાર્ગ, મોક્ષમાર્ગ હૈ નહીં. ઐસી તો અગિયારમી ગાથામેં જૈનશાસનકા પ્રાણ અગિયારમી ગાથા હૈ. સમજમેં આયા ? 'વ્યવહારો અભૂદત્થો' વ્યવહાર અભૂતાર્થ, અસત્યાર્થ, અસત્ય અર્થકો પ્રગટ કરતી હૈ ઔર શુદ્ધનય સત્યાર્થકો, સત્‌કો, સત્યભાવકો, સત્ય અર્થકો પ્રગટ કરતી હૈ એ એક ગાથાના દો પદ પહેલે સારા શાસનકી તાત્પર્ય ક્યા ચીજ હૈ ઉસકો વહ ગાથાસે ઉસકા તાત્પર્ય નિકલતે હૈ. સમજમેં આયા ? દો મોક્ષમાર્ગ માને.

''**સો મોક્ષમાર્ગ દોય નાહીં, મોક્ષમાર્ગ દો નાહીં....**'' બરાબર હૈ. બે મોક્ષમાર્ગ નહિ તો ક્યું કહા ? આચાર્યોએ ક્યું કહા ? ઔર પુરુષાર્થસિદ્ધઉપાયમેં ભી દો હી મોક્ષમાર્ગ ચલા હૈ. અને દો હી મોક્ષમાર્ગસે મોક્ષ હોતે હૈ ઐસી ગાથા હૈ. સમજમેં આયા ? વો તો કહતે હૈ કે માર્ગ જો નિશ્ચય હૈ, વો હી યથાર્થ ને સત્ય હૈ. બીચમેં દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ, પંચમહાવ્રતકા પરિણામ, અગિયાર અંગકા બોધ, આદિ જો વ્યવહાર વિકલ્પ ઉઠતે હૈ, ઉસકો જાનના, વો કાળે જાનના કે હૈ. વો વ્યવહાર મોક્ષમાર્ગ હૈ, એટલે કે વ્યવહાર મોક્ષમાર્ગ હૈ નહીં. સમજમેં આયા ? ''**સો મોક્ષમાર્ગ દોય નાહીં. મોક્ષમાર્ગકા નિરૂપણ....**'' દોય

પ્રકાર હૈ. મોક્ષમાર્ગકા કથન દો પ્રકાર હૈ. ઉસકી કથનીકા દો પ્રકાર હૈ, ઉસકા નિરૂપણકા દો પ્રકાર હૈ, પણ માર્ગ દો હૈ ઐસા નહીં. સમજમેં આયા? નિરૂપણ દો પ્રકાર હૈ. નિરૂપણ નામ કથન. ઉસકી કથની દો પ્રકારકી હૈ, માર્ગ દો પ્રકારકા હૈ ઐસા નહીં.

હવે ક્યા કહતે હૈ કથનીકા પ્રકાર! ''**જહાં સાચા મોક્ષમાર્ગકૌં, મોક્ષમાર્ગ નિરૂપણ સો નિશ્ચય મોક્ષમાર્ગ હૈ....**'' મહાસિદ્ધાંત હૈ આ બધા. જહાં સત્ય મોક્ષમાર્ગ અપના શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય અખંડ પૂર્ણાનંદ આ ઉસકા અંતરમુખ હોકર, નિર્વિકલ્પ, સમ્યગ્દર્શનકી પ્રતીતિ, સમ્યગ્દર્શનરૂપ પ્રતીતિ, સમ્યક્ સ્વસંવેદન આત્માકા આત્મ જ્ઞાન, ઔર આત્માકા સ્વરૂપમેં રમણતા કરના વો નિશ્ચય ચારિત્ર. વો હી સચ્ચા મોક્ષમાર્ગ હૈ ઉસકો મોક્ષમાર્ગ કથન કરના, ઉસકા નામ નિશ્ચય હૈ. સમજમેં આયા? ''**ઔર જહાં જો મોક્ષમાર્ગ તૌ હૈ હી નાહીં.....**'' આહાહા! વ્યવહાર કહેતે હૈ ઐસા હૈ હી નહીં. વ્યવહાર કહતે હૈ કે ભૈયા દેવ - ગુરુ - શાસ્ત્રકી શ્રદ્ધા, ભક્તિ, પૂજા ઔર અગિયાર અંગકા જ્ઞાન, અઠ્યાવીસ મૂળગુણકા પાલન, ઉસકો હમ વ્યવહાર મોક્ષમાર્ગ વ્યવહારનયસે કહતે હૈ. ઉસકા અર્થ વ્યવહાર કહતે હૈ કે મોક્ષમાર્ગ હૈ, નિશ્ચય કહતે હૈ કે નહીં. વો તો બંધકા માર્ગકો વ્યવહારનય મોક્ષકામાર્ગ આરોપસે કહતે હૈ. વસ્તુ ઐસી હૈ નહીં. સમજમેં આયા?

ટોડરમલ તો વ્યવહાર ને નિશ્ચય, નિશ્ચયસે કહતે હૈ. ક્યાં ગયા ચંદુભાઈ! કાગળ બાગળ આપ્યો કે નહિ મધુકરે તે કેમ વાત કરતા નથી? દ્રવ્યસંગ્રહમાં એમ કે વ્યવહાર મોક્ષમાર્ગ આમ હાલ્યો ને નિશ્ચય મોક્ષમાર્ગ આમ હાલ્યો છે ને એવુ બધુ આવ્યું છે શરણારામનું. સમજાણું કાંઈ? ક્યા કહતે હૈ? ભૈયા, વ્યવહાર જો મોક્ષમાર્ગ કહા હૈ, ''**વો મોક્ષમાર્ગ હૈ તો નાહી....**'' પરંતુ મોક્ષમાર્ગ અપના શુદ્ધ સ્વરૂપ ઉસકી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાકી નિર્વિકલ્પ પરિણતિ. નિર્વિકલ્પ, નિર્વિકારી દશા વો નિશ્ચય મોક્ષમાર્ગ, ''**ઔર મોક્ષમાર્ગમેં નિમિત્ત હૈ....**'' નિમિત્ત હૈ, શુદ્ધ ઉપદાનકી પરિણતિ અપની વો નિશ્ચય મોક્ષમાર્ગ. સમજમેં આયા? શુદ્ધ આત્મા પૂર્ણાનંદ પ્રભુ, અખંડ ગુણકી ચીજ એક આખી, આ ઉસકા આશ્રય કરકે જો સમ્યગ્દર્શન નિર્વિકલ્પ પ્રતીત હોતા હૈ. ઉસકા આશ્રયસે આત્મજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ આ ઉસમેં લીનતા, લીનતા વીતરાગતા હોતી હૈ. વો નિશ્ચય પરિણતિ વો આત્માકા સચ્ચા મોક્ષમાર્ગ. સમજમેં આયા? ''**વો મોક્ષમાર્ગમેં નિમિત્ત હૈ....**'' નિમિત્ત હૈ ક્યું? વ્યવહાર. નિમિત્ત હૈ ઉસકા અર્થ, વો આત્માકા નિશ્ચય મોક્ષમાર્ગમેં અકિંચિત્કર હૈ. સમજમેં આયા?

જૈસે નિમિત્ત પર ચીજમેં કુછ કાર્યકારી નહિ, તો ઉસકો નિમિત્ત કહનેમેં આતા હૈ. સમજમેં આયા? શેઠી! ઈતના વર્ષ ઐસે ને ઐસે ગુમાયા વો બાત તુમ્હારી કરતે

હૈ. વો કહતે હૈ કે જૈનમેં દિગંબરમેં જન્મ લિયા, પણ નિશ્ચય વ્યવહાર ક્યા ઉસકા નિર્ધાર તે કર્યા નહિ હોં. હમતો માનતે હૈ, હમ તો દો ય મોક્ષમાર્ગ માનતે હૈ. દો ય મોક્ષમાર્ગ. પુરાના હૈ ખાનદાન દિગંબરકા. સમજમેં આયા ? ''**તો કહેતે હૈ મોક્ષમાર્ગ તો હૈ નાહીં ઔર નિશ્ચય મોક્ષમાર્ગમેં નિમિત્ત હૈ....**'' નિમિત્ત હૈ ક્યા ? દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ, પંચમહાવ્રતકા રાગ, ઔર અગિયાર અંગકા પર તરફકા ઝુકાવકા જ્ઞાન રાગ મિશ્રિત. વો સબ નિશ્ચય મોક્ષમાર્ગકી અંતર નિર્વિકારી પરિણતિ, પરિણતિ નામ પર્યાય, પર્યાય નામ દશા. વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા વો નિશ્ચય. યે સચ્ચા મોક્ષમાર્ગ, સત્ય માર્ગ, યથાર્થ માર્ગ વો હી માર્ગસે મુક્તિ હોતી હૈ.

વો માર્ગમેં નિમિત્તરૂપ પડતે હૈ. વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ, વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ - રાગ વો નિમિત્ત હૈ, ''**વા સહચારી હૈ....**'' ક્યા ? વો નિશ્ચય મોક્ષમાર્ગકી અંતર પરિણતિ ચલતી હૈ, ઉસકી સહચારી સાથ સાથમેં ઐસા રાગ હોતા હૈ. વ્યવહાર રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ આદિ સાથમેં સહચર... સહચર સાથે સાથે ઉનકે કારણસે વો ચલતે હૈ. અપને કારણસે અપની નિર્વિકલ્પ પરિણતિ ચલતી હૈ, અને રાગકે કારણસે રાગ પણ સહચર નિશ્ચયકી સાથે ચલતા હૈ. સમજમેં આયા ? એક માણસ ચલતે હોય ને માણસ, ચલતે તો અપને પગસે, પણ સહચર ક્યા કહતે હૈ તુમ્હારેમેં સથવારો, સથવારા - સાથી સાથી અપને કારણસે ચલતે હૈ. વો ચલનેવાલે અપને કારણસે ચલતે હૈ. ઐસે અપના શુદ્ધ પ્રભુ આત્મા, વો શરીર, વાણી, મનકી ક્રિયા મેરી નહીં. પુણ્ય-પાપકા વિકલ્પ ભી મૈં નહીં. મૈં નિર્વિકલ્પ શુદ્ધ આત્મા હૂં, મૈં જ્ઞાયકભાવ હૂં, પરમ અખંડ પરમ સ્વભાવ ભાવ હૂં ઐસી અંતરમુખ હોકર, આત્મ અભિમુખ હોકર, પરિણામ જો નિર્મળ શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-રમણતા વો નિશ્ચય મોક્ષમાર્ગ સાથમેં સહચર, સહચર સાથમેં રહેનેવાલા, સાથમેં રહેનેવાલા દો એક નહીં. દો એક હૈ ? એક નહીં. નિશ્ચયમેં વ્યવહાર નહિ ને વ્યવહારમેં નિશ્ચય નહીં. નહિતર દો પ્રકારકી કથની ચલે નહીં. સમજમેં આયા ? ''**મોક્ષમાર્ગકા નિમિત્ત હૈ, સહચારી હૈ....**'' સાથે ચાલનાર હૈ.

''**તાકૌ ઉપચાર કરિ, ઉપચાર કરિ....**'' આરોપ કરી ''**મોક્ષમાર્ગ કહીએ....**'' વો રાગકો મોક્ષમાર્ગ કહીએ, ભેદકો મોક્ષમાર્ગ કહીએ નિમિત્ત નામ વિકલ્પ વ્યવહાર રત્નત્રય ઉત્પન્ન હુઆ વો નિમિત્તકો મોક્ષમાર્ગ કહીએ. યે સહચર રહતે હૈ તો સાથમેં રહનેવાલા કહો વો મોક્ષમાર્ગ પરિણતિ ચલતી હૈ. સાથમેં રહનેવાલેકો મોક્ષમાર્ગ કહીએ એ વ્યવહાર હૈ. એ વ્યવહાર મોક્ષમાર્ગ હૈ... હૈ નહિ, પણ નિમિત્તકો દેખકર,

સહચારી દેખકર, ઉપચારસે ઉસકો વ્યવહાર મોક્ષમાર્ગકા આરોપ કહેનેમેં આયા. સમજમેં આયા? બહુત ઝઘડા ચાલે આ નિશ્ચય વ્યવહારના તો. કોઈ કહે કે વ્યવહાર હોય તો નિશ્ચય હોતા હૈ, કોઈ વળી કહે કે ચોથેથી બારમા સુધી વ્યવહાર મોક્ષમાર્ગ હૈ. તેરમે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ હોતા હૈ, વળી કોઈ વો પરમાનંદ આદિ થા ગોદિકાજી ક્ષુલ્લક થા ને પહેલે! આર્યસમાજમેં તો વો વળી કહતે હૈ કે સાતમે, પહેલે તો બારમે કહતે થે વ્યવહાર મોક્ષમાર્ગ, પછી વળી છઠ્ઠે વ્યવહાર મોક્ષમાર્ગ હૈ નિશ્ચય તો સાતમેં હોતા હૈ. અભેદ ત્રણ હોય તબલગ તે બિન નિશ્ચય હોતા નહીં. અનેક કથની. જગત અપના સત્ય ને ઉપચાર ક્યા હૈ, સમજે બિના અનેક માન્યતા ચલી હૈ.

ભગવાન, આચાર્ય કહતે હૈ ઉસકા રહસ્ય ખોલતે હૈ. પંડિતજી ટોડરમલજી ઉસકા રહસ્ય ખોલતે હૈ, કે શાસ્ત્રમેં દો પ્રકારકી કથની ચલી હૈ. નિરૂપણ ચલા હૈ. નિશ્ચયકો યથાર્થ સચ્ચા મોક્ષમાર્ગ કહેના, અને રાગ સહચર દેખકર ઉસકો ઉપચારસે, આરોપસે, વ્યવહાર કહના. જો હૈ હી નહિ મોક્ષમાર્ગ હૈ તો બંધમાર્ગ, પણ મોક્ષમાર્ગકી સાથમેં નિમિત્ત દેખકર, મોક્ષમાર્ગકા આરોપ દે દિયા. સમજમેં આયા? ભારે કઠણ આ! લોકોએ બહારથી આ માન્યુ હોય ને એને એવું લાગે પણ આ તો બધું રસાતાળ જાશે. બાબુભાઈ! વ્યવહારથી કરતે કરતે નિશ્ચય હો, વ્યવહાર હો તો નિશ્ચય હો, આંહી તો કહતે હૈ કે નિશ્ચય હૈ તો વ્યવહાર હૈ ઐસા ભી નહીં. વ્યવહાર હૈ તો નિશ્ચય હો ઐસા ભી (નહીં). સહચર અપને અપને કારણસે દોય હૈ. એક યથાર્થ હૈ અને એકકો નિમિત્ત દેખકર ઉપચારસે મોક્ષમાર્ગ કહા હૈ. બરાબર હૈ? કહો.

''**જાતૈં (તેથી) નિશ્ચય વ્યવહારકા સર્વત્ર ઐસા હી લક્ષણ હૈ....**'' મહાસિદ્ધાંત દેખો. જેથી ''**નિશ્ચય અને વ્યવહારકા....**'' સમજમેં આયા? ''**સર્વત્ર ઐસા હી લક્ષણ હૈ....**'' ક્યા? કે નિશ્ચય વસ્તુકી પરિણતિ વો નિશ્ચય ઔર સાથમેં રાગ આયે વો વ્યવહાર. તો દર્શનકા બે પ્રકાર સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ આત્માકા પ્રતીત હોના વો નિશ્ચય, ઔર બીચમેં રાગ આયા નવતત્ત્વકી શ્રદ્ધાકા વો વ્યવહાર. જ્ઞાન-આત્માકા જ્ઞાન સમ્યક્ હુઆ વો નિશ્ચય. શાસ્ત્રકા જ્ઞાન પરસન્મુખ હુઆ વો વ્યવહાર, ચારિત્ર અપના સ્વરૂપમેં રમણ કરના વો નિશ્ચય ઔર પંચમહાવ્રતકા અઠ્ઠયાવીસ મૂળ ગુણકા વિકલ્પ આયા વો વ્યવહાર. સમિતિ... આ સર્વત્ર છે ને સર્વત્ર સમજમેં આયા? સમિતિ દો પ્રકારકી કથની સમિતિકી ચલી હૈ. એક નિશ્ચય સમિતિ, વ્યવહાર સમિતિ. નિશ્ચય સમિતિ - અપના શુદ્ધ સ્વરૂપમેં સમ્યક્ પ્રકારે ઈતિ પ્રવૃત્તિ પરિણતિ વીતરાગ પરિણતિ, અપનેમેં હો યે નિશ્ચય સમિતિ, અને પર જીવકો

દુઃખ ન હો ઐસા વિકલ્પ ઉઠતે હૈ, વો વ્યવહાર સમિતિ હૈ. વો નિશ્ચયકી સાથમેં વ્યવહાર રહતે હૈ, સહચર હૈ, વો દેખકર ઉસકો વ્યવહાર સમિતિ કહનેમેં આયા.

(શ્રોતા : મૈત્રી) દોનોકી મૈત્રી વ્યવહારનયસે હૈ. ઠીક હૈ પંડિત પણ અહીંયા હળવે દઈને એક લાકડું, હાંડલું ન મૂકે તો. વ્યવહારનયસે મૈત્રી કહનેમેં આતા હૈ, પરમાર્થસે મૈત્રી નહિ, બે વિરુદ્ધ હૈ. એણે હા પાડી કે જાણે મૈત્રી છે ને બેને હા. સમજમેં આયા ? વો તો વ્યવહારનયસે પ્રવચનસારમેં, વ્યવહારનયસે, ઉપચારસે નિશ્ચયકી સાથ વ્યવહાર હૈ, ઉસકો વ્યવહારસે મૈત્રી કહનેમેં (આયા) આ નિશ્ચયસે તો વેરી હૈ. સમજમેં આયા ? આ મૈત્રીકા કથન ભી દો પ્રકારકા હૈ. સમજમેં આયા ? એક સ્વરૂપકી રમણતા અંદર મૈત્રી વો નિશ્ચય મૈત્રી આત્માકી ઔર સાથમેં રાગ આતા હૈ વ્યવહાર મૈત્રીકા ઉપચાર સહચર દેખકર ઉસમેં આરોપ આતા હૈ. હૈ નહીં મૈત્રી ઉસકો મૈત્રી કહના ઉસકા નામ વ્યવહાર સમજમેં આયા ? નવરંગભાઈ ! (શ્રોતા : ...) કીધુંને ? જે મોક્ષમાર્ગ નહિ, ઉસકો મોક્ષમાર્ગ કહના ઉસકા નામ વ્યવહાર. ઐસે મૈત્રી નહીં ઉસકો વ્યવહારસે મૈત્રી કહેના ઉસકા નામ વ્યવહાર. સમજમેં આયા ?

ઐસે દર્શન-જ્ઞાન-ચારિત્ર સમિતિ-ગુપ્તિકા દો પ્રકારકી કથની. એક શુભાશુભ વિકલ્પસે અપના સ્વરૂપમેં ગુપ્ત હોકર નિર્વિકારી શાંતિકા સ્વાદ લેના વો નિશ્ચય ગુપ્તિ પણ સાથમેં અશુભસે હટકર શુભમેં આયા, વો વ્યવહારગુપ્તિ. હૈ નહીં, વ્યવહાર ગુપ્તિ વો ગુપ્તિ હૈ નહિ પણ નિમિત્તકો સહચર દેખકર ઉપચારસે ગુપ્તિકા આરોપ રાગમેં કરનેમેં આયા હૈ. સમજમેં આયા ? એમ ધ્યાન દો પ્રકાર. ધ્યાનકી કથની દો પ્રકાર. એક ભગવાન આત્મા ! શુદ્ધ ચૈતન્યમેં એકાગ્ર હોકર અમૃતકા સ્વાદકા અનુભવ કરતે-વો નિશ્ચયધ્યાન, વો નિશ્ચય ધર્મધ્યાન ઔર સાથમેં વિકલ્પ ઉઠતે હૈ ભગવાન ક્યા કહતે હૈ, ક્યા હૈ સંસાર ને ક્યા ફલાણા વો શુભરાગ વો નિશ્ચય ધર્મધ્યાનકી સાથમેં સહચર દેખકર નિમિત્ત દેખકર ઉપચારસે ઉસકો ધર્મધ્યાન કહા. હૈ નહિ, ધર્મધ્યાન ઉસકો ધર્મ-ધ્યાન કહેના ઉસકા નામ વ્યવહાર. સમજમેં આયા ?

જુઓ આ લક્ષણ ''**જાતૈં નિશ્ચય વ્યવહારકા સર્વત્ર ઐસા હી લક્ષણ હૈ સર્વત્ર ઐસા હી લક્ષણ હૈ**....'' કાયોત્સર્ગ - કાયોત્સર્ગ દો પ્રકારકી કથની. વસ્તુ એક, કથની દો. આત્મા, શરીર, વાણી, મન ને કાર્મણ શરીરસે હટકર ઔર રાગસે હટકર કાયોત્સર્ગ, વો વિકલ્પ હૈ વો ભી કાયા હૈ, એ કર્મકી કાયા ભાવકર્મ. સમજમેં આયા ? વો ભાવકર્મકા શુભરાગ વો વિકારકી કાયા ઉસસે હટકર નિર્વિકલ્પ ચૈતન્યમેં એકાકાર યોગ હોકર સ્થિર હોના, વો નિશ્ચય કાયોત્સર્ગ હૈ. છે ? સાથમેં વિકલ્પ ઉઠતે હૈ કિ મૈં કાયોત્સર્ગ કરું ને ઐસા હો

ઐસા હો ને વો સાથમેં રાગકો, સહચર દેખકર, ઉપચારસે કાયોત્સર્ગ કહા હૈ. સમજમેં આયા?

એમ યોગ... યોગ, યહાં યોગ કહતે હૈ ન? આત્મામાં જોડાણ તો યોગ ભી અપના સ્વરૂપમેં નિર્વિકલ્પમાં જોડાણ હોના, ઉસકા નામ યોગ સચ્ચા હૈ. વિકલ્પ ઉઠતે હૈ વો વ્યવહાર યોગ હૈ. પુણ્ય બંધકા કારણ (હૈ) ઐસી કથની દો પ્રકારકી ચલતી હૈ. સમજમેં આયા? ઐસે સમ, સમતા... સમતા દો પ્રકારકી કથની સમતાકી. એક આત્મામેં પુણ્ય-પાપકા રાગ રહિત સ્વભાવકી સમતા પ્રગટ હો વો નિશ્ચય સમતા હૈ. ઔર સાથમેં રાગકી મંદતાકા ક્ષમાકા શુભભાવ હો વો વ્યવહાર સમતા હૈ. સમતા એક હી હૈ કથની દો પ્રકારકી સમતાકી ચલતી હૈ. સમજમેં આયા? ધન્નાલાલજી! બહુ બોલ લીધા છે એ તો આમા ઓલા છે ને આમાં નિયમસાર! નિયમસારમાં કિતના બોલ લીધા છે ને ઘણાં બોલ લીધા છે. શમ, યમ ને મૈત્રી ને દયા ને બહુત બાત ઉસમેં લિયા હૈ. સબમાં દો દો પ્રકાર લેના. ચાર આરાધના. આરાધનાના પણ દો પ્રકાર. સમજમેં આયા? નિશ્ચય અને વ્યવહાર, સ્વરૂપકા સેવન કરના, આનંદકા નિશ્ચય આરાધન. સાથમેં વિકલ્પકા અશુભસે ટળકર વો આયા, વો વિકલ્પકો વ્યવહાર આરાધન કહનેમેં આયા. આરાધન હૈ નહીં. નવરંગભાઈ!

એમ યમ. યમ દો પ્રકારકા. વો મહાવ્રત હૈ ને? એક નિશ્ચય મહાવ્રત ને એક વ્યવહાર મહાવ્રત યમ. અંતરકા સ્વરૂપમેં, વીતરાગ પરિણતિ હોકર, સ્વરૂપમેં વિંટાઈ જાના વો નિશ્ચય મહાવ્રત હૈ. ઔર પંચમહાવ્રતકા વિકલ્પ ઉઠતે હૈ વો નિમિત્ત સહચર દેખકર મહાવ્રતકા આરોપ દે દિયા હૈ, વો મહાવ્રત હૈ નહિ, ઉસકો મહાવ્રત કહેના વો વ્યવહાર હૈ. સમજમેં આયા? રાજમલજી! બે પ્રકાર સબ સમજે? એમ દયાકા દો પ્રકાર એક નિશ્ચય દયા એક વ્યવહાર દયા. કથની દો પ્રકારકી યથાર્થમેં દયા એક પ્રકારકી, રાગકી ઉત્પત્તિ ન હોના, પુણ્ય ને પાપકા વિકલ્પ હી ઉત્પન્ન ન હોના અને આત્માકી અરાગી પરિણતિ ઉત્પન્ન હોના, વો નિશ્ચયસે અહિંસા, દયા હૈ. સાથમેં પર જીવકો ન મારનેકા આદિ વિકલ્પ ઉઠતે હૈ, એ નિમિત્ત સહચર દેખકર, આરોપસે દયા કહનેમેં આયા હૈ. એ ખરેખર દયા નહીં, રાગ એ હિંસા હૈ ઓહોહો! પર જીવકો મૈં ન મારું રાગ હિંસા હૈ. આ હિંસા કો અહિંસા કે સાથ નિમિત્ત દેખકર દયા કહના વો આરોપસે કથન હૈ. ભારે કઠણ ભાઈ! સમજમેં આયા? આ સિદ્ધાંત લે લેના

''**નિશ્ચય વ્યવહારકા સર્વત્ર ઐસા હી લક્ષણ હૈ. સર્વત્ર....**'' જૈન શાસન ચારે અનુયોગમાં કથની ચલતી હૈ. સચ્ચા વો નિશ્ચય, આરોપી સહચરકો વ્યવહાર કહતે હૈ.

''**સર્વત્ર ઐસા લક્ષણ હૈ....**'' આમાં ટોડરમલ કિતના અંતરકા રહસ્ય ખોલા હૈ. નહિ વો પ્રમાણિક નહીં. હમારી દૃષ્ટિ પ્રમાણે તો પ્રમાણિક. ભગવાન ક્યા કરે? તેરી ભી મહિમા ઈતની હૈ કે અનંત તીર્થંકર આવે તો ય તું સમજ (નહીં). ઈતની તેરી અશુદ્ધતા ભી બડી ઔર તેરી શુદ્ધતા ભી બડી. પ્રતિકૂળતાના ગંજ આવે તો પણ એક ડગલું પ્રતિકૂળતાનો વિકલ્પ ન કરે. પરમ આનંદમેં રહનેવાલા, ઐસી ભી તેરી બડી શુદ્ધતા હૈ. સમજમેં આયા? સમિતિ આવ્યું ને?

પ્રતિક્રમણ... પ્રતિક્રમણકા દો પ્રકાર. નિશ્ચય ને વ્યવહાર. નિશ્ચય પ્રતિક્રમણ - સચ્ચા પ્રતિક્રમણ, અણઆરોપીત, અણઔપચારિક પ્રતિક્રમણ. શુભ અને અશુભ ભાવસે હટકર સ્વભાવમેં વીતરાગતાકી પરિણતિ, હટકર કરના, વો નિશ્ચય પ્રતિક્રમણ. સાથમેં વિકલ્પકા ઉઠના મિચ્છામિદુક્કડં વો દોષ હુઆ ઐસા, વો રાગકો નિમિત્તકો સહચર દેખકર ઉપચારસે ઉસકો વ્યવહાર કહનેકા વ્યવહાર શું? વ્યવહાર પ્રતિક્રમણ વો પુણ્યબંધકા કારણ હૈ. નિશ્ચય પ્રતિક્રમણ હૈ વો મોક્ષકા કારણ હૈ. સંવર ને નિર્જરા સ્વરૂપ હૈ. કથની દો પ્રકારકી ચલે. વસ્તુ દો પ્રકારકી નહીં.

**ન માનિ લેના....**'' યહાં ભેદરૂપ કહાં આયા? સુખડની લાકડી છે, ઉસમેં સુગંધ, સુંવાળપ તોલ ઐસા ક્યા ભિન્ન ભિન્ન હૈ ઉસમેં? વો તો સાથમેં હી હૈ. અભેદ હૈ. સુંવાળપ, વજન સમજે? સુગંધ, સબ એક સાથમેં હૈ પણ સમજાનેકો કે દેખો ભૈયા, આ સુગંધ હૈ વો સુખડ. અભેદમેં ભેદ કરકે બતાયા હૈ, એમ ભગવાન આત્મા અનંત જ્ઞાન દર્શન ગુણો એક સાથે અવિનાભાવ આત્મામાં રહા હૈ. ''**ઉસકો ભેદરૂપકરિ જ્ઞાન દર્શન....**'' આનંદ પર્યાય બતાયા હૈ.

''**તિનકૌં ભેદરૂપ ન જાની લેના....**'' કે આત્મામેં કોઈ ગુણ ને પર્યાય જુદા નહિ હૈ. અભેદ વસ્તુ અખંડ વસ્તુ હૈ. (શ્રોતા :...) હેં? ક્યા? વો તો દુસરી બાત હૈ વો ક્યા? ઉસમેં ક્યા? વો તો દ્રવ્યાશ્રિત ગુણ હૈ. ગુણ કહા કે દ્રવ્ય કે આશ્રયસે ઇતના કહા, પણ કોઈ ગુણ જુદા ને દ્રવ્ય જુદા ઐસા હૈ? એ અભેદ હી હૈ વસ્તુ. વો તો ગુણકા લક્ષણ બતાયા કે ગુણ કહાં રહતે હૈ? કે દ્રવ્ય કે આશ્રયે, પણ ગુણ કોઈ ભિન્ન હૈ દ્રવ્ય ભિન્ન હૈ, ગુણ ભિન્ન હૈ, પર્યાય ભિન્ન હૈ ઐસા નહીં. ગુણસે દેખો તો આખા દ્રવ્ય, પર્યાયસે દેખો તો વો હી દ્રવ્ય, દ્રવ્યસે દેખો તો વો હી દ્રવ્ય. સમજમેં આયા? ''**ભેદ તો સમજાવને કે અર્થે હૈ....**'' યે જ્ઞાન ને દર્શન ને આનંદ વો સમજાવવા માટે ઉસમેં દ્રવ્યમેસે જુદા નહીં. વો ગુણાશ્રય, દ્રવ્ય આશ્રયે ગુણ વો તો ભેદસે કથન કરકે સમજાયા હૈ. સમજમેં આયા? આધાર-આધેય ભેદ પાડના ભી વ્યવહાર હૈ.

''**નિશ્ચયકરિ આત્મા અભેદ હી હૈ....**'' નિશ્ચયકરિ અભેદ યે ક્યા? અભેદકા અર્થ ક્યા? કે ગુણ અને પર્યાય દો હી અભેદ હૈ. કોઈ ગુણ ભિન્ન ભિન્ન હૈ? ગાંધીકે દુકાનમેં નહિ રહતે? વો શું કહેવાય ધાણા જીરું ઐસા મસાલા રખતે હૈ કે નહિ? લાકડીના ઓલા કરકે ખાના, ખાના. ખાનેમેં નાખકર જુદા જુદા ઐસે આત્મામેં ખાના હૈ? કે એક ખાનામેં જ્ઞાન ને દૂસરા ખાનામેં દર્શન ને તીસરા ખાનામેં ચારિત્ર હૈ? ઉસમેં તો ભિન્ન ભિન્ન હૈ.

યે અખંડ હૈ. ભિન્ન ભિન્ન નહિ અસંખ્ય પ્રદેશમેં અનંત ગુણ વ્યાપક એક પ્રદેશમેં અનંત ગુણ ઐસા સર્વ પ્રદેશમેં અનંતગુણ વ્યાપક અભેદ વસ્તુ હૈ. વો તો ભેદ પાડકર નહિ સમજતે થે તો સમજાનેકો કહા હૈ. ''**ઇસીકો જીવવસ્તુ માનના અભેદકૌં. સંજ્ઞા-સંખ્યાદિકરિ ભેદ કહે....**'' એમ કહેને જીવ દ્રવ્ય એક, ગુણ અનંત, પર્યાય અનંત ઐસા સંખ્યાકરિ સંજ્ઞા નામ જુદા પડા. જીવકા દ્રવ્યકા નામ જીવ, ગુણકા નામ ગુણ, પર્યાયકા નામ પર્યાય ઐસા ભેદ કહે સો કહેને માત્ર હી હૈ. ભેદ બેદ અંદર હૈ નહીં. સંજ્ઞા, સંખ્યા સમજે?

સંજ્ઞા, સંખ્યા ક્યા કહેતે હૈ? સંજ્ઞા નામ, નામ... જેમ જીવ નામ, જ્ઞાન નામ, પર્યાય નામ એૈસે નામસે ભેદસે કહા,વસ્તુમેં કોઇ ભેદ હૈ નહીં. ‘‘**સંખ્યાદિકરિ કહે સો કહેનેમાત્ર હૈ પરમાર્થે જુદે જુદે હૈ નાહીં ઐસા શ્રદ્ધાન કરના....**’’ જુદા જુદા નથી એૈસા શ્રદ્ધાન કરના. ‘‘**વળી પરદ્રવ્યકા નિમિત્ત મિટનેકી અપેક્ષાસે વ્રત, શીલ, સંયમાદિકૌં મોક્ષમાર્ગ કહા....**’’ જિતના જિતના પરદ્રવ્ય છૂટે ઈતના ઈતના મોક્ષમાર્ગ વ્યવહારસે કથન નિમિત્ત સે કહનેમેં આયા હૈ. ‘‘**ઈન્હીંકૌં મોક્ષમાર્ગ ન માનિ લેના....**’’

લ્યો, સ્ત્રી કુટુંબ છૂટયા, ઐસા છૂટયા. ધંધા છૂટયા, ફલાણું છૂટયું એમ કહતે હૈ ને? ઈતની તો નિવૃત્તિ મિલી, ક્યાં હૈ નિવૃત્તો? એમાં ક્યાં નિવૃત્તો હતો? યે તો નિમિત્તસે સમજાયા. (શ્રોતા : ...) નિમિત્તસે કહતે હૈ. નિમિત્ત ઉપર લક્ષ જાતા વો ચલતા હૈ ને! ભેદ મેટને એ મટાડવું. બીજી ભાષા વ્યવહારસે ક્યા આવે? નિમિત્તને ક્યાં મટાડના હૈ, પણ ઈતના ઈતના અવ્રતમેં બહુત લક્ષ બહાર જાતે થે પરદ્રવ્યો ઉપર, વ્રતમેં અલ્પ દ્રવ્યો ઉપર ઓછેમેં જાતે હૈ. ઈતના પરદ્રવ્યકા લક્ષ છૂટયા યે અપેક્ષાસે શરીરકી ક્રિયા ભી ઐસી હુઈ. સમજમેં આયા? વિષય-કષાય, પૈસા રાખના હાથસે ઐસા લેના દેના એ બધું છૂટી ગયું. સમજાણું? છરીસે શાક કાપતે થે, આમ કરતે થે, ફલાણું કરતે થે, બોલતે થે કે લાવ શાક દયો કામ એ સબ અટક ગયા સમજ્યાને?

‘‘**વો નિમિત્તકા મેટનેકી અપેક્ષાસે વ્રતાદિકૌં** સમજ્યાને? **મોક્ષમાર્ગ ન માનિ લેના....**’’ કહ્યા ખરું પણ માની ન લેવું. ‘‘**જાતૈં પરદ્રવ્યકા ગ્રહણ ત્યાગ આત્મા કૈ હોય તો આત્મા પરદ્રવ્યકા કર્તા હર્તા હો જાય....**’’ જુઓ મહાસિદ્ધાંત, પરદ્રવ્ય એક રજકણકા ભી મૈં ગ્રહું ઔર છોડું નિમિત્તકી અપેક્ષા ઈસકો છોડું ને લિયા આત્મામેં હૈ નહીં. પરદ્રવ્યકા ગ્રહણ કરના ઔર છોડના વો તો આત્મા પર મેં ગ્રહણ કરતે છોડે, ગ્રહણ કરે ને છોડે, જડ હો જાય. પરદ્રવ્યમય હો જાય. પરકા ગ્રહણકર્તાને છોડના આત્મામેં હૈ હી નહીં. સમજમેં આયા? પરદ્રવ્યકા ગ્રહણ ત્યાગ આત્માકો હોય તો આત્મા પરદ્રવ્યકા કર્તા-હર્તા હો જાય. લ્યો, પરકી દયા પાળી ઉસને હિંસા છોડ દીયા, ધંધા છોડ દીયા, ઐસા છોડ દીયા, ઝવેરાતકા ધંધા છોડકર શેઠી! યહાં બૈઠે ઐસા બધા વ્યવહાર કહનેમેં આતા હૈ. (શ્રોતા : લોચ કરે છે). લોચ કરે છે, બોલે છે આ ભાષા આમ છે, ફલાણું છે. લોચ કર્યા, લોચ કર્યા, શું લોચ કરે, કોણ કરે? એ તો જડની ક્રિયા છે. એ શું આત્માથી થાય છે? સમજમેં આયા? ઓહો! ભારે ભાઈ સાધુ હો, આ લોકો કહે એ વ્યવહારથી સમજાવવામાં આવે છે.

વિહાર કર્યો આટલો આટલો ઓહોહો! પાંચ અપવાસ, છ અપવાસ, પંદર અપવાસ ને છતાં પાંચ દસ ગાઉ - દસ ગાઉ ચલતે હૈ, સવારમેં દસ ગાઉ સાંજે દસ ગાઉ. વો તો સબ ચલે કોણ ને મૂકે કોણ? એ તો ક્રિયા પરકી હૈ ઉસને ઉસમેં ઉગ્રતા પુરુષાર્થ ક્યા હૈ, વો તો સમજાનેકી બાત કીયા મેં આયા, ક્રિયાકાંડસે ધર્મ હૈ ઐસા માન લેના નહીં. સમજાણું કાંઇ? ''**કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યકૈ આધીન હૈ નાહીં....**'' દેખો. એક પરમાણુ દૂસરા પરમાણુકે આધીન નહીં. એક જીવ દૂસરા પરમાણુ કે આધીન નહીં. એક જીવ દુસરા જીવકે આધીન નહીં. એક પરમાણુ દૂસરા પરમાણુકે આધીન નહીં. સ્વતંત્ર હૈ સબ. વો આ રાખીને બધે અર્થ કરના કે નહીં? જ્યાં હોય પણ ત્યાં જો આ થયું. આ નદીના પ્રવાહમાં જુઓ તણાણો. આ ને આમ થયું, તેમ થયું, ફલાણું થયું પણ સુન તો સહી. આ વાત રાખીને કહ્યા હૈ કે દૂસરી બાત હૈ? સમજમેં આયા? નદીકા પૂરમેં ચાલ્યા ગયા. દેખો જોર એમ કર્મકા જોરમેં ચલા ગયા. દેખો કર્મકા જોર. (શ્રોતા : ...) આયા થા ને પણ વો તો નિમિત્ત-નિમિત્તકા કથન હૈ. સમજમેં આયા?

વસ્તુ સ્થિતિ વો તો અપના પુરુષાર્થકી કમીસે ત્યાં ચલે જાતે હૈ ઔર અપના પુરુષાર્થકી કમીસે રુકતે હૈ. નહિકે પરકે કર્મકે કારણસે રૂકા હૈ ને. બાત સબ જૂઠ હૈ. સમજમેં આયા? મતિજ્ઞાન ક્યું નહિ ખીલતે? ભઇ હમારા જ્ઞાનાવરણીયકા જોર હૈ એમ કહે. (શ્રોતા : કર્મનું જોર) હા, તો કહનેમેં આતા હૈ, પર ઐસા હૈ નહીં. અપની પર્યાયમેં હીણાપણે પરિણમતા હૈ તો જ્ઞાનાવરણીયકો નિમિત્તરૂપે ઉદય કહેનેમેં આતા હૈ. દૂસરી કોઇ બાત હૈ નહીં. જ્ઞાનાવરણીય પરદ્રવ્ય અપના જ્ઞાનગુણકી પર્યાયકો હરે, કરે, લૂંટે ત્રણકાળમાં બને નહીં. (શ્રોતા : કર્તા-હર્તા) કર્તા - હર્તા જુઓને કોનો! એમાં ઓલા કહે કે નહીં. જ્ઞાનાવરણીય કર્મ કુછ કરતે નહીં ઐસે કહેતે હૈ સમજમેં આયા? એ ક્યું હૈ કે નહિ જૂઠ હૈ. ઐસા નહીં. જ્ઞાનાવરણીય ન હો તો હીનાધિક પર્યાય અપનેમેં હોતી નહીં માટે કર્મકે કારણસે હીનાધિક પર્યાય હૈ. આહાહા! આયા હૈ કે નહીં? આહાહા! અરે આ તે પણ માર્ગની લુટંલુટા. સમજમેં આયા? તો કહતે હૈ સોનગઢવાલે નામ લિયા થા શરીરકા, યે કહતે હૈ કે જ્ઞાનાવરણીય કુછ કરતે નહીં. વો તો અપની યોગ્યતાસે જ્ઞાનકી હીનતા ઔર અધિકતા હોતી હૈ ક્યા સત્ય હૈ? ક્યા ઠીક હૈ? ક્યા ઠીક હૈ! અન્યધારી કહે તો ઠીક નહીં. આહાહા! સમજમેં આયા?

'' અહીં કહતે હૈ કે '**કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યકે આધીન હૈ નાહીં....**'' અને કોઇ આત્મા પરદ્રવ્યકા કર્તા-હર્તા હૈ નહીં. આ તો આત્માસે લિયા તો પરદ્રવ્યકા કર્તા લિયા. પછી સામાન્ય સિદ્ધાંત લિયા. પહલે આત્મા પરદ્રવ્યકા કર્તા - હર્તા નહિ ઐસા લિયા પછી સામાન્ય

સિદ્ધાંત લિયા. ''**કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યકે આધીન નહિ....**'' એટલે કર્મકે આધીન આત્મા નહિ. આત્માકે આધીન કર્મ નહીં. શરીરકે આધીન આત્મા નહીં, આત્માકે આધીન શરીર નહીં. સબ અપની અપની પર્યાયકે કાળમેં સ્વતંત્ર હૈ. કહો સમજણમેં આયા ?

''**તાતૈં આત્મા અપને ભાવ, રાગાદિક હૈ....**'' દેખો અપનેમેં જો રાગદ્વેષ આદિ ભાવ હૈ ''**તિનકૌં છોડિ....**'' સમજાના હૈ ને ? ''**વીતરાગી હો હૈ....**'' પરકો ક્યા છોડના એમ કહતે હૈ. સ્ત્રી છોડી, કુટુંબ છોડયા, ધંધા છોડયા, વેપાર છોડયા, પૈસા છોડયા, આહાર છોડયા, પાણી છોડયા, દૂધ છોડયા, રસ છોડયા સમજમેં આયા ? ક્યા છોડે ? યે તો નિમિત્તકા કથનસે સમજાયા કે ઇતની જિતની છૂટી થી ઇતના રાગ ઘટ ગયા હૈ યે સબ બતાનેકો બાત કહા, પણ પરકા ગ્રહણ-ત્યાગ આત્મામેં હૈ નહીં. સમજમેં આયા ? ત્યારે કરતે હૈ ક્યા આત્મા ? ''**અપને ભાવ રાગાદિક હૈ તિનકૌં છોડે....**'' છોડે યે પણ વ્યવહારનયસે બાત હૈ. સમજે ? પણ વો છૂટતી નહિ હૈ ઔર આ છૂટતી હૈ ઇતની અપેક્ષા એટલો ભેદ બતાવવા. ઓલી પરવસ્તુ કાંઇ છૂટી જાતી નહિ. અને છૂટતે હૈ સ્વભાવકી એકાગ્રતાસે છૂટતે હૈ અપની પર્યાયમેં વો અપેક્ષાસે છોડે હૈ, અને વીતરાગભાવ કરે ઐસા કહનેમેં આયા હૈ.

વો તો કથનશૈલી તો આવેને પરકા ગ્રહણ-ત્યાગ નથી ઇતના બતાના હૈ અને રાગકા ત્યાગ અને રાગકા ગ્રહણ કરતે હૈ. અથવા સ્વભાવકા ગ્રહણ, રાગકા ત્યાગ ઇતના કરતે હૈ. પણ પરકા ગ્રહણ - ત્યાગ કરે ઐસી ત્રણકાળ ત્રણલોકમેં ઇન્દ્રમેં ભી તાકાત હૈ નહીં. ઇન્દ્રકી તાકાત નહિ કે દુનિયાકા કોઇ રજકણ ફેર દે. સમજમેં આયા ? ''**રાગાદિક છોડિ વીતરાગી હો હૈ સો નિશ્ચયકરિ વીતરાગભાવ હી મોક્ષમાર્ગ હૈ....**'' ખરેખર લો ફરીને આયા. ''**વીતરાગભાવ 'હી' મોક્ષમાર્ગ હૈ....**'' રાગ પુણ્ય વિકલ્પ આતે હૈ વો મોક્ષમાર્ગ નહીં. હવે આટલી વાત સ્પષ્ટ પંડિતજી પણ શાસ્ત્રમાંથી નિકાલ કરકે બતાવે તો ય કહે, નહિ વો નિશ્ચયકી બાત કહતે હૈ. વ્યવહાર દૂસરા રહ જાતા હૈ (શ્રોતા : વ્યવહારકી તો બાત આતી હૈ).

હજી તો દેવી દેવલા માનવા, આ માનવા ને પદ્માવતીને શું કહેવાય તમારે ઓલી કાળીકા ને કાળીકા હૈ ને ? અરે કાળકા ફાલકા ક્યા ? મુનિ હૈ ક્યા ? હૈ ખ્યાલ. સમજમેં આયા ? અરે ! દેવી તો તેરી સરસ્વતી જ્ઞાનદેવી અંદર પડી હૈ. એ શક્તિઓ સબ આત્માકી દેવી હૈ, પરમેં દેવી ફેવી હૈ નહીં. જૈનને એવા દેવી દેવલાને માનના મોટી ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા ! સમજેને ! ક્ષેત્રપાળને કેવા છે બધાય ઇ (શ્રોતા : ...) આવાને ઉતારે કે હમ ભક્તિ કરતે હૈ તુમ ભી આવો ઓ ઇતના હૈ. હમારી સાથ ભક્તિ કરો તુમ ઐસા હૈ. હમ

ભગવાનકી ભક્તિ કરતે હૈ કે હમારા સબ સમાજ આ કર, ભક્તિ કરો વો બાત હૈ ઉસમેં ક્યા હૈ? (શ્રોતા : ...) બુલાનેકા અર્થ આ, ભાવના વિશાળ હો ગઇ હૈ તો હમ ભક્તિ કરતે હૈ. સબ દેવલોક ભી ભક્તિ કરો. ઉસમેં દેવકી પ્રતીત આયી ઔર દેવકો ભી સાથમેં હો તો સબ પરમાત્માકી ભક્તિ કરીએ વો બાત બતાતે હૈ. શું દેવને આદર કરના હૈ? સમજમેં આયા? ઐસી બાત હૈ નહીં.

દેવી દેવલાને ઓલા ક્ષેત્રપાળ ને પદ્માવતાને! કોણ જાણે એવા લાકડા ગરી ગયા છે ને! પદ્માવતી સપનામાં આવે ઐસા કહી જાય. લ્યો, હવે પણ તારો આત્મા છે કે નહીં. હવે પદ્માવતી... (શ્રોતા : ...) આતે હૈ. ગપેગપ હૈ ઔરતેં ભી ઐસી હો. કોણ નવરી છે ત્યાં અને હોય તો ય દેવી છે એક અમુક જાતની એમાં આત્માને શું? એ આદર કરનેકા ક્યા હૈ? સમજમેં આયા? આ તો દેરાસરમેં ઉસકો બે શ્રીફળ ધરાના અને ઘાઘરા બરાબર પહેરાના, ઘાઘરા પહેરાવેને લૂગડાં, મોટા લૂગડાં, કપડા. એક ગામમેં ગયા થા. ભગવાન તો ક્યાંય સંતાઇ ગયેલા ને ચારેકોર દેવીઓના ઘાઘરા જ દેખાય બધાય. ઘાઘરા કહતે હૈ ને? ક્યા કહતે હૈ? બહોત એ દેખાય. એલા પણ આ તમે જૈન થઇને દિગંબર થઇને આ ક્યા કરતે હો! અરે! આ ભગવાન તો ક્યાંય એકકોર પડયા રહ્યા. ચારેકોર લૂગડા લૂગડા. કપડા. દેવીઓ... દેવીઓ કેટલી જાતની દેવીઓ. અરેરે! એને આ મોક્ષમાર્ગ ક્યાં સમજાય? એને શરીરથી ભિન્ન આત્મા...

કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યનું કર્તા-હર્તા છે જ નહીં. દેવી ક્યા કરે શું? આત્માકા પુણ્ય બિના કોઇ આપ સક્તે હૈ? ઔર પાપ બિના કોઇ વિઘ્ન કર સક્તે હૈ? તીનકાળમેં નહીં. અરે! બહારમાં વિઘન હો વિઘન ક્યા હૈ? અંતરમેં વિઘન કરનેકી કોઇ કી તાકાત નહીં. બહારમેં તો કોઇ પાપકા ઉદય હોય તો પ્રતિકૂળતા આ જાય, તે ઉસમેં આત્માકે ક્યા હૈ? સાતમી નરકમેં ઇતની પ્રતિકૂળતા હૈ, સમ્યગ્દર્શન પાતે હૈ. સાતમી નરકમેં સમ્યગ્દર્શન નયા અનંતકાલમેં નહીં પાયા ઐસા પાતે હૈ. પ્રતિકૂળતા ક્યા કરે? ઔર અનુકૂળતા ભગવાનકા સમવસરણમેં મિથ્યાદષ્ટિ હોકર બહાર નિકલ જાતે હૈ યે અનુકૂળતા અને સાતમી નરકે પ્રતિકૂળતા. કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યકા કર્તા-હર્તા હૈ નહીં. સમજમેં આયા? ''**વીતરાગભાવનિકૈ અર વ્રતાદિકનિકૈ કદાચિત્ કાર્યકારણપનો હૈ....**'' કદાચિત્. પૂરણ વીતરાગ થઇ ગયા કેવળી, ઉસકો તો કાર્ય કારણ કદાચિત્ કાર્ય કારણ પણ એમાં નહીં. નીચલી દશામાં વ્રતના વિકલ્પ હૈ અને નિમિત્ત શરીરાદિ ક્રિયા ઉસમેં કાર્ય કારણપના નિમિત્તસે હૈ. કદાચિત્ કહ્યા હો, પૂરણને હોય નહીં. સમજમેં આયા? (શ્રોતા : ...)

વ્રતાદિક ને કદાચિત્ કોને? વીતરાગભાવને અને વ્રતાદિક ક્યાં સુધી? સાધક હોય ત્યાં સુધી, પણ વીતરાગભાવ પૂરણ હો ગયા તો કાંઇ વ્રતાદિકના નિમિત્ત પણ છે નહીં. વ્રતાદિકને અને વીતરાગને કદાચિત્ જબ લગ સાધક હૈ તો ત્યાં ઐસા વિકલ્પ ઉઠતે હૈ ઐસી દેહકી ક્રિયા પણ હો જાતી હૈ. ''**કારણ કાર્ય હૈ. 'તાતૈં વ્રતાદિકકો મોક્ષમાર્ગ કહે તો કહને માત્ર હી હૈ....**'' એ કહેવામાત્ર છે. વ્રતાદિ કે શીલાદિની ક્રિયા એ કહેવામાત્ર જેમ શરીરને આત્મા કહ્યો કહેવામાત્ર, એમ આ વ્યવહારને મોક્ષમાર્ગ એ કહેવા માત્ર છે. આ બધે અર્થ કરવો. ત્રણે કીધાને! ત્રણે કહેવા માત્ર. એક શરીરને કહ્યું આત્મા તો એ કહેવામાત્ર, એક જ્ઞાન દર્શનસે ભેદ પાડના વો કહેવામાત્ર, એમ અહીંયા વીતરાગભાવના આ વિકલ્પ આદિ જો નિમિત્ત હૈ ઉસકો કહ્યા વો કહેને માત્ર હૈ. વસ્તુ સ્વરૂપ ઐસા હૈ નહીં. સમજમેં આયા?

(શ્રોતા : ...) કહ્યુંને આ ક્યું કહા? દો બાર કહાને! તુમ્હારા ખ્યાલ ન રહા. વીતરાગભાવ સર્વજ્ઞકો હો ઉસકો તો નિમિત્ત - નિમિત્ત કાર્ય કારણ હૈ હી નહિ પણ કદાચિત્ કહા, નીચલી દશામેં નિશ્ચય ભી વીતરાગ ભાવકી શ્રદ્ધા જ્ઞાન હૈ અને કહીં વ્રતાદિકા વિકલ્પ અને શરીરકી ક્રિયા ભી નીચે હૈ. ઉપર નહીં. વીતરાગ હોય ત્યાં વ્રતાદિ હો હી હૈ ઐસા નહીં. સમજેને! તેથી કદાચિત્ શબ્દ પડા હૈ ને! (શ્રોતા : ...) નીચે ચોથે પાંચમે છઠ્ઠે આદિ હોય, તો ઉસકો રાગ હૈ ઐસી ક્રિયા હૈ નિમિત્ત ક્રિયા વીતરાગભાવકી જીતની દૃષ્ટિ આદિ હોય, વો વીતરાગભાવ હૈ. ઉસકો તો કાર્ય કારણ વ્યવહારસે કહનેમેં આતા હૈ, કે આ વ્યવહાર કારણને આ કાર્ય વ્યવહાર. ઉપર વીતરાગભાવ એકલા હો ત્યાં તો વ્રત હૈ નહીં. (શ્રોતા : ...) ઇ તો છે જ ક્યાં પ્રશ્ન પહેલાનો. ''**તાતૈં વ્રતાદિકકો મોક્ષમાર્ગ કહા સો કહનેમાત્ર હી હૈ' પરમાર્થ તૈં બાહ્યક્રિયા મોક્ષમાર્ગ નાહીં....**'' બાહ્યક્રિયા મોક્ષમાર્ગ ત્રણકાળમેં નહીં. લ્યો, ''**ઐસા હી શ્રદ્ધાન કરના....**'' ઐસા હી શ્રદ્ધાન ત્રણેમેં એમ લિયા હૈ. ''**ઐસા હી શ્રદ્ધાન કરના....**'' ઓલેમેં ય શરીર સાપેક્ષ બાત કિયા પર શરીરસે ભિન્ન હૈ ઐસી શ્રદ્ધાન કરના. જ્ઞાન-દર્શન ભેદસે સમજાયા હૈ, પર ભેદ નહીં હૈ ઐસી શ્રદ્ધાન કરના. વ્રતાદિકી ક્રિયા મોક્ષમાર્ગ નહિ હૈ ઐસી શ્રદ્ધાન કરના ઇ વાત કરી છે ને!

''**આ ઐસે હી અન્યત્ર ભી વ્યવહારનયકા અંગીકાર (ન) કરના એમ જાની લેના....**'' યહાં એ કરના અર્થે, ''**ઐસે હી અન્યત્રભી વ્યવહારનયકા અંગીકાર ન કરના એમ જાની લેના....**'' કોઇ ઠેકાણે વ્યવહાર અંગીકાર કરના નહીં. ત્યાં 'ન' શબ્દ જોઇએ. જૂનીમાં નથી. (શ્રોતા : ...) હેં? એ તો ઓલામાં પાઠમાં મૂળમાં અને એ તો એમાં ય આવે છે. ''**અન્યત્ર ભી વ્યવહારનયકા અંગીકાર કરના જાની લેના....**'' એટલે કે

'વ્યવહારનય આદરણીય હૈ નહિ એમ જાણી' લેવું. એ તો પહેલા અર્થ એ કરતાં ઓલું નહોતું ખબર પડતું ત્યારે, પછી 'ન' નીકળ્યા ત્યારે! મૂળપ્રતમેં નીકળ્યા મૂળ પ્રતમી મૂળમેં હૈ. ટોડરમલકી મૂળ હૈ ને પ્રત. હસ્તાક્ષરકી પ્રતમેં 'ન' પડા હૈ મૂળમેં. (શ્રોતા : ...) વો તો ઠીક ઉસકા ફોટા પાડ લિયા હૈ. સારા વો મોક્ષમાર્ગ પ્રકાશકકા મુંબઈમેં ફોટા પાડ લિયા હૈ. અપની તરફસે તીન પ્રત લિયા હૈ એક પ્રત યહાં રખી હૈ મુંબઈ, એક યહાં રખી હૈ, એક જયપુર રખી. રાખવા માટે ત્યાં તીન બનાયા હૈ. આ અક્ષરે અક્ષર ફોટા લે લિયા હૈ મુંબઈમેં. વો અક્ષર જળવાઈ રહે. ઉસકા જો પાઠ હૈ ને! સમજમેં આયા?

મોક્ષમાર્ગ પ્રકાશ બહોત હી ટૂંકામેં સબકા ખુલાસા સાદી ભાષામેં બહુત કિયા હૈ. ઐસા તો કોઈ શ્વેતાંબરમેં શાસ્ત્ર ભી ઐસા નહિ કે જીસમેંસે ઐસી બાત નીકળે. (શ્રોતા : ...) સાધુના બનાવેલામાં એકેય શાસ્ત્ર આવું નહિ. હોય શેનું? દૃષ્ટિ ફેર આખી. (શ્રોતા : ...) યહાં ''**પ્રશ્ન : જે વ્યવહારનય પરકૌં ઉપદેશ વિષૈં હી કાર્યકારી હૈ કિ અપના ભી પ્રયોજન સાધૈ હૈ?....**'' દૂસરા પ્રશ્ન. જ્યારે વ્યવહારનય પરકો ઉપદેશકો હી કાર્યકારી હૈ ને ઉપદેશ દેના ઈતના જ ને. અપના ભી પ્રયોજન સાધે, હૈ કે નહીં? વ્યવહારસે અપના પ્રયોજનકા અર્થ ઉસસે કુછ હોતા હૈ કે નહીં? ઉસકા ''**ઉત્તર : આપ ભી યાવત્ (જબલગ) નિશ્ચયનયકરિ પ્રરૂપિત વસ્તુકૌં ન પહિચાનૈ....**'' 'ન પહિચાને' હોં ન્યાં વજન છે. ''**તાવત્ વ્યવહારમાર્ગકરિ વસ્તુકા નિશ્ચય કરૈ....**'' નિશ્ચય પાળેને એ વાત અહીંયા નથી. અહીંયા તો જબલગ વસ્તુ સ્વરૂપ જો નિશ્ચય હૈ, શરીરસે ભિન્ન અભેદ ગુણ, અભેદ શક્તિ વીતરાગમાર્ગમેં હૈ, ''**ઐસા ન પહિચાનૈ તાવત્....**'' તબલગ ''**વ્યવહારમાર્ગકરિ....**'' વિકલ્પ દ્વારા ઉસકા ''**વસ્તુકા નિશ્ચય કરૈં....**''(કરના). નિર્વિકલ્પ વસ્તુ એકદમ ન સમજાય તો ઉસસે વિકલ્પ દ્વારા નિશ્ચય કરના.

(શ્રોતા - આદરના નહીં.) આદરણીય હૈ હી નહિ વિકલ્પ, વો તો કહતે હૈ. યહાં ભી કહેગા ''**તાતૈં નીચલી દશા વિષૈ આપકૌં ભી વ્યવહારનય કાર્યકારી હૈ....**'' શેમાં કાર્યકારી? નક્કી કરનેમેં, પહિચાનનેમેં એમ કહતે હૈ. ''**પ્રરૂપિત વસ્તુકો ન પહિચાને તાવત્ વ્યવહારકરિ વસ્તુકા નિશ્ચય કરૈં....**'' વસ્તુકો પહિચાને ઐસી નીચલી દશા વિષૈ આપકો ભી અપના વિકલ્પસે નિશ્ચય કરે ઐસી અપેક્ષાસે વ્યવહારસે કાર્યકારી કહનેમેં આયા હૈ. ''**પરંતુ વ્યવહારકો ઉપચાર માત્ર માનિ....**'' દેખો, આ એ વિકલ્પસે નિર્ણય કિયા વો તો ઉપચારમાત્ર હૈ. શાસ્ત્રસે નિર્ણય કિયા ને પરસે નિર્ણય કિયા એ તો બધા ઉપચારસે હૈ. સમજમેં આયા? ''**વ્યવહારકૌં ઉપચાર માત્ર માનિ વાકૈ દ્વારા વસ્તુકા ઠીક કરૈ તાકૈ દ્વારા....**''

નિશ્ચય જૈસી ચીજ હૈ ઐસા નિશ્ચય કરે ''**તૌ કાર્યકારી....**'' **(હોય.)** વ્યવહારસે કહનેમેં આતા હૈ.

''**ઔર નિશ્ચયવત્ વ્યવહાર ભી સત્યભૂત માનિ....**'' વો ભી નિશ્ચયવત્ વ્યવહાર સાચો વ્યવહાર સાચો એ રાગ પણ સાચો, એ રાગથી પણ કામ થાય. સમજાય? નિર્ણય કરવામાં રાગ ભી કામ કરે એમ જ રાગ ઉપર સર્વસ્વ ઢોળી દે એ વિકલ્પ ઉપર. ''**નિશ્ચયવત્ વ્યવહારકો ભી સત્યભૂત માનિ વસ્તુ ઐસે હી હૈ ઐસે હી હૈ....**'' વ્યવહારસે ભી નિશ્ચયકા ભાન હોતા હૈ ઐસે માનલે ઐસા (શ્રદ્ધાન) કરે **તો ....''ઉલટા અકાર્યકારી હો જાય....**'' ન્યાં ને ન્યાં રોકાઈ જાય. રાગ... રાગ... રાગ... રાગ... રાગ નિમિત્ત રાગ નિમિત્ત બસ ગુરુના સમાગમે મળશે, શાસ્ત્રની વાંચણીથી મળશે. ભગવાનના સમવસરણમાંથી મળશે, અહીં મહાવિદેહમાં જઈએ તો મળશે. સમજમેં આયા? ત્યાં ને ત્યાં રૂક જાયેગા આગળ બઢેગા નહિ, તો ઉલટા અકાર્યકારી હો જાયે ''**સો હી પુરુષાર્થ સિદ્ધિ ઉપાય વિષૈ કહા દેખો....**'' બોલો ...

**अबुधस्य बोधनार्थ मुनिश्वरा देशयन्त्यभूतार्थम्**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति।।६।।**
**माणवक एव सिंहो यथा भवत्यनवगत सिंहस्य**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य।।७।।**

દેખો! ક્યાંથી ક્યાં ગાથાઓ લઈને મેળ મિલાન કિયા હૈ. વો પુરુષાર્થસિદ્ધિ ઉપાય અમૃતચંદ્રઆચાર્ય મહારાજ, જો સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય કે ટીકાકાર. ઉસને પુરુષાર્થસિદ્ધિ ઉપાય બનાયા હૈ, તત્ત્વાર્થસાર બનાયા. તો પુરુષાર્થસિદ્ધિ ઉપાયમેં વો ચરણાનુયોગકા ગ્રંથ હૈ, પુરુષાર્થસિદ્ધિ ઉપાય તો ઉસમેં ઐસા કહા. ''**મુનિરાજ અજ્ઞાની કે સમજાવનેકૌં અસત્યાર્થ જો વ્યવહારનય જો તાકૌં ઉપદેશૈ હૈ....**'' આ દૂસરી શૈલી હૈ. વો અગિયાર ગાથાને બારમી ગાથા ચલી વો દૂસરી બાત હૈ. આ તો પરને સમજાવવા માટે વ્યવહારથી સમજાવે અજ્ઞાનીને વ્યવહારથી સમજાવે છે. સમજમેં આયા? અને બારમી ગાથામેં જો ચલા સમયસારમેં એ તો સમ્યગ્દર્શન જ્ઞાન હુઆ પિછે રાગાદિ રહા ઉસકો જાનને લાયક હૈ ઐસા ત્યાં કહા હૈ ત્યાં સમ્યગ્દષ્ટિ લેના અગિયાર, બારમેં વ્યવહારકા જાનનેવાલા કહા વો. આ તો અજ્ઞાનીકો સમજાનેકો મુનિ વ્યવહારસે કથન કરતે હૈ. સમજમેં આયા?

ત્યાં ઐસે લગાતે હૈ કોઈ બારમી ગાથામેં, દેખો અજ્ઞાનીને સમજાવવાનો એ વ્યવહાર છે. ઐસા અર્થ કિયા હૈ વો હૈ ને ક્ષીરસાગર... ક્ષીરસાગર હૈ ને એક, ઉસને ઐસા અર્થ કિયા હૈ સમયસારમેં બારમી ગાથાકા, અજ્ઞાનીકો સમજાનેકો વ્યવહાર ત્યાં અજ્ઞાનીકો સમજાનેકી બાત ક્યા હૈ? ત્યાં તો સમ્યગ્દર્શન નિશ્ચયસે અપના સ્વરૂપ રાગસે પૃથકકા ભાન હુઆ, અભી હજી અલ્પ પર્યાય રાગાદિ હૈ, ઉસકો બરાબર જાનના. જાણેલો તે તે કાળે તે તે પ્રકારની જે પર્યાય પ્રગટ થાય એવું જાણવાનો કાળ ત્યાં રહી જાય છે બસ એટલું. (શ્રોતા : ...) એ ઉપરસે નિકાલા હૈ યે વાત થઈ કે વધારેની વાત. મૂળ ગાથામાં તો સમ્યગ્દર્શન સહિતની વાત હૈ પણ પહેલેસે ઐસા જિસકે પાસસે જિન ઉપદેશ મિલે, જિન ઉપદેશ મિલે ને! વીતરાગતાકા ઉપદેશ મિલે જિસકે પાસસે મિલે, ઉસકી બાત સુનના વો તો આયા ને વો! યથાર્થ ઉપદેશ વીતરાગમાર્ગકા યથાર્થ ઉપદેશ ઈતની તો પરીક્ષા ઉસકો હોની ચાહિયે કે નહીં? સમજમેં આયા?

કહેતે હૈ ''**મુનિરાજ અજ્ઞાનીકે સમજાવનેકૌં અસત્યાર્થ....**'' - અભૂતાર્થ જો ''**વ્યવહારનય તાકૌં ઉપદેશૈ હૈં. જો કેવળ વ્યવહાર હી કો જાનૈ હૈં તાકૌં ઉપદેશ દેના યોગ્ય નાહીં હૈ....**'' યે વ્યવહારથી ઉપદેશ દીધો ઔર વ્યવહારકો હી પકડ લે, તો ઉપદેશ દેનેકે લાયક નહીં. ઉપદેશ સમજનેકે લાયક નહીં. કહો ઠીક. ક્યું કહા તુમ વ્યવહારસે? પણ સાંભળને હવે તને સમજાવવા માટે કહ્યું હતું. સમજમેં આયા? ''**કેવળ વ્યવહાર હી કો જાને હૈ....**'' હા જુઓ આયા કે નહિ વ્યવહાર? હૈ કે નહિ વ્યવહાર? ક્યા વ્યવહાર બિના નિશ્ચય હોતા હૈ? તુમ કહતે હૈ ને કે વ્યવહારસે સમજાના પડતા હૈ તો વ્યવહાર ઈતના તો લાભ કિયાને, સમજાનેકા કાર્ય હુઆ. કહે ના. વો વ્યવહારસે સમજાયાને વ્યવહારકા અનુસરણ છોડકર નિશ્ચયસે સમજા તબ વ્યવહારસે સમજાયા ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

''**કેવળ વ્યવહાર હી કો જાને હૈ તાકૌં ઉપદેશ દેના યોગ્ય નાહીં....**'' કેટલાક કહે ઓહો! આચાર્યની એટલી સંકોચ દૃષ્ટિ! એ તો લાયકાત કહતે હૈ ભૈયા અરે! તુમ વ્યવહારસે જૈસે હમતો દાખલા આપતે હૈ યે વચનગુપ્તિકા ક્યા ફળ હૈ ઐસા મુનિરાજ બોલતે હો. વચનગુપ્તિસે ઐસા લાભ હૈ, મૌન રહે તો ઐસા લાભ હૈ, ઈસમેં એકાગ્રતા હોતી હૈ, ફલાણું વિગેરે. ત્યારે ઓલો સાંભળનારો કહે કે ત્યારે મહારાજ તમે કેમ વચનગુપ્તિ કરતા નથી? તમે કેમ બોલો છો? અરે! (શ્રોતા : .....) અરે! તું નાલાયક છો. સમજમેં આયા? તમે તો વચનગુપ્તિનો લાભ બતાવો છો ને વચનગુપ્તિ તો કરતા નથી સાંભળને માળા! વો તો આચાર્યને એમ કહે છે. વિકલ્પ અલમ્ અલમ્ વિકલ્પને છોડો. તમે કેમ

વિકલ્પ કરો છો જરા શાસ્ત્ર લખવાનો. અરે ! સાંભળને માળા ! નિષેધ વર્તે છે ઇ તો આવે છે લ્યો, ત્યારે તમે કેમ બીજાઓ કાંઇ ખળભળાટ કરે તો તમને ખેદ થાય છે, અને તમને આ વિકલ્પ આવે એનો કાંઇ ખેદ ! સાંભળને હવે, સુન તો સહી.

એ રાગ આવે છે એ એના કારણે જાનનેવાલા જાનતે હૈ આદર હૈ નહીં. જુઓ ત્યારે તમે વચનગુપ્તિનો લાભ બતાવ્યો. એ ઇ નાલાયક છે કહે છે. એમ વ્યવહારને પકડે ને વ્યવહારસે ઉપદેશ કરનેમેં આયા, ત્યાં તો વ્યવહારકો પકડ લે. વ્યવહારમેં અવિવેકી આવ્યું ને ઇ વ્યવહાર જ બધું જાણી લે છે તેને વ્યવહાર જ નિશ્ચય થઇ પડયો, વો તો ઉપદેશ દેને કે લાયક હૈ નહીં. સમજમેં આયા ? ''**જો કેવળ વ્યવહારકૌં જાને હૈ તાકૌ ઉપદેશ દેના યોગ્ય નાહીં**'. **ઐસે જૈસે જો સાંચા સિંહકૌં ન જાને તાકૈ બિલાવ હી સિંહ હૈ....**'' મિંદડી ચલતી જાતી થી બિલ્લી કે દેખો ભૈયા ઐસા સિંહ હોતા હૈ, તો ઉસકો બિલ્લી સિંહ હો જાય તો સમજને લાયક નહીં. વો તો બિલ્લીસે સિંહ ઉપર દૃષ્ટિ લેના હૈ કે સિંહ ઐસા ચટપટા પટ્ટા હૈ ઐસા હૈ... ઐસા હૈ.

(શ્રોતા : ...) હા, વો તો ઉસે યથાર્થ ક્યા હૈ ખબર નહીં. વ્યવહારસે ઉપદેશ કહનેમેં આયા પકડ લિયા, બસ ઐસા. પણ વ્યવહાર આશ્રય હૈ નહીં. સમજાને કો આતે હૈ પણ આદરણીય નહીં. ''**સાંચા સિંહ કૌ ન જાનૈ તાકૌ બિલાવ હી સિંહ હૈ તૈસેં જો નિશ્ચયકૌં ન જાને તાકૌં વ્યવહાર હી નિશ્ચયપના કૌં પ્રાપ્ત હોતા હૈ....**'' વ્યવહારકો જાણે નિશ્ચયકો જાણે નહીં. નિશ્ચયકો તો ન જાણે ક્યા ચીજ પરસે ભિન્ન હૈ ક્યા ઔર ''**વ્યવહાર હી નિશ્ચયપણા કૌં પ્રાપ્ત હોય....**'' લ્યો એને તો વ્યવહાર જ નિશ્ચયપણું થઇ ગયું. કેટલું સ્પષ્ટ કર્યું છે. ''**યહાં કોઇ નિર્વિચાર પુરુષ ઐસેં કહૈ....**'' - હવે આવ્યું. તમે જ્યારે આટલું બધું કહો છો તો અમે વ્રત બ્રત બધું છોડી દેશું. સાંભળને હવે ! ''**યહાં કોઇ નિર્વિચાર પુરુષ ઐસે કહૈ....**'' અજ્ઞાની મૂંઢ. ''**તુમ વ્યવહારકૌં અસત્યાર્થ હેય કહો હૌ....**'' બે ય બોલ લિયા. વ્યવહારકો અસત્યાર્થ જૂઠું અને હેય, કહો તો ''**હમ વ્રત, શીલ, સંયમાદિકા વ્યવહાર કાર્ય કાહેકૌં કરે ?....**''

તમે કહો છો કે હેય અને અસત્યાર્થ છે તો અમે વ્રત, નિયમ, શીલ અને એવા શું કરવા કરીએ રાગ ? વાહ ! ઠરી જા ને તો ! કોણ ના પાડે છે. ઠરી જા તો બહુ સારી વાત પણ નીચલી ભૂમિકામાં ઠરે નહીં. ''**કાહેકૌ કરે આ સર્વ છોડ દેવેંગે....**'' હમ તો સબ છોડને બેઠેંગે. ક્યા છોડે ! ''**તાકૌ કહિયે હૈ કિછૂ વ્રત, શીલ, સંયમાદિકા નામ વ્યવહાર નાહીં હૈ....**'' એ વ્રત શીલ સંયમાદિકા કોઇ વ્યવહાર નાહીં. ''**ઇનકૌં મોક્ષમાર્ગ માનના**

**વ્યવહાર હૈ....**'' ઇ પહેલું આવી ગ્યું પ્રવૃત્તિ, પ્રવૃત્તિ કાંઇ વ્યવહાર નહીં, ઉસકો માનના કે આ વ્યવહાર મોક્ષમાર્ગ હૈ વ્યવહાર હૈ. નહીં હૈ ને હૈ માનના, ઉસકા નામ વ્યવહાર હૈ. વો કોઈ પ્રવૃત્તિ વ્રત, શીલ, સંયમાદિકા ઔર નામ વ્યવહાર નાહીં. યે તો પરિણતિ હૈ અપની. નિશ્ચયસે અપની પરિણતિ હૈ. ''**ઈનકૌં મોક્ષમાર્ગ માનના વ્યવહાર (હૈ સો) છોડ દે....**'' માન્યતા છોડ દે વ્યવહારની. આ વ્રત ને નિયમ ને શીલ ને પૂજા ને ભક્તિ મોક્ષમાર્ગ છે માન્યતા છોડી દે. શું છોડીશ? વસ્તુ છોડી દઈશ? છોડીને ક્યાં જઈશ? સમજમેં આયા?

''**બહુરિ ઐસા શ્રદ્ધાનકરિ જો ઈનકૌં તૌં બાહ્ય સહકારી જાણી ઉપચારસે મોક્ષમાર્ગ કહ્યા....**'' જૈસે કે વ્યવહાર છોડવા યોગ્ય હૈ નિશ્ચય આદરણીય હૈ ઐસા હુઆ ''**ઐસા શ્રદ્ધાન કરી ઈનકો તો બાહ્ય સહકારી જાણી ઉપચારસે મોક્ષમાર્ગ કહા....**'' દેખો! કેવી આ શ્રદ્ધાનસે ક્યા શ્રદ્ધાનસે વ્યવહાર છોડને લાયક હૈ, વ્યવહાર હેય હૈ, વ્યવહાર અસત્યાર્થ હૈ ઐસી શ્રદ્ધાનસે, ઐસા શ્રદ્ધાન કરી, ''**જો ઈનકૌં તો બાહ્ય....**'' એવી શ્રદ્ધાન હોય તો વ્રત, શીલ આદિકો ''**બાહ્ય, સહકારી, જાણી ઉપચારસે મોક્ષમાર્ગ કહ્યા....**'' એ તો ઉપચારથી કહ્યા હૈ. હૈ (નહીં) એ તો પરદ્રવ્યાશ્રિત હૈ. એ તો પરદ્રવ્યાશ્રિત રાગાદિ હૈ, વો કોઇ મોક્ષમાર્ગ હૈ નહીં. માટે એને મોક્ષમાર્ગ માનવો છોડી દે. વ્રત છોડીને ક્યાં જાઇશ? શુભ પરિણામને છોડીને ક્યાં જાઇશ? કહે કે વો તો બરાબર હૈ, નહિતર હેઠે ઉતરી જઇશ પાપમાં.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં.૧૪
# અધિકાર ૭
# સ્થળ:સુવર્ણપુરી તા.:૨૨.૦૮.૧૯૬૨ બુધવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

યહ મોક્ષમાર્ગ પ્રકાશક સપ્તમ અધ્યાય ચલતે હૈ. યહાં લગ આયા દેખો. યે તો પરદ્રવ્ય આશ્રિત હૈ. ક્યા? ''**શિષ્યે પ્રશ્ન કિયા કે તુમ વ્રત શીલ સંયમકો તો અસત્યાર્થ જૂઠા અને હેય કહેતે હો તો હમ છોડ દેંગે વ્રત સંયમકો....**'' જૂઠા કહો તો અમારે શું કરવા કરના? વ્રત - શીલ અદંતધોવન આદિ હૈ ને મુનિકી ક્રિયા બાહ્ય, લોચ કરના, ઊભા ઊભા આહાર કરના, એક બાર આહાર કરના લ્યો, એ વિગેરે ક્રિયા તો અને અંદર રાગ, ઉસકો તો તુમ અસત્યાર્થ કહેતે હૈ જૂઠ કહેતે હૈ, હેય કહતે હૈ હમ કાર્ય ન કરેંગે! નહીં ઐસા પ્રશ્ન હુઆ. તો ભૈયા! ઉસકો નામ વો નકાર કરે ક્યા? ઉસકો મોક્ષમાર્ગ માનના વ્યવહાર હૈ. સમજમેં આયા? ''**વો વ્રત નિયમકા પરિણામ વો વ્યવહાર નહિ, ઉસકો મોક્ષમાર્ગ માનના વ્યવહાર હૈ....**'' તો છોડી દે, શ્રદ્ધા છોડી દે કે એ મોક્ષમાર્ગ નહિ. સમજે? ક્યોંકિ એ તો પરદ્રવ્યાશ્રિત

હૈ. યે તો શ્રદ્ધા સમ્યગ્દર્શન આદિ હો અને વ્રત સંયમ આદિ હો, ''**બાહ્ય સહકારી કારણ દેખકર ઉપચારસે મોક્ષમાર્ગ કહા હૈ....**''

વો મોક્ષમાર્ગ હૈ નહિ ક્યોંકિ **યે તો પરદ્રવ્યાશ્રિત હૈ**. દેહની ક્રિયા અને રાગ સબ પરદ્રવ્યાશ્રિત હૈ. (વળી) ''**ઔર સાચા મોક્ષમાર્ગ વીતરાગભાવ હૈ....**'' બહુરિ... બહુરિ... કર્યું છે એમાં? આ નવી પ્રતમાંય બહુરિ કહ્યુંને? કેમ બોલતા નથી શું છે? છાપેલીમાં તો બહુરિ છે. આ તો આપણે ઔર વો તો ખબર હૈ ઔર કહે કે ''**બહુરિ, અર્થાત્, સાચા મોક્ષમાર્ગ વીતરાગભાવ હૈ....**'' શુદ્ધ આત્મા રાગ રહિત, પુણ્ય રહિત, વિકલ્પ રહિત અપને ચૈતન્યકી શ્રદ્ધા-જ્ઞાન ઔર લીનતા વો હી એક સચ્ચા મોક્ષમાર્ગ હૈ. ઉસકો તો નિમિત્ત દેખકર, વ્યવહાર કહા થા. ''**સો સ્વદ્રવ્યાશ્રિત હૈ....**'' મોક્ષમાર્ગ જો અપના હૈ એ તો સ્વદ્રવ્યાશ્રિત હૈ. આત્મા કે અવલંબનસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ. વો હિ સ્વદ્રવ્ય આશ્રિત કહો, મારગ મોક્ષકા કહેતે હૈ, પરદ્રવ્યાશ્રિત કા માર્ગ કો મોક્ષ માર્ગ કહેતે (નહિ) વ્યવહારસે કહતે હૈ. ''**ઐસે વ્યવહારકો અસત્યાર્થ, હેય જાનના....**'' ઐસે વ્યવહારકો સંસારીકા ન માનના કર્મહી કા માનના યહ ભી ભ્રમ હી... ભ્રમ હી હૈ શેઠી! રાગદ્વેષ હમારે નહિ... હમારે નહિ... હમારે નહિ... બાત નહિ કરના બાત નહિ કરના. શુભ-અશુભ બાત હી નહિ કરના, હમારેમેં હૈ હી નહિ. ભ્રમણા હૈ તેરે, મિથ્યાત્વ હૈ. સમજમેં આયા?

સંસારી કે ભી રાગાદિ ન માનના, કર્મહી કા માનના. જુઓ એ કર્મહીકા પહેલે કીધા નિમિત્તસે, પણ નિમિત્તકા હી હૈ ઐસા માનના ભ્રમણા હૈ. કર્મહીકા કહના કહ્યા પહેલે વ્યવહારસે, પણ ઐસા માનના કી ઉસસે હી હૈ, મિથ્યાત્વ હૈ. યે તો તેરેસે હૈ, યે તો નિમિત્ત સે કથન કહેનેમેં આયા. સમજમેં આયા? આ વિકારકી અને કર્મકી બડી ઝંઝટ અને ગડબડ ચલતી હૈ. જહાં તહાં લગા દે. ઐસે હી કર્મમેં લિખા હૈ દેખો. ઘનઘાતિ કર્મ હૈ દેખો આત્માકી પર્યાયકો ઘનઘાતમ્ નાશ કરતે હૈ. જેમ ઘણ પડે તે ઘણ દેખો નામ પડયા હૈ. અનાદિ યે નામ હૈ ક્યા નયા હૈ? ઘનઘાતિ કર્મ ચાર ઘનઘાતિ કર્મ, ચાર અઘનઘાતિ કર્મ. સુન તો સહી પ્રભુ! યે તો નિમિત્તકા કથન હૈ ઘન કોને? ઘાત એક દ્રવ્ય કી પર્યાય કોઈ દૂસરેમેં કોઈ ઘાત કર સક્તે હૈ? સમજમેં આયા? ઐસા કોઈ દી' બનતે નહિ, માનતે હૈ, માનો. તેથી કાંઈ વસ્તુ પલટ જાતી હૈ?

કર્મકા હી માનના યહ ભી ભ્રમ હી હૈ. જબ લગ હમારે કર્મકા ઉદય હૈ તબ લગ હમારે મેં વિકાર રહેગા, કર્મ છૂટ જાયેગા તો વિકાર નહિ રહેગા ઐસા માનના ભ્રમણા

હૈ. તેરેમેં કમજોરી હૈ તો વિકાર તેરેસે હોતા હૈ, કમજોરી છૂટ જાય તો વિકાર નહિ હોગા વો તેરે કારણસે, પરકે કારણસે નહિ. જુઓ યહાંભી કહતે હૈ કેટલાક કે એ લોકો તો કહે કે, ઐસા હૈ વિકાર આત્માકા નહિ. કોન કહતે હૈ સુન તો સહી! કહતે હૈ કિ નહિ? કહતે સબ હૈ યે તો બસ સિદ્ધ સમાનની વાત કરે, સિદ્ધ સમાનની વાત કરે. વિકાર આત્માકા નહિ. વિકાર નહિ માને તો વિકાર ટાલનેકા પ્રયત્ન ક્યું કરે? એમ કરીને પાછા આક્ષેપ કરતે હૈ. અરે સુન તો સહી પર્યાયમેં વિકાર અપનેસે તો પોકાર પહેલેસે કરતે હૈ. સમજમેં આયા? અપનેસે વિકાર અપનેમેં હૈ કર્મસે નહિ, કર્મ તો નિમિત્ત માત્ર હૈ. અપના ઊંધા પુરુષાર્થસે ઉલટા પુરુષાર્થસે વિકાર હોતા હૈ, સુલટા પુરુષાર્થસે વિકારકા નાશ હોતા હૈ, પરકે કારણસે કાંઇ હૈ નહિ.

નિમિત્ત હૈ તો જ્ઞાન કરને કી ચીજ. સમજમેં આયા? આંહી પ્રકાર કરી નય કરી એક હી વસ્તુકો, એક હી વસ્તુકો એક ભાવ અપેક્ષા વૈસા ભી માનના, વૈસા ભી માનના. રાગ સહિત ભી માનના, રાગ રહિત ભી માનના. કેવળજ્ઞાન સહિત ભી માનના, મતિજ્ઞાન સહિત ભી માનના. ઐસા ન હો. સમજે? વસ્તુ એક ભાવ અપેક્ષા. ભાવ નામ પર્યાય હો, શક્તિ ગુણની અહીંયા બાત નથી. એક પર્યાયકી અપેક્ષા ઐસા ભી માનના અને વૈસા ભી માનના વો તો મિથ્યાબુદ્ધિ હૈ. હળવેથી વાત કરી મિથ્યાબુદ્ધિ એટલે મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે મૂળ તો. ''**જુદે ભાવની કી અપેક્ષા નયની કી પ્રરુપણા હૈ' સમજાય છે? 'જુદે ભાવની કી અપેક્ષા....**'' - પર્યાય કી અપેક્ષા વો, દ્રવ્યની અપેક્ષા કેવળજ્ઞાન. દ્રવ્ય અપેક્ષાએ કેવળજ્ઞાન, પર્યાય અપેક્ષાએ મતિજ્ઞાન. દ્રવ્ય અપેક્ષાએ સિદ્ધ સમાન, પર્યાય અપેક્ષાએ સંસારી. ઓલો ભાવ જુદા ભાવ. ત્રિકાળી ભાવ અને વર્તમાન ભાવ વો દો કે સાથ મિલાકર બાત હોતી હૈ. એક પર્યાયમેં દો કહાં સે આયા? સમજમેં આયા?

''**જુદે ભાવની કી અપેક્ષા નયની કી પ્રરૂપણા હૈ ઐસે માની યથાસંભવ વસ્તુકો માનના....**'' એ શક્તિ આત્માની કેવળજ્ઞાન એ નિશ્ચયનય કી બાત હૈ અને પ્રગટમેં તો મતિજ્ઞાન એ ભાવ એક હી હૈ. દો નય ભિન્ન પડી ગઇ. સમજમેં આયા? તદ્દન પરમશુદ્ધ નિશ્ચય સે કેવળજ્ઞાન શક્તિ હૈ અને નિશ્ચયનયસે અપની પર્યાયમેં મતિજ્ઞાન હૈ તો ઉસકો એક ન્યાયે પર્યાયકો વ્યવહારનયભી કહેને મેં આતા હૈ. યહાં તો ઉસકો નિશ્ચયહી કહા હૈ. પરકા સંબંધરહિત અપની પર્યાય હોતી હૈ વો અપેક્ષાસે. સમજમેં આયા? ''**જુદે ભાવની કી અપેક્ષા નયની કી પ્રરૂપણા હૈ ઐસે માની યથા સંભવ....**'' યથાસંભવ પર્યાયમેં હો ઐસા, શક્તિમેં હો ઐસા, વસ્તુકો માનના સો સાચા શ્રદ્ધાન હૈ. ''**તાતૈ મિથ્યાદૃષ્ટિ અનેકાંતરૂપ વસ્તુકો માને પરંતુ યથાર્થ ભાવકો પહિચાને, માને નહીં....**'' યથાર્થ ભાવકા ખ્યાલ આકર

માન સકે નહીં. અનેકાંત લગા દે. હમ તો દોહી માનતે હૈ. વ્યવહાર માનતે હૈ, નિશ્ચયભી માનતે હૈ, ઉપાદાન માનતે હૈ. (શ્રોતા : ...) હાં વો ચલી.

હમ તો ઉપાદાન ભી માનતે હૈ, નિમિત્ત ભી માનતે હૈ. નિમિત્તકા નિયામકતા ક્યા? નિમિત્ત હો તો કાર્ય હોતા હૈ, નહિ હોતા હૈ નહીંતર ઐસા દો હી હમતો માનતે હૈ. ઐસા નિશ્ચય વ્યવહાર દો હી હૈ. વ્યવહાર હૈ તો નિશ્ચયકા કાર્ય હૈ ઐસા હમ તો દો હી માનતે હૈ. ઐસે અનેકાંત કહેનેમેં આતા હૈ. એ અનેકાંત નહિં હૈ યે તો મિથ્યાએકાંત હૈ. ઔર યે જીવ કે વ્રત-શીલ-સંયમ આદિકા અંગીકાર પાયી હૈ. દેખો હવે જરી. ''**વ્રત-શીલ-સંયમ, ઇન્દ્રિયદમન વિગેરે અંગીકાર કરે હેં! સો વ્યવહારકરિ યે ભી મોક્ષકો કારણ હૈ ઐસે માની, વ્યવહારકરિ યે ભી મોક્ષના કારણ છે ઐસા માની તિનકો ઉપાદેય માને છે લ્યો....**'' કોને? આ વ્રત-શીલ-સંયમ વ્રતને ઉપાદેય માને છે. ભારે વાત તો એક કરી છે હજી લેવું છે હજી નવું હોં એમાંથી થોડું. હવે નવું લેવું છે થોડુંક એ માટે વાત ઉપાડી છે. એ બધી વાત તો આવી ગઇ છે. ઐસા માની તિનકો ઉપાદેય માને યે ભી વાત આવી ગઇ છે, પણ હવે એનો વધારે ખુલાસો કરે છે. ત્યાં સુધી તો વાત આવી ગઇ છે ''**સો જૈસે કેવળ વ્યવહારાલંબી જીવકે પૂર્વે અયથાર્થપણા કહ્યા થા તૈસે આકે ભી અયથાર્થપના જાનના....**''

''**વળી યે ઐસે ભી માને હૈ....**'' આંહીથી આવ્યું, યહાં સે આયા. ઉસકો નવીન બતાના હૈ. ''**સો યથાયોગ્ય વ્રતાદિ ક્રિયા તો કરની યોગ્ય હૈ....**'' લ્યો અહીં ભાઇ! યથાયોગ્ય વ્રત-નિયમ-સંયમ બધા ક્રિયા તો કરની, ક્રિયા તો કરની યોગ્ય હૈ, વ્યવહાર તો કરવા યોગ્ય હૈ ''**પરંતુ ઇન વિષે મમત્વ ન કરના....**'' પણ કરને યોગ્ય હૈ પછી મમત્વ ન કરના કહાં આ રહા. શરીરાદિની ક્રિયા ઐસી કરના. આહાર નિર્દોષ લેના, ઐસા ફલાણું કરના, ઐસી જડકી ક્રિયા-વ્રતાદિ ક્રિયા તો કરને યોગ્ય હૈ. ''**ઇન વિષે મમત્વ ન કરના. સો યાકા આપ કર્તા હોય તિસ વિષે આપ મમત્વ કૈસે ન કરીયે?....**'' એ આવ્યું હાં ક્રિયા તો કરની યોગ્ય હૈ ને મમતા ન કરની વો કહાંસે આયા? કર્તા તો હૈ ને મમતા નહિ કરની કૈસે આયા? કર્તા તો માનતે હૈ કિ હમ સબ શરીરકી ક્રિયા આહારકી ક્રિયા અદંતધોવનકી ક્રિયા, લોચકી ક્રિયા યે સબ હમ કરતે હૈ. એક આસન બૈઠના, ઐસા કરના, ઐસા કરના, ભૂમિશયન કરના, ઐસા કરના. ''**ક્રિયા તો બરાબર વો કરની મમતા નહિ કરની....**''

ઐસા પુદ્‌ગલની કર્તા થઇને મમતા ન કરની બેય કહાંસે આયા? ''**સો જાકા આપ કર્તા હોય તિસ વિષે મમત્વ કૈસે ન કરીયે?....**'' બરાબર જોઇને પૂંજીને ઐસા કરના ઐસા બેઠના. લૂગડા, કપડા મોરપીંછી ઐસે કરકે બૈઠના, યે ક્રિયા સબ કરની તો

બરાબર, ''**મમતા નહિ કરના ઔર આપ કર્તા ન હો તો 'મુઝકો કરની યોગ્ય' ઐસા ભાવ કૈસે કિયા ?....**'' જો તુમ જડકી ક્રિયાકા કર્તા ન હો તો મેરે કરને યોગ્ય કૈસે માના ? કૈસે માનતે ? નહિ બરાબર કરના ચાહિયે ભૈયા ! મોરપીંછી સે પૂંજના, ઐસા બૈઠના, ઐસા કરના, યે સબ ક્રિયા બરાબર કરની, બે માસે લોચ કરના, બે માસ કરતે હૈ ને ? દો-દો માસ જઘન્ય... જઘન્ય.ઉત્કૃષ્ટ દો માસ ? ચાર માસ. સમજમેં આયા ? ઐસા કરના. યે ક્રિયા તો જરૂર કરની. ક્યા યે તો જડકી ક્રિયા હૈ. સમજમેં આયા ? ''**ઔર જો કર્તા હો તો યે અપના કર્મ ભયા....**'' કર્તા યે તો તારું કાર્ય થયું. જડનું કાર્ય તારું અને કર્તા તું હુઆ, ''**તબ કર્તા-કર્મ સબંધ સ્વયંમેવ હો ગયા....**''

દેખો કર્તા-કર્મ સબંધ જડકા. જડ મેરા કાર્ય અને મૈં ઉસકા કર્તા વો તો મિથ્યાદષ્ટિ હૈ. પરકા કર્તા બર્તા કહાંસે આયા ? સમજમેં આયા ? ''**સો ઐસી માની તો ભ્રમ હૈ. કરની તો યોગ્ય હૈ મમતા નહિ કરના....**'' આપણા કાર્ય આપણી ફરજ હૈ ઈતના કામ કરના મૂળગુણ આદિ પાળના, દેહકી ક્રિયા કરના વો તો હમારા કામ હૈ. ''**સો તો કર્તા-કર્મ સંબંધ સ્વયંમેવ ભયા. તો ઐસી માની તો ભ્રમ હૈ....**'' એ તારી ભ્રમણા જડકી ક્રિયા આત્માસે કભી હોતી નહિ. ''**તો કૈસે હૈ ? યે બાહ્યવ્રતાદિ સો તો શરીરાદિ પરદ્રવ્ય કે આશ્રયે હૈ....**'' બાહ્યવ્રત, ઈન્દ્રિયદમન, ભૂમિશયન ભૂમિ સમજે ? જમીન, લોચ આદિ. એમ આવે ને કે છોડ દિયા આ વસ્ત્રકા, વસ્ત્ર છોડ દિયા, નગ્નપણા સ્વીકાર કીયા, વસ્ત્ર છોડ દિયા, લેપ છોડ દિયા, સ્નાન છોડ દિયા, સ્નાન છોડ દિયા - અસ્નાનકી ક્રિયા લીયા વો તો જડકી ક્રિયા હૈ. સમજમેં આયા ?

''**બાહ્ય વ્રતાદિ સો તો શરીરાદિ પરદ્રવ્ય કે આશ્રયે હૈ, પરદ્રવ્યકા આપ કર્તા હૈ નહિ....**'' મૈં સ્નાન છોડ દિયા હો ભૈયા, મૈં ઉસકો આહાર છોડ દિયા, ઈતના દિન છોડ દિયા. ક્યા છોડે ? જડકા છોડના ને જડકા ગ્રહણ કરના મિથ્યાદષ્ટિ હૈ. (શ્રોતા : મોહ તો છોડા હી નહિ) નહિ મોહ છોડયા હૈ. મિથ્યાત્વભાવ કિયા હૈ. એ જડકા કર્તા ને જડ મેરા કામ, મિથ્યાત્વકા મોહ અંગીકાર કિયા હૈ. છોડા નહિ પણ અંગીકાર કિયા હૈ. વિપરીત માન્યતાકા મોહ અંગીકાર કિયા હૈ. શેઠી ! આ તુમ્હારા ભાઈબંધ કહતે હૈ કપૂરચંદજી કે ઈતના તો કિયાને ? આપણાં કરતાં કે દુકાને બેસો ને ખાઓ પીઓ અને શીરા ખવડાવો અને ઓલા એટલું છોડીને બેઠા છે કે નહિ જડની ક્રિયા ? કપડા છોડયા યે નગ્નપણા અંગીકાર કિયા હૈ, હજામત છોડી અને લોચ કિયા હૈ, એકને છોડીને અનેકને ગ્રહણ કરના. હૈ કે નહિ ? આહાર છોડકર ઉપવાસ ગ્રહણ કિયા હૈ.

હવે સબમેંસે યે તો જડકી ક્રિયા હૈ. ઉસકે મૈં કર્તા ને વો મેરા કાર્ય, મિથ્યાદષ્ટિપણા અંગીકાર કિયા, મોહ અંગીકાર કિયા હૈ, છોડયા નહિ મોહ. સમજમેં આયા? ''**તાતૈ તિસ વિષે કતૃત્વબુદ્ધિ ભી ન કરની....**'' શરીરાદિ ક્રિયા લોચ મૈં કરતા હૂં, હજામત છોડ દિયા હૈ ને તેલ ચોપડના છોડ દિયા હૈ ઐસા કરતા હૈ ને? લૂખા શરીર રખતા હૈ ને? વો તો સબ જડકી ક્રિયા હૈ, તેરી ક્રિયા નહિ. સમજમેં આયા? ''**યે કતૃત્વબુદ્ધિ ન કરની ઔર તહાં મમત્વ ભી ન કરના. વ્રતાદિ વિષે ગ્રહણ-ત્યાગરૂપ અપના શુભ ઉપયોગ હોય....**'' દેખો. જરી રાગ આવે ઉસકો જાનના કે ઓ રાગ મેરેમેં **સો ''અપને આશ્રયે હૈ....**'' અપને મેં હૈ. લોચ કિયા કે છોડયા, ફલાણું કર્યું ઉસમેં જો રાગ આયા શુભ વો અપનેમેં આતે હૈ. ''**તાકા આપ કર્તા હૈ....**'' પરિણમન હૈ ને ઉસકા, વો અપેક્ષા કર્તા હૈ, કર્મ કઉ કારણ નહીં. લ્યો કર્તા... કર્તા અર્થ મૈં કરું એમ નહિ પણ પરિણમન ઉસકા હૈ કે નહિ કે જડકા હૈ?

શુભ ઉપયોગ હૈ જડકા કામ નહિ, જીવકી પરિણતિકા કામ હૈ. ''**તાતૈં ગ્રહણ-ત્યાગરૂપ અપના શુભ ઉપયોગ અપને આશ્રયસે હૈ તાકા આપ કર્તા તાકા તિસ વિષે કતૃત્વ બુદ્ધિભી માનની....**'' દેખો પરિણતિ કી પરિણતિ મેરી હૈ ઐસે જાનની - માનની, શ્રદ્ધામેં રાખના. મેરી પરિણતિ વિકાર હૈ, શુભભાવ વો કોઇ જડકી પરિણતિ નહિ. વો કહતે હૈ ને કેટલાક દેખો લ્યો યે કહતે હૈ કે દેવ-ગુરુ-શાસ્ત્રકા માનના મિથ્યાત્વ હૈ. અરે ભગવાન! કોણ કહતે હૈ સુન તો સહી. દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કરના વો તો રાગ હૈ સમજમેં આયા? (શ્રોતા : ધર્મ માનના) ઔર રાગમેં ધર્મ માનના મિથ્યાત્વ હૈ. પરદ્રવ્યકી દયા પાળે વો મિથ્યાત્વ કહેતે હૈ. આયા થા ને તમારા ઉદયપુરમાં? ચોપાનિયા છપાણા થા તે દી'. દયા પાળના - પાળ ક્યા સકતે હૈ. ભાવ આતે હૈ દયા પાળું, વો શુભભાવ હૈ, મિથ્યાત્વ નહિ પણ પરકી ક્રિયા મૈં કર સકતા હૂં વો મિથ્યાત્વ હૈ ઔર દયાભાવ હૈ વો આત્માકા સંવર - નિર્જરા કા ભાવ હૈ, ઐસા માનના મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? ભારે ગડબડ ભાઇ!

જૂની રૂઢિના માણસને એવી પકડ હો ગયી હૈ પકડ અંદરસે છૂટતી નહિ, ચોર કોટવાલકો દંડતે હૈ. સમજમેં આયા? તમારે કહેવત હૈ ઐસી? (શ્રોતા : ઉલટા ચોર કોટવાલકો ડાંટે) આ વો ઉલટા ચોર કોટવાલકો દંડે આ એવું કરે. અરે ભગવાન! યહાં ઐસી કે પરકી દયા પાળના વો મિથ્યાત્વ હૈ? પરકે બચાના કા ભાવ હૈ વો તો પુણ્ય હૈ પણ મૈં પરકી ક્રિયા, બચા સકતા હૂં વો મિથ્યાત્વ હૈ. દયા કા ભાવ તો મુનિ કો નહિ હોતા હૈ પંચમહાવ્રતકા? અહિંસા-સત્યકા? વો ક્યા મિથ્યાત્વ હૈ? રાગ હૈ, શુભ હૈ, પુણ્ય હૈ પણ

ઉસમેં મૈં પરકી અહિંસા કર સકા, મેરે ભાવ હૈ તો કર સકતા વો મિથ્યાત્વભાવ હૈ ઔર અહિંસાકા શુભભાવ વો મેરે સંવરકા કારણ હૈ, ઐસે માનના મિથ્યાત્વ હૈ. સમજમેં આયા ? દેખો આવશે. ''**તહાં મમત્વ ભી કરના. દેખો મમત્વ ભી કરના હો....**'' મમત્વનો અર્થ મારી પરિણતિમેં છે એમ. વિકારી પરિણામ મારી પરિણતિમેં હૈ ને ભાઇ! કાંઇ જડકી પરિણતિ હૈ કાંઇ ? એટલા ભેદ બસ. દૂસરા કોઇ ઐસા નહીં. યે તો પીછે નિશ્ચયકી સ્વભાવદૃષ્ટિ મેં તો કોઇ મેરા હૈ હી નહીં. પરિણતિ મેરી હૈ ઇતના. મમત્વ નામ પરિણતિ મેરી હૈ, નહિ કે કર્મકી પરિણતિ હૈ. એટલું બતાવવા છે પછી એ તો સ્વભાવની દૃષ્ટિમાં તો બધું છોડી દે.

''**શુભ ઉપયોગકો બંધકા હી કારણ જાનના....**'' દેખો! ઓલા ગ્રહણ-ત્યાગમેં આયાને! શુભભાવ ક્રિયા નહિ, જીવ બચે-મરે એ નહિ. બચે, મરે, લોચ થાય, હજામત છોડે વો નહિ. ભાવ જો આયા શુભ પરિણામ આ ઉસકો બંધકા કારણ હી માનના, મોક્ષકા કારણ ન જાનના. લ્યો, અસ્તિ-નાસ્તિ કર્યું. અનેકાંત કીયા હૈ, આ અનેકાંત દેખો. ''**શુભબંધકા હી કારણ જાનના, મોક્ષકા કારણ ન જાનના....**'' આનું નામ અનેકાંત હૈ. કે શુભ ઉપયોગ કથંચિત્ બંધ કા કારણ (અને) કથંચિત્ ધર્મકા કારણ. સમજાણું કાંઇ ? એ આવી ગ્યું છે એમ હૈ નહિ. બંધ કે કથંચિત્ બંધ ક્યાંથી આયા ? સર્વથા બંધકા કારણ, સર્વથા બંધકા કારણ હોં. ઉસમેં લિયા હૈ ક્યા કહે ? આ કળશ-કળશ-કળશ હૈ ને વો આખિરની ગાથા નહિ હૈ ? આપણે વંચાઇ ગઇને કાલની, કાલની ગાથા વંચાઇ ગઇને ? હૈ ને ઉસમેં ?

અલમ્-અલમ્. અલમ્-અલમ્ આયા થા ને કલ ? અલમ્-અલમ્ પૂર્ણ હો પૂર્ણ હો. ઉસમેં લિખા હૈ દેખો. એ દ્રવ્ય ક્રિયા સિદ્ધાંતકો પઢવો, લિખવો કિંચિત્ ન અસ્તિ કહેતા શુદ્ધ જીવ સ્વરૂપપણું મોક્ષમાર્ગ સર્વથા નથી. સમજાય છે ? એ સ્વરૂપ અનુભવ મોક્ષમાર્ગ સર્વથા છે, પણ પઢવો-બઢવો, જો દેખો અન્ય સમસ્ત મોક્ષમાર્ગ સર્વથા અન્ય છે રાજમલજીકા સર્વથા હો કથંચિત્ ફતંચિત્ ની વાત નથી. (શ્રોતા : કથંચિત્). દ્રવ્ય ક્રિયા સિદ્ધાંતકો પઢો લિખો ઇત્યાદિ યે સબ કિંચિત્ ન અસ્તિ મેરે મોક્ષમાર્ગ નહિ. શુદ્ધજીવ સ્વરૂપ અનુભવ મોક્ષ સર્વથા છે, અન્ય સમસ્ત મોક્ષમાર્ગ સર્વથા નથી. અસ્તિ-નાસ્તિ કિયા. શુભ ઉપયોગ સર્વથા બંધકા કારણ હૈ ઔર શુભ ઉપયોગ સર્વથા મોક્ષકા કારણ નહિ હૈ. (શ્રોતા : અનેકાંત....) હા હવે અનેકાંત આમ ઠરાવ્યું જુઓ લોકોને બધા, સબમેં અનેકાંત લગાવો. લ્યો. (શ્રોતા : થોડો...) થોડો થોડો શુભમેં થોડી સંવર નિર્જરા હૈ, અને થોડો રાગ હૈ પણ એ સબ શુભઉપયોગ આખા પૂર્ણ રાગ હૈ. પૂર્ણ રાગમેં કિંચિત્ સંવર-નિર્જરા (હો સક્તી નહિ) ક્યોં વિમલપ્રસાદજી, શુભઉપયોગમેં જરી સંવર - નિર્જરા હૈ ? નહિ હૈ.

(શ્રોતા : ધર્મીના ...) ધર્મીના શુભરાગની આ બાત ચલતી હૈ, ઓ તો અલમ્-અલમ્ કિસકા આયા? સમ્યગ્દૃષ્ટિ અને મુનિકા વો ભી આયા હૈ ઉસમેં કે ક્યા સમ્યગ્દૃષ્ટિ? ક્યા મિથ્યાદૃષ્ટિ? શુભક્રિયા સબ બંધકો કારણ હૈ. શુભ પરિણામ વો પુણ્ય - પાપ અધિકારમેં લિયા હૈ, હો. લેને પણ લેતા હોય તો એ વાત, સમ્યગ્દૃષ્ટિકા કોઈ ઐસે માને કે ઉસકા શુભભાવમેં સંવર હૈ બિલકુલ જૂઠ હૈ. ઉસકા ભી સર્વથા બંધકા હી કારણ હૈ. સમજમેં આયા? ઐસા છપા હૈ? કહે નહિ. શુભઉપયોગમેં સર્વથા બંધ હૈ ઐસા નહિ. કંઈક ઉસમેં અબંધ પરિણામ હૈ ધૂળમેંય હૈ નહિ. સમજમેં આયા? ''**બંધકા હી કારણ, મોક્ષકા કારણ ન જાનના જાતૈ બંધ ઔર મોક્ષ કે તો પ્રતિપ્રક્ષીપના હૈ....**'' બંધ અને મોક્ષને તો વિરોધપના હૈ, વેરીપના હૈ ''**તાતૈં એક હી ભાવ પુણ્યબંધકો ભી કારણ હોય ઔર મોક્ષકો ભી કારણ ઐસા માનના ભ્રમ હૈ....**''

દેખો, યે શુભરાગ મોક્ષકા ભી કારણ, પુણ્ય કા ભી કારણ. જુઓ અત્યારે બડા બડા નામ લેનેવાલા લગતે હૈ ઐસા, ચોથે-પાંચમેં-છઠ્ઠે શુભભાવમેં સંવર હૈ. જુઓ ક્યોં સમ્યગ્દૃષ્ટિકા અશુભભાવ નિર્જરા હેતુ હૈ? ભોગ નિર્જરાકા હેતુ હૈ? તો શુભભાવ નિર્જરા કા હેતુ? નહિ. (શ્રોતા : ઓલોય નથી આ ય નથી) હેં! નિર્જરામાં લિખા હૈ. સમ્યગ્દૃષ્ટિ કા ભોગ નિર્જરાકા હેતુ તો વો અશુભભાવ નિર્જરાકા હેતુ? અરે! હાલ-હાલ હવે. અશુભભાવ નિર્જરાનો હેતુ કોણે કહા? ત્યાં કહા હી નહિ હૈ. વો તો દૃષ્ટિ કી શુદ્ધતા કી ધારા ચલી, ઉસકી પ્રધાનતાકા જોર દેનેસે, નિર્જરા હોતી હૈ ઔર શુભ આયા, વો ભી થોડા ખિર જાતા હૈ ઐસા કહેનેમેં .... આ રસ થોડો હૈ વો ખિર જાતા હૈ. જમે વો તો ગયે કણ-કણ, જોર હૈ સ્વભાવ ઉપર પણ કાંઈ અશુભભાવ જો આયા ભોગકા કારણ, વો નિર્જરા હૈ? બિલકુલ નહિ. બંધકા હી કારણ મુનિ કો ભી હૈ.

શુભભાવ આયા વો બંધકા કારણ હૈ તો અશુભ તો બંધકા હી કારણ હૈ (શ્રોતા : ...) વો દૂસરી બાત હૈ. અનંતાનુબંધી વો બાત ક્યા? (શ્રોતા : ...) ઈ ક્યાં કહે છે? ના, એ તો બંધ હૈ. મોક્ષ હૈ ઉસમેં કુછ થોડા? ....''**એક હી ભાવ પુણ્યબંધકો ભી કારણ અને મોક્ષકો ભી કારણ ઐસા માનના ભ્રમ હૈ. તાતૈં વ્રત-અવ્રત દો વિકલ્પરહિત....**'' દેખો વ્રતનો વિકલ્પ અને અવ્રતનો વિકલ્પ. અવ્રતનો અશુભ અને વ્રતનો શુભ, ''**જહાં પરદ્રવ્યકે ગ્રહણ-ત્યાગકા કિસુ પ્રયોજન નાહીં....**'' જહાં પરદ્રવ્યકા ગ્રહણ ત્યાગકા કિસુ પ્રયોજન (નાહીં). ''**ઐસા ઉદાસીન વીતરાગ શુદ્ધ ઉપયોગ વો હી મોક્ષમાર્ગ....**'' દેખો. એકલો ઉદાસીન વીતરાગ શુદ્ધ ઉપયોગ. તીન તો વિશેષણ લગાયા. ''**ઉદાસીન શુદ્ધ વીતરાગ**

**સો હી મોક્ષમાર્ગ હૈ....''** બિચમેં રાગ આદિ સમકિતી કો આતે હૈ, મુનિ કો ભી પંચ મહાવ્રત આતે હૈ, બંધકા હી કારણ... સર્વથા બંધકા હી કારણ હૈ. કિંચિત્ સંવર કા કારણ... ચારિત્રવંતકો ભી વો શુભરાગ તો હૈ નહિ.

દેખો, હં ''**નીચલી દશા વિષે કોઇ જીવની કે શુભ ઉપયોગ ઔર શુદ્ધ ઉપયોગકા યુક્તપના પાઇએ....''** નીચલી દશામાં શુદ્ધ ઉપયોગ ભી હોતા હૈ અને શુભ ભી હોતા હૈ. શુદ્ધ તો સાતમે જાય તો હોતા હૈ. નીચે હોય તો શુભ હોતા હૈ. યુક્તપના કહા હૈ પણ વો અપેક્ષાસે. સમજમેં આયા? ''**નીચલી દશા વિષે કોઇ જીવની કે શુભઉપયોગ અને શુદ્ધ ઉપયોગકા યુક્તપના પાઇએ....''** એટલે ક્ષણમાં શુભ આવે ને ક્ષણમાં શુદ્ધ. છઠ્ઠે આતે હૈ ને? ''**તાતૈં ઉપચાર કરી વ્રતાદિક ઇ શુભ ઉપયોગકો મોક્ષમાર્ગ કહ્યા....''** તેથી ઉપચારથી વ્યવહારથી શુદ્ધ ઉપયોગની ભૂમિકા આતી હૈ, વો પહેલા જરી આયા, ''**તો ઉપચારસે ઉસકો મોક્ષમાર્ગ કહા. પરંતુ વસ્તુ વિચારતૈં શુભ ઉપયોગ મોક્ષકા ઘાતક હી હૈ....''** કિતના સ્પષ્ટ કિયા હૈ. વસ્તુ વિચારતૈં શુભ ઉપયોગ મોક્ષકા ઘાતક હી હૈ. ''**જાતૈં મોક્ષકો કારણ સોહી મોક્ષકા ઘાતક....''** દેખો વ્યવહાર મોક્ષકા કારણ કહા વો હી મોક્ષકા ઘાતક. પેલા કહેને જાતે મોક્ષકો કારણ કહ્યા થા ને પહેલે? વ્યવહાર. વ્યવહાર મોક્ષકા કારણ સો હી નિશ્ચયસે મોક્ષકા ઘાતક હૈ. (શ્રોતા : એવું શ્રદ્ધાન કરવું) ઐસા શ્રદ્ધાન કરના. હેં!

બહુત સ્પષ્ટ કિયા હૈ. ''**જાતૈં મોક્ષકો કારણ સો હી મોક્ષકા ઘાતક હૈ....''** દેખો સમજમેં આયા? (શ્રોતા : બંધકો કારણ) બંધકો કારણ લખ્યું છે? એમ હા આમાં એમ લખ્યું છે. ઠીક એ ઠીક લાગે છે હો (શ્રોતા : ...) બરાબર છે આંહી નહીં તો ઓલા વ્યવહારે કહ્યું'તું ને આમાં ઇ છે. આપણે ય એમ લખ્યું છે? નવીમાં શું છે નવી? (શ્રોતા : બંધનું કારણ) બરાબર છે. આમાં તો મોક્ષનું કારણ લખ્યું છે એટલે વ્યવહારથી મોક્ષનું કારણ કહ્યું'તું એ બંધનું જ કારણ છે અને વિચારતાં તે મોક્ષનું ઘાતક છે. બંધ છે તે વળી મોક્ષનું સાધન ક્યાંથી થાય? ઐસા શ્રદ્ધાન કરના. આમાં ઇ છે હોં! ''**જાતૈં મોક્ષકો કારણ સો હી મોક્ષકા ઘાતક....''** એમ શબ્દ છે પણ ખરેખર શબ્દ એ જોઇએ મેળવાળો કારણ કે મોક્ષનું કારણ એ અહીં અત્યારે એ લેવાની જરૂર નથી જેથી ''**બંધનું કારણ સો હી મોક્ષકા ઘાતક હૈ. ઐસા શ્રદ્ધાન (કરના)....''**

(શ્રોતા : ...) આહા! બરાબર છે. ''**શુદ્ધ ઉપયોગ હી ઉપાદેય માની તાકા ઉપાય કરના....''** લ્યો, ''**એક શુદ્ધ ઉપયોગ હી ઉપાદેય જાની એનો ઉપાય કરના. શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ હેય જાની ઉસકે....''** ત્યાગકા ઉપાય કરના બેય. શુદ્ધ

ઉપયોગકા આદર કરના, અંગીકાર કરના ઔર શુભ અને અશુભ દોય કો દો હી હેય કરના. ચોથે-પાંચમેં-છઠ્ઠે કોને આ હેય? એમ વળી કોઇ કહે ચોથે ગુણસ્થાનસે શુભ ઉપયોગ હેય? સાત બોલ આવ્યાને તમારે. અરે! પહેલે ૪થેથી હેય. અરે! પહેલે રાગ હેય માન્યા વિના સમ્યગ્દર્શન તરફ દૃષ્ટિ હોગી હી નહિ. રાગ ઉપર લક્ષ છોડે બિના, લક્ષ છોડો કહો કે હેય છોડો-હેય કહો, સ્વભાવ ઉપર દૃષ્ટિ હોગી નહિ. કહો! કિતની બાત કરતે હૈ તો ભી માન્ય નહિ, ટોડરમલ નહિ, ટોડરમલ નહિ આર્ષ વાક્ય લાઓ. આ આર્ષવાક્ય ક્યા કહતે હૈ આ? બંધકા કારણ હૈ, પુણ્યબંધકા કારણ હૈ.

(કેવળી) મુનિકા શુભભાવ ચારિત્રમેં હોતા હૈ વો મહાવ્રત કા ઝેર હૈ. કુંદકુંદઆચાર્ય કહતે હૈ ગોમ્મટસારમેં યે હી હૈ ને! પણ બંધકા. બંધ તત્ત્વતો એક હી બાત હૈ ને! મોહ જો સંભવાત્ ગુણસ્થાન છે ને? મોહ જો સંભવાત્ છે ને? (શ્રોતા : ગુણસ્થાનની વ્યાખ્યા) વ્યાખ્યા છે મૂળપાઠમાં છે ગોમ્મટસારમાં. ''**શુભ ઉપયોગ-અશુભ ઉપયોગ હેય જાની ઇનકે ત્યાગકા ઉપાય કરના....**'' હવે પછી એક બીજી વાત કહેશે.

॥ પ્રમાણ વચન ગુરુદેવ ॥

## શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૧૫
## અધિકાર ૭મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૧૨.૦૪.૬૨ ગુરુવાર

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

## ઉભયાભાસી મિથ્યાદ્રષ્ટિ

**''જેટલો પરાશ્રિત વ્યવહાર તે સઘળોય છોડાવ્યો એમ હું માનું છું....''** સમજાણું કાંઇ ? જેટલો પરના આશ્રયે પરદ્રવ્યના આશ્રયે જેટલા વિકલ્પો થાય, ભેદ પડે એ બધો ભેદ ભગવાને છોડાવ્યો છે. નવનીતભાઇ આ મોટા ગોટા ઉઠે છે. જો ઊંધી શ્રદ્ધા ને ત્યાગી નામ ધરાવીને તો મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. ચંદુભાઇ આહાહા ! લોકોને બાહ્યત્યાગ અને બાહ્ય ક્રિયાકાંડનું એટલું પોષણ ને મિઠાશ કે એમાં સત્યની શ્રદ્ધા કેટલી લૂંટાય છે એની એને ખબર નથી. કહે છે ભગવાન અમૃતચંદઆચાર્ય મુનિ, કુંદકુંદઆચાર્યની પ્રવચન પુસ્તકોના ટીકાકાર મહા ભાવલિંગી સંત હતા, ધર્મધુરંધર, ધર્મના થાંભલા દિગંબર મુનિ હતા, ભાવલિંગી

સંત હતા. એ કહે છે કે ભગવાને જ્યારે પર તરફની હિંસા, જૂઠું, ચોરી, અસત્‌ના ભાવ છોડાવ્યા તો મેં એમ માન્યું કે આત્મા સિવાય જેટલા પરદ્રવ્યના આશ્રયે ભાવ થાય એ બધા વ્યવહારને ભગવાને છોડાવ્યો છે. કહો બરાબર છે ? ક્યા હૈ સ્વરૂપચંદજી ! વ્યવહાર છોડાવ્યા હૈ. છોડ દેના ને ?

(શ્રોતા : વ્યવહાર આતા તો હૈ) વો તો કહતે હૈ આતા હૈ, પણ દૃષ્ટિમેં હેય ઉસકો સમજના. ક્યા કહેતે હૈ દેખો. (શ્રોતા : આવે એને કહેને) આવે એને ના પાડે ને, ન આવે એને કોને ના પાડે ? નથી આવ્યો, મહારાજ કહે, અહીં આવીશ નહીં. ભાવ અંદર વ્યવહાર આવે ખરો. દયા, અહિંસા, સત્ય, દત્ત ભાવ હોય ખરો, પણ હેય છે. શ્રદ્ધામાં આદરણીય નથી, શ્રદ્ધામાં આદરણીય માને તો મિથ્યાદૃષ્ટિ (છે) મિથ્યાદૃષ્ટિ થાય. સમજાણું કાંઈ ? ''**તેથી પરાશ્રિત વ્યવહાર છે એ સઘળો જ છોડાવ્યો છે**. ભાષા આકરી **સઘળો જ છોડાવ્યો છે....**'' વ્યવહારનો કોઈ પણ કણ પરાશ્રિત થાય એને ભગવાને આદરણીય કહ્યો નથી. કહો આ ગોટા છે ને ઓલ્યા કહે, નહિ વ્યવહાર ધર્મનું કારણ છે. વ્યવહારથી ધર્મ થાય, વ્યવહાર કરતાં કરતાં થાય ને વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય. અરે ! વ્યવહાર સાધન તો વ્યવહારનયે કહ્યું છે. વ્યવહારનયે વ્યવહાર સાધન કહ્યું છે એ હેય છે. આદરણીય નથી. નિશ્ચય શું ? એની વ્યાખ્યાય પોતે કરશે ભેગી. સમજાણું કાંઈ ? તો સત્‌પુરુષ એક નિશ્ચયને જ ભલા પ્રકારે નિશ્ચયપણે અંગીકાર કરી નિશ્ચયને... સમજાય છે ? છે ને ? (સમયસાર કળશ - ૧૭૩)

**निखिलोऽप्यन्याश्रयस्त्याजित:**
**सम्यक् निश्चय मेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं ।।१७३।।**

એ નિશ્ચયને ભલા પ્રકારે, ભલા પ્રકારે કહેવાનો આશય શું છે ? એકલી કથન શૈલીમાં એની વાત ન રહે, એમાં જ્ઞાન એનો ખુલાસો કરશે પાછો નિશ્ચય એટલે શું ? નીચે કહેશે. જુઓ એ જ્ઞાનઘન કહેશે, શુદ્ધજ્ઞાનઘન, શુદ્ધજ્ઞાનઘન જે જ્ઞાયકભાવને શુદ્ધ કહ્યો છે છઠ્ઠી ગાથામાં, એ ઉપર મેળનું કારણ બીજો અર્થ થઈ ગયો હતોને ! સ્વભાવથી અભિન્ન, વળી રાત્રે કહે આમ છે, વાત સાચી કીધું વાત થઈ ગઈ'તી ખરી પણ પાછું જ્ઞાયક સાથે મેળવ્યું. ઓલી છઠ્ઠી હારે કે શુદ્ધ તો જ્ઞાયકભાવને જ કહે છે. પૂછયો છે ને પ્રશ્ન છઠ્ઠીમાં શુદ્ધ કહેવો કોને કે જેને અમારે સેવવો ? શિષ્યે પ્રશ્ન કર્યો કે આપ શુદ્ધ કહો છો કોને કે અમારે સેવન કરવું ? કહે છે.

**ण वि होदि अप्पमत्तो णपमत्तो जाणगो दु जो भावो ।।**

જ્ઞાયક જે ભાવ 'એવં ભણંતી શુદ્ધં' જાણક્ સ્વભાવ જ્ઞાયક, ત્રિકાળભાવ એને અમે શુદ્ધ કહીએ છીએ. એ શુદ્ધનો પછી આ અર્થ કર્યો. સમજાણું કાંઇ? ''**કહે છે એક નિશ્ચયને જ ભલા....**'' પ્રકારે નિશ્ચયપણે બે શબ્દ નિકલ ગયે 'એકમ્એવ' એમાંથી. બે નિશ્ચય ક્યાંથી આવ્યા? સમયગનિશ્ચયં એક 'એકમ્એવ' એમ (सम्यगनिश्चयमेकमेव) એ એકને જ એમ કરીને નિશ્ચય લીધું ખાલી. ''**નિષ્કંપપણે એમ ને?....**'' ઠીક નિષ્કંપનો અર્થ સમ્યક્ કર્યો સમજાણું કાંઇ? એ તો નિશ્ચળ હા એ નિશ્ચય છે. એ શબ્દ નિશ્ચળ જોઇએ. એમાં લખ્યું છે? (શ્રોતા : હા) લ્યો, એટલું સુધારવાનું નીકળ્યું વળી. મેં કીધું આ બે નિશ્ચય કેમ આવ્યા એટલે ઓલામાં એમ કીધું ને सम्यगनिश्चयमेकमेव. વળી એકમનો પાછો બીજો નિશ્ચય કીધું? પણ આમાં તો ઇ છે ને 'નિષ્કંપમાક્રમ્ય' નિશ્ચળપણે એમ જોઇએ, નિશ્ચળપણે એમ જોઇએ. લ્યો, આ નવામાં સુધારજો એ દેવાનુપ્રિયા. નવનીતભાઇ તરફથી છપાય છે ને આ બધા એમાં નાંખજો જરી આમાં. શું કીધું સમજાણું કાંઇ?

ભારે ગાથા આવી છે આ, માખણ છે માખણ. સમજાણું આ? અરે! ધર્મી જીવો કહે છે કે અરે અભિલાષી સત્યના કામી! એ ભગવાને વ્યવહારનો જેટલો પરવસ્તુ છે ભલે દેવ, ગુરુ, શાસ્ત્ર, ભક્તિ, પૂજા એ ભાવ શ્રદ્ધામાંથી તો છોડાવ્યો છે. સમજાણું કાંઇ? સમજમેં આતે હૈ? જ્યારે છોડાવ્યો ત્યારે હવે પણ ક્યાં જાવું હવે? એકને છોડીને જાવું ક્યાં? ક્યાંય શરણ? કહે હા. ''**એક નિશ્ચયને નિશ્ચયપણે....**'' સમજાણું? ''**ભલા પ્રકારે નિશ્ચળપણે અંગીકાર કરી....**'' લ્યો હવે આટલું શુદ્ધની વ્યાખ્યા કરી જુઓને જરી. હળવે હળવે જઇએ. શબ્દના બરાબર અર્થ ન હોય તો. નિશ્ચળપણે જ્ઞાયક, હવે એ નિશ્ચય શું એનો ખુલાસો કરે છે. ''**શુદ્ધ જ્ઞાનઘનરૂપ....**'' આ નિશ્ચય. સમજાય છે? જે જ્ઞાયકભાવ કીધો હતો છઠ્ઠી ગાથામાં એક જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવ, ચૈતન્ય સ્વભાવ, એકરૂપભાવ, અભિન્નભાવ આત્મા સાથે જ્ઞાયકભાવનો અભિન્ન ભાવ એવો એક આત્મા ''**શુદ્ધ જ્ઞાનઘન....**'' એનો આશ્રય કરી, ''**નિશ્ચળપણે અંગીકાર કરી, પોતાના મહિમામાં સ્થિતિ કેમ કરતા નથી?....**'' હજી એમાં ન્યાય નાંખ્યો. ઓલા વ્યવહારનો મહિમા કેમ કરે છે, અને ''**નિશ્ચયનો મહિમા કેમ કરતા નથી?....**'' એમ કહે છે. સમજાણું કાંઇ?

પોપટભાઇ! આ તકરાર કરે છે ને કેશવજીભાઇ! કે સોનગઢવાળા વ્યવહાર આદરણીય નથી, વ્યવહારમાં ધર્મ નથી, પણ આ શું કહે છે આ? (શ્રોતા : ...) સોનાને કાટ ન હોય, સોનાને કાટ લાગે? એમ સોનગઢના ભાવને કાટ ન લાગે એમ કહે છે મૂળ તો.

સત્યવાતને કાટ હોઇ શકે નહીં, ત્રિકાળ જ્ઞાયકભાવ, શુદ્ધ, ચૈતન્યમૂર્તિ, જ્ઞાન શુદ્ધ, એવા નિશ્ચયને એ વસ્તુને અંગીકાર કરી, નિષ્કંપપણે નિશ્ચળપણે એમાંથી ન ચળાય એ રીતે અંગીકાર કરી, અને પોતાના મહિમામાં એ સ્વરૂપ પૂર્ણાનંદ, અભેદ, અખંડ છે ''**એની મહિમામાં સ્થિતિ ટકવું કેમ કરતા નથી ?....**'' બીજી રીતે કહીએ તો વ્યવહાર છોડાવ્યો છે તેની મહિમા કેમ છોડતા નથી ? ભાઇ, નવનીતભાઇ ! જુઓ આ મોક્ષમાર્ગ પ્રકાશક. હૈ કે નહીં ? ધરમચંદજી ! ક્યા કહતે હૈ ? તકરાર, તકરાર લોકો કરતે હૈ. (શ્રોતા : જાણતે નહિ તો ક્યોં ?) જાણકે, જાણકર દૃષ્ટિમેંસે પહેલે છોડના, શ્રદ્ધામેંસે પહેલે છોડના, પીછે સ્વરૂપકી સ્થિરતા હોગા તો સબ છૂટ જાયેગા. પહેલે શ્રદ્ધામેંસે હર સમય છૂટના, એ છૂટના, છૂટના અર્થાત્ ઉસકા આશ્રય કરના નહિ ને નિશ્ચયકા આશ્રય, પીછે સ્વરૂપકી સ્થિરતા હોગી તો વ્યવહાર સહજ છૂટ જાયેગા. સહજ છૂટ જાયેગા, પણ પહેલી શ્રદ્ધામેં છૂટનેકા અભિપ્રાય નહિ અને લાભદાયક હૈ... લાભદાયક હૈ લાભ કરતે કરતે નિશ્ચય હોગા. વ્યવહાર સાધન કરતે કરતે ભાઇ વ્યવહાર તો કરતે હૈ તો કુછ લાભ હોગા નિશ્ચયકા. મીંડાકા લાભ હોગા ચાર ગતિમેં રુલનેકા. સમજમેં આયા ?

કહતે હૈ ''**અરે સત્પુરુષો....**'' જુઓ પાછી વાત શું કરી છે ? સંતો શબ્દ પડયો છે ને સંતો ભાઇ ! એ સંતનો અર્થ સમ્યગ્દષ્ટિ સત્પુરુષ સંતઃ સંતો એટલે સંતઃ એટલે સમકિતી હૈ ! ધર્મી જીવ એ વ્યવહારના જેટલા દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા જેટલા ભાવ થાય એ બધા ધર્મ નથી, એમ શ્રદ્ધામાં છોડવા લાયક છે. વાંચન કરતા નથી અને સમજતા નથી કે પાધરું એમ કહે કે આ ત્યાગીને માનતા નથી, ફલાણાને માનતા નથી. અરે ભગવાન ! શેના ત્યાગી પણ, ધર્મના ત્યાગીને માને કે અધર્મના ત્યાગીને માને ? શુભભાવ અંગીકાર કરનાર તો ધર્મનો ત્યાગી છે. નવનીતભાઇ ! આહાહા ! કહે છે જુઓ આ શ્લોક છે આ વસ્તુ, બેન છે કે નહિ મોક્ષમાર્ગ પ્રકાશક ? નવનીતભાઇના ઘરેથી કહું છું. જોડે છે ? લ્યો, લ્યો તો ખરા ! આ વાંચો તો ખરા કે આ પાછું ઘરનું નથી કહેતા આંહી. નવનીતભાઇ ! હેં ? આંહી ઘરનું નથી કહેતા કોઇ એમ કહે કે આ મારું ઘરનું કે જુઓ આમાં લખ્યા પ્રમાણે ઘરની વાત તો ઘરની છે, પણ આંહી આ લખ્યા પ્રમાણે એના ભાવ ચાલે છે. કહો સમજાણું કાંઇ ?

કેટલી વાત કરી છે એક શ્લોકે !

**શુધ્ધજ્ઞાનધને મહિમ્નિ ન નિજે બધ્નન્તિ સન્તો ધૃતિમ।। १७३।।**

- સમયસાર કળશ

લ્યો, અરે ધીર પુરુષો સ્થિતિ કરે છે ધૃતિનો અર્થ સ્થિતિ કરી. અરે! ધર્માત્મા સત્પુરુષ એ વ્યવહારના જેટલા શાસ્ત્રમાં લખાણ આવે જૈનમાં, જૈનની આજ્ઞાના વ્યવહાર હોં! દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કથાનુયોગમાં વ્યવહારની આજ્ઞાના આવે એ બધા વ્યવહારના ભાવ સત્પુરુષોએ શ્રદ્ધામાં છોડવા જેવા છે. આ લખ્યું બધા એમ કહે કે આ લખ્યું શાસ્ત્રમાં, પણ એ લખ્યાની તો વાત હાલે(ચાલે) છે. વ્યવહારનયે જેટલા શાસ્ત્રોમાં લખાણ પરદ્રવ્યઆશ્રિતના આવે, કે પરજીવની દયા પાળવી, દેવ, ગુરુની ભક્તિ કરવી. એ બધા પરદ્રવ્યઆશ્રિત ભાવ છે. એ ભાવને લખાણ શાસ્ત્રમાં વ્યવહાર આજ્ઞાના આવે, એ અભૂતાર્થ દૃષ્ટિથી કથન છે. વાસ્તવિકપણે એ આદરણીય ધર્મીજીવને હોતા (નથી) વાંધો કરે છે. આ આજ્ઞા માન્ય છે કે નહીં? આ આજ્ઞામાં... પણ એ આજ્ઞા વ્યવહારની છે માટે માન્ય છે કે એ છે, પણ આદરણીય નથી. સમજાણું કાંઈ?

''**અરે! નિશ્ચયને નિશ્ચળપણે અંગીકાર કરી શુદ્ધ જ્ઞાનઘનરૂપ પોતાના મહિમામાં સ્થિતિ કેમ કરતા નથી?....**'' આમાં એટલો અર્થ... નથી આવ્યું? પણ આ નિશ્ચયને નિશ્ચળપણે એટલે નિશ્ચળપણે છે ચોખ્ખુ કળશટીકામાં (શ્રોતા : ...) ગુજરાતીમાં તમારે ક્યાં જોવું છે? હું તો કળશટીકામાં કહું છું. આમાં તો તમારા જેવું હશેને? મૂળ પ્રમાણે એ છે ને? હિમ્મતભાઈએ કર્યું છે ને? આમાં છે. નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને જુઓ છે આમાં, કહો સમજાણું? મહા બે સિદ્ધાંતો જૈન દર્શનના કે જૈન પરમેશ્વરે જેટલો પરદ્રવ્યઆશ્રિત કથન, દયા ઊઠે, દાન, ભક્તિ, પૂજા, વ્રત આદિના ભાવ એ બધા પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયેલા ભાવ, પરઆશ્રિત થયેલા ભાવ એની વ્યવહારે શાસ્ત્રમાં કથંચિત્ આજ્ઞા કરી હોય, છતાં તે આજ્ઞાને એ એનું ફળ સંસાર બંધ છે માટે તે છોડવા જેવું છે, એવી શ્રદ્ધા દૃઢ કરવી. એ શ્રદ્ધામાં ફેરફાર કરશે તો એના આરા કોઈ'દી આવશે નહીં.

''**શુદ્ધજ્ઞાનઘનરૂપ પોતાના મહિમામાં....**'' પોતાનો મહિમા દેખો ઓલો પર આશ્રિત છે, પરાશ્રિત ભાવ છે તેનો મહિમા છોડ. એનો મહિમા ને મહાત્તમ આવતું હોય તો આહાહા! વ્યવહારે મહાત્તમ હોય, ભક્તિ ભગવાનની પૂજા, દાન આદિ વ્રતના ભાવમાં વ્યવહારે મહાત્તમ કહેવાય, નિશ્ચયથી ખરેખર મહાત્તમ (નથી). ''**પોતાના મહિમામાં સ્થિતિ....**'' પરની મહિમા છોડી અને પોતાના મહિમામાં ''**શુદ્ધ જ્ઞાનઘન સ્વરૂપને અંગીકાર કરી એમાં સ્થિતિ કેમ કરતા નથી?....**'' કેમ કે તેને આશ્રયે જ આત્માને મોક્ષમાર્ગ છે બીજે આશ્રયે મોક્ષમાર્ગ છે નહિ. નેમચંદભાઈ!

''**ભાવાર્થ : અહીં વ્યવહારનો તો ત્યાગ કરાવ્યો છે....**'' ઠીક. વ્યવહારનો તો ત્યાગ કરાવ્યો છે. હવે ભગવાને કીધો વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે, અમૃતચંદ્રઆચાર્ય કહે છે કે, અમે કહીએ છીએ અને ભગવાન કહે છે કે ત્યાગવા યોગ્ય છે. થાય છે ખરો હોં! હોય ખરો. શ્રાવકને હોય, મુનિને હોય, ભાવલિંગી સંતને હોય, વ્યવહાર હોય ખરો, પણ શ્રદ્ધામાં આદરવા લાયક, ને એનાથી ધર્મ થાય એમ માનવા લાયક નથી. શું થાય? ''**અહીં વ્યવહારનો તો ત્યાગ કરાવ્યો છે માટે નિશ્ચયને અંગીકાર કરી....**'' જુઓ નિશ્ચય એટલે આ શુદ્ધજ્ઞાનઘન, ''**નિજ મહિમારૂપ પ્રવર્તવું યોગ્ય છે....**'' શુદ્ધજ્ઞાનઘન એટલે જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવ એવો આત્મા એટલો એ તો એનો એ અર્થ થયો. સમજાણું કાંઈ? ''**શુદ્ધ જ્ઞાન એ નિશ્ચયને અંગીકાર કરી નિજ મહિમારૂપ પ્રવર્તવું યોગ્ય છે....**'' દેખો, પોતાની મહિમા જ્ઞાનાનંદ, ચિદાનંદ, શુદ્ધ પરમાત્મ સ્વભાવ, એની મહિમામાં મહિમારૂપ પ્રવર્તવું વ્યાજબી છે. લ્યો, બરાબર છે? એ અમૃતચંદ્રઆચાર્યનો આધાર આપીને વાતને વ્યવહાર છોડવા યોગ્ય છે, નિશ્ચય અંગીકાર કરવા યોગ્ય, બે નયોમાં બે આદરણીય છે, એમ છે નહીં.

ભગવાને બે નય કીધી છે તો બે નય અંગીકાર કરવા યોગ્ય છે, તો બે નયનો વિરોધ છે. બે નયનો વિરોધ છે તો વિરોધ બેય રીતે અંગીકાર કરી શકાય એમ બનતું નથી. સમજાણું કાંઈ? હવે ટોડરમલજી, ભગવાન કુંદકુંદઆચાર્યનો દાખલો આપે છે કે જુઓ ભાઈ અમૃતચંદ્રઆચાર્યમાંથી તો કાઢયું પણ કુંદકુંદઆચાર્ય મહારાજ પણ વ્યવહારને હેય બતાવે છે એ મોક્ષપાહુડની ગાથા ૩૧મી છે. હા આવે છે ઈ **મોક્ષપાહુડની ગાથા ૩૧.**

**जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि**
**जो जग्गदि ववहारे सो सुतो अप्पणो कज्जे ।।३१।।**

આ માખણ ગાથા છે આ બધી નવનીતભાઈ! ટાંકણે આ ગાથા એવી આવી ગઈ છે બરાબર. આંહી માનસ્તંભનો મહોત્સવ છે અને અહીં માન મૂકવાની વાત છે. અભિમાન છોડ, વ્યવહારનું અભિમાન છોડ, એક વાર છોડ, કહે છે મહિમા છોડ. ભગવાન કુંદકુંદઆચાર્ય મોક્ષપાહુડ મોક્ષ છે ને! ત્યાં વ્યવહારથી મોક્ષ થતો નથી માટે આ ગાથા એમાં આવી છે ભાઈ! આહાહા! કુંદકુંદઆચાર્ય મહારાજ મોક્ષપાહુડ, અષ્ટપાહુડ છે એમાં ૩૧મી ગાથામાં, મોક્ષસાર તો મોક્ષ વ્યવહારથી મોક્ષ થતો નથી, ભગવાનની આજ્ઞાવાળો જે વ્યવહાર છે તેનાથી પણ મોક્ષ થતો નથી. એમ ભગવાન કુંદકુંદઆચાર્ય મોક્ષપાહુડની ૩૧મી ગાથામાં ફરમાવે છે. ટોડરમલજી એનો દાખલો આપીને વાતને સત્યને સિદ્ધ કરે છે. जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणो कज्जे।

''**અર્થ : જે વ્યવહારમાં સૂતા છે....**'' એટલે કે વ્યવહારના કાર્યને છોડીને, તે પોતાના કાર્યમાં જાગે છે, એ વ્યવહારની સાવધાની છોડી અને નિશ્ચયની સાવધાની કરે છે, એ વ્યવહારમાં સૂતા ને નિશ્ચયમાં જાગતા. સમજાય છે કાંઇ ? વ્યવહારમાં સૂતા છે એટલે કે જેટલી વ્યવહારની આજ્ઞા વીતરાગની દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, પૂજા એ ભીખાભાઇ ! જેવો રાગ આવે એમાંથી સૂતા છે એટલે એની સાવધાની છોડી દે છે, એનો આશ્રય છોડી દે છે અને પોતાના કાર્યમાં જાગે છે, બે વાત કરી. (વ્યવહાર) વ્યવહારમાં જાગે એ પોતાનું કાર્ય કરી શક્તા નથી એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઇ ? વ્યવહાર, ચોથા ગુણસ્થાનને યોગ્ય રાગ આવે, પાંચમાને યોગ્ય રાગ ભક્તિ આદિ હોય, છઠ્ઠાને યોગ્ય આદિ પંચમહાવ્રતાદિ હોય, પણ એ કાર્યમાં જે જાગ્યા છે, તે પોતાના કાર્યમાં સૂઇ ગયા છે. અને એ કાર્યમાં સાવધાનીને છોડી છે એ પોતાના કાર્યમાં જાગે છે એનો અર્થ એ થયો કે વ્યવહારમાં પોતાનું કાર્ય સિદ્ધ થતું નથી એમ થયો કે નહિ એનો અર્થ ? આહાહા !

આવી વાત સ્પષ્ટ છે એને એના જ્ઞાનમાં એ વાતને બરાબર કબૂલ કરવી (જોઇએ). કબૂલ કરીને આ વાત સિવાય બીજી ત્રણકાળમાં જૈનદર્શનમાં આ વાત સાચી બીજી હોઇ શકે નહીં. આ તો જ્યાં ત્યાં ઓલા પાળે ને આ ક્રિયા કરી ને આ કરીએ ને તે કરીએ એટલે તો પાળે છે ઇ તો સારા છે. અરે ! શ્રદ્ધામાં મોટા ગાબડા પડયા છે. મિથ્યાત્વના શ્રદ્ધાનાં ગાબડા ત્યાં તારા માખીના ટાંગા જેવી ક્રિયા તોલમાં આવે નહીં. તોલમાં આવે નહીં. સમજાણું કાંઇ કેશવલાલભાઇ ? વ્યવહારમાં સૂતા છે કારણકે મોક્ષપાહુડ અધિકાર છે ને ? એ વ્યવહારના પરિણામ આવે એમાંથી ખસીને ઠરે છે, સ્વરૂપમાં ઠરે છે એનું કાર્ય થાય છે. વ્યવહારમાં રહે એનું સ્વકાર્ય થતું નથી. આવે છતાં, એમાં સ્વકાર્ય થતું નથી. ભારે વાત ભાઇ ! ''**પોતાના કાર્યમાં 'યોગી'....**'' શબ્દ છે ને જોડે છે ને ? યોગી सो जोइ युज એટલે જોડાણ કરનાર વ્યવહારમાં જેનું જોડાણ છૂટયું છે, એનું નિશ્ચયમાં સ્વકાર્યમાં જાગતો સ્વમાં જોડાણ કર્યું છે. દૃષ્ટિ અને સ્થિરતા જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા, બસ એ શુદ્ધ એનો આશ્રય લઇને એમાં શ્રદ્ધા ને ઠર, આ ભગવાનની એક આજ્ઞા અનુભૂતિ કરવાની ભગવાનની આજ્ઞા છે. આહાહા ! કહો છોટાભાઇ ! આ બરાબર છે ?

આ બધા વિરોધ કરે છે ને ! (શ્રોતા : કરવા દો) કરવા દો. ઇ એનામાં કરે એનામાં એના ઘરે, સત્યમાં કાંઇ હાલે(ચાલે) નહિ લ્યો. એક તો લીધું ને ''**જે વ્યવહારમાં સૂતા છે....**'' એટલે વ્યવહારથી ખસી ગયા છે. **તે યોગી** એટલે સ્વરૂપમાં જોડનાર ''**પોતાના કાર્યમાં જાગે છે....**'' આવો શબ્દ આવે છે ને ઓલામાં જરી નહીં ? (શ્રોતા :...) હા એ હા

એ પણ આ તો બીજી વાત છે. ઓલી બીજી તથા ''**જે વ્યવહારમાં જાગે છે....**'' - જાગવાની વ્યાખ્યા બીજી છે આ. વ્યવહારના પરિણામમાં એકાકાર થઈને એમાં સર્વસ્વ મહિમા માનીને બેઠા છે, ''**તે પોતાના કાર્યમાં સૂતા છે....**'' સમજાણું કાંઈ ? એમ. આ જાગે છે શુભભાવની ક્રિયાના પરિણામ જેટલી જાતના કીધા, એમાં એકાકાર થઈ જાય છે, જાગે છે એટલે કે જ્ઞાનને એમાં જ એટલું વાળેલું છે. તે પોતાના કાર્યમાં સૂતા છે એ જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા, જ્ઞાયકભાવ ચૈતન્ય એની દશાનો આશ્રય લઈને દશા પ્રગટ થાય. એ કાર્યમાં સૂઈ ગયા છે એ કાર્ય કરતા નથી.

વ્યવહાર કાર્યમાં જાગતા નિશ્ચયના કાર્યને કરતા નથી. નિશ્ચય કાર્યમાં જાગતા વ્યવહાર આવે તેનો આદર કરતા (નથી). સ્પષ્ટ હૈ કિતની બાત સ્પષ્ટ હૈ. પંડિતે કહ્યા હૈ કે કુંદકુંદઆચાર્યને અમૃતચંદ્રઆચાર્યનો આધાર આપીને બે મોટા થાંભલા. ધર્મના સ્તંભ કુંદકુંદઆચાર્ય અને અમૃતચંદ્રઆચાર્ય ઓલાએ લખ્યું છે. મુમુક્ષુને હા મુમુક્ષુને કુંદકુંદઆચાર્ય ને અમૃતચંદ્રઆચાર્યની બહુ શ્રદ્ધા છે માટે એનો આધાર આપીને અમે સ્થાપશું કે વ્યવહાર ને નિમિત્તથી કાર્ય થાય. અરે ભગવાન! વ્યવહાર છે એમ કહ્યું છે અમૃતચંદ્રઆચાર્ય અને કુંદકુંદઆચાર્ય બેયે અને અનંતમુનિઓએ કહ્યું છે. કોઈ મુનિમાં ફેર નથી. કોઈ મુનિના કથનમાં ફેર ન હોય, સાચા મુનિ જે છે પૂજ્યપાદ સ્વામી થયા, અકલંક દેવ થયા, દ્રવ્યસંગ્રહના નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી થયા, મહાન સમંતભદ્ર થયા, એ બધા મુનિઓ ભાવલિંગી સંત બધાનું કથન એક જ પ્રકારનું છે. કોઈનું કાંઈ ફેર છે જ નહીં, સત્યના ડંકા બધાએ માર્યા છે. કોઈ કોઈ અપેક્ષાએ ક્યાંક વ્યવહારથી પ્રધાન કથન કર્યું હોય, નિશ્ચયને ગૌણ રાખ્યું હોય પણ નિશ્ચયનો આશ્રય કરવાનો તો કોઈએ ગૌણ કર્યું નથી.

''**માટે, વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી....**'' લ્યો,લ્યો આવ્યું. વ્યવહારનયના કથનો જૈન દર્શનમાં ચાર અનુયોગમાં ઘણાં ચાલ્યા. એનું શ્રદ્ધાન છોડી ''**નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય....**'' છે. દેખો! જેટલું શાસ્ત્રમાં નિશ્ચયથી સાચું અનુપચારી કથન હોય તે વાત સાચી છે એમ એણે માનવી જોઈએ. જેટલું વ્યવહારનયના પરાશ્રિત કથન હોય તે ઉપચારી, અન્યથા વ્યવહારનયનું કથન છે એમ જાણીને તેની શ્રદ્ધા છોડવા જેવી છે. કહો સમજાણું કાંઈ ? ધરમચંદજી! કયા વ્યવહાર વ્યવહાર કિતના લાભદાયક ઉસમેં આતા હૈ? (શ્રોતા : આતા તો હૈ ને?) આતા હૈ, તો ન આવે તો તો વીતરાગ થઈ જાય, આવે છે તો એની વાત છે. સમ્યગ્દૃષ્ટિને નિશ્ચયનો આશ્રય જ્ઞાનઘનનો હોવા છતાં, જ્ઞાનઘનમાં પૂરી સ્થિરતા જબ લગ ન હોય તબ લગ બરાબર દેવ, ગુરુ, શાસ્ત્ર ભક્તિ, પૂજા, દાન, દયા એવા શુભ ભાવ

આવ્યા વિના રહેતા નથી. આવે ખરા પણ એનાથી ધર્મ થાય એમ એ માને નહીં. કહો સમજાણું કાંઇ ? એ પાપથી બચવા માટે અથવા એ કાળે તે ભાવ જ હોય છે. કહો સમજાણું કાંઇ ? બધી સમજવા જેવી વાત છે ભાઇ આ તો એવી છે કે શું થાય ?

કથન કોઇ બીજી જાતના ને ભાવ અભિપ્રાયમાં સંતોના બીજા હતા, અંતરનો એકલો જ્ઞાનઘન ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનો જ આશ્રય કરાવવાનો લક્ષ ફેરવીને કરાવવાનો આશય છે આ ગાથાનો. બારે અંગ ને ચૌદ પૂર્વનો. કથન પદ્ધતિ બે પ્રકારે ચાલે પણ વસ્તુ એક પ્રકારે સાચી ને એક પ્રકારે ઉપચારના કથનો છે. ''**માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી....**'' જેટલા જૈન શાસ્ત્રમાં ચાર અનુયોગમાં વ્યવહારનયની આજ્ઞાના પરાશ્રિતના કથનો આવે, જેમાં પરદ્રવ્યનું લક્ષ આવે એટલા બધા ભાવો એ ધર્મ નથી એમ શ્રદ્ધા કરવા લાયક છે. એ પણ વ્યવહારધર્મ છે ને ? એમ હોય છે, પણ વ્યવહારધર્મ એટલે ધર્મ નથી. નિશ્ચયથી ધર્મ તે સત્ય છે. વ્યવહારધર્મ તે અસત્ય છે એટલે કે ધર્મ છે નહીં. પણ નિમિત્ત દેખીને, સહચર દેખીને, નિશ્ચયની દૃષ્ટિની સ્થિરતાના ભૂમિકામાં એ જાતની કષાયની મંદતાની યોગ્યતા વ્યવહારે મૈત્રીથી ગણીને એને ઉપચારે મોક્ષમાર્ગ કહેવામાં આવે છે, પણ એ શ્રદ્ધા છોડવા જેવી (છે). વ્યવહાર મોક્ષમાર્ગ નથી એમ માનવા જેવું છે. સમજાણું કાંઇ ?

હવે કહે છે વ્યવહારનય હવે આને છોડી, ''**નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે**....'' માથે આવ્યું'તું ? માથે જુઓ, ''**શ્રદ્ધાન તો નિશ્ચયનું રાખીએ પરંતુ પ્રવૃત્તિ વ્યવહારરૂપ રાખીએ. એમ બે નય અમે અંગીકાર કરીએ**....'' ત્યારે કહે કે નહીં એમ બનતું નથી. કારણકે ''**નિશ્ચયનું નિશ્ચય ને વ્યવહારનું વ્યવહાર શ્રદ્ધાન કરવું યોગ્ય છે. એક જ નયનું શ્રદ્ધાન થતાં તો એકાંત મિથ્યાત્વ થાય છે**....'' છે ? પાટણીજી માથે જુઓ, આંહી પાછા ના પાડે છે, ન્યાં કહે એકાંત મિથ્યાત્વ થાય છે. (શ્રોતા : ...) એ વ્યવહારે વ્યવહાર જે પ્રકારે છે તે પ્રકારે છે એમ શ્રદ્ધવો જોઇએ, પણ શ્રદ્ધામાં આદરણીય કરવો જોઇએ નહીં. વ્યવહારને વ્યવહાર તરીકે ભૂમિકા પ્રમાણમાં આવે, એ નથી જ આવતો, ને ન જ હોય, તો એક નિશ્ચયનયની એકાંત મિથ્યાદૃષ્ટિ થાય છે, અને એ વ્યવહારથી ધર્મ થાય છે એમ અંગીકાર કરે તો નિશ્ચય અને વ્યવહાર બે નય રહેતા નથી. સમજાય છે કાંઇ ?

કેટલું એક સાદી હિંદી ભાષામાં ટોડરમલજીએ ગૃહસ્થાશ્રમમાં રહીને કેટલું કામ, સત્યને ડંકાની ચોટ પર બહાર પ્રસિદ્ધ કર્યું છે. દુનિયાની કાંઇ દરકારે રાખી નથી, અમારે આ કહેવાથી બહાર પાડવાથી સમાજની પ્રતિક્રિયા શું થશે ? અમને માનશે કે નહીં ? અમારી નિંદા કરશે, અવહેલના કરશે, સત્યનું રહસ્ય ખોલવામાં પ્રતિક્રિયા જગતમાં શું થાય

તે જ્ઞાનીને જોવાનું રહેતું નથી. સમજાણું કાંઇ? લોકો કેમ બોલશે, કેમ થાશે, હવે એને ઘેરે રહ્યા લોકો તારે શું કામ છે? સત્યને સત્ય રીતે અનંત તીર્થંકરોએ કહ્યું છે, ગણધરોએ ગૂંથ્યું છે શાસ્ત્રમાં, આચાર્યોએ દાંડીની ચોટ પર આ ગ્રંથો ટીકા અને શાસ્ત્રો લખ્યા છે. વ્યવહાર જ્યાં જ્યાં અમે, અમે કહ્યો હોય તીર્થંકરો ને મુનિઓ કહે છે, કે અમે વ્યવહાર જ્યાં જ્યાં કહ્યો હોય પરદ્રવ્યાશ્રિત, એની શ્રદ્ધા છોડજે. અરે! પણ તમે કહ્યું છે ને પ્રભુ! અમે કહ્યું છે કે એ બંધનું કારણ છે પણ વચમાં આવે છે એ જણાવવા માટે કહ્યું છે, અને એની શ્રદ્ધા ન કર કે આવે જ નહીં, નિશ્ચય એકાંત મિથ્યાત્વ થાય છે, અને આવે માટે આદરણીય છે ધર્મને માટે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઇ?

ક્યું નરેશચંદ્રજી! સમજમેં આતા હૈ? ભાઇ ગુજરાતી ચલતે હૈ ને યહાં તો હવે કહે છે કેમ? એ તો વાત કરી. હવે વ્યવહારની શ્રદ્ધા છોડવા યોગ્ય છે એનું કારણ શું? કારણ દેવું પડે ને કે વ્યવહારનયે ભગવાન કહે, શાસ્ત્ર કહે અને તમે કહો કે એ શ્રદ્ધા છોડવા જેવી છે. એ આદરવા જેવી (નથી). કાંઇ કારણ? કે હા, ''**વ્યવહારનય સ્વદ્રવ્ય ને પરદ્રવ્યને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે**....'' એ છેલ્લો શબ્દ લેવો. છે? વ્યવહારનયનું એવું કથન છે કે સ્વ દ્રવ્યને પરદ્રવ્ય કહે અને પરદ્રવ્યને સ્વદ્રવ્ય એવું વ્યવહારનય પરદ્રવ્યઆશ્રિત કથન એકબીજાના આશ્રયમાં ભેળવી, અને કોઇના કોઇમાં મેળવી નિરૂપણ કરે છે. મેળવી ન્યાંથી લેવું. ''**સ્વદ્રવ્ય-પરદ્રવ્ય, તેના ભાવ અને કારણ ત્રણ બોલ છે**....'' ત્રણેની હાજરી દરેકને કોઇના કોઇમાં મેળવી એમ લેવું, વ્યવહારનય, એક દ્રવ્યનું કથન ચાલતું હોય ત્યાં બીજા દ્રવ્યમાં નાંખી દે એનું. જેમ કે આત્માને વિકાર થાય તો વ્યવહારનય કહે એ કર્મને લઇને થયો. સમજાણું કાંઇ?

એ કર્મનું દ્રવ્ય છે એ કર્મનું કાર્ય છે એમ વ્યવહારનય કહે એવી શ્રદ્ધા છોડવા લાયક છે. ''**એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં**....'' સમજાણું? આત્મા જડની ક્રિયા કરી શકે કે જડને હલાવી શકે એમ માનવું જોઇએ એવું એક કથન આ જયધવલમાં આવે છે. જયધવલ જુઓ, નિમિત્ત - નિમિત્ત સબંધ છે એમ શ્રદ્ધા કરવી એવી ટીકા છે હોં. આ રોગ આવે તો દવાથી રોગ મટી જાય છે, ફલાણું થાય છે, ઇચ્છા થાય ને શરીર હાલે છે એવું નિમિત્ત નિમિત્ત સબંધ છે એવી બરાબર શ્રદ્ધા... એ નિમિત્ત-નિમિત્ત સબંધ છે, પૃથક પૃથક થાય એમ શ્રદ્ધા કરવી. પણ એ શ્રદ્ધા કરીને તે સબંધને છોડવા માટે વ્યવહારની શ્રદ્ધા છોડવા લાયક છે. ઓહોહો! સમજાણું કાંઇ? વ્યવહારનય એટલે? પરઆશ્રયે કથન કરનાર, કરવાવાળું. ભાઇ, કર્મનો નાશ થાય તો જીવને મુક્તિ થાય, વજ્રઋષભનારાચ સંઘયણ હોય તો જીવ દ્રવ્યમાં કેવળજ્ઞાન

પામવાનો વખત થાય. એ પરદ્રવ્યને લઇને સ્વદ્રવ્યમાં કાંઇ થાય એમ ખતવે એ વ્યવહારનય છે. ''**એ કોઈના કોઈમાં મેળવીને નિરૂપણ કરે માટે એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે....**'' છે મણીભાઇ ! ''**એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે....**''

વજનારાચસંઘયણથી જીવને લાભ થાય, મનુષ્ય દેહથી જીવને લાભ થાય, પરદ્રવ્યથી જીવને લાભ થાય, એવા કથનો શાસ્ત્રમાં આવે એ વ્યવહારનય એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં મેળવીને વાત છે, એમ માને તો મિથ્યાત્વ છે. સમજાય છે કાંઇ ? બહુ ઝીણું શાંતિભાઇ ! જગતને હારે મેળવવા માંગે તો ક્યાંય મેળ ખાય એવું નથી. વ્યવહારનય એટલે શું ? વાત કરી ગયા કે પરાશ્રિત વ્યવહાર કીધું ને ? પરાશ્રિત વ્યવહાર માથે કહી ગયા હતા, કે જેટલો અધ્યવસાય છોડાવ્યો તો હું તો એમ જ માનું છું કે આ ભગવાન જ્ઞાયકભાવ જ્ઞાનઘન એનો આશ્રય છોડીને જેટલો પરઆશ્રય કરવા લાયક ભાવ થાય, સર્વ છોડવા લાયક છે. કારણકે પર એક દ્રવ્ય સિવાય પરદ્રવ્યના આશ્રયનો પછી ત્રિલોકનાનાથ તીર્થંકરનો આશ્રય થઇને ભાવ થાય એ પણ છોડવા લાયક છે.

પોપટભાઇ ! આ સમ્મેદશિખરની જાત્રા કરવાના ભાવ થાય પરાશ્રિત. એ ભાવ શુભ છે, શ્રદ્ધામાં ધર્મ છે એમ છોડવા લાયક છે તો સમ્મેદશિખરની જાત્રાથી જન્મમરણ મટી જાય એ કેશવલાલભાઇ ! આવે છે કે નહિ ઓલામાં ? એકવાર વંદે જો કોઇ, નરક-પશુ ન હોઇ, એ તો એક દ્રવ્યના બીજા દ્રવ્યનો આશ્રયના કથન વ્યવહારનયના છે એકદ્રવ્ય બીજાદ્રવ્યના... ન્યાં (ત્યાં) સમ્મેદશિખર તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને આશ્રયે આત્માને સંસાર છૂટે, ત્રણકાળ, ત્રણલોકમાં ? ત્રણકાળ ત્રણલોકમાં નહીં. સમજાય છે કાંઇ ? પણ ધર્મીને ભગવાનના સાક્ષાત્‌દર્શન નથી એને કાળે એને પ્રતિમાના અને સમ્મેદશિખર આદિના દર્શનનો ભાવ સમકિતી ધર્મીને આવ્યા વિના રહે નહીં. એને સમજે છે કે આ કષાયની મંદતા એ પુણ્યબંધનું કારણ છે. વ્યવહારે તેને નિશ્ચયની દૃષ્ટિ હોય એને વ્યવહારે એને ધર્મ પણ કહેવામાં આવે છે, પણ એ શ્રદ્ધામાં આદરણીય નથી. સમજાણું કાંઇ ?

''**એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં....**'' પહેલું સારું શરીર હોય, શરીર સારું હોય તો વિચાર સારા આવે, ફલાણું થાય અથવા શાસ્ત્રમાં આવે કથન જુઓ, ઓલા મુનિના આવે છે ને ? મુનિ આત્મધર્મ સાધન કરતા હોય, આત્માજ્ઞાન સાધન, ચારિત્ર આનંદ એના શરીરને પોષણ માટે શ્રાવક આહાર આપે, એ આહાર આપ્યો એણે મોક્ષ આપ્યો એમ પદ્મનંદિ પંચવિશતિમાં, પદ્મનંદી નિગ્રંથ ભાવલિંગી સંત કહે. કહો જ્ઞાનચંદજી ! વો લિખાણ હૈ પદ્મનંદિ પંચવિંશતિમેં, ક્યા ? કે જો કોઇ ભાવલિંગી સંત આત્મજ્ઞાની ધર્માત્મા, સમ્યગ્દર્શન,

જ્ઞાન ચારિત્ર સહિત હૈ, નગ્ન બહારમેં નગ્નદશા સહજ હો ગઇ હૈ, આ ઉસકો કોઇ આહાર આપે તો કહતે હૈ પદ્મનંદિઆચાર્ય ભાવલિંગી સંત હજાર વર્ષ પહેલે, નવસો વર્ષ પહલે જંગલમેં રહતે થે, પદ્મનંદિ પંચવિંશતિ બનાયા, પદ્મનંદિ પંચવિંશતિ આપણે પર્યુષણમાં વંચાય છે કેટલાક અધિકાર. કહે છે કે એણે મોક્ષ આપ્યો. કેમ ? કે મોક્ષમાર્ગ સાધે છે મુનિ એને શરીર સાધન છે, શરીરને આહાર સાધન છે, આહારનો દેનારા તે શ્રાવક સાધન છે માટે શ્રાવકે એને મોક્ષ આપ્યો. આવે છે હોં આ પદ્મનંદિ પંચવિંશતિમાં. આતે હૈ ? તો ''**એ પર વ્યવહારનય સ્વદ્રવ્ય ને પરદ્રવ્ય ને કોઇના કોઇમાં મેળવીને નિરૂપણ કરે છે....**'' સમજાણું કાંઇ ?

એમાંય બહુ લખ્યું છે પદ્મનંદિમાં આ બધી ગાથાઓ છે ત્યાં વ્યવહારોઽભૂયત્થો શ્રુત પરિચિત અનુભુતા અને બધી ગાથાઓમાં, જો પસ્સદિઅપ્પાણં અબદ્ધ સ્પૃષ્ટં એ બધી પદ્મનંદિમાં ગાથાઓ છે. એ મુનિઓ તો જે કોઇ દિગંબર સંતો ભાવલિંગી મુનિઓ થયા, એની એક જ પ્રકારની ધારા હતી. પછી સાધારણ મુનિ હો કે વિશેષ બધાના મૂળ વાતમાં ક્યાંય ફેર છે જ નહીં ક્યાંય, પણ કોઇને કંઇ વિકલ્પની સ્થિતિ ઊભી થઇ કથન થવાની કોઇને કંઇ થઇ. સમજાણું કાંઇ ? ''**વ્યવહારનય સ્વદ્રવ્ય ને પરદ્રવ્યને ભેળવીને કોઇના કોઇમાં....**'' એ આહાર આપ્યો ત્યાં મોક્ષ થયો. નવનીતભાઇ ! એના એ પદ્મનંદિકાર કહે અંદર, વ્યવહાર તે અભૂતાર્થ. જેટલા વ્યવહારના કથન હમણાં મેં પણ કહ્યા એ બધા અભૂતાર્થ છે, અને શ્રદ્ધામાંથી છોડવા લાયક છે. અરે ! આ કઇ રીતે સમજવું ?

(શ્રોતા : વ્યવહાર વ્યવહારથી પૂજ્ય છે) એ વ્યવહાર પૂજ્ય છે. વ્યવહારે વ્યવહાર પૂજ્ય નથી ? ભગવાનની સ્તુતિ દેવ, ગુરુ પૂજ્ય છે ને ? વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે. નિશ્ચયથી પૂજ્ય નથી, ઉપચારથી પૂજ્ય છે. સમજાણું કાંઇ ? નિશ્ચયથી સ્વદ્રવ્ય જ્ઞાયકભાવ પૂજ્ય છે સમજાણું આમાં ? આહાહા ! એનું જ્ઞાને યથાર્થ કરે નહીં. શ્રદ્ધામાં બરાબર વાતને રૂચિગત કરીને મેળવે નહિ અને બાહ્ય એકલા પ્રવૃત્તિ ને ક્રિયાકાંડ જ્યાં કરે ત્યાં તો ઓહોહો ! ધર્મ થ્યા ને આણે ધર્મ કર્યા, એ તો બધા હેરાન થવાના ચોરાશીના અવતાર ડૂબવાના બધા લખણ છે. ''**વ્યવહારનય....**'' લ્યો સમજાણું કાંઇ ?

એક આવે છે કાર્તિકેય અનુપ્રેક્ષામાં ગાથા પુદ્‌ગલની શક્તિ તો જુઓ એમ આવે છે ભાઇ કાર્તિકેય અનુપેક્ષામાં આવે છે ને પંડિત હારે વાત થઇ હતી બંસીધરજી હારે, પુદ્‌ગલની શક્તિ તો જુઓ, કે ભગવાન આત્માનું કેવળજ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણે એને કેવળજ્ઞાનાવરણીય પુદ્‌ગલની શક્તિએ રોકી દીધું. એ એકદ્રવ્યમાં બીજાદ્રવ્યને મેળવીને વાત

કરી છે. સમજાણું કાંઇ? ઘાત બાત કોણ... ત્રણ કાળ ત્રણ લોકમાં કર્મ આત્માને ઘાતે પર્યાયને એ ત્રણકાળમાં બનતું નથી. એ કહે જુઓ ભગવાને ઘાતી કર્મ કહ્યા, ઘાતી કર્મ કહ્યા. તો ઘાતી તો ઘાત કરે ત્યારે કહ્યા છે કે નહીં? એ અસત્ય વ્યવહારનયે કહ્યા. ઘાતીકર્મ આત્માને ઘાત, પરદ્રવ્ય સ્વદ્રવ્યને ઘાત કરે, એ ત્રણકાળમાં બનતું નથી.

કેટલા લખાણ આવે છે એવા બહુ ઓલા કહે લ્યો આધાર આપીએ. ભાઇ એવા કહે તો અનંતા છે લાવીએ અમેય, પણ માલ શું છે એ તો બધા વ્યવહારના કથનો ઉપચારનું નિમિત્તપણું કોણ હતું એને જણાવવા એ બધા કથનો છે. લ્યો સંઘયણ આમ હોય તો આમ થાય, લાવો, એક વજ્રઋષભનારાચસંઘયણ વિનાનો કેવળ પામ્યો હોય તો એમ. લાવો એક વજ્રનારાચ... વજ્રનારાચ સમજાય છે? લ્યો આવો... આવો મૂળચંદજી! કિતના આયા હૈ? હેં? (શ્રોતા : આઠ) આઠ. અચ્છા! આજે સવારમાં એ વહેલા આવ્યા છે નાહી ધોઇ ટાઇમ તો થાયને! સમજાય છે કાંઇ? પંડિતજી સમજમેં આતે હૈ કે નહીં? ક્યા દેખો? આ તો શાસ્ત્ર પોકાર કરતે હૈ. વ્યવહારનયનું એવું કથન શાસ્ત્રમાં છે કે એક દ્રવ્યને બીજાદ્રવ્યમાં મેળવીને વાત કરે, સમજાય છે કાંઇ? કેવલજ્ઞાનની આત્માની શક્તિ તે કેવળજ્ઞાનાવરણીય જે જડ કર્મ ઘાત કરી નાંખે છે, એવો સ્વામી કાર્તિક બાર ભાવનાના અધિકારમાં અધિકાર છે. એ એકદ્રવ્યને બીજાદ્રવ્યના કથનની વાત છે એમ માને તો તે મિથ્યાદષ્ટિ છે.

જ્ઞાનાવરણીએ જ્ઞાનને ઘાત કર્યું, જ્ઞાનાવરણીય પર, જડ ચીજ છે એ આત્માની ગુણની પર્યાયને ઘાત કરે એમ માનવું તે મિથ્યાદષ્ટિનું લક્ષણ (છે). આહાહા! આ શાસ્ત્રમાં લખાણ કે જ્ઞાનાવરણીય, જ્ઞાનાવરણીય એને કહ્યું, શું કહ્યું? જ્ઞાનને આવરણ કરનારા છે જ્ઞાનાવરણીય પરદ્રવ્ય જ્ઞાનને આવરણ કરનાર છે એમ લખ્યું. લખ્યું એ નિમિત્તના કથન છે એને એમ માની લે, વ્યવહારનયથી સ્વદ્રવ્ય પરદ્રવ્યના ભેળવીને કથન કર્યા છે. એ વ્યવહારનયનું એમ માની લે કે એણે ઘાત કર્યો મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઇ? ''**વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને....**'' ઓલા પાછળ લેવું હોં ''**કોઇના કોઇમાં મેળવીને નિરૂપણ કરે છે....**'' એટલે કોઇને કોઇમાં મેળવીને માન્યતા કરે છે. એ માન્યતા સાચી નથી. સમજાણું? ઘણાં દાખલા એવા જેટલા અત્યારે તકરારમાં ઊઠે છે. ભાઇ, આત્મામાં એ ભાવમાં લઇ લઇએ ''**અને તેના ભાવોને....**'' તેના ભાવોને. કોના? એક દ્રવ્યના ભાવને બીજા દ્રવ્યનો ભાવ, અને બીજા દ્રવ્યના ભાવને સ્વદ્રવ્યનો ભાવ, એમ વ્યવહારનય કહે. એ રાગને મોક્ષમાર્ગ કહે, વ્યવહારનય રાગને મોક્ષમાર્ગ કહે. મોક્ષમાર્ગ તો વીતરાગી આત્માની શ્રદ્ધા-જ્ઞાન, નિર્વિકલ્પ એને મોક્ષમાર્ગ કહેવાય છે.

વ્યવહારનય એકભાવને બીજાભાવને મેળવીને કહે છે એ વ્યવહારને જે કાંઇ નિશ્ચય મળ્યો એમ વ્યવહારનય કથન કરે છે. પંચાસ્તિકાયમાં લખાણ એવા આવે કે વ્યવહારનયથી હળવે હળવે શુદ્ધતા વધતી જાય. અમૃતચંદ્રઆચાર્યનું કથન ટીકામાં ધોબી શીલા ઉપર કપડાને ઝીંકતો શું કીધું ? ઝીંકતો સમજાણું ? પણ અમારી ભાષામાં ઝીંકતો, ઝીંકે આમ શીલા ઉપર ઓલા લુગડાને પાણીમાં બોળી ઝીંકતો અને સાબુ અંદર લગાડીને મેલ કાઢે છે, એમ વ્યવહારરત્નત્રય દ્વારા, ધર્મીજીવ હળવે હળવે શુદ્ધિ વધારતો જાય એમ લખાણ છે. અમૃતચંદ્રઆચાર્ય મુનિની ટીકામાં, આચાર્ય કહે છે કે એ બધા અમારા વ્યવહારનયના કથન છે. વ્યવહારથી નિશ્ચયને હળવે હળવે શુદ્ધતા માન તો મિથ્યાદષ્ટિ છે શું થાય ! સમજાણું કાંઇ ?

આચાર્ય પોતે કહે છે કે અમે ન્યાં લખ્યું છે એ વ્યવહારથી છે. પરદ્રવ્યના આશ્રયના જેટલા... મોક્ષમાર્ગ સ્વદ્રવ્યાશ્રિત છે અને રાગ છે એ પરદ્રવ્યાશ્રિત છે. પરદ્રવ્યાશ્રિત રાગથી સ્વદ્રવ્યને લાભ થાય, સ્વદ્રવ્યના ભાવને નિર્મળને લાભ થાય એ વાત ત્રણ કાળ, ત્રણ લોકમાં સાચી નથી. સમજાણું કાંઇ ? કહો મૂળચંદજી ! ઐસા વ્યવહાર નિશ્ચયકા ચલતા હૈ. ડૉક્ટર આવ્યા ડૉક્ટર, આવો આવો અહીંયા, ન્યાં કેમ બેઠા ? પછી વાત. પૂરું થવા આવ્યું. સમજમેં આયા ?

વ્યવહારનય એક સ્વચૈતન્યના વિજ્ઞાન ઘનના અવલંબન સિવાય વ્યવહારનય પરના અવલંબનના સ્થાને પરના અવલંબનના ભાવથી લાભ થાય, આત્માની નિર્મળ પર્યાયમાં વ્યવહાર ને રાગ ને પુણ્યથી લાભ થાય, એમ વ્યવહારનય કથે છે, એમ માને તેને મિથ્યાત્વ લાગે છે. એક પુસ્તક તો આપો ડૉક્ટરને છે કે નહિ પુસ્તક ? જુઓ આ લખ્યા, ઉસમેં લખ્યા હૈ. (શ્રોતા : ...) સોનગઢનું ક્યાં છે ? આ તો ટોડરમલનું છે. આ તો ટોડરમલનું હિંદી છે એનું ગુજરાતી અક્ષરે અક્ષર છે. અને ટોડરમલે ઘરનું ક્યાં કહ્યું'તું ? શાસ્ત્રના આધાર આપીને વવહારોઅભૂયત્થો જે અગિયારમી ગાથા આ એને આધારે બધી વાત કરી રહ્યા છે. શાસ્ત્રમાં ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ કહેલું, કુંદકુંદઆચાર્યે સંઘરીને કથેલું. વ્યવહાર અભૂતાર્થ. એક અગિયારમી ગાથા સમયસારની જૈન શાસનનો થાંભલો. જૈન શાસનની મૌલિક ચીજ મુખ્યપણે, વ્યવહાર અસત્યાર્થ. એ વ્યવહારનયથી વ્યવહારની પર્યાયથી કે રાગથી, પુણ્યથી જીવને મોક્ષમાર્ગ થાય એમ વ્યવહારનય કહે એ કેમ કે કોઇ દ્રવ્યમાં કોઇ દ્રવ્યને ભેળવીને અને તેના ભાવને, એ કોઇ દ્રવ્યની પર્યાયને કોઇ દ્રવ્યની પર્યાય વ્યવહારનય કહે, કહે એવી માન્યતા એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે. એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય. મુળચંદજી !

નિઃશંક, નિઃશંક ક્યાં ગયા ડૉક્ટર! શું કીધું? અંજન ચોર નિઃશંક હુઆ. નિઃશંક હુઆ તો સમ્યગ્દર્શન હુઆ એ વ્યવહારનયનું કથન એકમાં બીજાને ભેળવીને કર્યું છે. એ તો બહુત લાંબો વ્યવહાર એ તો. સમજાય છે કાંઇ? જુઓ રત્નકરંડ શ્રાવકાચાર એમાં આઠેય જે નિઃશંક, નિઃકંખના દાખલા આપ્યા છે એ બધા ભવિષ્યમાં નિશ્ચય પામ્યા છે એનો વ્યવહારમાં આરોપ અને વ્યવહારનો આરોપ એક અંશમાં કર્યો છે. એ માને કે આને લઇને નિશ્ચય પામ્યા એમ વ્યવહારના કથન એક બીજા પર્યાયનું કથન કરે એ માને તો મિથ્યાત્વ છે. ભારે ભાઇ! રત્નકરંડ શ્રાવકાચારમાં આઠ બોલ આવા આવે છે કે નહીં? વ્યવહારનયના કથનો જુદી જાતના હોય તેથી કરીને એનાથી લાભ થાય એમ ત્રણ કાળ ત્રણલોકમાં નથી. માટે અહીંયા ટોડરમલજી કહે છે. ''**વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને કોઇના કોઇમાં ભેળવી એના ભાવોને કોઇના કોઇમાં ભેળવી નિરૂપણ કરે છે. માટે એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે....**'' એવી શ્રદ્ધા રાખે તો તો મિથ્યાત્વ ટળતું નથી, લ્યો વળી કીધું છે ને જાત નથી આવતી?

કોઇ રાણીએ પ્રભાવના કરી, દેવો આવે છે ને? આઠ કથા હરિસેન ચક્રવર્તીની મા, એ બધા વ્યવહારના કથન છે. એ શુભરાગ આવ્યો જે હોય પણ એ શુભરાગને લઇને સમ્યગ્દર્શન આવે કે શુભરાગને લઇને મોક્ષમાર્ગ થાય એમ જે વ્યવહારનયના કથન છે, એમ માને તો મિથ્યાત્વ લાગે છે. આ મોક્ષમાર્ગ પ્રકાશક ચલતે હૈ. ટોડરમલજી કી બાત ચલતે હૈ. ટોડરમલજી કી નહીં, ભગવાનમલકી બાત ચલતી હૈ. સમજાણું કાંઇ? બે વાત થઇ.

હવે એક આવ્યું કારણ ને કાર્ય મોટા વાંધા. ''**ત્રીજો બોલ કારણ-કાર્ય....**'' કારણ - કાર્ય ત્રીજા બોલ આવ્યા. એ નિમિત્ત કારણથી આંહી કાર્ય થાય, એમ વ્યવહારનયના કથનો આવે એમ એ માને તો મિથ્યાત્વ છે. હૈ ઉસમેં દેખો, ત્રણ બોલમાં તો આખા વ્યવહારનયના જેટલા કથન પદ્ધતિ છે બધાને સમાડી દીધું. ''**વ્યવહારનય કારણ-કાર્ય આદિકને....**'' આદિ શબ્દ વાપર્યો ને સ્વદ્રવ્ય-પરદ્રવ્ય એના ભાવ એ આદિ કારણ વ્યવહાર ને નિશ્ચયકાર્ય. નિમિત્ત કારણ ને શુદ્ધ ઉપાદાનમાં લાભ થાય એમ વ્યવહારનયના કથનો, કારણ કો'ક ને કાર્ય ક્યાંક ભેળવીને વાત કરે, એમ માને તો તેને મિથ્યાત્વ લાગે છે. છે ને ભાઇ! ચોખ્ખી વાત લીધી છે. આ કારણ-કાર્યના વાંધા.

આંહી ટોડરમલજી કહે છે કે કારણ - કાર્ય આદિકને કોઇના કોઇમાં મેળવી કથન વ્યવહારનય કરે છે. ભગવાનની પ્રતિમાના દર્શન થઇ શુભ પરિણામ થાય એ કારણ ને આંહી કાર્ય એ વ્યવહારનય કથન કરે છે, એમ માને કે એનાથી થયું એમ માને તો

મિથ્યાત્વ લાગે છે. સમજાણું કાંઇ? અથવા સમ્યગ્દર્શનના કારણો જે વેદના કહ્યા દેવઋદ્ધિ કહ્યા, શ્રવણ કહ્યા, એ હતું તો આંહી સમ્યગ્દર્શન એને કારણે આ ભાવને લઈને આંહી કારણ ને લઈને અહીં કાર્ય થયું, એમ વ્યવહારના કથનો શાસ્ત્રમાં આવે એને જાણવા જોઈએ, પણ માને કે એ કહ્યું તે બરાબર છે, તો કારણ-કાર્યનો મોટો ગોટો ઊઠીને એને મિથ્યાત્વ લાગે છે એને ધર્મ થતો નથી.

વિશેષ કહેશે.....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૧૬
# અધિકાર ૭મો
# સ્થળ:સુવર્ણપુરી તા.:૧૩.૦૪.૧૯૬૨ શુક્રવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગ પ્રકાશક તેનો સાતમો અધ્યાય છે. એમાં અધિકાર મુદ્દાની મૂળ રકમની વાત લીધી છે. મૂળ રકમ કહેવાયને? મૂળ રકમ! જૈનમાં એટલે દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા છતાં, બીજા સંપ્રદાયમાં જન્મ્યા હોય એને તો સત્ય વાતની પરંપરા પણ એના શાસ્ત્રમાં ગુરુમાં હોતી નથી, પણ જે જૈન સંપ્રદાય દિગંબર તરીકે ગણાય એમાં પણ જન્મ હોવા છતાં નિશ્ચય શું, વ્યવહાર શું એના ભાન વિના, વ્યવહારના જેટલા કથનો શાસ્ત્રમાં આવે એને સાચા માની લ્યે તો તે મિથ્યાદૃષ્ટિ છે. જૈનમાં દિગંબર શ્રાવક અને મુનિ નામ ધરાવતાં છતાં... એ અધિકાર ચાલે છે. સમજાય છે કાંઈ? પહેલો તો એ દૃષ્ટાંત આપ્યો ટોડરમલજીએ, કુંદકુંદઆચાર્ય મહારાજનો. કે જો ભાઈ! શાસ્ત્રમાં બે પ્રકારના કથન ચાલ્યા છે. એક નિશ્ચયના એટલે સાચા, એટલે સ્વદ્રવ્ય આશ્રય કથન એ સાચું. અને એક

પરદ્રવ્યના આશ્રયે સ્વમાં કાંઇ થાય, કર્મને લઇને વિકાર થાય, શરીરને જીવ કહેવો, મતિજ્ઞાનને રૂપી કહેવું વિગેરે જે ઉપચારથી શાસ્ત્રમાં કથનો જે આવ્યા છે એને એમ માની લ્યે કે એ બરાબર છે, તો એ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઇ ?

કેમ કે વ્યવહાર સત્યાવાતને કહેતો નથી, પણ વ્યવહાર કોઇ અપેક્ષાએ નિમિત્તનું જ્ઞાન કરાવવા, સંયોગનું જ્ઞાન કરાવવા, ઉપચારથી, આરોપથી અનેરા પ્રકારે વ્યવહારની કથની ચાલે છે. એટલે કુંદકુંદઆચાર્યનો આધાર આપ્યો, (સ.સાર)અગિયારમી ગાથાનો કે વ્યવહાર તે અસત્ય પ્રરૂપે છે. વ્યવહારના લખાણ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કથાનુયોગ આદિમાં આવે તો એ બધા વ્યવહાર પરદ્રવ્યને આશ્રયે જેટલા કથન આત્મામાં આવે, એવા કથનને એમ છે એમ માની લેવું નહીં. સમજાણું કાંઇ ? અને સત્ય નિશ્ચય વાત હોય તો આત્મા આત્માથી છે, એની પર્યાય આત્માથી છે, એનો ધર્મ એટલે પોતાની શાંતિ પોતામાં પોતાને કારણે છે, એવા જે કથનો નિશ્ચયના સાચા હોય, તેની સાચી તે પ્રકારે શ્રદ્ધા કરે તો તેને સમ્યગ્દર્શન થાય, પણ વ્યવહારની શ્રદ્ધા કરે આમ કહ્યું છે શાસ્ત્રમાં આમ કહ્યું છે એને એ રીતે સાચું માની લ્યે તો તેની શ્રદ્ધા મિથ્યાત્વ થઇને, પરિભ્રમણ જીવ કરે. એક એ આપ્યું.

બીજો દાખલો અમૃતચંદ્રઆચાર્યનો આપ્યો सर्वत्रअध्यवसानमेवमखिलं વ્યવહારનો. કે ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે પરની હિંસા કરું, જૂઠું બોલું, ચોરી કરી શકું, હાથથી લઇ શકું, શરીરથી વિષય સેવી શકું એવી માન્યતાને ભગવાને મિથ્યાત્વ કહ્યું છે. સમજાય છે કાંઇ ? શરીરથી પરિગ્રહ લઇ શકું, પરિગ્રહ છોડી શકું અથવા દયાના ભાવ પરની દયા પાળી શકું, પરને હું સત્ય વાણી દ્વારા બોલી શકું, હું જૂઠ અસત્યને અથવા અદત્તને ન લઇ શકું. હું શરીરથી બ્રહ્મચર્ય પાળી શકું, શરીરથી નગ્નદશા હું કરી શકું એવા અભિપ્રાયને વ્યવહાર ગણીને તેને મિથ્યાત્વ કહ્યો છે, કેમ કે એ પર આશ્રયે બધા કથનો છે. સમજાય છે કાંઇ ? બાબુભાઇ ! આ તો વ્યવહાર-નિશ્ચયનો નિચોડ આવે છે આમાં. આ બધા વાંધા કાઢે છે ને (શ્રોતા : ...) હેં ? વિવેક કીધું ને આ. વ્યવહારના કથનોથી અન્યથા કથન છે, એમ જાણીને તેની શ્રદ્ધા છોડી દેવી. વ્યવહારના કથનોની શાસ્ત્રમાં, સર્વજ્ઞના વ્યવહાર આજ્ઞાના કથનો શાસ્ત્રમાં હોય, એની પણ શ્રદ્ધા છોડી દેવી કે, એ વાત એમ નથી. સમજાણું કાંઇ ?

વ્યવહારથી, નિશ્ચય આત્મા, જ્ઞાનાનંદ શુદ્ધ, પરદ્રવ્યની કોઇપણ ક્રિયાનો કર્તા ધર્તા આત્મા ત્રણકાળ ત્રણલોકમાં નથી. વ્યવહારથી કહેવામાં આવ્યું હોય કે જીવ એ શરીર છે, જીવ પરની દયા પાળી શકે એવા કથનોને એ રીતે માની લે તો તેને મિથ્યાદષ્ટિ

કહેવામાં આવે છે. સમજાય છે કાંઇ? એક દાખલો કુંદકુંદઆચાર્યનો આપ્યો અગિયારનો (સ.સાર ગાથા), એક આપ્યો કળશનો અમૃતચંદ્રઆચાર્યનો. હવે હાલે છે કુંદકુંદઆચાર્ય મહારાજની ''**મોક્ષપાહુડની એકત્રીસમી ગાથા....**'' કે ભગવાન કુંદકુંદઆચાર્યે એમ કહ્યું છે, કે ''**જે વ્યવહારમાં સૂતા છે તે યોગી પોતાના કાર્યમાં જાગે છે....**'' એટલે? જે પરના કાર્ય કરી શકું છું, હું રાગનું કાર્ય કરું તો મને લાભ થાય, વ્યવહારના કામ-દયા, દાનના, વ્રતના વિકલ્પ કરું તો મને લાભ થાય, એમ માનનારા, એ વ્યવહારમાં જાગે છે. એ વ્યવહારમાં જાગે છે, આત્માની શ્રદ્ધા જ્ઞાનમાં ઊંઘી ગયા છે સમજાય છે. કાંઇ?

અને ''**વ્યવહારમાં સૂતા....**'' એટલે કે પરના શરીર, વાણી, પર દેશ કામ, કુટુંબના કાંઇપણ કામ હું કરી શક્તો નથી. અને મારામાં રાગાદિ આવે એ પણ મારી મૂળ ચીજ નથી. એમાં સૂતો છે એટલે એની જાગૃત દશા એટલે તેની રૂચિ જેણે છોડી છે. અને ''**પોતાના કાર્યમાં જાગે છે....**'' હું જ્ઞાન છું, આનંદ છું, શુદ્ધ છું, પવિત્ર છું એવો આત્માનો ત્રિકાળી પરમાનંદ જ્ઞાયકભાવ, એની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતામાં પોતાના કાર્યમાં જાગે છે, તે મુનિને સાચા ને તે ધર્મીને સાચા કહેવામાં આવે છે તથા ''**જે વ્યવહારમાં જાગે છે....**'' પણ વ્યવહારની ક્રિયા કર્તવ્ય કરીને અમારા કાર્ય છે, દયા અમે પાળી શકીએ, દયાનો ભાવ અમને ધર્મ થાય, ભારે કઠણ જગતની વાત! જગતની વાત. હું પરની દયા પાળી શકું, પરદ્રવ્યની ક્રિયા કરી શકું, શરીર વડે આચરણ કરી શકું એવી માન્યતામાં જે વ્યવહારમાં જાગે છે, વ્યવહારમાં જ્ઞાનને જોડયું છે, એમાં એકાકાર થાય છે ''**તે પોતાના કાર્યમાં સૂતા છે....**'' તે હું એક જ્ઞાતાદષ્ટા છું, જાણનાર, દેખનાર છું એવી જે સમ્યગ્દર્શન-જ્ઞાનની ક્રિયા એ વ્યવહારમાં જાગનારા, નિશ્ચયમાં સૂતા છે. સમજાય છે કાંઇ?

સંભળાય છે કે નહિ બરાબર? તમારા કરતા ઓછું કાંઇક હશે આમને નહીં? કો' સમજાણું આમાં? સૌભાગ્યચંદભાઇ ઉસમેં લિખા હૈ હોં! શાંતિભાઇ ક્યા કહતે હૈ દેખો. આત્મા ભાષા બોલી શક્તે હૈ, આત્મા વાણી કર સક્તે હૈ, આત્મા બીજાને સમજાવી શકે છે, એ સમજે તો મારાથી સમજી શકે છે, એવા જે વ્યવહારના કથનો... દિવ્યધ્વનિથી અનંત અનંત આત્માઓ તર્યા, ભગવાનના દર્શનથી સમ્યગ્દર્શન પામે, એવા જેટલા વ્યવહારના કથનો છે એને સાચા માને, તો તે વ્યવહારમાં જાગે છે અને આત્માના ધર્મકાર્યમાં એ સૂઇ ગયેલા છે. સમજાણું કાંઇ? નવનીતભાઇ! (શ્રોતા : સાચી વાત) સાચી વાત તો આ છે ઊઘાડી. છાશ લેવા જાય ને દોણી... દોણી સંતાડે એ કાંઇ હાલે? હેં? ઓ અમારે કહેવત હૈ કાઠિયાવાડમાં. ઘરે મહેમાન આવ્યા હોય, છાશ સમજતે હૈ? મઠ્ઠા, મઠ્ઠા જોઇતા હોય તો

દશ શેર છાશ, હંમેશા તો દો શેર લાવતા દો શેર, પણ દસ શેર છાશ જોઇએ તો દોણી હોય ને મોટી, દોણી તો પહેલા હતા ને હવે તો આ તપેલા કે બોઘડા, પણ બોઘડું મોઢા આગળ મૂકે કે જો આ દસ શેરનું બોઘડું છે, મામી, આ દસ શેર છાશ લેવા આવ્યો છું હોં આજ, દસ શેર નાંખજો. દરરોજ તો બશેર જોતી'તી કારણકે ફક્ત રોટલામાં ખાવા પૂરતી પણ આ તો દસ શેર જોઇએ છે, કઢી કરવી છે, ફલાણું કરવું છે, ઢીકણું કરવ્ું છે. છાશ લેવા જાય ત્યારે દોણી એટલે વાસણ સંતાડે નહીં. મોઢા આગળ મૂકે કે લ્યો આટલું જોઇએ છે.

એમ ભગવાને કહેલા નિશ્ચય ને વ્યવહારના કથનો એના વ્યવહારની કથનની જેટલી પદ્ધતિ શાસ્ત્રમાં આવે એ બધાને એમ માની લ્યે કે એ પણ સાચું છે તો એ મિથ્યાદૃષ્ટિ છે, એને ધર્મનું સમ્યગ્દર્શન થતું (નથી). કો' સમજાય છે કાંઇ? આ કહ્યો વ્યવહાર... આ કહ્યો વ્યવહાર. કોણે ના પાડી? સાંભળને! ભગવાનની સ્તુતિથી મને ધર્મ થાય એમ કથન શાસ્ત્રમાં આવે. ભગવાનની સ્તુતિ કરતાં પર ભગવાનની હોં! એ દેહાદિની ક્રિયા એ આત્મા કરે, અને ભગવાનની સ્તુતિનો રાગ કરે, એનાથી આત્માને લાભ થાય, એવા ક્યાંય કથન આવ્યા હોય તો એને માનવું કે ઇ એમ છે નહીં. સમજાય છે કાંઇ? તે **વ્યવહારમાં જાગે છે**. જેટલા શાસ્ત્રમાં વ્યવહાર કથની, દયા, દાનના, વ્રતના પરિણામની અને દેહ ને વાણીની ક્રિયા ચાલુ હોય એને જે સાચી માને કે આત્મા કરી શકે ને એનાથી લાભ થાય, તે નિશ્ચયમાં એ પોતાના કાર્યમાં સૂતા છે, એ પોતાનું કાર્ય કરી શક્તા નથી.

હું જાણનાર દેખનાર છું, મારે આ રાગ અને દેહની ક્રિયા ને વાણીની મારી ક્રિયા નથી એમ માનતો નથી એ નિશ્ચયમાં સૂતા છે ને વ્યવહારમાં જાગે છે. ફૂલચંદજી! ભારે વાત છે આ! સમજમેં આયા? આહાહા! રતનચંદજી ક્યું અવાજ કિતના નિકલતે હૈ રતનચંદજીકા આમ સભામેં, વો રતનચંદજીકા અવાજ હૈ ને આ રૂપચંદજીકા અવાજ હૈ, ઐસા બોલના વ્યવહારકા કથન હૈ, ઐસે માન લેના કે ઉસકા કથન હૈ, વો મિથ્યાદૃષ્ટિ હૈ. સૌભાગ્યચંદભાઇ! આપણે મંડળીમાં ઉતરવું ને ન્યાંય ઉતરેને એને ખબર પડે ને કઇ રીતે સમજાય છે? આ માણસની ભાષા એવી સુંદર કે જગત જરી ધર્મ પામી જાય, એવા કથનો શાસ્ત્રમાં ચાલ્યા હોય એને એમ માની લ્યે મિથ્યાદૃષ્ટિ છે. પરને લઇને ધર્મ પામે એ કથનો વ્યવહારના સાચા નથી, અન્યથા કથન. ઓલો ધર્મ સમજે છે એના કારણે ત્યારે નિમિત્ત કોણ હતું, એનું જ્ઞાન કરાવવા એવા કથનો ચાલ્યા છે, પણ એ રીતે માની બેસે કે એનાથી પામે તે માનનારા મિથ્યાદૃષ્ટિ ને અજ્ઞાની છે. ફૂલચંદભાઇ સમજાય છે કાંઇ? ઐસી બાત હૈ આ હિંદુસ્તાનમેં બહોત ફેર હૈ.

કહતે હૈ, ''**માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી....**'' માટે આત્માર્થીએ સત્યના કામીએ ચાર શાસ્ત્રો અનુયોગો ચાલે છે એમાં જેટલા આત્મા સિવાય, પરદ્રવ્યના આશ્રયે કથન ચાલે એ બધાની શ્રદ્ધા છોડી દેવી જોઈએ. એ વસ્તુનું સ્વરૂપ એમ છે નહીં. ''**નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે....**'' નિશ્ચય નામ સ્વતત્ત્વ, સ્વતંત્ર આત્મા છે, પોતાથી જ્ઞાન ને દર્શન ને આનંદ પામી શકે છે, પરથી નહીં, રાગથી નહીં, સમ્યગ્દર્શન દેવ, ગુરુ ને શાસ્ત્રના નિમિત્તથી નહીં, ભગવાનના દર્શનથી સમકિત પામે નહિ એવા જે નિશ્ચયના કથન તે પ્રમાણે માને તો તેની શ્રદ્ધા સાચી થાય છે. ભારે કઠણ વાત. સમજાણું કાંઈ? નરેશચંદજી! દેખો ઐસી બાત હૈ. ભૈયા અરે! આહાહા! સોનગઢમેં તો વ્યવહારકા લોપ હો જાતા હૈ એમ તમારે પણ વ્યવહાર હૈ, ઉસકા લોપ કરતે હૈ કે ન હોય તો ઉસકા હૈ રાગ આદિ આતા હૈ, પરકી ક્રિયા પરકે કારણસે, ભગવાનકી પૂજામેં હાથ ઐસા પડે એ કાંઈ આત્મા કર સક્તે હૈ ઐસા હાથ? તીનકાલ, તીનલોકમેં નહીં, આ તો જડ માટી હૈ. ઉસકી પર્યાયકા હોના જડકે કારણસે હૈ. પણ આત્મા વ્યવહારસે તો કરતે હૈ ને? ક્યા વ્યવહારસે કરતે હૈ. વ્યવહાર ને નિશ્ચય તો દો વિરોધ હૈ, નિશ્ચય કહેતે હૈ કર સક્તે નહિ ને વ્યવહાર કહેતે હૈ કર સક્તે હૈ, વો વ્યવહારકા કથન અન્યથા હૈ. શાસ્ત્રમેં ભી અન્યથા કહ્યા હૈ, ઐસે માન રખે મિથ્યાદષ્ટિ હોતા હૈ. સમજાય છે કાંઈ?

આ અગિયારમામાં આવે છે ને? અગિયારમી ગાથા હૈ ને! જુઓને આમાં નથી આવતું, કોણે? આ કહ્યું ભાઈ જયચંદ્ર પંડિત. ''**દેખો અગિયારમી ગાથા સમયસાર. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારકા પક્ષ તો અનાદિ કાલસે હૈ....**'' રાગસે ધર્મ હોગા, ઔર ગુણ-ગુણી ભેદ કરકે આત્મા સમઝા જાયેગા, ઐસા ભેદકા પક્ષ અનાદિકાલસે અજ્ઞાનીકા ચલા આયા હૈ. એક વાત. ''**વળી એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે....**'' વ્યવહારથી લાભ થાય, નિશ્ચયથી એકકોર પડયો રહે નિશ્ચય, નિમિત્તને કારણે લાભ થાય, ઉપાદાનથી લાભ થાય એ વાત પડી રહી છે. એવા ઉપદેશને બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. બે વાત. ''**વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ....**'' ચાર અનુયોગોમાં જયચંદ્ર પંડિત આનો અર્થ કરે છે, જયપુરના જયચંદ્ર પંડિત હતા કહે છે ''**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો....**'' નિશ્ચયનયનો નિમિત્ત દેખી, સહાયક દેખી, ''**હસ્તાવલંબ દેખી બહુ કર્યો છે....**'' શાસ્ત્રમાં એવો વ્યવહારનો ઉપદેશ ઘણો ચાલ્યો છે ''**પણ એનું ફળ સંસાર જ છે....**'' સમજમેં આયા?

જૈન શાસ્ત્રમાં કહેલા પરદ્રવ્યનું આત્મા કરે, આત્માનું પરદ્રવ્ય કરે, ગુરુથી જ્ઞાન થાય. જ્ઞાન હતું તો જ્ઞેય અંદર અહીં મારું જ્ઞાન થાય એટલે પરવસ્તુને આવવી જ પડે. એવી પરાધીનતાની વાત જે હોય એને માને તેને અહીંયા મિથ્યાદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઇ? જુઓ! લોકોને અનાદિથી રાગથી ધર્મ થાય, દયા-દાનથી થાય અને ગુણ-ગુણીના ભેદ સમજાવવા માટે કર્યા ત્યારે ભેદને લઇને અભેદપણું પ્રગટ થાય એવો પક્ષ અનાદિનો છે અજ્ઞાનીને. બીજી વાત કે માંહોમાંહે એ વાતની જ પ્રરૂપણા ચાલે છે, વ્યવહાર જોઇએ... વ્યવહાર જોઇએ, વ્યવહાર હોય તો નિશ્ચય થાય, એવો ઉપદેશ પરસ્પર માંહોમાંહે જૈનના એકાંતી મિથ્યાદૃષ્ટિઓ નિશ્ચયને નહિ સમજનારા, એવી વાતું કર્યા કરે છે. જૈન શાસ્ત્રને શોધે તો પણ વ્યવહારનું નિમિત્તપણું દેખીને ઘણો ઉપદેશ આવ્યો છે, પણ ત્રણેનું ફળ સંસાર છે. સમજાય છે? સંસાર એટલે બંધન છે એમાં સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઇ?

જુઓ અગિયારમી ગાથા આપણે અહીં व्यवहारो अभूयत्थो લીધું છે ને એ આધાર આપ્યો છે. અહીં ટોડરમલજી કહે છે. ''**માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી, નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે. વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને....**'' જીવ પોતાનું સ્વરૂપ ભિન્ન છે છતાં શરીરને જીવ વ્યવહારનય કહે છે. એકેન્દ્રિય જીવ, બેઇન્દ્રિય જીવ, ત્રણઇન્દ્રિય જીવ, ચઉરેન્દ્રિય જીવ, પર્યાપ્ત પંચેન્દ્રિય જીવ, મનુષ્ય જીવ, દેવ જીવ, એવા પર્યાપ્ત જીવ, સ્ત્રીજીવ, પુરુષજીવ એ પરશરીરને જીવ કહેવાનો વ્યવહારનયનું કથન છે એને એમ માની લે તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઇ? પહેલા તો એકેન્દ્રિય વળી જીવ કીધા વળી કહે એને માને તો મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઇ? વ્યવહારનું કથન એવી પદ્ધતિનું છે. હાથીના દાંત બહારના જુદા ને ચાવવાના જુદા. સમજતે હૈ? હાથી હોતા હૈ ને હાથી, ચાવવાના દાંત અંદર હોય ને મોટા બહાર એથી કાંઇ ચવાય નહિ એતો ખોળા પહેરાય સોનાના. સોનાના ખોળા પહેરીને શોભા દેખાય એમ વ્યવહારનયના કથન સોનાના ખોળા દાંતમાં પહેર્યા જેવા છે એ ખોરાક માટે કામના નથી.

એમ વ્યવહારનયના કથનો એ નિમિત્તનું જ્ઞાન કરાવવા છે, પણ આત્માના અનુભવ કરવામાં, આત્માના આનંદનો ખોરાક લેવામાં, વ્યવહારના કથનો દાંત કાંઇ કામના નથી. સમજાણું કાંઇ? સમજમેં આતે હૈ? ''**વ્યવહારનય સ્વદ્રવ્ય ને પરદ્રવ્ય....**'' લ્યો, એ જડ ને ચેતન કહે. જડને જીવ કહે સચેત શરીર એમ કહે જુઓ, આવે છે કે નહીં? સચેત શરીર આવે છે ને? શરીરને સચેત કહ્યું કે આહીં કહે, કોઇ કહે કે આ મડદું છે? મડદું જ છે. સાંભળને, આ તો મડદું છે માટી છે, ભગવાન આત્મા જુદો છે. બેયના કાર્ય જુદા જુદા છે,

છતાં વ્યવહારનય શરીરને સચેત કહે, જીવવાળો કહે એ એમ છે નહિ પણ શરીરમાં જીવનું નિમિત્ત દેખી સચેત એવો આરોપ કરવામાં આવે છે, માટે એ માન્યતા છોડી દેવી જોઇએ. સમજાણું કાંઇ? તેના ભાવોને એક દ્રવ્યના ભાવ ગુણને બીજા દ્રવ્યનાં ગુણની વ્યાખ્યા કરે. સમજાણું? આ જીવ ને અજીવ એ બેનું જ્ઞાન થાય તેથી એ જીવ અજીવને જ જ્ઞાન કહે, શું કીધું સમજાણું કાંઇ?

આત્માના જ્ઞાનમાં જીવ, અજીવ નિમિત્ત છે... જીવ અજીવ નિમિત્ત છે. આ જીવ એને અજીવને જ્ઞાન કહેવું. ગુણ આંહીનો ને ગુણ કહેવો ત્યાંનો. આ એ કથન વ્યવહારના છે એ પ્રમાણે માની લે તો તેને મિથ્યાદષ્ટિપણું લાગે છે. પછી ભલે એ મહાવ્રત પાળતો હોય, દયા પાળતો હોય અને ભક્તિ, પૂજા ને જાત્રા સમ્મેદ્શિખરની કરતો હોય, પણ જેને પરદ્રવ્યના ગુણ પોતાના ગુણમાં ખતવે છે, કે શાસ્ત્રમાં કહ્યું છે એવા આરોપીત કથને કે સર્વગત-આત્માજ્ઞાન સર્વ વ્યાપી ગયું એ અપેક્ષાએ બધા જ્ઞાનરૂપ છે. બધા જડ ને ચેતન આ જ્ઞાનરૂપ છે, એમ કહેવામાં પોતાના જ્ઞાનમાં એ ચીજ નિમિત્ત હતી એથી એને બીજા જીવને અને બીજા જડને પણ જ્ઞાન કહેવામાં આવ્યું. પણ એ રીતે માની લે તો એ મિથ્યાદષ્ટિ છે. ‘‘**તેના ભાવોને અને કારણ કાર્યાદિને....**’’ જડના કારણે જીવમાં લાભ થાય, જીવને કારણે જડ હાલે, આત્માને કારણે વાણી બોલાય ને વાણી બોલાવાને કારણે બીજાને જ્ઞાન થાય એવા જે કારણ-કાર્યને બીજું કારણ અને બીજામાં કાર્ય થાય એવા કથન ‘‘**કોઇના કોઇમાં મેળવી વ્યવહારનય....**’’ ભેળસેળ કરીને કથન કરે છે.

આ તમારે ચોખાનું નથી થાતું શું કહેવાય છે ઇ? આ ભેળસેળ નથી કણકી કરતાં ચોખામાં કણકી નાંખે. મરચામાં બીયાં નાંખે શું કહે છે આવે છે ને? કાંકરી નાંખે હવે આંહી તો કાંકરી કહેવી છે મારે તો ઓલા તો બીયાં નાંખે છે. આ ચોરીમાં  નથી આવતા ત્રીજામાં અતિચાર, ભૂલી ગયા? એ આવે છે ને? ત્રીજા અદત્તમાં ભેળસેળ કરીને આપે. મેલ મિલાવટ એ તમારી ભાષા હશે. અમારી ભાષા યાદ આવી’તી. કહો સમજાણું કાંઇ? એકબીજામાં ભેળસેળ કરે. ચોખામાં આ અત્યારે જુઓને! બધા અત્યારે તો ઓહોહો! મરચામાં રાતા લાકડાના ભૂકા નાંખીને મરચા હલવે, હળદરમાં  દગા તે દગા અત્યારે. એમ કહે છે શાસ્ત્રમાં, જેટલા વ્યવહારનયના કથનો કારણ આ કારણથી આંહી થાય, એ દેવથી આત્માને સમકિત થાય, ગુરુથી આત્માને જ્ઞાન થાય, શાસ્ત્રથી આત્માને અંદર જ્ઞાન થાય, શાસ્ત્ર કારણ ને જ્ઞાન કાર્ય એવા કથન વ્યવહારનય એકબીજાને ભેળવીને કથન કરે છે, એમ માને તો મિથ્યાત્વ છે. હૈ ઉસમેં? હૈ કે નહીં? શાંતિભાઇ, દેખો ઉસમેં લિખા હૈ હોં ઉસકા અર્થ

કરતે હૈ. તમે સૌભાગભાઇ ડોક્ટર બનાવે છે ને ગાયન ગાયું છે કે નહિ તે આ અંદર છે લખાણ છે એના અર્થ ચાલે છે આવા. કહો સમજાય છે કાંઇ ? આહાહા !

આ એક ટૂકડો આવી ગયો કુદરત બરાબર મેળમાં. આંહી ભાઇ આંહી આવી ગ્યો. કુદરત જુઓને, આજ રામનોમ છે, આપણે કાલનો મોટો મહોત્સવનો દિવસ છે ને આ દિવસે આ અધિકાર આવ્યો છે હોં. આવતા આવતા આવી ગયો છે આ. મહાન અધિકાર જૈન સિદ્ધાંતના રહસ્યનું બીજડું છે. આહાહા ! નિશ્ચય... નિશ્ચય, વ્યવહાર ને નિશ્ચય બેય સાચા, બેય ઉપાદેય, બેય અંગીકાર કરવા લાયક, મૂંઢ છે, મિથ્યાદષ્ટિ ભ્રમમાં પડયો છે, એને સત્યની ખબર નથી. નેમચંદભાઇ ! આ વ્યવહાર વ્યવહારની વાતું હાલે છે ને તમારે બહુ હાલે છે ન્યાં. નમઃ સમયસારાય અર્થ કર્યો'તો ને ભડકી ઉઠયા, બાબુભાઇ, ખબર છે કે નહીં ? નમઃ સમયસારાય. કીધું આત્માને નમે તેનું નામ સમયસાર છે. ભગવાનને નમે એ તો વિકલ્પ અને વ્યવહાર છે. હાય હાય ! આ તો કહે વ્યવહાર માનતા નથી. સાંભળને હવે ! વ્યવહારના જેટલા કથનો પરઆશ્રય, પરભક્તિ, પરપૂજા, પરદયા, પરદાન એનાથી આત્મા એ કરી શકે ને એનાથી લાભ થાય, એવા કથનો ''**વ્યવહારનય કોઇ કારણને કોઇના કાર્યમાં ભેળવીને વાતું કરે માટે એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે....**''

સૌભાગચંદભાઇ ! છે એમાં ? મિથ્યાત્વ હૈ. ક્યાં ગયા વો નિશંકપણા ! કહો, છોકરો હતો ને ઓ છઠ્ઠી સાલમાં છઠ્ઠી સાલ... છઠ્ઠી સાલ, કેટલા વર્ષ હુઆ ? બાર વર્ષ હુઆ બાર હોં. પહેલે આયે થે ને, પહેલે... પહેલે રાજકોટ બાર વર્ષ હુઆ. ફાગણસુદ ગઇ હો વો બારસ ગઇ. બાર પૂરા હો ગયા. તેરમું. અરે ભગવાન ! તું કોણ છો અને પરવસ્તુ ક્યાં છે આ એના કોઇપણ પર્યાયો થાય એ તારાથી થાય એવું ક્યાંય લખ્યું હોય એમ માનીશ નહીં. એમ માનજે કે થવા કાળે આ રાગની ઉપસ્થિતિ દેખીને એનાથી થાય એમ કહેવામાં આવ્યું છે પણ એ વાત સાચી નથી. સમજાણું કાંઇ ? બહુ સત્ય ને અસત્યનો અત્યારે ઘણો ફેરફાર, આખી વાત ફરી ગઇ છે. મૂળ જૈન આડા ફાટયા હોય, લોકો કહે કે થીગડા કેમ દેવાય ? એમ અત્યારે પ્રરૂપણા વ્યવહારથી થાય, વ્યવહારથી કરી શકાય, વ્યવહારથી ઉપચારથી તો કરી ઉપચાર શું વ્યર્થ છે ? સાંભળને હવે ! (શ્રોતા : એ તો જ્ઞાન કરાવવા માટે) ઇ તો જ્ઞાન કરાવવા માટે એક તો અસદ્ભૂત વ્યવહારનય એ જ ઉપચાર છે અને વળી અસદ્ભૂતનો ઉપચારનય વાહ શું કહે છે ?

એક તો અસદ્ભૂત વ્યવહારનયે કથન ચાલ્યું હોય શાસ્ત્રમાં કે કર્મથી વિકાર થાય આનાથી આ થાય, આત્માને રાગ થ્યો માટે કર્મ બંધાય એ તો અસદ્ભૂત વ્યવહાર

એટલે ઉપચારના કથન છે, સાચા નથી એમાં અસદ્ભૂત ઉપચારનો ઉપચાર આવે પાછો. આ મારા છે ને આનાથી થ્યું ને ઢીંકણાથી આ ઇ બધા વ્યવહારના કથનો કહ્યા, એ ભેળસેળથી કહ્યા છે. એ ચોખામાં કાંકરા નાંખીને વાતું કરી છે, ભાઇ ! શાસ્ત્રને એમ કહેવાનું શું કારણ હશે ? કીધું ને નિમિત્તનું જ્ઞાન કરાવવા. ચોખામાં કાંકરા, એ સાકરમાં સમજાય છે શું કહેવાય ? આ ચિરોળી, ચિરોળીનો ભૂકો બહુ સુંવાળો હોય. ચિરોળી આતી હૈ ને ચિરોળી નહીં ? આ ચિરોળીકા પ્લાસ્ટર હૈ. ચિરોળી આતી હૈ ને કટ... કટ... કટ પથરા આતા હૈ. બહોત પથ્થર કાંચ જૈસા. ચિરોળી હૈ પથ્થર, ભૂકા કરે ઝીણા લાગે ચકચકતી હૈ. ચિરોળી સાકરમાં નાંખે વ્યવહારનય, સાકરમાં ચિરોળી નાંખી એવું કથન કરે છે એમ કહે છે આંહી.

સત્યવાતને નિમિત્તના કથન દ્વારા અસત્ય વાત કરે છે એને એ રીતે માની લે તો તે અજ્ઞાની ને મિથ્યાદૃષ્ટિ છે તેને જૈન કહેતા નથી. સમજમેં આતા હૈ ? બહોત ઝીણી બાત હૈ ભૈયા ! આ વાત તાકડે કુદરતે એવો મોક્ષમાર્ગ પ્રકાશક ચલતે હૈ. ઓહોહો ! (શ્રોતા : મુદ્દાની વાત આવી) મુદ્દાની વાત છે. આખા જૈનશાસ્ત્રનો નિચોડ, નિશ્ચય અને વ્યવહાર. ત્યારે ઓલા શું કહે છે જુઓ ભૈયા, માખણ કાઢના હોયને માખણ, મખ્ખન તો એ દોરી તો એક હૈ, દો છેડા લેના કોઇ વખતે આ ખેંચના કોઇ વખતે આ ખેંચના કોઇ વખતે આ ખેંચના. કોઇ વખતે વ્યવહારસે લાભ, કોઇ વખતે નિશ્ચયસે લાભ. ઐસા દૃષ્ટાંત દેકર પુરુષાર્થ સિદ્ધિ ઉપાયકા ઓ ગ્વાલિન (ગોવાલણ) ગ્વાલિન હોતી હૈ ને, ગ્વાલિન... ગ્વાલિન નહીં ? મખ્ખન કાઢતે હૈ ને ઐસે એક દોરડું ખેંચે, એક મોટું મૂકે એક ખેંચે નીચે માખનકો એમ તમે ઐસા કરો. જબ નિશ્ચયકો મુખ્ય કરતે હો તબ વ્યવહારકો ગૌણ કરકે કથન કરો અને વ્યવહારકો મુખ્ય કરો ત્યારે નિશ્ચય ને ગૌણ કરો, ઐસા હૈ નહીં, વો તો જ્ઞાન કરનેકી બાત હૈ. વસ્તુકા સ્વઆશ્રય લેનેમેં અને પરઆશ્રય છોડનેમેં વો કથનકી બાત યહાં લગા દે એ વાત મિથ્યાદૃષ્ટિ લગાતે હૈ. સમજાય છે કાંઇ ?

કહે છે અરે ! વ્યવહારનય એવી વ્યભિચારિણી નય છે. સમજમેં આયા ? એક પરમાણુને દૂસરે પરમાણુકો પરિણમા દિયા, કર્મકા ઉદયસે આત્માકો વિકારરૂપે પરિણમા દિયા ઔર અચ્છા નિમિત્ત ઐસા પડા જિસકા પ્રભાવસે વો સમ્યગ્દર્શન હો ગયા, ઐસા સબ કથન ઐસા માન લે એ મિથ્યાદૃષ્ટિ હૈ. સૌભાગચંદભાઇ ! ભારે વાત આવી બરાબર આવી છે હોં આ ફેરે, ઘણીવાર આવતા હશો પણ આ ફેરે આ થાય. કેમ ભાઇ તારાચંદજી નહિ આયે ? બુખાર... બુખાર આયા હૈ ? હવે, ''**તેથી તેનો ત્યાગ કરવો....**'' દેખો ! વ્યવહારનયના કથન એક દ્રવ્યને બીજા દ્રવ્યની સાથે મિલાન કરકે એક પર્યાયકો અવસ્થા, અપની દશા,

દૂસરી પર્યાયકો મિલાન કરકે, કારણ કાર્ય બતાકર જો કથન કરે, શ્રદ્ધા છોડ દેના. પણ ઋષિમુનિઓએ કહ્યું ને શ્રદ્ધા છોડ દેના? પણ ઋષિમુનિઓ શું કહે છે આ. આ ઋષિમુનિ તો કહે છે કે **व्यवहारो अभूयत्थो**. જેટલા અમારા વ્યવહારના કથન આવે તે અન્યથા નિમિત્તની અપેક્ષા કરીને, અપેક્ષા નિમિત્તનું જણાવવા ઉપચારથી અન્યથા કથન કર્યું છે. મોટા વાંધા અત્યારે બાબુભાઇ! આહા! કોનો ત્યાગ કરવો?

વ્યવહારનયના શાસ્ત્રમાં, જે વ્યવહારના કથન એક દ્રવ્ય, એક ગુણ, એક પર્યાય, બીજા દ્રવ્ય, બીજા ગુણ ને બીજાની પર્યાય ભેળસેળથી વાત કરી હોય, એ શ્રદ્ધાને છોડી દેવી, એ એમ છે નહીં. એ શ્રદ્ધાનો ત્યાગ કરવો. આરે આ તે વાત ભારે! મૂળચંદજી કઠણ બહોત હોં. ઓહોહો! ઐસા ઐસા બહોત આપણે ઐસા કરીએ તો લોકો ધર્મ પામેગા. વો તો અપના વિકલ્પ ઐસા આતા હૈ શુભ બસ ઇતના. દૂસરા કી પર્યાય હો કે ન હો અપને કારણસે હોતી હૈ ઐસા તીનકાલ તીનલોકમેં બનતે નહીં. કથન વ્યવહારકા ઐસા નિમિત્ત કૌન હૈ ઉસકો પિછાનનેમેં કથન ઐસા આતા હૈ. જુઓ, આ ટોડરમલજી મોક્ષમાર્ગ પ્રકાશક, ગૃહસ્થાશ્રમમેં થા હોં. સ્ત્રી, પુત્ર થા સબ પણ સિદ્ધાંતકા મર્મકો પાકર, જગત સિદ્ધાંતકે નામસે વ્યવહારકી બાત સચ્ચી માન લેતે ઉસકે માટે યે નિકાલકર દિયા હૈ કે તુમ કહેતે હૈ ઐસી બાત હૈ નહીં.

શું કહ્યું? વ્યવહારનય એટલે એક આત્મા સિવાય, કોઇપણ પરમાણુ સ્વદ્રવ્ય સિવાય, કોઇ પણ જીવ સિવાય, બીજા દ્રવ્ય ને બીજા ગુણને બીજી અવસ્થાથી બીજામાં કાંઇ થાય, એવા કથનો કારણ-કાર્યના આવે, એને મેળવીને કથન કરે એની માન્યતા રાખવી એ મિથ્યાત્વ છે. માટે તેથી તેનો ત્યાગ કરવો. ''**વળી નિશ્ચયનય** સાચી દૃષ્ટિ નિશ્ચયનામ સાચી દૃષ્ટિ, સાચું જ્ઞાન **તેને જ યથાવત્ નિરૂપણ કરે**....'' છે. જુઓ 'તેને જ'. જે વ્યવહાર કહે છે તેને જ યથાવત્ નિરૂપણ કરે છે. વ્યવહાર કહે કે દિવ્યધ્વનિથી જ્ઞાન થાય, નિશ્ચય કહે કે થાય નહીં. વ્યવહાર કહે કે વેદના નરકમાં બહોત વેદના ભોગવે તો સમકિત થાય, નિશ્ચય કહે કે થાય નહીં. વ્યવહાર કહે કે ભગવાનના દર્શનથી સમકિત થાય, નિશ્ચય કહે કે આત્માથી થાય પરથી થાય નહીં. જુઓ 'તેને' શબ્દ વાપર્યો છે ને! તેને જ એટલે વ્યવહાર જેટલા કારણ કાર્ય એક દ્રવ્યના બીજા દ્રવ્યમાં અને એક પર્યાયને બીજી પર્યાયમાં એક ગુણને બીજા ગુણમાં. સમજાણું કાંઇ? જેટલા કથન કર્યા ઉપચારના બોલ હાલ્યા છે ભાઇ નવ બોલ એ આલાપ પદ્ધતિમાં. આલાપ પદ્ધતિમાં એ નવે બોલ અત્યારે હાલ્યા છે. દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર, દ્રવ્યમાં ગુણનો, દ્રવ્યમાં પર્યાયનો, ગુણમાં દ્રવ્યનો, ગુણમાં ગુણનો, ગુણમાં પર્યાયનો,

પર્યાયમાં દ્રવ્યનો, પર્યાયમાં ગુણનો, પર્યાયમાં પર્યાયનો એવા નવ કથન આલાપ પદ્ધતિની અંદર મૂળપાઠે ચાલ્યા છે. એ બધા દાખલા. આ સ્ત્રી મારી, આ મકાન મારું, આ દેશ મારા એ બધાં કથનો ખોટા છે. સમજાણું કાંઇ ?

આ પૈસા મારા, આ આબરૂ મારી, ધૂળેય તારી નથી એ તો પરની વસ્તુ છે. ફક્ત તારી પાસે એ જાતના પુણ્યનું નિમિત્ત અને તે સંગ દેખીને આના પૈસા, આનો દીકરો, આની દીકરી, આનો દેશ, આના લૂગડાં, આના દાગીના એમ વ્યવહારનય કહે છે. ''**તેને જ યથાવત્ નિશ્ચયનય પ્રરૂપે છે**....'' કે કોઇ કોઇનું છે નહીં. એ દીકરાનો બાપ નહિ, બાપનો દીકરો નહીં. લૂગડાં આત્માના નહીં. આત્માના લૂગડાં નહીં, લૂગડાં સમજતે હૈ ને ? કપડાં, ઝવેરાત, ચશ્મા. આ ચશ્મા આના વ્યવહારનય કહે, નિશ્ચય કહે કે નહિ એના નથી. ચશ્મા ચશ્માના છે. વ્યવહારનય કહે કે ચશ્માથી જ્ઞાન વિકાસ પામે આમ દેખાવામાં, નિશ્ચય કહે કે નહિ પોતાના કારણે આત્મા જાણે છે ચશ્માને કારણે જાણતો નથી. સમજાય છે કાંઇ ? બહુ ભાઇ જગતમાં ફેર ! આ શાસ્ત્રને બહાને પણ ઊંધે રસ્તે ચડી ગયા છે એનું આ કથન ચાલે છે. વ્યવહારનય જે વાત કરે છે, એક દ્રવ્ય ને બીજા દ્રવ્યનું, જેમ કે શરીરને સચેત કહ્યો. નિશ્ચય કહે છે કે નહિ શરીર સચેત નથી. એક ભાવને બીજાનો ભાવ. કર્મના કારણે વિકાર થાય એમ વ્યવહાર કહે, નિશ્ચય કહે કે નહીં. વિકાર... વિકાર પોતાથી થાય છે કર્મને કારણે થતો નથી. વ્યવહાર કહે કર્મને લઇને રઝળ્યો અત્યાર સુધી, નિશ્ચય કહે કે નહિ પોતાની ભૂલને લઇને રઝળ્યો. સમજમેં આયા ?

કલ વો આતી થી ને ! વો રાત્રિકો ચલા થા ને કર્મકા બોજા ભારે તમારે દુર્ગાદાસજી જરી વાત કરતા થા. ખબર હૈ કે નહીં ? ખબર હૈ, બરાબર ખબર હૈ ઓ આયી થી... ને રાત વાત પહેલે, કર્મકા બોજ ઐસા હૈ કે ઉતાર દો પ્રભુ. કાંઇક આવ્યું'તું ખરું હવે કોઇ. એ તમારી ભક્તિમાં આવ્યું'તું કાંઇ. કર્મકા જોરસે હમારે ઐસા હુઆ હૈ, ઐસી કોઇ આતી હૈ વાત તો ભક્તિમાં આવે છે એ શબ્દ ગાયન તે, આમાં દુર્ગાદાસજીએ જરી મારી સામું જોયું, મેં કીધું એ તો ચાલે એવી વાતું એવું કથન હાલે. સમજમેં આયા ? બપોરકો, દોપહરકો થા ને હેં ? ચાર બજેકી બાત, કોઇ આયી થી એમેં કર્મકે કારણે ઐસા બાત (શ્રોતા : ...) કર્મકા ભારોકા બોજા નહીં. આંહી રાત્રિકો આયા થા કર્મકા ભારે કા ભાર... કર્મકા ભારેકા ભાર. ભારકા વો આયા થા યાદ દોપહરકો આયા થા. (શ્રોતા : ...) રાતકો થા ઓ બસ, મને કે રાતકો ખબર હૈ. દૂસરે કંઇ પ્રશ્ન થા લક્ષ ત્યાં પણ વો ભી વ્યવહારકા કથન હૈ.

આત્મા ઉપર કર્મકા બોજા હૈ નહીં, પણ આત્મામેં કર્મ જડ નિમિત્ત દેખકર આત્મામેં કર્મ હૈ હી નહીં, સ્વચતુષ્ટયમેં હૈ હી નહીં. અપના આત્મા દ્રવ્ય હૈ, ક્ષેત્ર ઉસકા ક્યા કહતે હૈ અવગાહન! ચૌડાઇ ચૌડાઇ અપની ચૌડાઇ અસંખ્ય પ્રદેશ હૈ. અપની પર્યાય અનંતગુણકી વર્તમાનમેં હૈ અને ગુણ ત્રિકાળ હૈ. અપનેમેં આત્મા હૈ ઉસમેં કર્મ નહિ દૂસરા દ્રવ્ય નહીં. વ્યવહારનય કહેતે હૈ કે આત્મામેં કર્મ હૈ, નિશ્ચય કહેતે હે કે નહીં. વ્યવહાર કહેતે હૈ કે જ્ઞાનાવરણીસે જ્ઞાન રૂકતે હૈ, નિશ્ચય કહે છે કે નહીં. સમજાય છે કાંઇ? વ્યવહારનય કહતે હૈ કે અંતરાય કર્મસે આત્માકા વીર્ય રૂકા ગયા હૈ, નિશ્ચય કહતે હૈ નહીં. અપને કારણસે રૂકા હૈ કર્મસે રૂકા હૈ એ વ્યવહારકા કથન હૈ. આહાહા! સુના નહીં, વાત સાંભળી નહીં. એય એમ ને એમ ચાલો ધર્મ... ધર્મ... ધર્મ સમજમેં આયા? વ્યવહાર કહતે હૈ કે પરકી હિંસા કર સક્તે હૈ, નિશ્ચય કહતે હૈ કે પરકી હિંસા કર સક્તે નહીં. એ નિશ્ચય સત્ય હૈ, વ્યવહાર અસત્ય હૈ. સમજમેં આયા?

વ્યવહાર કહેતે હૈ કે પરકી દયા પાળના રક્ષા કરના એૈસા વ્યવહારકા કથન આયા હો શાસ્ત્રમેં, નિશ્ચય કહતે હૈ કે એૈસા હૈ નહીં. પરકી રક્ષા ત્રણકાળ ત્રણલોકમેં આત્મા કર સક્તે નહીં.ફક્ત પરકી રક્ષા કે કાળમેં જીવકા દયાકા ભાવ નિમિત્ત દેખકર એૈસા આરોપીત કથન આયા હૈ, એૈસે માન લે કે ઉસને દયા પાળી, મિથ્યાદૃષ્ટિ હૈ. મિથ્યાત્વકા પાપ સાત વ્યસનસે સાત, વ્યસનકા પાપસે, મિથ્યાત્વકા બડા પાપ હૈ. ક્યા કહા? સાત વ્યસન શિકાર... ઉસસે ભી મિથ્યાત્વ હૈ. ઉસમેં દેખો ઉસમેં હૈ એ છઠ્ઠી - છઠ્ઠા અધ્યાયમેં હૈ દેખો નીચે હૈ નીચે. વો નિંદંતુકે ઉપર ૧૯૮ પાનું, હૈ? નિદંતુંકે ઉપર બીચમેં ''**જૈન ધર્મમાં તો એૈસી આમનાય હૈ પહેલા મોટું પાપ છોડાવી પછી નાનું પાપ છોડાવવામાં આવે છે તેથી મિથ્યાત્વને સાત વ્યસનાદિથી પણ મહાન પાપ જાણી, હૈ?....**'' શાંતિભાઇ! ભલે લ્યો પણ શબ્દ તો એ હી હૈ પાના યે હી હૈ દૂસરા કોઇ બાત નહીં. પાના યે હી હૈ સબ છપા હૈ ને! ઓ મિથ્યાશ્રદ્ધા વ્યવહાર કહેતે હૈ એૈસા માનના મિથ્યાત્વ હૈ ''**ઔર મિથ્યાત્વકા પાપ સાત વ્યસનાદિસે** શિકાર, માંસ, વૈશ્યાકા લંપટપણા વો **પાપસે ભી મહાન પાપ જાણી પહેલા છોડાવ્યું છે....**'' કહો સમજમેં આયા?

પહેલા છોડે માટે ''**જે પાપના ફળથી ડરતો હોય તથા, પોતાના આત્માને દુ:ખસમુદ્રમાં ડુબાવવા ન ઇચ્છતો હોય તે જીવ આ મિથ્યાત્વ પાપને અવશ્ય છોડો....**'' પહેલી મિથ્યાશ્રદ્ધા જરૂર છોડો. ''**નિંદા પ્રશંસાદિકા વિચારથી શિથિલ થવું યોગ્ય નથી....**'' અરે! આમ કરશું તો દુનિયામાં ગણાશે નહીં. માનશે નહીં આપણને, આપણે એકલા થઇ

જશું, કોઇ આબરું આપણી છે એ ચાલી જશે, નિંદા પ્રશંસાની દરકાર છોડકર મિથ્યાત્વકા પાપ પહેલે છોડના. દુનિયાકી પ્રતિક્રિયા ક્યા હોગા ઉસકા લક્ષ કરના નહીં. સૌભાગચંદભાઇ ! સચ્ચી બાત હૈ ? દેખો. યહાં બોલેગા ઐસા જો કરેગા તો આ ઐસા કોઇ શેઠિયા નહીં માનેગા. શેઠિયા પૈસા નહીં આપેગા, નોકરી નહિ કરેગા સત્ય બાત તો ઐસા દીકરા નહિ પરણેગા, લડકી લડકા નહિ પરણેગા, લગન હોગા કોઇ એકલા હોગા. દુનિયાકી દરકાર છોડકર ભગવાને કહા ઐસા વ્યવહારકી શ્રદ્ધા છોડકર નિશ્ચય કી યથાર્થ શ્રદ્ધા કરના. દુનિયાકી પ્રતિક્રિયા ક્યા હોગી ? મેરી આ બાતસે દુનિયા ક્યા બોલેગી, મેરી કિતની આબરૂ રહેગી, કિતની આબરૂ ચલી જાયેગી ઇતની આબરૂ જામી હૈ પચાસ વર્ષસે તો ઐસે સત્ય કહેનેમેં એ યે નાશ હો ગયા વ્યવહારકા લોપ હો ગયા. વ્યવહાર ઐસા કહે કે હમારી દરકાર ગણતરી હોગી નહીં ઐસી દરકાર નહિ કરના. સમજમેં આયા ?

લ્યો, ''**નિશ્ચયનય જો વ્યવહારનય કહેતે હૈ વો ૨૫૬ તેને જ યથાર્થ નિરૂપણ (વ્યવહાર) કરતે હૈ....**'' આઠ કર્મસે રૂકા, નિશ્ચય કહે કે નહીં. આ તકરાર થઇ છઠ્ઠી સાલમાં. અરે ભગવાન કહે છે, પરમ ઉપકારી, અનંત તીર્થંકરો કહે કે આઠ કર્મને લઇને રઝળ્યો, કીધું જૂઠ બાત હૈ, અપની ભૂલસે રૂલા હૈ. અપની ભૂલસે રૂલા કર્મસે નહિ કર્મ તો પરદ્રવ્ય હૈ. પરદ્રવ્ય રૂલાવે પરકો ઐસી તીનકાલમેં તાકાત હૈ નહિ તથા ''**કોઇને કોઇમાં મેળવતો નથી....**'' એક વાત ઇ કીધી કે વ્યવહાર જે કહે છે તેને નિશ્ચય નકાર કરીને યથાવત્ જેવી વસ્તુની સ્થિતિ છે તે કહે છે. ''**કોઇને કોઇમાં મેળવતો નથી....**'' નિશ્ચય કોઇ કોઇનું કારણ આ કારણે આંહી કાર્ય થાય ને આ કારણે આંહી કાર્ય થાય એમ નિશ્ચયનય મેળવીને ભેળવીને વાત કરતો નથી. આ લકડી અંગુલીસે ઊંચી હો ઐસી બાત નિશ્ચયનય નહિ કરતે. વ્યવહારનય કહતે હૈ કે અંગુલીસે તો ઊંચા હુઆ. કુંભાર થા તો ઘડા હુઆ વ્યવહારનય કહેતે હૈ, નિશ્ચયનય કહેતે હૈ ઘડા માટીસે હુઆ કુંભારસે હુઆ નહીં, ઐસા નિશ્ચયનય કહેતે હૈ સમજમેં આયા ? ઓહોહો !

ભારે વાત આમાં ભીખાભાઇ ! આમાં બધું ગુરુથી કાંઇક કૃપા થાય એ બધું ઊડી જાય છે લ્યો. અરે ! અરે ! આમાં શું કરવું આમાં માણસને ? ઇ વ્યવહારના કથનો વિનયના હોય, પણ એમ માની બેસે કે એનાથી આમ થ્યું ને મારાથી ન્યાં (ત્યાં) પ્રભાવ પડયો. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો પ્રભાવ પડે તો, પ્રભાવ ક્યા ચીજ હૈ ? પ્રભાવ ક્યા ચીજ હૈ ઉસમેં ગઇ ? કિસકા પ્રભાવ ? રૂપચંદજી ! કહેતે હો કે મહારાજકા બહોત પ્રભાવ પડતા હૈ એ લોકો એમ કહે એ તો કહ્યું ઉસકી યોગ્યતા હૈ તો નિમિત્ત કહેનેમેં આતા હૈ. પ્રભાવ

ફભાવકી બાત તો વ્યવહારકા કથન ચલતા હૈ. આહાહા! (શ્રોતા : ...) પ્રભાવિત થયો એ તો બોલવામાં કથન છે. પ્રભાવિત તો એની યોગ્યતાથી થયેલ છે એની લાયકાતથી, સમજ્યો છે ત્યારે નિમિત્તથી પ્રભાવિત થ્યો એવું કથન ચાલે છે, એને નિશ્ચયનય યથાવત્ કહે છે, એનાથી પ્રભાવિત થયેલો નથી. સમજાણું કાંઇ ? (શ્રોતા : સોનગઢની ધૂન તો ઘણાને લાગી છે) કોઈને લાગતી નથી એ તો એની યોગ્યતાવાળાને લાગે છે. કહે છે ખરા, આ સોનગઢની ગંધ આવી જાય, માણસ આમ જાય. આહાહા!

હીરાભાઇ આવ્યા'તાને આંહી જ્યારે તમારા ભાઇ છોટાભાઇ હીરાચંદજી તો આયે થે ને તો પછી આંહીથી લે ગયા થોડી બાત તો છાપામાં આવ્યા'તા, સોનગઢકી ગંધ લેકર આયે હૈ ઐસા છાપામેં આયા થા. અરે ભૈયા! વો તો ઉસકી બુદ્ધિમેં વો બાત જરા જચી હોય ઉસકી ગંધ હૈ, પરકી ગંધ કોઈમેં આતી નહીં. વ્યવહારકા કથન ચલે તો ઐસા માન લે. ''**નિશ્ચયનય વ્યવહાર જો કહેતે હૈ ઉસકો હી યથાવત્ કહેતે હૈ. કોઈમાં કોઈને મેળવતો નથી ભેળવતો નથી....**'' આ કારણથી આંહી કાર્ય થાય એવા કથન વ્યવહારના ઘણાં આવે. સમજાણું? પણ એ વાત નિશ્ચયનય કહે છે કે 'એમ નથી'. પોતાને જ કારણે કાર્ય થયું છે. દ્રવ્યને કારણે કાર્ય થાય, પર્યાયનું કાર્ય પર્યાયમાં થાય, પર્યાયનું કાર્ય પર્યાયથી થાય, બહુ તો પર્યાયનું કાર્ય દ્રવ્યથી થાય એટલી વાત કરે પણ પરથી પર્યાયનું કાર્ય થાય એમ નિશ્ચયનય કહેતો નથી. નિશ્ચયનય તો યથાવત્ જેવી વસ્તુની સ્થિતિ સ્વતંત્ર ...

વ્યવહાર કહે કે ધર્માસ્તિકાયના અભાવે સિદ્ધ ઉપર જઇ શક્તા નથી, નિશ્ચય યથાવત્ કહે કે અપની યોગ્યતાસે ઈતની હૈ તો ત્યાં રહતે હૈ. બડી તકરાર ધર્માસ્તિકાયકા અભાવ હૈ તો ઉપર જાતે નહીં સિદ્ધ ભગવાન ઉપર. સિદ્ધ ભગવાનને પણ એણે રોક્યા. વળી પાછી ક્યાં વાત કરે છે (શ્રોતા : ...) કે ઓ દૂસરી બાત કરતે હૈ કે એટલી જ શક્તિ મર્યાદિત ઠરાવે છે એને. એમ કે ત્યાં સુધી રહેવું એવી મર્યાદા પણ મર્યાદિત શક્તિ હોય નહિ એની અનંત શક્તિ છે અમર્યાદિત. જેટલી ખીલી હોય એટલી અમર્યાદિત હોય, માટે જાવાની શક્તિ તો છે પણ ધર્માસ્તિ નથી માટે જતા નથી, 'એમ નથી'. એની શક્તિની અપરિમિતતાની હદ જ એટલી ત્યાં રહેવાની છે, એથી શક્તિ ઓછી છે એમ આરોપ દેવો એ વસ્તુની સ્થિતિમાં છે નહીં. ઈ કહે છે એમાં લખ્યું છે ખૂબ આવી ગયું. જુઓ સિદ્ધકી પર્યાયમેં અનંત મહત્તતા અનંત બેહદ શક્તિઓ દ્રવ્યકી અનંત શક્તિઓ સબ હૈ ઓ શક્તિ ત્યાં આગળ નહિ જઇ શક્તે હૈ, ઐસી યોગ્યતા માનતે હૈ તો અનંતકો મર્યાદામેં લા દિયા.

આહાહા! બાબુભાઈ! ભગવાન, તેરે ભૂલ નિકાલના પડેગા હોં! નહીંતર ભગવાન નહિ ભાસેગા. આહાહા! તેથી શું કહે છે કે નિશ્ચયનય જે વસ્તુનું સ્વરૂપ સ્વયં સિદ્ધ સ્વતંત્ર છે. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે દશા પોતાને કારણે સ્વતંત્ર છે, પરને કારણે પર સ્વતંત્ર છે એમ યથાવત્ નિશ્ચયનય કહે છે. એ કોઈને કોઈમાં ભેળવીને આને કારણે આંહી થયું ને આને કારણે આહીં! એ વાત કરતો નથી, નિશ્ચયનય કરતો નથી. ''**એવા જ શ્રદ્ધાનથી સમકિત થાય છે. એવા જ શ્રદ્ધાનથી સમકિત થાય....**'' ઓલા વ્યવહારમાં કીધું કે એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે. વ્યવહારનયની શ્રદ્ધા કરવાથી મિથ્યાત્વ થાય છે, ત્યારે નિશ્ચયનય જેથી યથાર્થ કહ્યું એવી શ્રદ્ધાથી તેને સમકિત થાય છે. કહો નેમચંદભાઈ! આટલા તો કથન સ્પષ્ટ પડયા હૈ, હિંદી ભાષામેં હૈ. અભી તો ગુજરાતી હો ગયા. બહોત પુસ્તક હો ગયા. અભી તીનહજાર છાપના હૈ નયા. આહાહા! ઐસા સત્ય! એકવાર સાંભળીને ઉસકી શ્રદ્ધા રૂચિ તો કરો કે ઓ બાત તો ઐસી હૈ.

દૂસરી બાત, પરકે કારણસે પરમેં હો, ને પરકે કારણસે પરમેં કુછ ફેરફાર હો. પાણીમેં આઈસક્રીમ આયા તો પાણી ઠંડા હુઆ ઐસા વ્યવહારનય કહતે હૈ, નિશ્ચય કહતે હૈ અપની પર્યાય ઠંડી હોને કે કારણ ઠંડા હુઆ. અગ્નિસે પાણી ઉષ્ણ હુઆ વ્યવહારનય કહેતે હૈ અન્યથા કારણ કાર્ય કહતે હૈ, નિશ્ચયનય કહતે હૈ કે અપની ઉષ્ણ પર્યાયકો પલટકર ઠંડી પર્યાય અપના સ્પર્શગુણકી પર્યાયકે કારણ ઠંડા પાણી ઠંડામેંસે ઉષ્ણ હુઆ. ઠંડી પર્યાયકા વ્યય કર ઉષ્ણ હુઆ. અગ્નિસે ઉષ્ણ હુઆ ઓ વ્યવહારકા કથન ઐસે માન લે તો મિથ્યાદષ્ટિ હૈ. સમજમેં આયા? આહાહા!

(શ્રોતા : અકાલમૃત્યુ) અકાલમૃત્યુ નિમિત્તસે કથન હૈ. ભગવાને દેખા હૈ કે ઓ સમયમેં મૃત્યુ હોગા નિશ્ચયસે, પણ વો પરમાણુકી જાત ઐસી થી સંક્રમણ હોકર વો હી સમયમેં છૂટનેકી તૈયારી હૈ, ઉસકો અકાલ મૃત્યુ નિમિત્તસે કહા હૈ, નિશ્ચયસે અકાલમૃત્યુ હૈ નહીં. ભગવાનકા જ્ઞાનમેં દેખા કે ઓ સમયમેં દેહ છૂટ જાયેગા, કર્મ છૂટ જાયેગા, આત્મા ઓ સબ દેખા હૈ ઐસા હોતા હૈ. દેખા કે કારણસે હોતા હૈ ઐસા નહીં. હોતા તો અપને કારણસે, પણ અપની પર્યાયમેં જબ છૂટનેકા કાળ હૈ તબ છૂટેગા. અલ્પકાળ ૧૦૦કા આયુષ્ય લાયા ઔર ૪૫મેં મર જાય વો વ્યવહારકા કથન હૈ ઐસા માન લે દષ્ટિ મિથ્યાત્વ હૈ.

(શ્રોતા : ...) ધૂળમેં અસર કરતે નહીં. ક્યા કહેતે હૈ! સ્થૂળ પૈસો અડધો પૈસો એમ ઠીક. આહાહા! પૈસો અડધો પૈસો તો કામ કરે, એક પા પાઈ નહીં. પરમેં પા પાઈ ભી અસર કરે એમ માનના મૂંઢ મિથ્યાદષ્ટિ પાગલ હો ગયા હૈ. જૈન ધર્મકા સમજનેવાલા

નહીં. પાગલ હો ગયા હૈ ઐસા કહેતે હૈ. મુલચંદભાઇ સમજમેં આયા ? આહાહા ! ''**લ્યો માટે તેનું શ્રદ્ધાન કરવું....**'' જેટલા સ્વદ્રવ્યના સ્વતંત્ર કથન હોય, સ્વવસ્તુ, સ્વશક્તિ, સ્વપર્યાય વિકારી કે અવિકારી પરવસ્તુ, પરગુણ ને પરની પર્યાય સ્વતંત્ર છે એવા જે કથન કર્યા હોય તેને તેમ શ્રદ્ધવું અને તેથી સમકિત થાય છે, **માટે તેનું શ્રદ્ધાન...** નિશ્ચયનું શ્રદ્ધાન **કરવું** ને વ્યવહારની શ્રદ્ધા, ''છે....'' એમ જાણીને શ્રદ્ધા છોડવી. સમજાણું કાંઇ ?

ત્યારે **પ્રશ્ન** ઉઠયો, શિષ્યને પ્રશ્ન ઉઠયો હવે બહુ મહારાજ તમે તો બધુ કાઢી નાંખ્યુ... કાઢી નાંખ્યુ . તો શાસ્ત્રમાં બે નય હાલી એનું શું કરવું ? દેખો ''**પ્રશ્ન, જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તેનું શું કારણ ?....**'' આ શાસ્ત્રમાં બંને નયને આદરવા જાણવા યોગ્ય ગ્રહણ કીધી છે. એ ગ્રહણનો અર્થ સમજતો નથી. બંને નયને વ્યવહાર ગ્રહણ કરવો... વ્યવહાર ગ્રહણ કરવો, નિશ્ચય ગ્રહણ કરવું શાસ્ત્રમાં બહુ આવે છે શિષ્ય કહે છે. ''**જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવુ કહ્યું....**'' જો આ ગ્રહણ ઉપર વજન છે આંહી. ''**તેનું શું કારણ ? આ જિનમાર્ગમાં કોઇ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતાથી જ વ્યાખ્યાન છે....**'' સાંભળજો. જૈનમાર્ગમાં કોઇ ઠેકાણે સત્ય વાત દ્રવ્ય, ગુણ, પર્યાયની અપનેસે હોતા હૈ, ઐસા નિશ્ચયકા કથન મુખ્યતા સહિત વ્યાખ્યાન હૈ. ''**તેને તો 'સત્યાર્થ છે એમ જ' માનવું....**'' નિશ્ચયનું કથન હોય કે આત્માની પર્યાય આત્માથી થાય, જડની પર્યાય જડથી થાય આના કારણે આંહી થાય. એ નથી એમ જ્યાં નિશ્ચયનું કથન કર્યું હોય મુખ્યતાથી ''**એને 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું....**'' નિશ્ચયના કથનો સાચા છે, એમ જ છે, એમ જાણવું.

''**કોઇ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે....**'' જુઓ એ તો વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે. જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાય, નિમિત્તથી આ સમકિત થાય એ તો વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે. જુઓ મુખ્યતા તો લીધી આંહી. ''**તેને 'એમ નથી....**'' વ્યવહાર કહે છે 'એમ નથી'. **પણ નિમિત્ત આદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે....**'' નિમિત્તનું જ્ઞાન કરાવવા સમકિત કાળે નિમિત્ત કોણ હતું, શ્રવણ કોનું હતું, મૂર્તિ કોણ હતી એટલું નિમિત્તનું જ્ઞાન કરાવવા, વ્યવહારે વાત કહી છે. વ્યવહારની મુખ્યતાથી, પણ એનાથી થયું છે એમ માનવું નહીં. નિમિત્ત આદિ પ્રયોજન જોડયું હોય ને એક દેખાય કે આજ વસ્તુ હતી ને આંહી કાર્ય થયું. એ આદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે. જુઓ આંહી તો ઉપચાર કહ્યો, નિમિત્તને ઉપચાર કહ્યો. ''**નિમિત્ત આદિની અપેક્ષાએ ઉપચાર કહ્યો છે એમ જાણવું....**''

નિશ્ચયનાં સાચા, એક એક દ્રવ્યના એક એક પદાર્થના સ્વયં સ્વતંત્ર શક્તિ અવસ્થાનું જ્યાં વર્ણન હોય ત્યાં તેને સાચું જાણવું, પણ વ્યવહારના કથન એકબીજામાં ભેળવીને હોય ત્યાં 'એમ નથી' એ ખોટી વાત છે. સમજાણું કાંઈ? 'એમ નથી' જોયું? વ્યવહાર કહે છે 'એમ નથી', લ્યો. નિશ્ચય કહે છે 'એમ છે'. હવે ઈ શાસ્ત્રના અર્થ કરવાની પદ્ધતિને ન જાણે અને તકરારું કરે, જુઓ, આમ તો ટોડરમલે કહ્યું છે આપ્તના વાક્યમાં ક્યાં છે? આપ્તના વાક્ય શું છે? છે એમ થાય છે, નિશ્ચય કહે છે કે યુક્તમ્ એના ઉપરથી તો આ વાત ચાલે છે બધી જે છે સમજાણું? (શ્રોતા : કુંદકુંદઆચાર્યની મૂળ ગાથા) મૂળ ગાથા આપી છે મોક્ષપાહુડની. કે ભાઈ, ભગવાન તો એમ કહે છે કુંદકુંદઆચાર્ય મોક્ષ અધિકારમાં, કે કેટલા વ્યવહારના મોક્ષમાર્ગ રાગને મોક્ષમાર્ગ કહ્યા હોય, દયા દાન ને મોક્ષમાર્ગ કહ્યો હોય એ મોક્ષમાર્ગની અંતરદશા નિશ્ચય થાય, એમાં નિમિત્ત દેખીને કહ્યું છે. પણ એનાથી થાય એમ કહ્યું એ, એમ નથી. એ વ્યવહારથી નિશ્ચય મોક્ષમાર્ગ થાય એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

વ્યવહારથી મોક્ષમાર્ગ થાય 'એમ નથી' એમ જાણવું, જ્યાં '**છે**' લખ્યું છે '**ત્યાં નથી**' એમ માનવું. વ્યવહારનય કહે છે કે सर्वत्राध्यवसानमेवमखिलं त्याख्यं यदुक्तं એમ નથી. '**છે**' માં '**નથી**' લગાડી દેવું. જેટલા કથન શાસ્ત્રમાં વ્યવહારના આવે, વ્યવહાર શબ્દે, સ્વઆશ્રિત નિશ્ચય પરાશ્રિત વ્યવહાર. એક તત્ત્વને પરના આશ્રયના કથન ચાલે, આણે આની સેવા કરી, આણે આનું આમ કર્યું તો આને સારું થ્યું. દવા કરી તો રોગ મટયો આણે બહુ ઉપચાર... એ બધા કથનો નિમિત્તના છે, એ 'એમ નથી'. તેની પર્યાય તે કાળે તે રીતે થવાની ને થઈ તે સાચી વાત યથાર્થ છે. સમજાણું કાંઈ? ભારે જગતની હારે ભાઈ! મેળ આમાં ખાય એવું ન મળે હોં જગતની હારે. જુઓ! આ અધિકાર મહાન માખણ છે. આ મોક્ષમાર્ગ પ્રકાશકનો સાતમો અધ્યાય વો માખણ હૈ ઉસમેં ભી આ અધિકાર. સારમાં સાર. નિશ્ચય વ્યવહારનો વિવેક શું છે એને બતાવે છે. વ્યવહાર તો થોડું છળ દેખીને પાધરો ઘોડો થઈ જાય જરીક. જરી નિમિત્ત દેખ્યું કાંઈ, વિકાર થ્યો એમ નિમિત્ત દેખ્યું હાં એનાથી થ્યું. સમજાણું કાંઈ?

શરીરને અને આત્માને આમ સંબંધ દેખી નિમિત્તનું સંબંધ દેખી, હા એ શરીર આત્માનું છે હોં. શરીર જીવનું છે હોં એમ વ્યવહાર ઘોડો થઈ જાય પાછું. (શ્રોતા : ભીંતને શરીર હોય?) ભીંતને શરીર છે પરમાણું એમાં શું છે પણ! એના ઔદારિક શરીરના પરમાણુ બીજી જાતના પરિણમ્યા છે અત્યારે. સમજાણું કાંઈ? એ નિમિત્ત-નિમિત્ત સંબંધ

દેખી, શરીરની પર્યાય શરીરને કારણે, આત્માની પર્યાય આત્માને કારણે ફક્ત બેનો નિમિત્ત સંબંધ દેખી વ્યવહારનય ઘોડો થઇ ગ્યો. એય આત્માને કારણે શરીર હાલે... શરીર હાલે એટલે આત્માને હાલવું પડે એ માન્યતા તદ્દન જૂઠ્ઠી છે. સમજાણું કાંઇ? ''**નિમિત્ત આદિની અપેક્ષાએ....**'' નિમિત્ત ઉપચાર વ્યવહાર ''**ઉપચાર કર્યો એમ જાણવું....**'' અને ''**એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે....**'' જાણવાનું નામ ગ્રહણ છે. વ્યવહારને અંગીકાર કરવો નિશ્ચયને અંગીકાર કરવો એમ ગ્રહણ શબ્દનો અર્થ છે નહીં. એ પ્રમાણે... એ પ્રમાણે જાણવું એટલે? નિશ્ચયનયે મુખ્યતાથી જ્યાં કથન હોય નિશ્ચયનું તે યથાવત્ છે એમ જાણવું.

વ્યવહારનું કથન હોય ત્યાં 'એમ છે નહિ' ''**એમ જાણવાનું નામ જ....**'' નામ જ ''**બંને નયોનું ગ્રહણ છે....**'' બંને નયોનું જાણવું એનું નામ ગ્રહણ છે, પણ નિશ્ચય પણ આદરણીય ને વ્યવહાર પણ આદરણીય એ વાત ભગવાને એમ ત્રણકાળ, ત્રણલોકમાં કહી નથી. લ્યો વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ વાત સિદ્ધ કરી દીધી. સમજાણું કાંઇ? જાણેલો પ્રયોજનવાન છે. આત્મા પોતાને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વને આશ્રયે પામે તેમાં રાગાદિની મંદતા હોય, ભક્તિ, પૂજા, દાન, દયા હોય, તો એને જાણવા લાયક કહ્યું છે, એ વ્યવહારને ગ્રહણ કરજે એટલે કે જાણજે કે વ્યવહાર છે. જાણજે એમ કહ્યું છે. ગ્રહણ કરજે એટલે આદરણીય છે એમ ભગવાને વ્યવહારનયને આદરણીય ક્યાંય કહી નથી. કથન શૈલીમાં એ આવે, વસ્તુના સ્વરૂપમાં એમ છે નહીં. સમજાણું? ''**એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી....**'' દેખો એ નિશ્ચયના લખાણ સ્વતત્ત્વ આશ્રયે હોય એ સાચાં, અને પરથી કહ્યાં હોય પરમાં એના એ સાચાં, ''**એમ સમાન જાણી, સત્યાર્થ જાણી, 'આ પ્રમાણે પણ છે ને આ પ્રમાણે પણ છે....**'' ભઇ કર્મથી આત્મા રોકાય વિકાર થાય ને આત્માથીય થાય બેય વાત લ્યો, કે બે વાત હોઇ શકે નહીં.

બે વાત એટલે કે આંહી છે નિમિત્ત એનું જ્ઞાન કરતાં અનેકાંત છે. એનાથી થયું નથી એનું નામ અનેકાંત છે. કર્મથી વિકાર થયો નથી, આત્માથી થયો છે એનું નામ અનેકાંત. અસ્તિ ને નાસ્તિનું નામ અનેકાંત છે આનાથી થાય અને આનાથી થાય ત્યાં અનેકાંત ક્યાં રહ્યો? એ તો ફૂદડીવાદ થ્યો. બે દ્રવ્યની એકતા થઇ. સમજાણું? શાસ્ત્રમાં બંને નયોના વ્યાખ્યાનને સમાન ને સાચાં છે એ પ્રમાણે પણ નિશ્ચયથી છે, ને વ્યવહારથી પણ છે, ''**એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો....**'' જાણવા યોગ્ય, પણ ''**ગ્રહણ કરવા કહ્યા**

**નથી....**'' એ ગ્રહણ કરવા યોગ્ય આ રીતે તો કહ્યા નથી. જુઓ આ વાત અત્યારે ઘણો ફેરફાર માગે છે. લોકો નયને નામે અને શાસ્ત્રમાં લખાણ આવે. આ લખ્યું! કઇ નયનું કથન? વ્યવહાર કે નિશ્ચય? વ્યવહારનું કથન નિમિત્તનું જ્ઞાન કરાવવા, પરમાર્થ વાત વ્યવહાર કરતો નથી. એમ ન જાણે તો તેને બેય સાચા, બેય નિશ્ચય ને વ્યવહાર આદરણીય, તો એ મિથ્યાદૃષ્ટિ થાય છે ને ભ્રમણામાં જાય છે.

વિશેષ કહેશે...

॥ પ્રમાણ વચન ગુરુદેવ ॥

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૧૭
# અધિકાર ૭મો
# સ્થળ:સુવર્ણપુરી તારીખ.:૧૫.૦૪.૬૨ રવિવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગ પ્રકાશક સાતમો અધ્યાય છે. જૈન મતાનુયાયી મિથ્યાદષ્ટિનું સ્વરૂપ. ઝીણો વિષય છે. અનાદિકાળનો ઝઘડાનો વિષય છે, ઝઘડાને ટાળવાનો વિષય છે. કેટલાક કહે છે ભઈ શાસ્ત્રમાં બધાં કથનો આવ્યાં એ બધાય આદરણીય છે. કારણકે એ તો બધા ભગવાનના કહેલા છે. સમજમેં આયા ? શાસ્ત્રમેં સબ કથન આયા એ સબ આદરણીય હૈ. વ્યવહારનયસે કથન આયા હો વો ભી આદરણીય હૈ ઔર નિશ્ચયસે આયા હો વો ભી આદરણીય હૈ ઐસે કહેતે હૈ. આ ઉસકા ''**સમાધાન....**'' કરતે હૈ. એનું ''**સમાધાન....**'' કરે છે. **જિનમારગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયની મુખ્યતાસે જ વ્યાખ્યાન છે**. સમજાય છે ? એ પેરેગ્રાફ વંચાઈ ગયો છે. ફરીને પહેલી લીટી એ ઉત્તરની. ''**જિનમારગમાં તો કોઈ ઠેકાણે નિશ્ચયનયની મુખ્યતા સહિત....**'' એ સ્વ આત્માને પર પરમાણુ, ને સ્વઆશ્રય કથન જેટલાં

નિશ્ચયના આવે એની મુખ્યતા સહિત કથન તે સાચા છે. સમજાણું કાંઇ ? આ મોટો ઝઘડો અત્યારે નિશ્ચય અને વ્યવહારનો. આવો આવો ન્યાં બેસવા દયો ન્યાં, એને ઠીક પડશે સામું મોઢું. સમજાય છે કાંઇ ?

‘‘**જુઓ પ્રશ્ન એમ હતો જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તેનું શું કારણ ?....**’’ આમ શિષ્યનો પ્રશ્ન છે. તમે તો એમ કહો છો કે જેટલાં શાસ્ત્રમાં આ આત્માના આશ્રય સિવાય પરનાં આશ્રયના જેટલાં કથનો આત્મામાં આવે, એ બધાં વ્યવહારનાં કથન એ એમ છે નહીં. ‘એમ છે’ નહીં એમ તમે કહેવા માંગો છો. જેમ કે અંજનચોરને નિઃશંકતા થઇ અને શાસ્ત્ર કહે કે એ સમકિતી છે એમ શાસ્ત્રમાં આવે છે તો એને પણ ગ્રહણ કરવું અને આને પણ ગ્રહણ કરવું વીતરાગનાં બેય વચનો છે. સમજાય છે કાંઇ ? કોઇ જૈન પ્રભાવના રાણીએ કરી. કોણ ઓલા હરિ... હરિચંદ્ર હરિચંદ્ર ચક્રવર્તી, એણે મોટી એમ કે પ્રભાવના કરી એને પણ સમકિતી ગણવામાં આવ્યા છે. છે તો એ બધો વ્યવહાર, રાગની ક્રિયા અને શુભની ક્રિયા છે છતાં શાસ્ત્રકાર એને સમકિતી એવા વ્યવહારને કારણે કહે છે. એવા વ્યવહારના કથનો શાસ્ત્રમાં ઘણાં આવે છે. તો વ્યવહારને શાસ્ત્રમાં કહ્યું છે કે એને ય ગ્રહણ કરવું અને જે નિશ્ચય આત્મા આશ્રયે જે લાભ થવાની વાત હોય, કે આત્માનો વિકાર આત્માથી થાય અને વિકારથી આત્માને ધર્મ પુણ્યથી થાય નહિ એવી જે નિશ્ચયની અને સાચી વાત હોય એને બરાબર માનવી. અને વ્યવહારની વાત હોય તો એને બરાબર માનવી નહિ, એમ તમે કહો છો. તો શાસ્ત્રમાં તો બેયને... બેય નયને ગ્રહણ કરવાની વાત ચાલે છે. એનો ઉત્તર. આ મોટી તકરાર છે અત્યારે આ. સમજાણું કાંઇ ?

‘‘**જિનમાર્ગમાં....**’’ વીતરાગ પરમાત્માના પંથને વિષે, ‘‘**કોઇ ઠેકાણે તો, નિશ્ચય....**’’ એટલે સ્વદ્રવ્યની સ્વતંત્રતાના દ્રવ્ય, ગુણ અને વિકાર કે અવિકારી પર્યાયનાં કથન ચાલ્યા હોય ‘‘**એ વ્યાખ્યાન તેનો ‘સત્યાર્થ એમ જ છે’ એમ જાણવું....**’’ મુખ્યતા સહિત જ્યાં કથન હોય નિશ્ચયનું સ્વઆશ્રયે, પરમાણુ ને પરમાણુના સ્વઆશ્રયે કે પરમાણુ પરમાણુને કારણે ગતિ કરી રહ્યાં છે. કર્મ કર્મને કારણે ગતિ કરી રહ્યાં છે. આત્મા આત્માને કારણે ગતિ અને રાગ-દ્વેષ કરી રહ્યો છે એમ જે કથન નિશ્ચયના આવે, એના સહિત વ્યાખ્યાન તે સાચાં છે એમ જાણવું. સમજાય છે કાંઇ ? આત્મા પોતાના જ ભાવને કારણે નરકમાં જાય છે. આત્મા પોતાના જ ભાવને કારણે સ્વર્ગમાં જાય છે. આત્મા પોતાના જ ભાવને કારણે ઢોરમાં અને મનુષ્યમાં જાય છે. એવા જ્યાં કથનો હોય તેને સાચાં જાણવા. સમજાણું કાંઇ ? કે ઇ બરાબર પોતાને લઇને જ એ કામ કરી રહ્યો છે. અને જ્યાં એકલો

આત્મા આશ્રયે નિશ્ચયના મોક્ષમાર્ગની વ્યાખ્યા હોય, કે વીતરાગ શુદ્ધઉપયોગ આત્માને થાય તે એક જ મોક્ષનો માર્ગ છે. મૂળચંદજી સમજમેં આતે હૈ?

નિશ્ચય ભગવાન આત્મા, શરીર-વાણીની ક્રિયાથી રહિત, પુણ્ય અને પાપના અશુદ્ધ ઉપયોગના વેપારથી રહિત અને એકલો નિજાનંદ પ્રભુ, અખંડ આનંદ અવિકારી શાંત રસથી ભરેલો, એનો ઉપયોગ એમાં લાગીને જેમાં શુભ-અશુભ ઉપયોગ રહે નહિ અને શુદ્ધ ઉપયોગ આત્મામાં થાય તે એક જ મોક્ષનો માર્ગ છે, એટલે કે આત્મામાં જેટલી શુદ્ધ શ્રદ્ધા આત્માની થાય, આત્માનું શુદ્ધ જ્ઞેયનું જ્ઞાન થાય, આત્માને જ્ઞેય કરીને એમાં ઠરે એવો વીતરાગ ભાવ જ એક મોક્ષમાર્ગ છે. એમ નિશ્ચયથી જ્યાં વ્યાખ્યા આવી, એ વાતને એમ માની લેવી, એ વાત એમ જ છે, એ વાત એમ જ છે. ''**કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે....**'' શાસ્ત્રમાં એટલા બધા કથનો વ્યવહારનય એટલે એક તત્ત્વને મૂકી બીજા તત્ત્વની હારે (સાથે) ભેળસેળ કરીને વાત કરે. એક તત્ત્વનાં કારણે બીજા તત્ત્વમાં કાર્ય થાય એવી વાત કરે. એકની દશા બીજાને લઈને દશા ઉત્પન્ન થાય, એવું શાસ્ત્રમાં ''**વ્યવહારનયની મુખ્યતા સહિત કથન છે તેને 'એમ નથી'. 'એમ નથી' એમ જાણવું....**''

નવનીતભાઈ! લ્યો, દાક્તર હેં? (શ્રોતા : ફરીને) ફરીને એય સૌભાગચંદ ભાઈ! અમારા અગ્રેસર છે ઈ મંડળીના. સમજમાં આયા? શું કહ્યું કે જ્યાં જ્યાં વ્યવહારનયના કથન એટલે કે આઠ કર્મને લઈને જીવ રખડે છે એમ કથન આવ્યું હોય એ વ્યવહારના મુખ્યતાથી કથન છે. એટલે કે 'એમ નથી'. એ કર્મને લઈને રખડતો નથી પણ આત્મા પોતાના અજ્ઞાનના અભિપ્રાય ને ઊંધી શ્રદ્ધાથી રખડે છે એમ એમાં અર્થ સમજવો. ક્યાંક એમ કહ્યું હોય કે કર્મના ઉદય ઘટે, કાંઈ કર્મ મંદ પડે, શિથિલ થાય તો આત્માને સારા પરિણામ ધર્મના પરિણામ કરવાનો અવસર મળે. એમ ક્યાંક લખાણ શાસ્ત્રમાં વ્યવહારનયના પરની અપેક્ષાના નિમિત્તપણાના જ્ઞાન કરાવવા એવા કથનો આવ્યા હોય, એને સમજવું કે કર્મનો ઉપશમ થયો માટે સમકિત થયું કે 'એમ નથી'. એમ નથી. આંહી પોતાને કારણે સમકિત થયું છે ત્યારે કર્મનો ઉપશમ ત્યાં હતો એ નિમિત્ત દેખીને એવા વ્યવહારનય કથન કરે છે. કર્મના જ્ઞાનાવરણીયનાં ઉઘાડને લઈને આત્મામાં જ્ઞાનનો વિકાસ થાય એમ કથન વ્યવહારનયની મુખ્યતાથી શાસ્ત્રમાં આવે, 'એમ નથી'. ત્યારે શાસ્ત્ર કહે એમેય નથી? કોને હવે આ ના પાડવી?

મગનભાઈ, મગનભાઈ લાવ્યા'તા એક ફેરી નહિ? કે ભઈ આ ટોડરમલ એમ કહે છે કે કર્મનો ઉદયથી થાય, નહોતો કાંઈ એક પ્રશ્ન લાવ્યા'તા? એમાં લખે છે ભઈ

કર્મને... ભઇ એ તો પહેલે કહી ગ્યા છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને આધીન ત્રણકાળ ત્રણલોકમાં નથી એ તો આમાંય આવે છે જુઓ. સમજાણું? જુઓ આવે છે. આ છે ૨૫૭ પાને જુઓ વચલી લીટી છે. ''**કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યને આધીન છે જ નહીં....**'' એ વચમાં છે પહેલા પેરેગ્રાફની હેઠેથી છઠ્ઠી લીટી. હેઠેથી પહેલા પેરેગ્રાફની... ''**કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યને આધીન છે જ નહીં....**'' ૨૫૭ પાને, છે ભાઇ? નેમચંદભાઇ છે? ઇ પાછા બીજે ઠેકાણે... એય મગનભાઇ! છે કે નહીં હેઠેથી છઠ્ઠી લીટી. આત્મા પરદ્રવ્યનો કર્તા-હર્તા થઇ જાય... જો પરને ગ્રહણ કરવા ને ત્યાગ કરવાની જો શક્તિ હોય તો પરદ્રવ્યરૂપ થઇ જાય. ''**કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યને આધીન છે નહીં....**'' આત્મા તો પોતાના રાગાદિ ભાવ તેને છોડી વીતરાગ થાય. ''**નિશ્ચયથી વીતરાગભાવ જ મોક્ષ મારગ છે....**'' સમજાણું કાંઇ?

શાસ્ત્રમાં વ્યવહારના કથન એવા આવે કે કર્મને ક્ષયોપશમને કારણે આત્મામાં જ્ઞાનની કમી બેસી, કમી બેસી સમજતે હૈ. ઓછા-વધતાપણું. (શ્રોતા : એની ભાષા છે) એની ભાષા છે પણ ભઇ એની ભાષામાં શું વળી છે ભાષા? જ્ઞાનમાં ઓછા-વધતાપણાનો વિકાસ જે દેખાય, તે જ્ઞાનાવરણીય કર્મને લઇને છે, એમ વ્યવહારનયની મુખ્યતાથી શાસ્ત્રમાં કથન આવે પણ 'એમ નથી'. એમ નથી, પણ ત્યાં આત્માની યોગ્યતાથી જ્ઞાનનું હીણાપણું અને અધિકપણું થયું, ત્યાં નિમિત્ત કોણ હતું, એને દેખીને નિમિત્તનું જ્ઞાન કરાવવા એવા કથન કરવામાં આવ્યા છે. (શ્રોતા : ...) ઇ વાંચનારે જવાબદારી એને સમજવું પડશે નિશ્ચય અને વ્યવહાર શું છે? કહો સમજાણું કાંઇ? વ્યવહાર... હાથીના દાંત બહારના મોટા દેખાય અને અંદરના બીજા, નક્કી કરવું પડશે કે ચાવવાના કયા દાંત છે? એટલે હાથીનો વાંક એમાં નથી. બે કેમ રાખ્યા દાંત? સમજાણું કાંઇ? ચંદુભાઇ! એણે બહારના મોટા કેમ રાખ્યા અને ચાવવાના અંદર કેમ રાખ્યા? એ આચાર્યોની વ્યવહારનયની પદ્ધતિનાં કથનો એ હાથીના બહારના દાંત જેવા છે. સમજાય છે કાંઇ?

અને નિશ્ચય યથાર્થ વાત સ્વદ્રવ્ય પોતાની પર્યાયનો સ્વતંત્ર કર્તા, અને આત્મા પોતાના શુદ્ધ વીતરાગ ભાવથી આત્માનું સાધન સાધી, અને મોક્ષ પામે અને રાગ અને નિમિત્તથી ત્રણકાળમાં પામે નહિ, એવા કથન હોય તેને સાચાં જાણવા અને સત્સમાગમે સમકિત થાય, સત્સમાગમે જ્ઞાન થાય, સારા સંગ હોય તો ચારિત્રની શુદ્ધિ થાય. સારો સંગ હોય તો સારા પરિણામ (થાય) એવા કથન જ્યાં શાસ્ત્રમાં આવે એને એમ સમજવું કે 'એમ નથી', છે? જુઓ છે એમાં દેખો. આ આમાં લખ્યાના લખાણની વ્યાખ્યા હાલે છે. આરે ભાઇ! એવા ગરબડ પંડિતો ને ત્યાગી નામે (શ્રોતા : ...) આ અનેકાંત છે એ અનેકાંત

એટલે શું? પરસ્પર વિરુદ્ધ બે શક્તિનું પ્રકાશવું વસ્તુને વસ્તુપણાની નીપજાવનારી શક્તિઓ. વસ્તુને વસ્તુપણાની નીપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું, તેને ભગવાન અનેકાંત કહે છે. એટલે કે આ તો સિદ્ધાંત કહ્યો, ક્યાં ગરજ છે જગતને!

સૌભાગચંદભાઇ! વાંચવાને નિવૃત્તિ ક્યાં? એ તો જાણે તો આમ ને આમ ભક્તિથી ધર્મ થઇ જાય ને મોક્ષ થઇ જાય. શાંતિભાઇ! બરાબર છે? તારાચંદજી! ભગવાન! એ શાસ્ત્રમાં આવે હે નાથ! અમે તો તારી ભક્તિને મુક્તિ કરતાં અધિક માનીયે છીએ, લે સમજાણું કાંઇ? અમને તો તારી ભક્તિ હોય તો અમારે મુક્તિ પણ જોઇતી (નથી). એનો અર્થ કે 'એમ નથી', એમ નથી. પણ મુક્ત થવાના શુદ્ધ ઉપયોગની વીતરાગ દશા જે સાક્ષાત્ મોક્ષનું કારણ છે, એમાં ભક્તિનાં આવા પરિણામ આવે છે. એ નિમિત્તનું જ્ઞાન કરાવવા મુક્તિથી ભક્તિ અમારે અધિક છે એમ કહેવામાં આવે છે.

મૂલચંદજી! જુઓ હમણાં ભક્તિ જામશે હવે અહીંયા બરાબર બજારમાં. એમાં અવાજ રૂપચંદજીનો અને ભાઇ કેવા... રતનચંદજીનો ને તારાચંદજીનો અવાજ ત્રણનો આમ ભણકાર વાગે. ભાઇનો અવાજ. કહો સમજાણું કાંઇ? કોનુ કહેવું? જુઓ આ બોલાણું કે આ... આનો અવાજ. ઇ 'એમ નથી'. એ વ્યવહારના કથન છે કે આમનો અવાજ, આમનો કંઠ એમ બોલાય 'એમ નથી' પણ એ કાળે કંઠની ક્રિયાકાળે જીવ રાગવાળો પણ હતો, એનું નિમિત્તનું જ્ઞાન કરાવવા આનો અવાજ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઇ? હેં? અમારે મૂલચંદજી માટે સ્પષ્ટ કરવું જોઇએને? કહો ઓ બરાબર હૈ? વો દાક્તર ને મૂલચંદજી હવે બરાબર જિજ્ઞાસા કરે છે હવે, હવે આ શું છે? આટલાં વરસ થયા ઇ આવે છે છઠ્ઠી સાલથી લ્યો બાર વરસ હુઆ. સમજાય છે કાંઇ?

એમ આવે પ્રવચનસારમાં આવે છે. ઓહોહો! એ ઠંડી એ છાશ હોય, છાશ સમજે? મઠ્ઠા... મઠ્ઠા મઠ્ઠા હોય ઓ ઠંડા ઘરમાં રહે તો બહોત ઠંડા રહે ઔર ઉસમેં આઇસક્રીમ નાંખે તો બહોત ઠંડા હો જાય અને શાસ્ત્રમાં પાઠ છે પ્રવચનસાર સમજે? તો એટલું જ એ 'એમ નથી' એમ સમજવું, ત્યારે? જેની એ છાશની પોતાની ઠંડી અવસ્થા થવાને લાયક હતી ત્યારે નિમિત્ત ઘરનો ટાઢો ખૂણો અને આઇસક્રીમ નિમિત્ત હતું એટલું જ્ઞાન કરાવવા એનાથી ઠંડુ થયું અને રહ્યું એમ કહેવામાં આવે છે. એ ખૂણામાં રહીને આઇસક્રીમ નાંખ્યું માટે એ છાશ ઠંડી રહી એ વાત એમ નથી. નવનીતભાઇ આરે! આરે! સમજાણું કાંઇ?

અથવા... એનો સિદ્ધાંત પાછો ઉતાર્યો છે. કોઇ પ્રાણી ધર્માત્મા... ધર્માર્થી પોતાના જેવા ગુણવાળાના સંગમાં રહે, તો તેના ગુણો સચવાઇ રહે અને પોતાના ગુણ કરતાં અધિક ગુણવાળાના સંગમાં રહે, તો ગુણો અધિક થાય. પ્રવચનસારની આ વ્યાખ્યા છે. છે ને શાસ્ત્રની વાત કરીએ છીએ કાંઇ શાસ્ત્રની ભાષા થઇને જ વાત થાય છે. સમજમેં આતે હૈ ? તો એમાં એમ સમજવું જુઓ એ કે ''**કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે....**'' તો એ વ્યવહારનયનાં મુખ્યથી એમાં કથન છે, તેને 'એમ નથી' એમ કહેવા માગતા નથી, કહેનારનો એ આશય નથી, નરભેરામભાઇ ! ''**વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે (તેને) એમ નથી પણ નિમિત્ત આદિની અપેક્ષા ઉપચાર કર્યો છે એમ જાણવું....**'' તે તો એ વખતે ઠંડી છાશ વખતે ખૂણો ઠંડો હતો, આઇસક્રીમ ઠંડુ એનું જ્ઞાન કરાવવા, તારા ગુણીને, ગુણીજનનો સંગ હતો એથી ગુણ ટકયા. એ કોણ ગુણી હતો એનું જ્ઞાન કરાવવા એ વાત હતી. સમજાણું કાંઇ ? ભારે વાત !

ધર્મનો આધાર આચાર્ય-ઉપાધ્યાય મોટા ધર્મના શાસ્ત્રના આધાર છે એમ શાસ્ત્રમાં આવે. સમજાણું કાંઇ ? ધર્મનો આધાર ધર્મીની પર્યાયનો આધાર તેનું દ્રવ્ય છે, પણ તેમાં શાસનનાં નાયક તરીકે આચાર્ય-ઉપાધ્યાય-ધર્મી કોણ મુખ્ય હતા આ એનું નિમિત્તનું જ્ઞાન કરાવવા એ શાસન... એ શાસન ભગવાને કર્યું... ભગવાનને લઇને શાસન ચાલ્યું, ભગવાને તીર્થ સ્થાપ્યું અને ભગવાનને લઇને તીર્થ હાલ્યું, અને આચાર્ય સારા હોય તો મોટો સંઘ સારો થાય, આચાર્ય ખરાબ હોય તો સંઘ હારો (સારો) ન થાય એમ શાસ્ત્રમાં કથન 'ભગવતી આરાધના'માં હજારો કથનો આવે. પણ 'એમ નથી', એમ સમજવું. મગનભાઇ !

જે જીવની યોગ્યતા ધર્મની પોતાને કારણે પ્રગટ કરી એ સાચી. એમાં નિમિત્તનું જ્ઞાન કરાવવા તે કાળે નિમિત્ત કોણ હતું, એનું જ્ઞાન કરાવવા એ કથન ચાલે, પણ એ કથનનો અર્થ 'એમ નથી' વ્યવહાર કહે છે તેમ નથી. આચાર્યો કહે છે કે અમે વ્યવહારે કહ્યું એને નથી માનજે તું. લે, મગનભાઇ એમ કીધું કે નહિ ! નેમચંદભાઇ શું કીધું ? અમે વ્યવહારનયથી એક તત્ત્વના દ્રવ્ય-ગુણના પર્યાયની વાત સિવાય, પરદ્રવ્યના દ્રવ્ય, ગુણ, પર્યાયને ભેળવીને ક્યાંક બીજામાં ભેળસેળ કરીને વાત કરી હોય, તો તારે સમજવું કે અમે કહ્યું છે તેમ નથી. અમારો આશય તેમ કહેવાનો નથી. એ વખતે નિમિત્તનું જ્ઞાન કરાવવા એ શૈલી શાસ્ત્રમાં હજારો શાસ્ત્રનાં કથનો એવા મૂળ દિગંબર સનાતન સંતના કહેલા શાસ્ત્રો, એમાં પણ વ્યવહારના કથનો ઘણાં આવે. સમજાણું કાંઇ ?

અંતરાય કર્મ માર્ગ આપે તો હું દાન દઇ શકું, દાનનો ભાવ... ભાવ કરી શકું. એ બધા નિમિત્તના કથન છે. વ્યવહારનયના કથન છે એમ 'એમ નથી' પણ પોતે જ્યારે રાગ મંદ પાડીને દાનનાં ભાવ કરે છે ત્યારે એ દાનાંતરાયમાં ઉઘાડની યોગ્યતા તેને કારણે તેમાં હતી એટલું નિમિત્ત દ્વારા જણાવવા એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઇ? બ્રહ્મચર્ય શાસ્ત્રમાં એમ આવે કે ભઇ, જો નવ વાડ અને સ્ત્રીનો સંગ ન હોય તો બ્રહ્મચર્ય સારું પળે. સમજાણું કાંઇ? ખોરાક ખૂબ ન ખાય, દૂધપાક-પૂરી આદિ ન લે, સાદો ખોરાક હોય આદિ હોય અને સ્ત્રીનો સંગ ન કરે, એકાંતવાસમાં રહે તો એને બ્રહ્મચર્ય પળે એમ લખાણ કર્યું હોય ત્યાં ય સમજવું કે 'એમ નથી'. પોતાની લાયકાતને કારણે જે બ્રહ્મચર્યના ભાવ રહ્યા છે ત્યારે નિમિત્તની ચીજ સાથે કોણ હતી એનું જ્ઞાન કરાવવા એવા કથન કરવામાં આવ્યા છે. સમજાણું કાંઇ? અનેકાંતનું હાલે(ચાલે) છે જુઓને આ, કે એનાથી થાય ને બીજાથી થાય એનું નામ અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું આમાં? જ્યાં જ્યાં કહેવામાં આવ્યું હોય...

અહો! ભગવાનની દિવ્ય ધ્વનિ સાંભળે તો એને સાચું જ્ઞાન થાય ત્યારે વ્યવહારનય એમ કહે ત્યારે આચાર્ય કહે છે કે અમે કહીએ છીએ કે 'એમ નથી'. ફક્ત સાચું જ્ઞાન થવાકાળે દિવ્ય ધ્વનિની ઉપસ્થિતિ હતી એથી એ કથન કરવામાં (આવે). હવે અનેકાંત... એ એનું જ્ઞાન એનાથી થયું ને દિવ્ય ધ્વનિથી થયું નથી. આરે... આરે... આહાહા! બે વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું અસ્તિ એનાથી થયું ને આનાથી નથી તો નાસ્તિ ધર્મ એનામાં છે. સમજાણું કાંઇ? એક દ્રવ્ય અથવા આંખનો એવો અધિકાર આવે છે કે બીજા પદાર્થો ને સ્પર્શે તો એ સાંભળે, સૂંઘે, ચાખે અને આંખને વગર સ્પર્શે આ આંખ જુએ, પણ સ્પર્શવાની વાત જ ખોટી છે. पुठं सत् जाणेहि शब्दं એમ શબ્દ આવે શાસ્ત્રમાં. સ્પર્શયા છતાં શબ્દોનું જ્ઞાન થાય આત્મામાં, આંખને એમ નથી. દૂર અગ્નિ ને બરફ પડયો હોય તો જ્ઞાન થાય એને સ્પર્શતું નથી અને આ સ્પર્શે છે એની વ્યાખ્યા શું?

આત્માને શબ્દ સ્પર્શે છે એ વાત ખોટી છે. આત્માને શબ્દ અડે છે. અરે! કાનને શબ્દ અડે છે એ વાત 'એમ નથી', પણ પોતાના શબ્દના જ્ઞાનને કાળે, પોતાથી જ્ઞાન થયું તેમાં શબ્દને નિમિત્ત દેખી અને નજીકપણાનાં... નજીકપણાનાં શબ્દને દેખી, સ્પર્શીને જ્ઞાન થાય, શબ્દને સ્પર્શે તો જ્ઞાન થાય એમ વ્યવહાર કરવામાં આવ્યો છે. પણ 'એમ નથી'. કહો નરભેરામભાઇ! આ સમજ્યા વિનાના વખત કેટલા ગાળ્યા એમ ને એમ, હજી નવરાય થાતા નથી નકરું કરવા. કહો (શ્રોતા : ખુશી થાય છે) ખુશી થાય છે પણ આંહી પાછી ઇ તો અગ્નિ ને ઓલી બેઠી હોય ત્યાં સુધી આ વ્યવહારનું કહીએ છીએ વાત. બહાર ન્યાં જાય ત્યાં

એ પાછા પરિણામ... હે, લોહવાટ! એનો નટુ ને બટુ. કહો સમજાણું કાંઇ? આંહી કહે છે આ તો દાખલો છે હોં. ઇ નહિ કાંઇ... ઇ કાંઇ માથે લેવા જેવા નથી, ઇ તો હોંશિયાર છે બહુ. આંહી કહે છે અનેકાંત એને કહેવામાં આવે કે આત્માને રાગ... રાગથી આત્માની નબળાઈથી થાય અને કર્મથી ન થાય એનું નામ અનેકાંત.

કેટલાક કહે છે કે આત્માને વિકાર થાય એનું કારણ શું? એ પોતે કારણ, નબળાઇ. નબળાઇનું કારણ શું? કે પોતાનો ઊંધો પુરુષાર્થ. ઊંધા પુરુષાર્થનું કારણ શું? કે નબળાઇ. અરે! ત્યાં ને ત્યાં આવીને વાતું પર ઊભા રહ્યા, ત્યાં ને ત્યાં આવી ને વાત પણ કાંઇ બીજું તો નાંખો મગનભાઇ એમ કહે છે. ચક્રમ શું કહે છે? ચક્ર... ચક્ર... ચક્ર ફરી ફરીને ન્યાં ચક્ર આવ્યું તારું. નબળાઇ. નબળાઇનું કારણ કે પુરુષાર્થની ઊંધાઇ, પુરુષાર્થની ઊંધાઇનું કારણ પોતાનો જ એ વખતનો પુરુષાર્થ ઊંધો છે માટે, તો ઇ ની ઇ વાત થઇ. હવે કર્મ નાંખ અંદર. કે કર્મને કારણે વિકાર થાય, તો એને અનેકાંત કહેવામાં આવે એમ મૂઢ જીવ માને છે, પણ 'એમ છે નહીં'. વિકાર પોતાની નબળાઇને કારણે તે કાળના કાર્યની વિકારની પર્યાય હોવાની. પર્યાયને કારણે પર્યાય થઇ છે. નિમિત્ત કારણે નહીં. દ્રવ્ય-ગુણને કારણે પણ નહીં. એ વાત યથાર્થ અને મુખ્યપણે કહ્યું હોય તે સાચું છે. સમજાણું કાંઇ?

બીજી રીતે, આત્મામાં ધર્મની પર્યાય પ્રગટ થાય, સમ્યગ્દર્શન આત્માને આશ્રયે, એમાં મિથ્યાત્વની પર્યાયનો નાશ થયો માટે સમકિત પર્યાય થઇ, એ પણ વ્યવહારના કથન છે. સમજાણું કાંઇ? સમ્યગ્દર્શનની પર્યાય પોતાના દ્રવ્યને આશ્રયે સ્વયંસિદ્ધ પૂર્વના વ્યયની અપેક્ષાા રાખ્યા વિના સ્વયંસિદ્ધ થઇ છે. આહાહા! બહુ ઝીણી વાત પણ ભાઇ! આ નિશ્ચય ને વ્યવહાર. શાસ્ત્રમાં કહ્યું છે ને! શાસ્ત્રમાં વ્યવહારની બહુ વાત કરી તારે શું કહેવું છે કહે? ભાઇ, તમે આવશો તો સાંભળવાનું મળશે ને સાંભળશો તો જ્ઞાન થાશે એમ બોલાય લ્યો. તમે સાંભળો... આવો... જુઓ તો ખરા એમ કહેવાય. એનો અર્થ શું? શું એને આ સાંભળવાને શબ્દને આંહી આવ્યો માટે જ્ઞાન થાય છે? (શ્રોતા : ઘેર બેઠાં કાંઇ ન થાય) ઘેર બેઠાં બીજી પર્યાયની યોગ્યતા છે. આંહી એની પર્યાયની વર્તમાન યોગ્યતાને કારણે એને જ્ઞાન થાય છે. શબ્દથી અને બહારથી થાય એ વ્યવહારના કથન 'એમ નથી' પણ જ્ઞાન થવા કાળે નિમિત્ત શબ્દનું હતું એટલું જ્ઞાન કરાવવા એ કથન ચાલ્યાં છે. બહુ ઝીણી વાત પણ ભાઇ! સમજાણું કાંઇ? સમજમેં આતે હૈ?

ભગવાનની સમીપમાં તીર્થંકર ગોત્ર બંધાય, જુઓ આ ગોમ્મટસારના કથન. ગોમ્મટસારમાં કથન, એ બધા લાવીને મૂકે છે મોઢા આગળ, જુઓ આ ગોમ્મટસાર. નેમીચંદ

સિદ્ધાંત ચક્રવર્તી કે સમકિતી જીવ હોય, આત્મજ્ઞાની હોય તો પણ એકલો તીર્થંકર ગોત્ર નહિ બાંધે, એને કોઈ તીર્થંકર કે શ્રુતકેવળી અને કેવળીની આ સમીપમાં બેઠો હશે એની સભામાં ત્યારે તીર્થંકરગોત્ર બાંધશે, એટલે કે એ કથન જે કહ્યાં હોય 'એમ નથી', પણ પોતાના ભાવ જ્યારે તે પ્રકારના તીર્થંકરગોત્ર બાંધવાના હતા, તે કાળે આ નિમિત્ત આવી ચીજ હતી, એનું જ્ઞાન કરાવવા કહ્યું છે. એને લઈને ભાવ આવ્યો છે અને નહિતર ન આવે 'એમ છે નહીં'. જ્ઞાનચંદજી! ઓહોહો! શું કહે છે? વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે.

એમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એમ અશાતાના ઉદયને લઈને શરીરમાં રોગ આવ્યો એમ શાસ્ત્રમાં કથન આવે. અશાતાના ઉદયને લઈને શરીરમાં રોગ આવે આદિ પ્રતિકૂળતા, સ્ત્રી મરી જાય આદિ થાય એવા કથનો શાસ્ત્રમાં આવે, એને એ વખતે અશાતાનું નિમિત્ત અને તે કાળે તે કાર્ય થવાનું હતું, એને અશાતાનું નિમિત્ત દેખીને વાત કરી છે, પણ અશાતાના કારણે આ થાય છે એ પણ વાત સાચી છે નહીં. ઓહોહો! આ પુણ્ય બાંધ્યા'તા માટે પૈસા આવ્યા. વર્તમાન રાગ કર્યો ને પૈસા મળ્યા એ વાત તો ત્રણે કાળે ખોટી. પણ પૂર્વના પુણ્ય હતા રજકણ શાતાનાં બંધાયેલા માટે પૈસા આવ્યા એ પણ વ્યવહારનયના કથન છે. કારણકે શાતાના પરમાણુ જુદા અને પૈસા આવ્યા એના પરમાણુ જુદા. તે પરમાણુ પૈસા આવ્યા એને કાંઈ શાતા ખેંચીને લાવ્યા નથી. પૈસા આવવા કાળે શાતાનું નિમિત્ત દેખી એમ કહ્યું ત્યારે એમ સમજવું કે શાતાથી આવ્યા 'એમ નથી'. 'એમ નથી' પણ આવવા કાળે એ કર્મ નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવવા આવા કથન ચાલ્યા છે. સમજાય છે કાંઈ?

આ મોટી વાત કૂંચી છે આ! શું કહેવાય તમારે ઓલી 'માસ્ટર કી' કાંઈ કહેવાય છે ને? હેં? માસ્ટર કી છે, બધાને લાગુ પડે, આ નિશ્ચય ને વ્યવહાર. દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ કે કથાનુયોગ. જ્યાં જ્યાં પરદ્રવ્યને આશ્રયે બીજા દ્રવ્યના કારણ-કાર્યની વાત કરી હોય ત્યાં સમજવું કે 'એમ નથી', 'એમ નથી'. એ તો એ વખતનાં નિમિત્તની ઉપસ્થિતિ એટલે હાજરી દેખીને વાત કરી છે, અને નિમિત્તને પણ આ ઉપાદાનમાં કાર્ય થાય છે માટે નિમિત્તને આવવું પડે છે એમ પણ નથી. એ તો એને કારણે એ અને એને કારણે એ, એમ વ્યવહારનયની મુખ્યતાસહિત... બીજી વાત. ભગવાનની વાણી ગણધર આવ્યા એટલે છૂટી. ઓ સૂના હૈ કે નહીં છાસઠ દિન બંધ રહી વ્યાખ્યા મહાવીર પરમાત્માને કેવળજ્ઞાન થયું, છાસઠ દી' વ્યાખ્યા બંધ રહી. ગૌતમસ્વામીને જ્યારે ઈન્દ્ર બ્રાહ્મણનું રૂપ લઈ લાવ્યા, સભામાં હોય નહિ કોઈ એમ કહેવામાં આવે, કે ગણધર થવાને લાયક જીવ આવ્યા તે વાણી નીકળી, એમ નથી, પણ વાણીને કાળે વાણી નીકળવાની હતી તે બરાબર છે એમાં

નિમિત્ત ગણધરનું દેખીને એને લઇને થઇ એમ કહેવામાં આવે છે પણ 'એમ છે નહીં'. સમજાણું કાંઇ ?

(શ્રોતા : શાસ્ત્ર ફરી જાય છે) શાસ્ત્ર ફરી નથી જવાના, શાસ્ત્રને કહે છે તે વાત રહી જાય છે. શાસ્ત્રને કહેવાનો આશય છે એ રહી જાય છે. કથનની પદ્ધતિ છે વ્યવહારની એટલી, ઉપચારથી પરથી બધા કથનો આવે. સમજાણું કાંઇ ? પણ એ વાત 'એમ નથી' એમ એણે જાણવું જોઇએ. વ્યવહારનયની મુખ્યતા સહિત... સમજાણું કાંઇ ? ઇ એનો પ્રશ્ન ઉઠયો'તો પહેલો ગણધરનો, એમ ગણધર આવ્યા ત્યારે વાણી નીકળી. અરે સાંભળતો ખરો પ્રભુ ! ત્યાં એમ ચાલ્યું છે કે ભગવાન ! આ ગણધરને... પહેલાં કેમ ન લાવ્યા ઇન્દ્ર ? ગણધરને... ધવલમાં અધિકાર ચાલ્યો છે, એ કે ગણધરને ઇ કાળે કેમ લાવ્યા ? પહેલા કેમ ન લાવ્યા ઇન્દ્ર ? કે કાળલબ્ધિ નહોતી ગણધરને આવવાની. ધવલમાં એમ આવે છે હોં નેમચંદભાઇ ! એ એમ કે ભગવાનની વાણી એ વખતે જ કેમ નીકળી ? એને આવ્યા માટે અને પહેલા કેમ ન લાવ્યા ? પહેલા આવવાની લાયકાત એની નહોતી, એના લાયકાતથી ગણધર આવ્યા, એ ઇન્દ્રથી આવ્યા એ નિમિત્તના કથન છે 'એમ છે નહીં'. સમજાણું કાંઇ ?

એ મોટી ચર્ચા હાલી નહીં આપ્ત વાક્ય છે ક્યાંય એવું ? કે ગણધર આવ્યા ને વાણી ન છૂટી અને પોતાને કારણે છૂટી એવું આપ્ત વાક્ય છે. આ શું મંડાય છે આ ? કે ગણધર આવ્યા ને વાણી છૂટી એ વ્યવહારના કથન છે 'એમ નથી'. પણ વાણી છૂટવા કાળે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા ઇ કથન ચાલ્યા છે. આહાહા ! બહુ ફેર પણ, નિશ્ચય અને વ્યવહારનો એવો ગોટો, વ્યવહારની વાત પણ સાચી અને નિશ્ચયની પણ સાચી. બેય વાત સાચી માને એ મોટો મૂઢ અને ભ્રમણામાં પડયો છે. સમજાણું કાંઇ ?

દયાઓ પાળી શકાય પરની, આત્મા જો ભાવ કરે તો બરાબર પાળી શકે, ઇ કથન આવે વ્યવહારના. ત્રણકાળમાં પરની દયા આત્મા પાળી શકવાની તાકાત આત્મા રાખતો નથી. આત્મા ભાવ કરે દયાનો, પણ પરને બચાવી શકે કે ઉગારી શકે અને સુખદુઃખ આપી શકે ત્રણકાળમાં તાકાત આત્માની નથી. (શ્રોતા : ચરણાનુયોગમાં કહે છે) એ ચરણાનુયોગમાં કહે છે એની તો વ્યાખ્યા હાલે(ચાલે) છે. ચરણાનુયોગમાં કહે કે આણે ને મદદ કરી. હું તો આવ્યો સાધર્મી. સાધર્મીની મદદ કરવી એને લઇને ધર્મ ટકે, વાત્સલ્યતા થવી, પ્રભાવના કરવી, સ્થિતિકરણ પરનું... પરનું ધર્મથી દઢતા અને સ્થિતિકરણ કરવું એવું શાસ્ત્રમાં આવે, એ સ્થિતિકરણ તો એને કારણે થાય ત્યારે કરનાર કોણ હતો એનું જ્ઞાન કરાવવા એવા કથન ચાલ્યા છે. નેમચંદભાઇ ! આ શાસ્ત્રની વાત ફરી જાય છે કહે છે. વાત

શાસ્ત્રની આ રીતે રહે છે. (શ્રોતા : ઊડી જાય છે) ઊડી જાય, બધું ટકી રહે છે નિમિત્તને સ્થાને. નવરંગભાઇ શું કરવું ? પાણી ગાળીને પીવું, સાત ગરણે ગાળવું, જાડું ગરણું રાખવું જાડું ક્યા કહેતે હૈ ? મોટા... ઘટ્ટ... ઘટ્ટ કપડું ઘટ્ટ રાખવું કે જેથી આમ અંદર એક ઝીણો કોઇ મચ્છર કે માખીયું જરી અંદર ગરી ન જાય.

આમ રાખવું... આમ રાખવું તો એ આત્મા કરી શકે છે ત્રણકાળમાં ત્રણલોકમાં ? પણ તે ક્રિયાના કાળમાં જેનો દયાનો શુભભાવ હતો કે પ્રાણી ન મરે એવા ભાવનું નિમિત્ત દેખીને આણે ગળ્યું ને ગાળીને પીધું એમ કહેવામાં આવે છે. નવનીતભાઇ આહાહા ! આમાં તો ધણી થઇ પડયા. અમે આમ કરીએ છીએ ને અમે આમ કરીએ છીએ ને અમે આમ કરીએ છીએ. એલા પરદ્રવ્યનું કરી શકે ત્રણકાળમાં ત્રણલોકમાં ! આંગળી આ હલવાની ક્રિયા તારાથી થાય એ ત્રણકાળ ત્રણલોકમાં બનતું  નથી. શાસ્ત્રમાં વ્યવહારના કથનો આવે. મુનિ એ ચાલતા કીડી દેખાય પગ ઊંચો કરી લેવો, પગ ઊંચો કરવો. બે પગની વચ્ચે આવે તો એડી આમ કરી દેવી પગની વચમાંથી ઓલો જીવ હાલ્યો જાય, એવા ચરણાનુયોગમાં કથન આવે 'એમ નથી' કહ્યું તેમ. એ પગ તો પગને કારણે એમ થયો છે, ફક્ત જીવને એવો રાગ આવ્યો અરે ! આ પ્રાણી ન મરે. એટલું નિમિત્ત દેખીને પગની ક્રિયા એણે કરી એમ કહેવામાં આવ્યું છે, પણ એ વાત સાચી નથી. સમજાણું કાંઇ ?

તાલ જેવી પડે એવો અવાજ આવે, જુઓ બહોત બધા કંઇ દેખો કેટલા બધા તારાચંદજી આમ,  આખું શરીર ડોલે છે ને અંદર. હોતા હૈ કે નહિ ઉનમેં ઉસમેં. ક્યા હૈ આ ? અરે ભગવાન ! ઓ ક્રિયા તો પરમાણુની ઓ કાળે ઐસી હોનેકી થી. આત્માકી ઇચ્છા હુઇ તો થપાટ આમ પડે અને નહિતર હળવી દઇને આમ... આમ... આમ... આમ પડે, હરામ વાત છે એમ કહે છે આંહી તો. આહાહા ! ત્યારે કેમ કથન એવા આવ્યા ? આમ રામચંદ્રજી જેવા મહાપુરુષો જ્યારે બહારથી વનવાસથી આવ્યા, શાંતિનાથ ભગવાનના મંદિરમાં છે ને આપણે ઇ ત્યાં ઓલે પણે છે કાંઇ હેં ? બીજું. જુઓ, શાંતિનાથ ભગવાનના મંદિરમાં હાથમાં કરતાલ લઇ એ ભવે તો મોક્ષ જાવુ છે, રામચંદ્રજી વનવાસ વેઠીને જ્યારે અયોધ્યામાં પ્રવેશ કરે છે એ પહેલાં બહાર શાંતિનાથ ભગવાનનું મંદિર છે એમાં પ્રવેશ કરે છે સીતાજી, લક્ષ્મણ અને રામ. એવી ભક્તિ લગાવે છે કરતાલ... અહો ! ત્રિલોકનાથ શાંતિપ્રભુ તમારે લઇને મારે શાંતિ થઇ છે એમ કથન કરવામાં આવે છે. 'એમ નથી', પણ પોતાની નિવૃત્તિના શાંતિકાળે નિમિત્ત દેખીને એવા કથન કર્યાં છે અને કરતાલ જ્યારે આમ બે હાથ નાંખીને આવે ને અંદર કરતાલ, એમાં નથી એક વગાડે ને તમારા. આંગળી પણ હલાવે આત્મા એમ કહેવું એ વ્યવહારનયનું કથન એટલે કે 'એમ નથી'. આહાહા ! જગતને !

''**નિશ્ચય ને વ્યવહારનયે જગત ભરમાયો હૈ. સમયસાર નાટકમાં....**'' આમાં અધિકારમાં કહ્યું એ સર્વત્ર અધ્યવસાયમાં કહ્યું. અરે જગત! નિશ્ચય શું અને વ્યવહાર શું? નિશ્ચય સાચું અને વ્યવહાર આરોપીત કથન છે. કહે 'નહીં'. ઓલા કહે આરોપીત કથન એ સાચાં, એ પણ સાચાં છે. ઉપચાર પણ સાચો, અરે ઉપચાર સાચો! ઉપચાર સાચો હોઈ શકે નહીં. સાચું એક નિશ્ચયનું કથન તે સાચું ત્યારે કહે વ્યવહારની મુખ્યતા સહિત કેમ કહ્યું? કે ''**નિમિત્તઆદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો એમ જાણવું અને એ પ્રમાણે જાણવાનું નામ જ...** જુઓ **જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે, જાણવાનું નામ ગ્રહણ છે....**'' આદરવાનું નામ નહીં. નિશ્ચયનયનો વિષય આદરણીય અને વ્યવહારનો આદરણીય ઈ તો 'એમ નહીં'. ''**આ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે પણ બંને નયોના વ્યાખ્યાનને....**'' શાસ્ત્રમાં બે નયના જ્ઞાનના કથનો ચાલે એ બે નયના વ્યાખ્યાનને સમાન નિશ્ચયે બરાબર સમકક્ષી.

૪૦૦ વર્ષ પહેલા એ વાત ચાલી છે બનારસીદાસના વખતમાં. બનારસીદાસે જ્યારે યથાર્થ વાતને બહાર મૂકી. અરે! જેટલો વ્યવહાર શુભાશુભ પરિણામ અને દેહાદિની ક્રિયા બહારની અસદ્‌ભૂત વ્યવહાર એનાથી કંઈપણ જીવને લાભ માને એ જેટલા વ્યવહારનાં ભેદ એટલા મિથ્યાત્વના ભેદ છે. સમજાણું કાંઈ? વો બનારસીદાસે કહ્યું એ સામે પક્ષ ઊભો થયો એક, નહીં. એક પક્ષ ઊભો થયો સામે. ઓલો કહે નિશ્ચય, આ કહે કે નિશ્ચય અને વ્યવહાર બેય સમકક્ષી. સમકક્ષી સમજ્યાને? બે પડખાં સરખાં છે ને કહે આ સમકક્ષી. 'એમ નથી'. સમકક્ષી નથી.

અત્યારેય એ વાત ચાલે છે, છાપામાં આવી ગઈ છે બધી આવી ગઈ છે. કહો સમજાણું કાંઈ? નિશ્ચયનયનું કથન છે એને સાચું માનવું અને વ્યવહારના કથન તમારે ખોટા ઉડાડી દેવા તો પછી આ નારકી જીવ, મનુષ્ય જીવ, દેવ જીવ, પર્યાપ્ત જીવ એ બધું નહિ રહે, પણ ક્યાં છે સાંભળને હવે! ઈ તો નિમિત્તનું જ્ઞાન (કરાવવા માટે) નારકીનો જીવ, માણસનો જીવ. જીવ નારકીનો છે? જીવ તો જીવનો છે. એ તો શરીર દેખીને કથન કર્યાં છે. એમ જ માની લે કે આ ઘોડાનો જીવ ને ગાયનો જીવ ને બાયડીનો જીવ ને આદમીનો જીવ (કહે) નહીં. એ તો શરીરમાં હોય એ શરીરનાં બહાને જીવને ઓળખાવ્યો એને ચૈતન્યજીવ કહી દે. એ તો વળી બ્રહ્માનંદ... બ્રહ્મને અદ્વૈત માની લે એથી કહે છે જો આ શરીરમાં રહ્યો એ જીવ. આ શરીરમાં રહ્યો એ જીવ. આ એકેન્દ્રિયમાં રહ્યો જીવ, પંચેન્દ્રિયમાં રહ્યો ઈ જીવ. એમ કરીને એને આત્માને નિમિત્તથી ઓળખાણ કરાવી છે પણ શરીર એ જીવ છે નહીં.

''**બંનેને સમાન અને સત્યાર્થ....**'' દેખો, હવે આંહી વજન આંહી છે. વજન આંહી છે. સરખું અને સાચું. નિશ્ચયનું કથને સરખું અને વ્યવહારનું એના જેવું અને વ્યવહારનું કથન પણ સાચું અને નિશ્ચયનું કથન પણ સાચું આ પ્રમાણે પણ છે. નિશ્ચય છે તે એમ છે અને વ્યવહાર છે ઈ પણ સાચો છે. ''**આ પ્રમાણે એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી....**'' વ્યવહારના કથન પણ સાચાં અને નિશ્ચયના પણ સાચા એમ ભગવાને બે નય ગ્રહણ કરવાનું એ રીતે તો કહ્યું નથી. બાબુભાઈ! જુઓ, આ મોટા અત્યારે મહોત્સવને કાળે ગાથા બહુ... આ વસ્તુ બહુ સારી આવી ગઈ છે. ઝટ ન પકડાય જેને અભ્યાસ ન હોય, હજી નિશ્ચય-વ્યવહાર શું? એ તો ઓઘે ઓઘે આંધળે પણ હવાડામાં પડયા ને જાણે આ ધર્મ કાંઈ થાય છે. કાંઈ દયાઓ પાળશું ને કાંઈ દાન કરશું ને કાંઈ વ્રત પાળશું... ધર્મ થાશે. ધૂળમાંય ધર્મ નથી સાંભળને! એવા તો અજ્ઞાનરૂપી પાડો ને અનંતવાર ખાઈ ગ્યો તારા પૂળા. પૂળા સમજતે હૈ ને! ઓ ઘાસકા પૂળા હોતા હૈ ને! અજ્ઞાનરૂપી ભેંસ... ભેંસ, એ તારી ક્રિયા રાગની ને પુણ્યની ને દયાની ને દાનની, એવી ક્રિયા અજ્ઞાનરૂપી પાડો ગળી ગ્યો અંદર અનંતવાર, એમાં કાંઈ આત્માને લાભ થયો નથી. સમજાય છે કાંઈ?

એટલે કહે છે કે બેય નયના વ્યાખ્યાનને સરખા જાણવા એ જૂઠ્ઠા છે, સરખા નથી ફેરફાર છે બેયમાં. બેય નયનો વિરોધ છે. સાચાં છે એમ નથી. એક નિશ્ચયનું કથન સાચું, વ્યવહારનું કથન જૂઠ્ઠું. માટે ''**એ રીતે બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી....**'' હવે **પ્રશ્ન** ઉઠયો ''**જો વ્યવહારનય અસત્યાર્થ છે....**'' તમે તો વ્યવહારનય અસત્યાર્થ અને જૂઠ્ઠી ઠરાવી. ફૂંક મારીને ઉડાડી દીધું. ફૂંક મારીને ડુંગર ઉડાડયો. ફૂ... પણ ફૂંકે ડુંગર ન ઉડે. ઓલો પ્રશ્ન કરે છે. તમે તો વ્યવહારનય અસત્યાર્થ જૂઠ્ઠી કહો છો, જેટલા લખાણ શાસ્ત્રમાં વ્યવહારના આવે નિમિત્તના, ઉપચારના, પરના આરોપિતના, પર કારણ અને આમાં કાર્ય થયું એવા. સમજાણું કાંઈ? ભગવાન મળ્યા તો શ્રેણીકરાજાને તીર્થંકરગોત્ર બંધાણું. ભગવાન મળ્યા તો શ્રેણીકરાજા ક્ષાયિક સમકિત પામ્યા. એ બધાં શાસ્ત્રનાં કથનને તમે તો અસત્ય ઠરાવો છો, જૂઠ્ઠા ઠરાવો છો શિષ્ય કહે છે, તો ''**અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો?....**'' એવા કથન શું કરવા લખ્યાં?

જમુભાઈ! જુઓ આ લખ્યું. હવે અમારે હવે એમાં સમજવું પડે પાછું. એક કરી દીધો હોત તો ભઈ, પણ એમ હાલે નહિં. ટૂંકી વ્યાખ્યા કરવા વ્યવહારનયના વ્યાખ્યાનો ઘણા લાંબી વ્યાખ્યા કરવા ઘણાં લાંબા વ્યાખ્યાન હાલે(ચાલે). હિંમતભાઈએ બહુ લખ્યું છે ત્યાં પંચાસ્તિકાયના નોટમાં. સમજાણું? ''**જો વ્યવહારનય જૂઠી છે તો જિનમાર્ગમાં તેનો**

**ઉપદેશ શા માટે....''** જૂઠ્ઠીનો ઉપદેશ શું કરવા આપ્યો ? પ્રેમચંદજી ! નિમિત્તથી થતું નથી તો નિમિત્તે કર્યું કથન શું કરવા લખ્યાં ? કર્મને લઈને રખડે નહિ તો કર્મને લઈને રખડે એમ લખ્યું શું કરવા ? પરને લઈને લાભ નહિ થાય તો પરને લઈને લાભ એમ લખ્યું શું કરવા ? વાત તો શિષ્યને પ્રશ્ન થાય કે નહીં ? ''**જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો ? એક નિશ્ચયનયનું જ કથન કરવું હતું. નિરૂપણ....''** લ્યો. તમે તો વ્યવહારને જૂઠ્ઠી ઠરાવો, નિશ્ચયને સાચી ઠરાવો તો જૂઠ્ઠાનું કથન જ શું કરવા કર્યું ? કહો પ્રશ્ન બરાબર છે કે નહીં ? સાંભળ... સાંભળ. ઉત્તરઃ ''**એવો તર્ક શ્રી સમયસારમાં કર્યો છે....''** આ તું કહે છે એવો તર્ક શાસ્ત્રમાં ચાલ્યો છે. **ત્યાં ઉત્તર આપ્યો છે.**

**जह णवि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।**
**तह ववहारेण विणा परमत्थुवएसणमसक्कं।।८।।**

''**જેમ કોઈ અનાર્ય મ્લેચ્છને મ્લેચ્છ ભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી....''** એક મ્લેચ્છ હોય એમાં કોઈ બ્રાહ્મણ કે સાધુ જઈ ચડયા. 'સ્વસ્તિ' એમ કહ્યું. ઓલો સ્વસ્તિનો અર્થ સમજતો નથી. સ્વસ્તિ, શું કહે છે આ સ્વસ્તિ ? ટગ...ટગ...ટગ...ટગ જોયા કરે આમ. આ શું કહે છે આ ? એટલું ખરું કે એ જોનારો એવી શૈલી લીધી છે શાસ્ત્રમાં, કે આ જોનારો ખોટો છે એમ નહિ, આ શું કહે છે અમને કાંઈ સમજાતું નથી. એમ જેની જીજ્ઞાસા છે, આ શું કહે છે આ સ્વસ્તિ. પછી એનો એ માણસ બ્રાહ્મણ સાધુ કે બીજો કોઈ. જો ભાઈ સ્વસ્તિનો અર્થ સુ અસ્તિ, તારું કલ્યાણ થાય એવો અર્થ થાય છે. સ્વસ્તિનો અર્થ ન સમજ્યો તો એનો ચાલતી ભાષામાં એ સમજે એ રીતે અર્થ કર્યો કે તારું કલ્યાણ... હેં ? આહાહા ! આંખમાંથી હરખનાં આંસુ આવ્યા. ઓલો સ્વસ્તિ શબ્દ સાંભળીને કાંઈ નહોતું સમજાતું, પણ એમાં તારું કલ્યાણ થશે એમ એમાં કહેવામાં આવે છે. હરખ આવ્યો. આહા ! એમ ''**જે કોઈ અનાર્ય-મ્લેચ્છને મ્લેચ્છ ભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી....''** મ્લેચ્છ ભાષા વિના એની ભાષા એવી કરવી... એના જેવી કરવી પડે. સમજાણું કાંઈ ?

આ છોકરા ઘોડે નથી રમતા, લાકડીના ઘોડા, લકડીકા ઘોડા હાથમેં રખકર નહિ ચલતે હૈ ? ત્યાં એનો બાપ આવે કેરીયું લઈને દસ શેર કે અધમણ, ને ઓલો રમતો હોય ઉંબરામાં તો એનો બાપેય શું કહે, એય છોકરા ઘોડો ઊભો રાખ. કારણકે એને ઘોડો ઘૂંટાઈ રહ્યો છે અંદર 'ઘડીક તારો ઘોડો આઘો રાખ, હાલ કેરી ખાવા'. પોપટભાઈ કહે કે નહીં ? તો

શું ઘોડો માને છે ઈ? એનો બાપ ઘોડો માને છે લાકડીનો? પગને વીંછી કરડયો તો એ ઘોડો આ હાલવામાં કામ આવતો હશે એ લાકડીનો? એમ જેમ છોકરાને ઘોડો ઘૂંટાઈ રહ્યો છે એથી એનો બાપ પણ કહે છે કે એ ઘોડો આઘો રાખ. એમ અજ્ઞાની મ્લેચ્છ ભાષાવાળા એને વ્યવહારની ભાષા વિના સમજાવી શકાતું નથી. નરભેરામભાઈ! આહાહા! એને ... (શ્રોતાઃ ...) હા, એને ઈ સમજે ત્યારે એને આણે સમજાવ્યું એમ કહેવામાં આવે. ઈ વાત બધી બીજી વાત... ''**જેમ કોઈ અનાર્ય એટલે મ્લેચ્છને મ્લેચ્છ ભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી....**''

''**તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે....**'' સમજાવવું પડે ભેદ પાડીને શરીર જીવ છે, આ જીવ છે. ક્યાં શરીર જીવ હતો? જીવ તો જુદી ચીજ છે. રાગને લઈને આત્માને લાભ થાય. ઈ તો રાગ સૂચક છે કે આવો રાગ હોય ત્યાં નિશ્ચય મોક્ષમાર્ગ અંદર વર્તતો હોય. નિશ્ચય મોક્ષમાર્ગ જ્યાં વર્તતો હોય ત્યાં નિમિત્ત રાગ એમ બતાવે નિમિત્તની પ્રસિદ્ધિ કરે છે. સમજાણું કાંઈ? જ્યાં નવ તત્ત્વની વ્યવહારુ સાચી શ્રદ્ધા કે સાત તત્ત્વની શ્રદ્ધા, અરિહંત દેવ ગુરુ નિગ્રંથ ચારિત્રવંત ને અનેકાંત શાસ્ત્ર, એની શ્રદ્ધાની પ્રકારનો રાગ વર્તતો હોય, એ નિમિત્ત એમ પ્રસિદ્ધ કરે છે, એકલું નિમિત્ત નહીં. નિમિત્ત પ્રસિદ્ધ કરે તો બીજી ચીજ છે. પાછળ જેને રાગરહિત આત્માની નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-રમણતા થઈ છે, એમ એ રાગ પ્રસિદ્ધ કરે છે. પણ રાગ પોતે ધર્મનું કારણ નથી. સમજાણું કાંઈ?

વ્યવહાર મોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગની પ્રસિદ્ધિ બતાવે છે કે આંહી વ્યવહારની પાછળ નિશ્ચયનું પરિણમન કાયમ નિરંતર ચાલુ છે. શું કીધું સમજાણું આમાં? જ્યાં સાચા સર્વજ્ઞનાં છ દ્રવ્યની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા વ્યવહાર રાગ અને પંચમહાવ્રતનું પાલન અને શાસ્ત્રનું સર્વજ્ઞનાં કહેલા શાસ્ત્રનું જ્ઞાન, એવા વિકલ્પો જ્યાં ઘૂંટાય છે એની પાછળ એક વિકલ્પ રહિત અંદર નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા ઘૂંટાય છે એને ઓલો વિકલ્પ પ્રસિદ્ધ કરે છે કે જો એક આમ છે આંહી, પણ એ વિકલ્પ દ્વારા એ પ્રગટ થાય છે મોક્ષમાર્ગ 'એમ છે નહીં'. (શ્રોતા : ...) એ ખોટું નહીં. જાહેર કરે છે કે આ, ખોટો જેમ જાહેર કરે છે બીજો જગતમાં સાચો છે એમ. શું આ જૂઠ્ઠા બોલો છે એમ સિદ્ધ કરતાં જોડે બીજો માણસ તે જૂઠ્ઠાબોલો નથી એમ સિદ્ધ કરે છે. (શ્રોતા : ...) જરૂર ક્યાં? એ પ્રસિદ્ધ કરે છે કે બીજી ચીજ છે. એમ નિમિત્ત પ્રસિદ્ધ કરે છે કે નૈમિત્તિક અંદર દશા એક બીજી છે. વ્યવહાર પ્રસિદ્ધ કરે છે કે નિશ્ચય અંદર છે. એટલું જણાવવા માટે વ્યવહારનો ઉપદેશ આચાર્યોને પણ કરવો પડયો છે. સમજાણું કાંઈ?

''**કેમ કે વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે....**'' શું કહે એને ? આત્મા... આત્મા કરે તો શું સમજાય ? આત્મા... આત્મા શું પણ આત્મા એટલે ? કેવો આત્મા હશે ? સર્વવ્યાપક હશે ? એકગુણવાળો હશે ? અનંત શક્તિવાળો હશે ? કેટલામાં રહેતો હશે ? એટલે આત્માને વ્યવહારથી એને સમજાવવું પડે. જો ભાઈ આ ઓલો જાણે છે ને અંદર એ આત્મા. દેખે છે ને ? આત્મા, ફરે છે ને આત્મા. કાંઈક અંદર જ્ઞાનની ઝલક પ્રગટ દેખાય છે તે આત્મામાંથી આવે છે. સમજાણું કાંઈ ? એમ એને એ દ્વારા ઓલું જણાવવું છે. ભેદ પાડીને અભેદ ચીજ બતાવવા માટે વ્યવહાર આવે છે પણ એ વ્યવહાર આદરણીય છે નહીં. આહાહા ! આવો વ્યવહાર આદરણીય નથી. નવનીતભાઈ ! આમ જણાવે એને આમ અંદર... કે જો ભાઈ, આત્મા ચૈતન્ય પ્રભુ છે હોં. અલ્પ અંશ જે બહાર દેખાય છે ને વિકાસનો, એ પૂરણ અંશનો એક ભાગ છે. અલ્પ... જે તને વિશ્વાસ કાંઈક આવે છે ને કે આમ... એ વિશ્વાસનો કણ અંદર ત્રિકાળ શ્રદ્ધા-ગુણનો ધરનાર એક આત્મા, એનામાંથી આવે છે. અંશ દ્વારા કે રાગ દ્વારા, ભેદ દ્વારા વસ્તુને જણાવવી છે પણ એ ભેદ ને રાગ ને નિમિત્ત આદરણીય છે નહીં. સમજાણું કાંઈ આમાં ? શું થાય ?

લોકોને જ્ઞાન ઘટયા, સર્વજ્ઞની લક્ષ્મી ગઈ, કેવળજ્ઞાન, જેમ બાપ જાય... મૂડી જાય, છોકરાને તકરાર થાય. પૈસા હોય ત્યાં સુધી વાંધો ન આવે, ઓલો બે-પાંચ લાખ આમ જાય કે આમ, પણ પૈસા જાય, બાપ જાય, છોકરા હોય છ-આઠ. એય ખખ્ખડ... વિખ્ખડ. એમ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞની ગેરહાજરી અને જગતના પ્રાણીની વર્તમાન પર્યાયમાં ઘણી લાયકાત કેટલાકની ઓછી, એને લઈને આ નયોના કથનોનાં ઝઘડા એવા ઊભા થયા... ઝઘડા. સમજાણું કાંઈ ? બાપની હાજરી હોય તો કહે કે ભાઈ તમે જુઓ મોટાભાઈ તમને આપ્યું'તું આ મકાન ઘણું, પણ મારે માટે ઓલો દાગીનો મારે માટે બાપે રાખ્યો હતો હોં. મકાન તમને મૂળ આવ્યું'તું પણ ઓલો મોટો હારો(સારો) દાગીનો ઘરમાં છે પચાસ હજારનો ઈ મને આપ્યો'તો. કોની સાક્ષી હવે ?બાપ ગ્યો. સમજાણું કાંઈ ? નાનાનું માને નહીં.

એમ સર્વજ્ઞે કહેલા નયોનું નિશ્ચય-વ્યવહાર સ્વ અને પર શું કહેવાય એનાં જ્ઞાન સર્વજ્ઞ ગ્યા, છદ્મસ્થ રહ્યા, અલ્પ પાત્ર જીવો રહ્યા એને આ સમજવા માટે નયનાં દોરડા થઈ પડયા. જે કથન વ્યવહારથી નિશ્ચયને સમજાવવાનાં કર્યાં એ ગળે બંધાવાના થઈ પડયા જેણે પકડયો વ્યવહારને. આચાર્ય કહે છે ''**એ વ્યવહાર વિના ઉપદેશ અશક્ય છે એથી વ્યવહારનો ઉપદેશ છે....**'' એ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે જુઓ કે **નિશ્ચયને અંગીકાર કરાવવા માટે** એ ભગવાન આત્મા અભેદને સમજાવવા માટે એમ કરી પરમાણુને પણ અભેદ છે

એને સમજાવવા પર્યાયથી વાત કરી. ''**વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ....**'' નિશ્ચય અંતર અંગીકાર અભેદ ચિદાનંદ મૂર્તિ આત્મા એકરૂપ છે બસ. એની અંતર અનુભવ કર, એની શ્રદ્ધા કર, એનું ભાન કર ને ઠર એ બતાવવા વ્યવહારનય છે. વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ, પણ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી. છે? પુસ્તક બુસ્તક હૈ કે નહીં?

શાંતિભાઈ દેખો. આ સમયસારની વાત હોં. કુંદકુંદઆચાર્ય ભગવાન મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા પાસે બિરાજમાન ગ્યા'તા આઠ દિન, આઠ દિન. પંચમઆરાના મુનિ જેને ભગવાનના ભેટાની જાત્રાઉં એ ભવમાં થઈ. એ ભગવાન પાસે આઠ દિન રહ્યા. આંહી આવીને આ સમયસાર શાસ્ત્ર આદિ બનાવ્યા અને વાતને બરાબર પીટી જગત પાંહે(પાસે). સાંભળ! સર્વજ્ઞ પરમાત્મા વ્યવહારના કથનોને એ ખોટા કહે છે એ બીજાને ફક્ત નિશ્ચય જણાવવા પૂરતાં કથન છે, એ આદરવા જેવા નથી. સમજાણું કાંઈ? પણ એ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી. કહો સમજાણું કાંઈ?

ઉપદેશ આપ્યો વ્યવહારનો, અંગીકાર કરવા યોગ્ય નથી. તો બોલો છો શું કરવા એમ કહે છે જો. શાસ્ત્રમાં એમ આવે ને કે વચનગુપ્તિથી મોટો લાભ થાય, ઉપદેશક બોલે, વચનગુપ્તિથી મોટો લાભ થાય. આ વળી શ્રોતા એમ કહે કે એ ત્યારે વચનગુપ્તિથી લાભ થાય તો તમે શું કરવા પણ તમે બોલો છો? તમારો વદતો વ્યાઘાત થાય છે. અરે! સાંભળને ઊંધા તને સમજ્યો નહીં કાંઈ! એનો અભિપ્રાય શું છે એ તને સત્યપણું જણાવે છે. વિકલ્પ ઉઠયો છે, વાણીને કાળે વાણી છે, પણ અભિપ્રાયમાં વાણી એમાં વિકલ્પ ઉઠે છે એ ન હો, અને ઠરું, એવો એનો અભિપ્રાય એ અભિપ્રાય જગત પાસે જાહેર કરતા ભાષામાં તો એમ જ આવે. સામું એમ જ લે, તમે વચનગુપ્તિનું કહો છો અને વચન તો તમે બોલ્યા કરો છો. સ્વરૂપભાઈ! શું કરવું કહો?

અરે ભગવાન! તને તત્ત્વદેશક... તત્ત્વના ઉપદેશક જ્ઞાની કેવા હોય અને કેવી રીતે જણાય એની તને ખબર નથી. ઊંધેથી જ માંડે, કે તમે આમ કેમ કરો ત્યારે વાણી બંધ કરવામાં લાભ છે કે નહીં? ત્યારે તમે વાણી બંધ કરી દયોને! અરે ભગવાન! એ તો નક્કી કરાવવા માંગે છે કે વાણી તો વાણીને કારણે નીકળે પણ વાણીને કાળે ઓલો વિકલ્પ છે શુભ બોલવાનો એને પણ ટાળીને સ્વરૂપમાં ઠરવું એવો નિર્ણય કરાવવા માંગે છે. એમ ન સમજે અને સામાનું ગળું પકડે ચંદુભાઈ! ગળું જ પકડે એનું લ્યો. ''**વ્યવહારનય ઉપદેશ આપવા નિશ્ચયને સમજાવવા કહીએ છીએ પણ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી....**''

જુઓ આ ગાથા વખતે એક વકીલ હતા એ કહેતા આ ગાથા જુઓ આ ગાથામાં વ્યવહારનું કહ્યું છે. સમજાણું? સોલીસીટર મોટા હતા. આ ગાથામાં કહ્યું છે. આ તો ઘણાં વર્ષને એ ત્રણને એકવીસ વરસ થયા સમજાણું? એકવીસ વરસ પહેલા કહે કે આ ગાથામાં તો વ્યવહારને સ્થાપ્યો છે તે કઇ રીતે સ્થાપ્યો છે આ! વ્યવહારથી આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રનાં ભેદ પાડીને સમજાવવો એટલો વ્યવહાર છે. પણ એ ભેદ આદરણીય છે એ સાંભળનારને પણ ભેદનું લક્ષ છોડીને અભેદ કરવા જેવું છે. શું થાય પણ! વાણીના ઝઘડા, સત્યને સમજવાની લાયકાત પ્રગટ કરે નહીં તો તીર્થંકરના સમજાવ્યા કોઇ સમજે એવી તાકાત છે નહીં. સમજાણું? ત્યારે હવે એનો એક **પ્રશ્ન** થાય છે કે ''**વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ ન હોઇ શકે? તથા વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો?....**'' જ્યારે તમે સ્થાપ્યું જરૂરિયાત તો સ્થાપી કે વ્યવહાર વિના નિશ્ચય સાચી ચીજ એને સમજાવી શકાતી નથી એટલે વ્યવહાર દ્વારા સમજાવીએ. સમજાવીએ તો વ્યવહાર અંગીકાર કેમ ન કરવો? જેનાથી સમજાવાય છે તે અંગીકાર કેમ ન કરવો? આ એના પ્રશ્નમાં ઉત્તર આચાર્ય આપે છે.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૧૮
# અધિકાર ૭મો
# સ્થળ:સુવર્ણપુરી તા.:૧૬.૦૪.૬૨ સોમવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગ પ્રકાશક પંડિત ટોડરમલે હજારો શાસ્ત્રની સંધિનો ખાતાવહી કરીને જેમ ખાતાવહી કરે ને માણસ, એમ બધો મેળ કર્યો છે. એમાં આ સાતમો અધ્યાય ચાલે છે. સાતમા અધ્યાયમાં, જૈનમાં  જન્મ લેવા છતાં નિશ્ચય અને વ્યવહારના કથનો શાસ્ત્રમાં આવે એનો મેળ કરે નહિ અને નિશ્ચયની વાત પણ સાચી અને વ્યવહારની પણ સાચી એમ બેમાં ભ્રમણા કરે તો એ પણ સત્યમાર્ગને પામી શકે નહીં. સમજાણું કાંઇ ? ન્યાં આવ્યું છે આપણે જુઓ. વ્યવહાર આત્માના સ્વભાવનું, નિશ્ચયનું ભાન હોવા છતાં, વચમાં વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઇ ? મોક્ષમાર્ગના વચમાં ઇ આવે છે. વચમાં સમજતે હૈ ને, બીચમેં. આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં, પૂરણ આનંદ અને શુદ્ધ સ્વભાવનો ભંડાર છે, એવી ચૈતન્ય ચમત્કાર વસ્તુ ઉપર દૃષ્ટિ પડતાં, નિશ્ચય સમ્યગ્દર્શન,

નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય સ્વરૂપ આચરણની દશા પ્રગટ થાય છે. ફૂલચંદજી! પછી... પછી એને વ્યવહાર આવે છે ખરો. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, પણ એ બધા બંધનના કારણ છે, પુણ્યના બંધનના કારણ છે એને વ્યવહારે મોક્ષનો માર્ગ એવું વ્યવહારનયના કથનથી આરોપે કહેવાય છે.

ખરેખર એ મોક્ષનો મારગ (નથી). એવો વચમાં આવે છે એને કોઇ કહે છે કે આદરણીય છે ત્યારે જ્ઞાની આંહી એમ કહે છે કે એ આવે છે તે જાણેલો પ્રયોજનવાન છે. આહા! નવનીતભાઇ! આવે છે ખરો! મોટા ગણધર જેવાને ચાર જ્ઞાન ને ચૌદપૂર્વના ભણતર અને ક્ષાયિક સમકિત, જેટલી છદ્મસ્થને ઊંચી લબ્ધિની ૠદ્ધિ જેટલી હોય એ બધી ગણધરને લબ્ધિ ને ૠદ્ધિ બધી હોય છે. એવા ગણધરને પણ આત્માનો નિર્વિકલ્પ વીતરાગ સ્વભાવ અનુભવમાં આવ્યો, એકલો હું પરમાત્મા જ્ઞાનનો એકલો પિંડ પુંજ છું એવો અંતર અનુભવ સમ્યક્ થયો. વસ્તુની સ્વરૂપમાં સ્થિરતા પણ ઘણી જામી... ચારિત્ર... ચારિત્ર એટલે ચરવું સ્વરૂપમાં. છતાં ગણધરોને પણ બાર અંગની રચનાનો વિકલ્પ, ભગવાનની ભક્તિનો વિકલ્પ-રાગ, ભગવાનનાં વાણીના શ્રવણ કરવાનો રાગ, અઠયાવીસ મૂળગુણના પાળવાનો એટલે આવે છે તેને વ્યવહારનયે એમ કહેવામાં આવે કે પાળવામાં અઠયાવીસ મૂળગુણ પાળવામાં આવે છે.

ખરેખર પણ એવા ભાવ મુનિ, સાચા સંતને અંતર અનુભવના પ્યાલા ચારિત્ર સહિતનાં ફાટયા એને પણ વચ્ચે દયા, દાન, ભક્તિ, પૂજા એવા પ્રભાવના ભાવ આવે પણ એ આદરણીય છે, નિશ્ચયથી અંગીકાર કરવા લાયક છે એમ નથી. આહાહા! શાંતિભાઇ! સમજાણું આમાં? ભારે વાત! પણ એ નથી આવતો, વ્યવહાર હોય જ નહિ સમ્યગ્દ્રષ્ટિને. એ તો એકલો વીતરાગ ભાવમાં જ પડયો રહે એવું બની શક્તું નથી. બરાબર હૈ સૌભાગ્યચંદ ભાઇ! ઓ વાત યહાં નિશ્ચય-વ્યવહારની સંધિની વાત કરી રહ્યા છે કે એકલા અજ્ઞાનીઓ કાં નિશ્ચયભાસને નિશ્ચય માને. નિશ્ચયાભાસ એટલે વ્યવહાર રાગ, દયા, દાન આદિ ભાવ આવે એને સમજે નહીં, લાવે નહીં, ઓળખે નહીં, કરે નહીં અને એકલો આત્મા વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ કર્યા કરે કાં એકલો આત્મા જ્ઞાતાદૃષ્ટા છે એને કાંઇ વળગાડ રાગનો નથી.

વાત સાચી, પણ એ ઊઘડયા વિના એકલા રાગની ક્રિયા શુભની છે એ પણ જો છોડી દે તો પુણ્યબંધ પણ જાય અને ધર્મ તો છે નહીં. સમજાય છે કાંઇ? અને પુણ્યબંધવાળા જીવો, એને કરતાં કરતાં આપણું કલ્યાણ આમાંથી થાશે, રસ્તો આ છે. રાગ, દયા, કષાય

મંદ એમ માનનારા પણ મૂંઢ જીવો વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઇ ? એકલા નિશ્ચયભાસવાળા, એકલા વ્યવહારાભાસવાળા અને એ નિશ્ચય સહિતના વ્યવહારવાળા એમ ત્રણ વાત ચાલે છે આમાં. સમજાણું કાંઇ આમાં ? ત્યારે અહીંયા **પ્રશ્ન** કર્યો કે વ્યવહારનય તે અંગીકાર કરવા યોગ્ય નથી એમ માથે કહ્યું. વ્યવહાર આવે ખરો વચમાં, શુભરાગ વ્રતનો સમ્યગ્દ્રષ્ટિને, મુનિને, શ્રાવકને, એની ભૂમિકા પ્રમાણમાં પરલક્ષી ભક્તિ આદિનો રાગ આવ્યા વિના રહે નહીં, અંગીકાર કરવા યોગ્ય નથી એમ કહ્યું આંહી. એને સંવર ન માનવો, એને ધર્મ ન માનવો, એને આશ્રય જ કરવા લાયક છે અને આદરણીય છે એમ ન માનવો.

ત્યારે શિષ્યને **પ્રશ્ન** ઉઠયો એ કયો **પ્રશ્ન** અહીં ઉઠયો ? વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ એ કીધું. ''**વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ (કેમ) ન હોઇ શકે ?....**'' વ્યવહાર વિના સાચું સ્વરૂપ સમજાવી શકાય નહિ તો ''**વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો ?....**'' સમજમેં આયા ? વ્યવહાર વિના સમજાવી શકાય નહીં, ઉપદેશ એ સિવાય આપી શકાય નહીં, તો શિષ્યનો પ્રશ્ન છે જે નિશ્ચયને સમજાવે, એવો વ્યવહાર કેમ આદરવો નહીં ? મગનભાઇ, (શ્રોતા : વ્યવહાર ઉપકાર કરે છે) ઉપકાર કરે છે હં ! ધૂળેય નથી ઉપકાર એ તો ભેદ દ્વારા એને સમજાવે છે કે ન્યાંથી ખસીને ન્યાં સમજે તો ભેદ દ્વારા સમજાવ્યું એમ કહેવામાં આવે છે.ભારે વાત ઝીણી ! ભગવાન આત્મા પુંજ ચૈતન્યનો પુંજ ગંજ છે. એમાંથી કેવળજ્ઞાનના પર્યાયો અનંતા ફાટે એવું એ દળ છે આત્મા, એનું ભાન થયા પછી પણ વ્યવહાર આવે, અંગીકાર કરવો નહિ અને વ્યવહારથી પોતે પણ વિકલ્પ ઉઠે એ આ નિર્વિકલ્પ થવા કાળે આ વસ્તુ આ... આ વસ્તુ આ... આ વસ્તુ આ... અભેદ ચૈતન્ય છું. વિકલ્પ ઉઠે જરી શુભ રાગ એવું આવે ખરું, પણ એને છોડીને ઠરવું એ આદરણીય છે. સમજાણું કાંઇ ?

ભાઇ ! આ તો સત્ય પરમેશ્વરની માર્ગની રીત છે. જગતે માનેલી વાત એની હારે આ કાંઇ મેળ ખાતો નથી. કોથળામાં નાંખ્યા વિના તોળાય નહિ એકલા ચોખા... એકલા ચોખા તોળાય ? ઇ તો વળી ઓલામાં નાંખે છે આ... પણ અલ્યા ચાર-ચાર મણના ક્યાંથી લાવવા ઇ શું કહેવાય ઇ ? છાબડા. ચાર મણના છાબડા ક્યાંથી લાવવા અને પાંચસો-પાંચસો ગુણીઓ તોળવી હોય સવારથી સાંજ સુધી. ઇ કંઇ છાબડામાં ચોખા તોળે થાતા હશે ? ઇ કોથળા ભેગા થઇને તોળાય ચોખા. ત્યારે કહે ચોખા માટે તોળવામાં આ કોથળાનો એટલો તો ઉપકાર છે ને ! એમ વ્યવહારનો એટલો તો ઉપકાર છે ને, કે એના ઉપદેશ વિના નિશ્ચય સમજી શકાય નહીં. એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઇ ?

આ એનો **ઉત્તર** સાંભળ. ''**નિશ્ચયનયથી તો ભગવાન આત્મા....**'' આ વસ્તુ સ્વરૂપ, ''**પરદ્રવ્યથી ભિન્ન....**'' એ શરીર, વાણી, મન, કર્મથી જુદી ચીજ છે ઇ, ''**અને સ્વભાવથી અભિન્ન....**'' અને પોતાના ભાવથી એકમેક ચીજ છે. પરવસ્તુથી ભિન્ન અને પોતાના ભાવથી ''**અભિન્ન એવી સ્વયંસિદ્ધ વસ્તુ છે....**'' અનાદિની સ્વયંસિદ્ધ સત્ સ્વરૂપ વસ્તુ છે ''**તેને જે ન ઓળખતો હોય... તેને જે ન ઓળખતો હોય તેને એમ જ કહ્યા કરીએ તો તે સમજે નહીં....**'' શું એમ જ કહ્યા કરીએ ? ''**કે પરદ્રવ્યથી ભિન્ન આ સ્વભાવથી અભિન્ન... પરદ્રવ્યથી ભિન્ન સ્વભાવથી અભિન્ન....**'' તો ઓલો સમજે (નહીં) શું કહે છે આ ? પરદ્રવ્યથી ભિન્ન ને સ્વભાવથી અભિન્ન લ્યો પણ શું તમે કહેવા માંગો છો ?

એ ''**તેને જે ન ઓળખતો હોય....**'' અભિન્ન વસ્તુને, ''**તેને એમ જ કહ્યા કરીએ તો તે સમજે નહીં. 'ત્યારે તેને સમજાવવા વ્યવહારનયથી....**'' એટલે કે શરીરની અપેક્ષા વડે, ''**શરીરઆદિ....**'', વાણી આદિ, મન આદિ, શરીર આદિ, મન ને વાણી આદિ ''**પરદ્રવ્યોની સાપેક્ષતા વડે....**'' આ ''**મનુષ્ય....**'' તે જીવ છે એમ ઓળખાવ્યું. કાંઇ મનુષ્ય જીવ નથી. મનુષ્ય તો આ માટી છે. જીવ તો જુદી ચીજ છે. આ મનુષ્ય તે જીવ છે, ''**નારકી....**'' તે જીવ છે, દેવ તે જીવ છે, પૃથ્વીકાયના આ જીવ છે. આ વનસ્પતિના આ લીલ - ફૂગ દેખાય છે ને એ તો શરીર છે. એ વનસ્પતિના જીવ છે. વનસ્પતિના ઓલા શરીર દ્વારા અંદર આત્માને ઓળખાવે છે. ''**પૃથ્વીકાય....**'' પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ ને ત્રસ એ ''**જીવના ભેદ કર્યા....**''

''**એટલે મનુષ્ય જીવ છે, નારકી જીવ છે....**'' દેવ જીવ છે, ઢોર જીવ છે, પર્યાપ્ત જીવ છે. વાણી બોલનાર વાણીવાળો જીવ છે. મનવાળો જીવ છે. સંજ્ઞી મનવાળો જીવ છે. અસંજ્ઞી મન વિનાનો જીવ છે. રતનલાલજી ! સમજમેં આયા ? ઓ સમજાનેકો હૈ. મનુષ્ય જીવ, નારકી ''**ઇત્યાદિ પ્રકાર સહિત એને જીવની ઓળખાણ થઇ....**'' એને આ આત્મા આ આત્મા, જુઓ આ ગાયનો આત્મા, જુઓ આ ઘોડાનો આત્મા એમ કહેવાય. આ બાળકનો આત્મા બાળક અને ગાય, ઘોડાનો આત્મા છે જ નહીં. આત્મા તો એનાથી તદ્દન જુદી ચીજ છે પણ જુદી ન સમજે અને ચૈતન...ચૈતન...ચૈતન...ચૈતન અભિન્ન તો સમજે તોય કદાચ કોઇ વ્યાપક સમજી જાય, કોઇ એક જ સમજી જાય માટે તે આત્માને ઓળખાવવા સર્વજ્ઞ વીતરાગ દેવ અને સંતોએ એને શરીરના સાપેક્ષતા વડે વાણીની અપેક્ષા દ્વારા, મન મળ્યું એની અપેક્ષા દ્વારા, આ મનવાળો સંજ્ઞી, વાણીવાળો આ પર્યાપ્ત જીવ એમ એને ઓળખાવ્યો.

એક વાત થઈ. સમજાણું આમાં કાંઈ ? પણ એ શરીર, વાણી, મનને આત્મા જાણવો નહીં, એ તો જડ ચીજ છે. શરીર, વાણી, મન પર્યાપ્ત આદિ તો જડ-માટીની ચીજ છે. એ આત્મા-બાત્મા નથી પણ આત્મા નથી સમજતો એને સમજાવ્યું. આ તે જીવ એમ કરીને એને કાઢી નાંખ્યે બાકી રહે તે જીવ. સમજાણું કાંઈ ? એક વાત થઈ. ''**એને જીવની ઓળખાણ થઈ....**'' આ રીતે કહેતા કે મનુષ્ય તે જીવ, નારકી જીવ, પર્યાપ્ત જીવ, ઓલો જીવ આ અંદર ઓલો પર્યાપ્તનો ભેદ પાડીને સમજાવ્યું નારકીને અપેક્ષિત કરીને સમજાવ્યું કે ઓહો ! જીવ તો અંદર ભિન્ન ચીજ છે. પોતાની શક્તિ અને પોતાની દશા એ સહિતનો આત્મા તે પરથી તદ્દન ત્રિકાળ ભિન્ન છે. પરની હારે એને કાંઈ સંબંધ નથી. એ વ્યવહાર દ્વારા જીવને સમજાવવા માટે આ કથન આચાર્યોએ કર્યાં છે પણ એ વ્યવહાર આદરણીય... આદરણીય નથી. આરે આરે ! અંગીકાર કરવા લાયક નથી. એને શરીરને જીવ માનવા નહિ એ આગળ થોડું લેશે હજી.

'**અથવા**'... હવે અંદર આવ્યા. ''**અભેદ વસ્તુમાં ભેદ ઉપજાવી....**'' ભગવાન આત્મા એકરૂપ વસ્તુ છે અંદર એને પ્રકારને ''**ભેદ ઉપજાવી આ જ્ઞાન, દર્શન....**'' આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ ''**આદિ ગુણ-પર્યાયરૂપ જીવનાં ભેદ કર્યા....**'' એને બતાવ્યું કે જો આ જાણે તે આત્મા, આ દેખે તે આત્મા, માને તે આત્મા. જેમાં વીર્યની સ્ફૂરણા જ્ઞાનની રચના થાય એ, એ આત્મા. એમ આત્મા અભેદ અને એક વસ્તુ હોવા છતાં તેમાં ભેદ ઉપજાવી કે આ જ્ઞાન, દર્શન આદિ ગુણ-પર્યાયરૂપ. જો જાણનાર આત્મા વિશ્વાસ કોણ કરે છે ? જાણે છે કોણ ? દેખે છે કોણ ? વીર્યની સ્ફૂરણા કાંઈ કરું એ કોણ કરે છે ? એ દ્વારા એને અભેદ ચીજને ભેદ પાડીને સમજાવી, પણ એ ભેદ અંગીકાર કરવા લાયક નથી. સમજાણું કાંઈ ? ભેદ અંગીકાર કરવા લાયક નથી. ભારે ઝીણી વાત ભાઈ ! ''**ત્યારે આ જાણવાવાળો જીવ છે....**'' એમ એને નક્કી થયું. નહિતર જાણવાવાળો જીવ એ તો ભેદ પડયો પણ જાણવાવાળો જીવ છે, આ જ્ઞાન તે જીવ, દર્શન તે જીવ આ 'જાણવાવાળો આત્મા, દેખવાવાળો ભગવાન, માનવાવાળો આત્મા' ઈત્યાદિ પ્રકાર સહિત તેને જીવની ઓળખાણ થઈ. ઓલા ભેદ પાડીને સમજાવ્યું ત્યારે ઓલો સમજ્યો. પણ ભેદ છે તે અંગીકાર કરવા લાયક નથી.

આહાહા ! આ ભેદે ય આદરણીય નહીં, એને ઠેકાણે હજી બહારનાં વ્રતને, તપ ને ક્રિયા જડની એને આદરણીય માને અને અંદરના શુભ રાગ દયા, દાન, વ્રતનો શુભ ભાવ એ વ્રત પાળો, અપવાસ કરો આ ધર્મ છે, મોટી મિથ્યાદષ્ટિનું સેવન છે. અનંતકાળની જડ નિગોદની એ જડને સેવી રહ્યો છે. સમજાણું કાંઈ ? ''**ત્યારે એને જીવની ઓળખાણ**

**થઈ....**'' બે વાત કરી. નારકી જીવ, મનુષ્ય જે એમ કરીને જીવ જાણ્યો અને ભેદ પાડીને જણાવ્યો, કે જો ''**આ જ્ઞાન જાણવાવાળો જીવ દેખવાવાળો, ત્યારે જીવની ઓળખાણ થઈ....**'' બે વાતો વસ્તુની કરી. હવે મોક્ષમાર્ગની વાત કરે છે. ''**વળી ખરેખર તો વીતરાગ ભાવ મોક્ષમાર્ગ છે....**'' હવે મોક્ષમાર્ગની વાત આવી પર્યાયની. ઓલી વસ્તુની લીધી'તી. ખરેખર આત્મામાં જેટલો પુણ્યભાવ-શુભભાવ ઊઠે વ્રત, નિયમ, દયા, દાનનો એનાથી રહિત આત્મા અખંડ આનંદ પ્રભુ પૂરણ શુદ્ધ ચૈતન્ય એના અંતરના સ્વભાવમાં ભળ્યો, જે રાગમાં ભળતું એ જ્ઞાન અંતરમાં ભળ્યું. અંતરના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગતાની રચના ચારિત્રની થાય, ''**એ વીતરાગભાવ જ એક મોક્ષમારગ છે....**'' સમજાણું કાંઈ ? એ વચ્ચે આ દયા દાન આદિ આ તો નિમિત્ત દેખીને વાત કરશે પણ એ મોક્ષમાર્ગ છે નહીં.

ભારે કઠણ જગતને ભાઈ ! અવતાર આવ્યા, અને બહારથી કંઈક માનીને સંતોષ કરાવ્યા, અને સંતોષ થઈ ગયા. આપણે કાંઈક હવે કરીએ છીએ પણ અવતાર ચાલ્યા જાશે અને આવા અવતાર ફરીને... 'સબ અવસર આ ગયા હૈ' - ટોડરમલે લખ્યું છે ને ! બધા અવસર આવી ગયા છે. તારી પ્રમાદ અને અજ્ઞાનને આળસે વસ્તુ રહી ગઈ છે. તો એને આમ અંદર પોતાની જાતને આવી રીતે પમાય એ વાત હજી એને ગોઠતી નથી. ઓલા વ્યવહારના લખાણ આવે ને શાસ્ત્રમાં ! સંયમ ને તપ ને નિયમ ને વ્યવહારના વિકલ્પો ને અશુભથી બચવાના ઈ સાધન છે... અને એ પણ મોક્ષમાર્ગ છે. એ પણ ધર્મનું કાર્ય છે એમ માનનારા મૂળ ભીંતને ભૂલે છે. (શ્રોતા : ......) પણ કઈ ક્રિયા ! ઈ વાત જ ઈ કહે છે સાચી વાત.

એ વાત નેવુંમાં એક સાથે થઈ ગયેલ સંપ્રદાયમાં સમજાણું ? જુનામાં જુના હતા વૃદ્ધ ઘણાં. સંપ્રદાયમાં હતા ત્યારે હો. ઓલા કહે, ज्ञानक्रियाभ्यां मोक्ष કહ્યું છે ને ? નેવુંની સાલની વાત છે. મેં કીધું કયું જ્ઞાન ને કઈ ક્રિયા ? દેહની ક્રિયા નહીં, આ તો જડ છે. માટી છે. આ હાલે-ચાલે ને આમ આમ થાય તો એની ક્રિયા આત્માને શું છે ? આત્મામાં રાગ થાય અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્યનો એ પણ ક્રિયા નહીં. આહાહા ! ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાનની ચૈતન્ય જ્યોત છે એના અંતરનું ભાન થઈ અને એમાં જ્ઞાનમાં લીનતા, એકાગ્રતાનું આચરણ સ્વરૂપાચરણ સ્થિર થાય એને ક્રિયા કીધી છે. એ જ્ઞાન અને એ ક્રિયા તે મોક્ષનું કારણ છે. સૌભાગ્યચંદભાઈ ! આ નહીં. ज्ञान क्रियाभ्यां मोक्ष આત્માનું જ્ઞાન અરે ! શું છે ? 'સ્વ'. અનંતકાળમાં એણે સ્વજ્ઞેયની સામું જોયું નથી.

અનંત અનંત કાળ વીત્યો, જૈનનો દિગંબર સાધુ અનંતવાર થયો. બાર વ્રત અને પંચમહાવ્રત અને છ-છ મહિનાના અપવાસ કર્યા, પણ આ જ્ઞાન સ્વરૂપી એક દ્રવ્ય

આખી ચીજ છે એની સામું જોવાનો એણે કોઇ દી' પ્રયત્ન કર્યો નથી. સમજમેં આતે હૈ? અને એ પ્રયત્ન વિના એ આત્માની શ્રદ્ધા અને સમ્યગ્દર્શન થાય એ ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. સમજાણું કાંઇ? એથી આંહી કહે છે ''**ખરેખર તો વીતરાગ ભાવ મોક્ષ મારગ છે**....'' એ રાગ વચ્ચે આવે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આવે, ભક્તિ આવે, પૂજા આવે એ મોક્ષમાર્ગ નથી. આહાહા! છે ને એમાં આમ ઉસમેં હૈ, રતનલાલજી હૈ ઉસમેં? દેખો. વાંચ્યુંય નહિ હોય કોઇ દી', આખું મોક્ષમાર્ગ. વાંચ્યુ છે આખું? નહિ વાંચ્યુ હોય. જુઓ આ ભજન મંડળીના અગ્રેસર. કહે વાંચ્યુ નથી. (શ્રોતા : ભજનમાં ક્યા હૈ?) લે! ભજનમાં... આમાં તો બોલતે હૈ બહોત. આત્મ અનુભવ બિના મોક્ષ નહીં... આત્મ અનુભવ...

એ નથી આવતું તારાચંદજી? હેં? (શ્રોતા : આ બધું આવે છે) આત્માને મેં કોઇ દી' અનુભવ્યો નહીં. મેં આત્માને જાણ્યો નહિ અને આત્માના અનુભવ વિના મોક્ષમાર્ગ ત્રણકાળમાં નથી. રાજપાટ છોડીને ત્યાગી થાય, બાવો થાય, સાધુ થાય અને બાળબ્રહ્મચારી હોય, પંચમહાવ્રત પાળતો હોય સાચા હો, અત્યારે તો પાંચ મહાવ્રત સાચા અહીં કોઇ પાસે નથી વ્યવહારના! સમજાણું કાંઇ? રૂપચંદજી આ તો સત્ય બાત હૈ ઉસમેં ક્યા હૈ? માને ન માને ઉસકી સ્વતંત્રતા હૈ, અનાદિકાળસે સ્વચ્છંદ સેવતો આવે છે. આંહી તો કહે છે... એ બહારના આચરણથી પાર અને આત્મા અલ્પજ્ઞની વર્તમાન પર્યાયમાં પૂરણ આત્મા નથી. ભગવાન, અલ્પજ્ઞ દશા વર્તમાન વર્તે છે, એમાં આખો આત્મા નથી. પણ અલ્પજ્ઞ દ્વારા સર્વજ્ઞ સ્વભાવને પકડી શકાય છે. સમજાણું કાંઇ? એ રાગથી નહીં, વિકલ્પથી નહીં, પુણ્યથી નહીં, ભક્તિ-પૂજા અને લાખ-કરોડ સમ્મેદશિખરની ભક્તિથી જાત્રાથી નહીં. સમ્મેદશિખરની જાત્રાથી નહીં.

એ ભગવાન આત્મા અંદર પૂર્ણાનંદ પ્રભુ, એક સમયમાં આખા કેવળજ્ઞાનને ગર્ભમાં રાખનારો ધ્રુવ, આ એના વર્તમાનજ્ઞાનની અલ્પજ્ઞતાને બહુમાન કરીને અંદરમાં ઊતરવું. અલ્પજ્ઞનું માન છોડી, વિકલ્પનું છોડી, નિમિત્તનું છોડી એ અલ્પજ્ઞાનનું માન છોડી, અલ્પજ્ઞાન દ્વારા સર્વજ્ઞ તરફ ઢળવું એવો એણે પ્રયત્ન અનંતકાળમાં કર્યો નહીં. અને એ વિના એને સમ્યગ્દર્શન થાય કે સમ્યગ્જ્ઞાન થાય, ત્રણકાળ ત્રણલોકમાં નહીં. સમજાણું કાંઇ? લાખ શાસ્ત્રો ભણ્યો હોય, ક્રોડ ભણ્યો હોય, ભગવાનની શ્રદ્ધા માટે માથાં આપતો હોય, ભગવાનની તીર્થંકરની શ્રદ્ધા માટે સમોવશરણ આવું હોય ને ફલાણું આવું હોય ને પાંચસો ધનુષ્ય દેહ હોય ને મહાવિદેહ હોય ને પણ બધા આસ્થા રાખતો હોય, પણ છતાં એ સ્વજ્ઞેયને પકડવાનો પ્રયત્ન સ્વજ્ઞાનની પર્યાય દ્વારા અંતર થાય છે આ એને પકડયા વિના એ બધા થોથા છે. આહા! હેં? (શ્રોતા : આ કાળમાં છે?) હા, તો કોની વાત ચાલે છે આ?

હા, હા. એ વળી શેઠિયા બીજાની વાતું કરે, બીજા હારે ચર્ચા થાય ને કે આ કાળમાં આવું હોય ત્યારે શેની માંડે છે આ? આ કાળમાં એ હોય તો ન હોય ને હોય તો ધર્મ નથી એમ કહો. આ કાળમાં ધર્મ નથી અને ધર્મ હોય તો સમ્યગ્દર્શનથી ધર્મ શરૂ થાય છે એ સિવાય ત્રણકાળમાં ત્રણલોકમાં ધર્મ શરૂ થતો નથી. સમજાણું કાંઈ? કહે છે ભગવાન આત્મા અરે! પોતાના ચૈતન્યનો ગાંઠડો એ ચૈતન્યની ગાંઠ આખી અનંતગુણનો ગાંઠડો એ એના સામે કોઈ દી' એણે નજર ન કરી. ''**નયનની આળસે રે મેં નીરખ્યા ન હરિને જરી....**'' સમજાણું કાંઈ? આવે છે ને ઓલામાં? એ તો સમજ્યા વિના બધી વાતો કરે. 'મારા નયનને આળસે રે મેં નીરખ્યા ન નયણે હરિ' એ નાનાલાલ કવિનું છે. એ બધા ઠેકાણા વિનાના વીંછીને મારવા ને આ કરવા. અરે! જગતના પ્રાણીઓ! તમારી ચીજ તમારી અંતરમાં પડી છે. આ એને પિછાણવા એની શ્રદ્ધામાં અને એમાં રમવાના પ્રયત્ન વિના જેટલા બાહ્યના શુભાશુભ રાગના પ્રયત્નો એ બધા આત્માની શાંતિ માટે બધા નિરર્થક છે. સમજાણું કાંઈ? એમ બતાવીને ભગવાને નિશ્ચયથી તો વીતરાગભાવ મોક્ષમાર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ?

ખરેખર! ભગવાન પ્રભુ જેની શાંતિના જેના મોટા કુંભ ભર્યા છે. જેના સ્વભાવમાં અકષાય શાંતિ પૂરણ ભરી છે. એને એ રાગ અને વિકલ્પ જે આ ભક્તિ, દયા, દાનનો આવે એનાથી પૃથ્થક કરી, અને આત્માની અંતર શ્રદ્ધા જ્ઞાન ને સ્થિરતા કરવી, ઈ એક જ ખરેખર વીતરાગભાવ તે મુક્તિનાં રાહ અને પંથ છે. સમજાણું કાંઈ? કેટલું સંભળાય છે આઠઆના? થોડું થોડું, શું થાય! એ પોતાની અંદર લાયકાતને કારણે છે કે શરીરને કારણે છે? મોઢું ઠીક છે. આહાહા! અરે પ્રભુ! કહે છે કે ત્રિલોકનાથ દેવાધિદેવ જૈન પરમેશ્વર જેને એક સમયમાં પૂરણજ્ઞાનનો પ્રકાશ અસંખ્ય પ્રદેશે સર્વ પૃથ્થક થઈ ગયો. ભગવાન કહે છે કે મોક્ષમાર્ગ તો વીતરાગભાવ છે. છૂટવાનો પંથ રાગથી થાય એ વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ છે બધા. એનાથી છૂટવાના સમ્યગ્દર્શનનો ભાવ થાય, ત્રણકાળમાં બને નહીં. આહા! બહુ ઝીણું તત્ત્વ!

ત્યારે આમાં આમને ચડાવી દીધા છે ને, આ શેઠિયાઓને તે તો રાજી થાય. ઓલા કહે આપણે કરી શક્તા નથી ને કાંઈક તો પાળે છે બિચારા. આપણા કરતાં તો સારા. નરભેરામભાઈ! આપણા કરતાને સારા? ના, ના. એ બગડેલા દૂધ મોળી છાશમાંથી જાય. છાશ સમજતે હૈ રતનલાલજી! ઓ છાશમેં મઠ્ઠા, ઓ મઠ્ઠા નહિ હોતે? પતલા મઠ્ઠા હોય તો પણ રોટી ચલે, પણ બગડેલું પાંચ મણ દૂધ હોય બગડેલું... હેં? રૂપચંદજી ક્યા કરે? અરે!

હેરાન કરી નાંખશે તું બશેર પીશે ત્યાં. ટાઢી રોટલી ખાધી ત્યાં તાવ આવ્યો તારાચંદજીને લ્યો. અહીં કહેતા'તા પહેલેથી, તો આવું ખાય તો? દૂધ બગડયું છે ભઇ, પાંચ મણ લાવ્યા પણ હવે નાંખી દેવાય? અને અત્યારના દૂધ મોંઘા, દસ રૂપિયાના મણ. આ પચાસ રૂપિયાનું પાંચ મણ. આ બગડયું. ખાવ થોડું થોડું નાંખો કઢીમાં. બગાડશે, ઉચાળા નીકળીને ખાધેલું કાઢી નાંખશે. સમજાણું કાંઇ? એ ન ખાવાનું હોય તો એવું ન ખાવું એ સારું છે.

આ રોટલી ઝેરવાળી હોય અને સારી ન મળે તો રોટલી ઝેરવાળી ખાવી સારી નથી. હેં? ભૂખ્યા રહેવું સારું પણ ઝેરવાળી...? ભઇ રોટલી તો છે હોં. મામા કહી ગ્યા છે આજ દૂધપાક પણ આમ એને મામાને ઘરે એક બે માણસ... અઢી વાગે દૂધપાક થશે હોં. છોકરા ટળવળે. ઓલાને જરી ઢેબરા કરી દયે ને સવારે, કારણકે ઢેબરા કરે તો વળી ઓછું ખાય ન્યાં એટલે સવારે ઢેબરાં પણ વહેલા કરે તો આમ પાલવે નહીં. દસ વાગે ત્યાં તો પાછું આમ ક્યારે થાશે... ક્યારે થાશે? એટલે... પછી કહે કે આ રોટલી પડી છે પણ આમાં ગરડ જેવું લાગે છે હોં. ઓલુ હોયને શું કહેવાય? શીકું...શીકું. શીકામાં રાત્રે કોક સર્પ બોલતો'તો ડાકલી વગાડતો'તો ડાકલી. ડાકલી વગાડતો. ઇ ન્યાં આવ્યો હોય તો ના નહિ ભાઇ. ત્યારે થોડુંક ખાઇ લે ને કહે ના...ના...ના. એ ભૂખ્યા અઢી વાગ્યા સુધી રહેવું એ સારું છે પણ ઝેરવાળી રોટલી ખાવી સારી નથી. પતી જશે ન્યાં ને ન્યાં. ભૂખ્યો... ભૂખ્યો માણસ જ નહિ રહે.

એમ આત્માના વાસ્તવિક સ્વરૂપના ભાન વિના, એકલા વ્યવહારના રાગને પુણ્યથી ધર્મ મનાવનારા-માનનારા, અને આપણા કરતાં તો સારા, એમ માનનારા ઝેરની રોટલીયું ગરડ નાંખીને ખાય છે. નેમચંદભાઇ! ભઇ, વાત તો આવે ત્યારે હવે તો... આ સત્યાવીસ વર્ષ પૂરા થાય છે કાલ, પરિવર્તનને સત્યાવીસ પૂરાં થાશે, અઠયાવીસમું કાલ બેસશે. પછી તો કાંઇ વસ્તુ હોય ઇ આવે ને! કાંઇ બીજી ક્યાંથી આવે? મનસુખભાઇ! શું હશે આ? ભઇ, આપણાં મહારાજ જે હોય ઇ સારા. કહે છે કે ઝેર છે, જેને વ્રત ને નિયમનાય ઠેકાણા નથી અને એક સારા હોય કદાચ શુભભાવ, તોય એ ધર્મ નથી, અને ધર્મ છે અને ધર્મ કરીએ છીએ એમ માને છે, મનાવે છે, માનતાને રૂડું જાણે છે એ ધર્મના પાકા વિરોધી શત્રુ છે.

શ્રીમદ્ તો કહે છે એક ઠેકાણે એક પત્રમાં... કે જે કોઇ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે જેને તત્ત્વની દૃષ્ટિની ખબર નથી ને વિરોધભાવનાં સેવનારા છે, એ સાક્ષાત્ ધર્મનાં ઘાતક જાણ્યા વિના તારું કલ્યાણ થાય એવું નથી. એક આવે છે પત્રમાં. લાલચંદભાઇ! ઇ પત્રમાં આવે છે હોં. ઇ ક્યાંથી કાઢયું આપણે અત્યારે આ... એક પત્ર છે આમ આમાં આ બાજુ... સમજાણું? છે કે નહિ ક્યાં ગયું પુસ્તક? નથી આંહી? નહિ હોય, એક આ બાજુ પાનામાં છે.

સાક્ષાત્ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર જે કોઇ શુભ દયા, દાન, વ્રતથી ધર્મ માનતા હોય, મનાવતા હોય, માનતાને રૂડું જાણતા હોય એ દીક્ષાને ભિક્ષા માનતા હોય એવા કુગુરુને, કુશાસ્ત્રને કે કુધર્મને સાક્ષાત્ ધર્મના ઘાતી જાણ્યા વિના એની પ્રેમ ને પ્રીતિ ટળશે નહીં. નવનીતભાઇ! એમના વખતમાં તો કાંઇક ગૃહસ્થાશ્રમ હતો એટલે લોકો ઝટ વિશ્વાસ લ્યો! તમે ત્યાગીઓની નિંદા અને તમે તો બાયડી, છોકરાં ઘરે છે હવે સાંભળને! બાયડી છોકરા ક્યાં છે? અંદર પ્રજા ઉત્પન્ન થઇ છે આત્મજ્ઞાનની! તને શી ખબર પડે. સમજાય છે કાંઇ? હા લ્યોને બાયડી ને છોકરાં ને ઓલા બિચારા જાવજીવના બ્રહ્મચર્ય પાળે એને કહે છે કે મૂંઢ અને પોતે જ્ઞાની? સાંભળને હવે! બહારના ત્યાગમાં ધર્મ માની-મનાવ્યા છે, મોટા જૈન શાસનના વિરોધી અને વેરી છે. સમજાણું કાંઇ?

**'જેમ જેમ બહુશ્રુત બહુજન સંમત, બહુ શિષ્યે પરવરિયો;**
**તેમ તેમ જૈન શાસનનો વેરી, જો નવિ નિશ્ચય ધરિયો'**

નિશ્ચય તત્ત્વ શું છે એના ભાન વિના વ્યવહાર ક્રિયાકાંડમાં ધર્મ માનીને મનાવે છે, એ જેમ જેમ બહુશ્રુત, બહુ ડાહ્યો થયો, પંડિત થયો. મોટો પંડિત થ્યો કે જૈન શાસનનો એક વેરી જાગ્યો. આહાહા! જેમ જેમ બહુશ્રુત બહુજન સંમત... અને એને માનનારા ઘણાં લાખો ને કરોડો માણસ નીકળે, જૈન શાસનનો વેરી એને પાંખુ મળી કીડીને પાણીમાં પડવા માટે. સમજાણું કાંઇ? એ છે હોં ઠાણાંગમાં છઠ્ઠે ઠાણે છે. જેમ જેમ... આ વાત કરી'તી અઠ્ઠોત્તેરમાં ક્યાં ગ્યા? ... હા, જુઓ ૭૮માં કહી'તી રાણપર હેં? (શ્રોતા : ...) તે દી કહ્યું'તું પડયા પછી. અઠ્ઠોતેરમાં કહ્યું'તું. જુઓ આ ઠાણાંગના છઠ્ઠે ઠાણે... પણ કાંઇ એવું ઉઘાડું કહી દેવાય બધામાં સમાજમાં રહ્યા હોય ને! કહો સમજાણું કાંઇ? પછી ૮૦માં... ૭૮માં ચોમાસુ હતું ને રાણપર, તે દી' આ ગાથા ને આ ઠાણાંગજીનાં છઠ્ઠે ઠાણે છ બોલ છે એમ કહ્યું હતું.

આત્માનું નિશ્ચય સ્વરૂપ શું છે? એની શ્રદ્ધા, જ્ઞાન અને ભાન વિના એકલા વ્યવહાર ક્રિયાકાંડથી સાધુ-સાધ્વીને આમ આ મનાવે છે અને માને છે. કહે છે કે જેમ એને જાણપણું વધારે થાય તેટલું એને વેરીપણું વધશે. માણસ ઝાઝાં વધશે અને એને માનનારા એટલું વેરીપણું જૈનશાસનનું વધશે. પાંખ મળી એને ઘણી. આટલા માને છે કાંઇ ખોટું હશે એમ. 'જેમ જેમ બહુશ્રુત બહુજન સંમત, બહુશિષ્યે પરવરિયો' એના શિષ્ય અને શિષ્યની પ્રશાખા, શાખા... શાખા ૨૦૦ સાધુ, ૨૦૦ સાધુને મુંડયા'તા આણે કે શું છે હવે? કહે છે કે

નિશ્ચય તત્ત્વની શ્રદ્ધા અને જ્ઞાનના ભાન વિના એ બધાં શિષ્યો સહિત દેખાય એ તેમ તેમ જૈનશાસનનો વેરી. એક જૈનશાસન વીતરાગભાવ. છે ને આંહી જુઓ. જૈનશાસન એટલે? વીતરાગભાવ આત્માનું શાસન છે એને ઓળખતો નથી, એને માનતો નથી ને બહારના વ્રત-નિયમ ને ક્રિયાકાંડથી ધર્મ મનાવી રહ્યા છે એ એક જૈનશાસનમાં એક અંગારો નવો જાગે છે એમ વીતરાગ ત્રિલોકનાથ ફરમાવે છે. ભારે આકરી વાત ભાઈ! કેશવલાલભાઈ, શું છે આ? આ ઓલા જે જે કહે જય નારાયણ. નગ્ન દેખે તો એ ઓલો વેષ દેખે તો એ ઓલો દંડ દેખે તો એ અરે! સાંભળને.

बालं पश्यन्ति लिंगं अज्ઞાનીઓ ભેખને માનનારા છે, મધ્યમ બુદ્ધિવાળા કદાચિત્ ક્રિયાકાંડ કાંઈ કરે એને જોનારા છે, પણ તત્ત્વદૃષ્ટિ ને તત્ત્વજ્ઞાન સાચું શું છે એને જોનારા તો એક જ્ઞાની ને સાચા ધર્મના અભિલાષી હોઈ શકે છે. બીજા એના બહુમાન કરી શક્તા નથી. સમજાણું કાંઈ? ઈ આવે છે એમાં बालं पश्यन्ति આવે છે ને આ એમાં હરિગીતમાં बालं पश्यन्ति लिंग મધ્યમવાળા ક્રિયાને, તત્ત્વજ્ઞાની જીવો તત્ત્વદૃષ્ટિ સત્ય સ્વરૂપ શું છે એને જોનારા, જાણનારા અને અનુભવનારા છે. આંહી કહે છે ''**ખરેખર વીતરાગભાવ મોક્ષમારગ છે....**'' એમાં તો છ બોલ કહ્યા છે હોં, ત્રણતો આ લીધા. બહુશ્રુત બહુ માનનારા, બહુ શિષ્યો, ઘણી તપસ્યા કરતો હોય, બહુ તપસ્યા કરતો હોય ત્યારે લોકોને એમ થાય કે આહાહા! આ છ-છ મહિનાના તપસ્યા કરે ઈ કાંઈ જૂઠું બોલે? એનું વચન પડે તો ફડાક લોકો લઈ લે. અને બાયડી છોકરાવાળો હોય અને બોલતો હોય સાચું ધર્મનું અંતર સ્વરૂપ ભાન સહિત. હવે બાયડી છોકરા ને હજી કરોડો રૂપિયાનો ધંધો કરે, હજી કાલ તો એની વહુને છોકરો થયો'તો લ્યો, સાંભળને હવે! તને શું ખબર પડે તત્ત્વની. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ જીવ નથી માનતો એની બાયડી, નથી માનતો એ રાગને પોતાનું સ્વરૂપ, એવા જે રાગથી ભેદ પડી ગયા છે એને પરખનારા એના પરીક્ષક તો બીજી જાતના હોય છે. સમજાણું? આ તો કહે લ્યો આને કાલતો સુવાવડ આવી'તી અને અમે તો આમ જીંદગી પર્યંત અમે તો વીસ વરસની ઉંમરથી બ્રહ્મચર્ય પાળીએ છીએ અને આ કહે કે જ્ઞાની. સાંભળને હવે! જ્ઞાની એટલે શું? એ શું એ ક્રિયા ન હોય રાગની ને એ તો જ્ઞાની કહેવાય? છન્નુ હજાર સ્ત્રીનું લગ્ન હોય ચક્રવર્તીને તીર્થંકરને, ક્ષાયિક સમકિતી અને ત્રણજ્ઞાનના ધણી છે સમજાણું? અને આખી જીંદગી બ્રહ્મચર્ય પાળે, નજર ઊંચી ન કરે સ્ત્રી સામે, એવો જીવ પણ પુણ્ય ને દેહની ક્રિયાથી આત્મલાભ થાય એ માનનારો મોટો મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પણ શ્રદ્ધાની શક્તિ અને શ્રદ્ધાનાં શક્તિનો લાભ કેટલો છે એની જેને ખબર

નથી. નવનીતભાઇ! શ્રદ્ધા શક્તિ એની કેટલી કિંમત છે અને એનો કેટલો લાભ છે અને કષાય શક્તિ પુણ્ય ને પાપના ભાવ કષાય શક્તિ એમાં કેટલું નુકસાન છે ને એનું ફળ કેટલું નુકસાનદાયક છે એની ખબર વિનાના બાહ્ય આચરણ ઉપરથી માપ જ્ઞાનીના કાઢે, અને અજ્ઞાનીના બાહ્યના ત્યાગના માપથી એનું ધર્મીપણું ટાંકે, મોટા ભીંત ભૂલ્યા છે. સમજાણું કાંઇ?

એમ આવે છે હોં સોનગઢવાળા મુનિનેય માનતા નથી એમ કહે છે કેટલાક. મુનિને... સાંભળને! મુનિ હતો કે દી' માને ક્યાંથી? આહાહા! વેષ પહેરીને બેઠા હોય એને મુનિ માને. ધીરૂભાઇ! વાતું બહુ જુદીયું! બે ય ધીરૂભાઇ છે. આ તો વાત એવી છે પ્રભુ, આ કોઇના માખણની ને પક્ષની નથી. સત્યના ઢંઢેરા આ છે બાપા. તારે ઝેર ઉતારવા હોય કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધાનું ઝેર જ્યાં સુધી ન ઉતરે ત્યાં સુધી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન અંતરમાં આવે નહિ, અને એકલું બહુમાન આવે છતાં ચૈતન્યનું બહુમાન ન આવે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થાય નહીં. સમજાણું કાંઇ? આચાર્ય ભગવાન વીતરાગભાવને મોક્ષમાર્ગ કહે છે. ઓલા કહે છે પણ બે મોક્ષમાર્ગ છે. વીતરાગભાવેય મોક્ષ માર્ગ છે અને રાગ આવે વચ્ચે વ્રત-નિયમ બધાં એ પણ એક મોક્ષમાર્ગ (છે) એટલું છૂટયા ને દુકાનેથી બેઠા હતા ને આંહી બેઠા. ત્યાં ત્રાજવે તોળતો ઇ કરતાં ત્યાં બેઠો છે. ત્યાં ફરે ને લૂગડાં ફેરવીને હારો(સારો) છે ને! એ બગડેલાં દૂધ છે. હાય હાય! મારી નાંખશે એને અને એ ખાશે એને, માનશે એને.

નવનીતભાઇ! આ વીતરાગ પોકાર કરે છે. સર્વજ્ઞદેવ, અનંત કુંદકુંદઆચાર્ય આદિ મહાસંતો ભગવાન પાસે જઇને જે આ વસ્તુ કાંઇ, અંતર તો હતી ઘણી પણ કેટલીક સ્પષ્ટ અને નિર્મળ ભગવાન પાસે કરી આવ્યા. અરે! વીતરાગ, વીતરાગભાવને મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઇ? એ વચ્ચે રાગની દયા, વ્રત આદિનાં ભાવ આવે, એને ભગવાન મોક્ષમાર્ગ કહેતા નથી. આ અનંતકાળમાં નહિ પ્રગટેલો અપૂર્વ ભાવવિના એને મોક્ષમાર્ગ કોઇ રીતે કહી શકાય નહીં. અપૂર્વ કોને કહે? આહા! પૂર્વે અનંતકાળમાં વ્યવહાર સ્વર્ગે ગયો. શેઠાઇ મળી ધૂળની. અબજોપતિ અનંતવાર થયો. શું થયું એમાં? સમજાણું કાંઇ?

**'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો,**
**શું કુટુંબ ને પરિવારથી વધવાપણું એ નયગ્રહો'**

વધવાપણું સંસારનું પરની અપેક્ષા લઇને ભાવ થાય તે.

**'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,**
**એનો વિચાર નહિ અહો હો! એક પળ પણ તમને અહો!'**

આ સોળ વર્ષે કહે છે, શ્રીમદ્ રાજચંદ્ર સોળ વર્ષ ને ચાર મહિનાની ઉંમર હતી ત્યારે એકસો આઠ પાઠ બનાવ્યા. એકસો આઠ પાઠ. એકસો આઠ મણકા હોય ને માળાના એટલે એકસોઆઠ પાઠ અને નામ આપ્યું 'મોક્ષમાળા'. સોળવર્ષની ઉંમરે. હવે ઉંમર તો દેહની હતી આત્માને ક્યાં ઉંમર? એ તો અનાદિનો છે. સોળ વર્ષે પોકાર જગત પાસે કર્યો છે કે ક્યાં વધ્યો તું? અમને માનનારા ઘણાં છે. તને શું એ બધા સોજા છે. સોજા સમજતે હૈ? સૂજન, સોજા એ નીરોગતા કહેતે હૈ ક્યા કહેતે હૈ? સોજા... સોજા આતે હૈ તો શરીર ફૂલ્યું, પુષ્ટ થયું, મરી જઇશ. હમણા સોજા ઉતર્યા અંદર ભેગી બળતરા હાલશે. એમ જગતના પુણ્ય-પાપના ઠાઠ અને એને માનનારા ઝાઝાં અને બીજા ધર્મીને માનનારા થોડા, આમ માપ કરીને ધર્મની કિંમત કરે એ સોજાને નીરોગતા માની બેઠા છે. સમજાણું કાંઇ?

ભગવાન આચાર્ય કહે છે નિશ્ચયથી... ખરેખર તો... ત્યારે ઓલા કહે કે નિશ્ચયથી એ પણ વ્યવહાર? હવે સાંભળને વ્યવહાર! વ્યવહાર કોથળો વચમાં આવે, આવ્યા વિના રહે નહિ હોં. ધર્મદૃષ્ટિ થઇ અને દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન ન હોય અને વાત્સલ્ય અને પ્રેમ ન હોય એમ ત્રણકાળમાં બને નહીં. પણ એ વાત્સલ્ય અને પ્રેમ તે રાગનો ભાગ છે, એ ખરેખર મોક્ષમાર્ગ નથી. (શ્રોતા : ...) રંધાય નહીં... કોથળાને રંધાય નહીં ભેગો. એ ચોખા ખૂટયા તો નાંખો અઢીશેર કોથળો. રાગ હોય એ બરાબર, ભક્તિ જેના નિમિત્તથી જેને પોતાને જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર થયું એવા ત્રિલોકનાથ તીર્થંકરનો ઉપકાર, વ્યવહારે શુભભાવ ઉપકારનો વાત્સલ્યનો આવ્યા વિના રહે નહીં. પણ તેને ભગવાન કહે છે એ છૂટવાના માર્ગમાં એ આવ્યો ખરો, પણ એ છૂટવાનો રસ્તો નથી. છૂટવાના માર્ગમાં... છૂટવાના સમજતે હૈ ને, મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગમેં આયા ખરા, એ તો આવે છે ને સમયસારમાં આવે છે કે ભઇ! વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગની અંદર વ્યવહાર આવે છે ખરો, પણ તેને ધર્મ માનીને મોક્ષમાર્ગ માને, મિથ્યા એકાંત મિથ્યાદૃષ્ટિ છે. જગતને ખબર ન મળે. એમ ને એમ અવતાર આવ્યાં. કીડી ને મંકોડા ને અળસિયાં અને ગલુડિયાં... કૂતરાના બચ્ચા મરે એમ આ મરવાના. તત્ત્વના ભાન વિના એ કલબલ... કલબલ કરીને કષાયમાં મરશે, પછી ત્યાગી હોય કે ભોગી હોય. સમજાણું કાંઇ?

**‘વસ્તુ વિચારત ધ્યાવતે, મન પામે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ તાકો નામ.’**

આતે હૈ ને બનારસીદાસમાં!... બનારસીદાસ હૈ ને ઓ સમયસાર નાટક

**‘વસ્તુ વિચારત ધ્યાવતે અને મન પામે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ તાકો નામ.’**

**એ અનુભવ મોક્ષનો મારગ.**

**‘અનુભવ રત્નચિંતામણી અનુભવ હૈ રસકૂપ;**
**અનુભવ મારગ મોક્ષનો અને અનુભવ મોક્ષસ્વરૂપ’**

આ ઈ હાલે છે આ વીતરાગભાવ હોં! અનુભવ કહો કે વીતરાગભાવ કહો. આહાહા! સમજાણું કાંઈ? પહેલી એની શ્રદ્ધા કરીને દૃઢ થઈને ઊભો રહે પછી એના અંતરના વલણમાં વીર્યને ફેરવે તો કામ કરી શકે, નહિતર કામ કરી શકશે નહીં. સમજાણું કાંઈ? વસ્તુ વિચારત ધ્યાવતે મન પામે વિશ્રામ. એનું મન વિશ્રામ પામી જાય. વિકલ્પ... નિભ્રાંત પુરુષો દ્વારા અનુભવવા યોગ્ય આત્મા છે. નિભ્રાંત નામ નિશ્ચિંત પુરુષો દ્વારા... જેને ચિંતાના સંકલ્પ-વિકલ્પના સારડા વ્યાપી ગયા છે એનાથી આત્મ અનુભવ થઈ શકે, ઈ ત્રણકાળમાં બની શકે નહીં. ઈ પહેલી ગાથા આવી ગઈ. મોક્ષમાર્ગની. નિભ્રાંત... નિભ્રાંત નિશ્ચિંત પુરુષો હોય એ હો જગતનું મારે ને એને કાંઈ સંબંધ (નથી). શુભ અને અશુભ ભાવ થાય તેમાં મારું હિત અને મારી સંપદા એમાં કાંઈ નહીં. મારી સંપદા ચૈતન્ય જ્યોતની વારંવાર એના તરફની નજરું નાખીને ઠરે, આ એને અનુભવ કહેવામાં આવે અને એને વીતરાગભાવ કહેવામાં, આ એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પણ તેને જે ન ઓળખે... હવે કહે છે ‘‘**વીતરાગભાવ મોક્ષમારગ છે એટલું કહેતાં ઈ ન સમજે ત્યારે તેને એમ જ કહ્યા કરીએ તો તે સમજે નહીં....**’’ તેથી તેને સમજાવવા... તેથી તેને સમજાવવા વ્યવહારનયથી તત્ત્વશ્રદ્ધાન જ્ઞાન પૂર્વક એટલે શું? વ્યવહારનયથી એકકોર શબ્દ પડયો રહે આખો. તત્ત્વશ્રદ્ધાન જ્ઞાનપૂર્વક વ્યવહારનયથી પરદ્રવ્યનાં નિમિત્ત મટાડવાની સાપેક્ષતા વડે એમ લેવું શું કહ્યું? સમજાણું કાંઈ? વ્યવહારનય વડે તત્ત્વશ્રદ્ધાન જ્ઞાન એમ નહીં. જે વીતરાગભાવને ન ઓળખે આમ ચિદાનંદ નિર્વિકલ્પ અનુભવ, રાગનો વિકલ્પ નહિ એવી અંતરની શ્રદ્ધા-જ્ઞાનને રમણતા તે મોક્ષમાર્ગ. એને ન

ઓળખે એને વ્યવહારથી સમજાવે. કઇ રીતે, કે વ્યવહારનયથી... એટલું. વ્યવહારનયથી તત્ત્વશ્રદ્ધાન જ્ઞાનપૂર્વક એમ નહીં. તત્ત્વશ્રદ્ધાન જ્ઞાન તો સાચું... નિશ્ચય સમ્યક્ તત્ત્વશ્રદ્ધાન તો રાગરહિત નિશ્ચય સમ્યગ્દર્શન અને નિશ્ચયજ્ઞાન-સ્વનું જ્ઞાન, સ્વની શ્રદ્ધા અને સ્વનું જ્ઞાન એવા તત્ત્વશ્રદ્ધાન જ્ઞાનપૂર્વક વ્યવહારનયથી ''**પરદ્રવ્યનાં આલંબન મટાડવાની સાપેક્ષતા વડે**'... **નિમિત્ત મટાડવાની....**'' પર ઉપરનું જરી વ્રત આદિના ક્રિયામાં લક્ષ ઓછું થાય અને સ્વમાં લક્ષ આવે છે એટલું પરદ્રવ્યના નિમિત્તનો સંગ છૂટવાની અપેક્ષાએ ''**નિમિત્ત મટાડવાની સાપેક્ષતા વડે....**'' 'પરદ્રવ્યનું આલંબન છોડવાની અપેક્ષા વડે ''**વ્રત, શીલ, સંયમ આદિ વીતરાગ ભાવનાં ભેદ....**''

ભેદ એટલે છે તો રાગ-વિકલ્પ, પણ એને ઓળખાવે કે જો આવા વ્રત-નિયમ આંહી હોય, ત્યાં આગળ વીતરાગભાવ અંદર હોય, એ અવ્રતભાવને પાપને સેવતો હોય ને ન્યાં વીતરાગભાવ ચારિત્ર હોય એમ હોઇ શકે નહીં. સમજાણું કાંઇ? શું કહે છે? ઓલાએ પૂછયું છે કે વ્યવહારનય જો નિશ્ચયને સમજાવે તો એને કેમ અંગીકાર ન કરવો એનો આ ઉત્તર દેવામાં આવે છે. કે ભાઇ, એ વીતરાગપણે મોક્ષમાર્ગ... આત્મા વીતરાગ એટલે શું કેવળજ્ઞાની? એમ કોઇ સમજ્યા. વીતરાગભાવે મોક્ષમાર્ગ એટલે કેવળજ્ઞાનીને મોક્ષમાર્ગ હોય? એમ નહીં. વીતરાગ અંતર રાગની રૂચિ પુણ્ય પાપની છૂટી, અને સ્વભાવની દૃષ્ટિ ને રૂચિ ને પરિણતિ ને સ્થિરતા જામી, એ એક જ મોક્ષનો માર્ગ છે... બીજો નથી. એને ન સમજે એને વ્રત, શીલ અને નિમિત્ત એવા નિમિત્તનાં પડખાથી ઇ વીતરાગભાવના ભેદ એટલે પ્રકાર અનેક... અનેક દ્વારા ઓલા વીતરાગભાવના એકપણાને સમજાવે છે. સમજાવવું છે ઓલું અંદર રાગરહિત સ્થિરતા થાય તે. ભારે કહ્યું ભાઇ! કેટલું એણે નવ અધ્યાયમાં ગૃહસ્થાશ્રમમાં રહ્યા હજારો આચાર્યોના હ્રદયને મિલાન કરીને આ બનાવ્યું હવે એને વાંચવાનો ય વખત નહીં.

મણિભાઇ! બાપ પૈસા મૂકી ગ્યો હોય પચાસ લાખ. મરવા... મડદા પછી કાઢયા પહેલા તપાસી આવે કોઇ પોટલી-બોટલી કોઇ નાતમાં નથીને! મડદું પછી કાઢો. પચાસ લાખ મૂક્યા છે ને બધું સાંભળીએ છીએ એવું છે કે નહીં આપણને આ સાઇઠ વરસ જીવતા તો નહોતો આપતો માળો પૂંજી સડાવતો હતો આંહી. મર્યા પછી ફડાક તપાસવા જાય, શું બાપા મૂકી ગ્યા! એમ સર્વજ્ઞદેવ અને મહાન સંતો તત્ત્વની વાત શું મૂકી ગ્યા એને જોવાને, વાંચવાને પણ અવસર મળે નહીં, અને અમે છીએ ધર્મી. ના પડાય છે કાંઇ? ધર્મી તો નામ નિક્ષેપે હોય, સ્થાપના નિક્ષેપે હોય, યોગ્યતાથી હોય અને વર્તમાન પ્રગટદશાથી

પણ (હોય). નામથી પાડે ધર્મી. લક્ષ્મીવંત કહે ને લાકડા વેચતો હોય. શું નામ ? લક્ષ્મીવંત. લાકડા વેચે છે ને બે આનાના કે લક્ષ્મીવંત નામમાં શું છે ? પૈસા આવી ગ્યા કાંઇ ? સમજાણું કાંઇ ?

આંહી કહે છે વીતરાગભાવને જે ન જાણતો હોય એને 'પરદ્રવ્યનું આલંબન પરથી લક્ષ છોડાવવાની અપેક્ષાએ ''**વ્રત, શીલ, સંયમ આદિને વીતરાગભાવના ભેદ દ્વારા બતાવતાં તેને વીતરાગભાવની ઓળખાણ થઈ....**'' જુઓ વીતરાગભાવ અંદર હોય તેને આવું હોય, વ્રત હોય, નિયમ હોય, શીલ હોય, સંયમ હોય, ઇન્દ્રિયદમન હોય એવા ભાવથી બતાવ્યું. કહો સમજાણું કાંઇ ? '' **એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ વ્યવહાર વિના....**'' આ તો ઘણે ઠેકાણે એમ જ લે. સમજાણું ? એ પ્રમાણે સમજવું... એ પ્રમાણે સમજવું. ''**એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ થતો નથી....**'' શી રીતે સમજાવવું એને ? એને વીતરાગભાવ સમજાય નહીં, જીવ સમજાય નહિ એટલે એને વ્યવહારથી એને ભેદ પાડીને સમજાવ્યો કે નરક મનુષ્યને દેહની અપેક્ષા રાખીને સમજાવ્યું કે જો આ દેહ તે આત્મા. એ ઘીનો ઘડો આ. માટીનો ઘડો... કે આ ઘી નો ઘડો આ એટલે કે ઘીનો ઘડો, એ માટીનો ઘડો છે, પણ ઘીનો નથી. એમ શરીરવાળો આ જીવ એટલે કે શરીરવાળો નથી પણ જીવ જ્ઞાનસ્વરૂપમૂર્તિ અંદર ભિન્ન છે એને ઓળખાવવા આ બધા વ્યવહારના ભેદ પાડયા છે. કહો સમજાણું કાંઇ ?

હવે ઇ નકાર કરે છે જુઓ. ''**એ પ્રમાણે અન્ય ઠેકાણે** હોય. **બીજું 'અહીં વ્યવહારથી નર, નારકી આદિ પર્યાયને જીવ કહ્યો પણ ત્યાં પર્યાયને જ જીવ ન માની લેવા....**'' શરીરથી ઓળખાવ્યો કે આ માણસ એ જીવ . માણસ તો ધૂળ છે આ તો અજીવ, ન્યાં ક્યાં જીવ હતો ? આ જીવ તો જુદી ચીજ છે. પર્યાયને જીવ... પર્યાય તે શરીર એને જીવ ન માની લેવો કારણકે ''**શરીર તો જીવ-પુદ્‌ગલના સંયોગરૂપ છે....**'' જીવ અને આ શરીરના પુદ્‌ગલરૂપ આ તો વસ્તુ છે. આને આત્મા કહેવાય નહીં. પણ ઓલો સમજતો નથી એટલે એને કહ્યું કે જુઓ આ શરીરમાં રહેલો આત્મા ફલાણો રહેલ, રહેલોય ક્યાં છે ? શરીરમાં આત્મા નથી. આત્મામાં આત્મા છે. આરે ! આરે ! શરીરમાં રહેલો આત્મા લ્યો એમ બતાવે એ વ્યવહારથી સમજાવ્યું છે. શરીરમાં આ તો માટી... માટીમાં છે અને આત્મા આત્મામાં છે. બેયના ક્ષેત્ર તદ્દન અંદર જુદા છે. પુદ્‌ગલ સંકેતથી આ... ''**નિશ્ચયથી જીવદ્રવ્ય ભિન્ન....**'' એનાથી શરીરથી ભગવાન આત્મા જુદો એને જાણવો. ઓલું તો સમજાવવા માટે વાત હતી.

''**જીવનાં સંયોગથી શરીરઆદિને પણ ઉપચારથી જીવ કહ્યો....**'' વાણી સચેત, ભાષા, શરીર સચેત, મન સચેત એમ કહેવામાં આવે. કહો એ તો નિમિત્તથી સમજાવ્યું છે પણ એને જીવ માનવો નહીં. વાણી જીવ નથી જડ છે. શરીર જીવ નથી જડ છે, મન દ્રવ્યમન છે એ જીવ નથી એ જડ છે.સમજાણું? ''**જીવના સંયોગથી શરીર આદિને પણ ઉપચારથી જીવ કહ્યો....**'' લ્યો ઉપચારથી... આ ઉપચાર આવ્યો આરોપ... ''**પણ એ કહેવા માત્ર જ છે. 'પરમાર્થથી શરીરઆદિ કાંઈ જીવ થતા નથી....**'' ખરેખર શરીર, વાણી, મનને કાંઈ જીવ-ફીવ છે નહીં. જીવ તો જ્ઞાનાનંદ મૂર્તિ અંદર વાણી, મન અને દેહથી ભિન્ન છે એને ઓળખાવવા માટે વ્યવહારથી વાત કરી છે પણ એ વ્યવહારને આદરણીય માની લે ઓળખાવ્યું માટે, મોટી ભૂલમાં પડયો છો. નિશ્ચય જેમ સત્ય છે એમ વ્યવહાર પણ કાંઈ સમજાવે માટે કાંઈ સત્ય છે એમ છે નહીં. ''**એવું શ્રદ્ધાન કરવું....**'' જોયું? શરીર, વાણી, મન એ જીવ નથી. સમજાવ્યું ભલે વ્યવહારથી પણ જીવ છે નહીં.

''**વળી અભેદ આત્મામાં જ્ઞાન, દર્શન આદિ ભેદ કર્યા તેને ભેદરૂપ ન માની લેવા....**'' જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા... ન્યાં ક્યાં કટકા છે અંદર સમજાણું? આ સુખડનું લાકડું જુઓ. આ સુગંધ તે સુખડ, આ રંગ તે સુખડ, તોલ તે સુખડ. ન્યાં ક્યાં ત્રણે કટકા જુદા પડે છે પણ આને ન સમજ્યો એને એના ભેદ દ્વારા એને સમજાવાય, એમ આત્મા અખંડ લગડી છે અંદર. અભેદ એકરૂપ લગડી છે. ઈ ન સમજે એને જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા એમ સમજાવ્યું પણ એ ભેદ તો કહેવામાત્ર છે. સમજાણું કાંઈ? ''**ભેદરૂપ જ ન માની લેવો....**'' આત્માને. આહાહા! જ્ઞાન આત્મા, દર્શન એમ ન માની લેવું એ તો અભેદ એક વસ્તુ છે એમ કહે છે.

''**ભેદ તો સમજાવવા માટે છે....**'' હજારો આમાં બોલો નાંખ્યા છે હોં એ મોક્ષમાર્ગપ્રકાશકમાં હમણાં તો આ જુઓને આ બબ્બે રૂપિયામાં આપવામાં આવે છે. છે તમારા હાથમાં છે એ દો રૂપિયામેં દેનેમેં આતે હૈ. દેખો, આ ચારની કિંમતનું પડેલું બે રૂપિયામાં અપાય છે આ પ્રચાર માટે. પહેલું બીજામાંથી... હમણાં આ નવનીતભાઈ તરફથી ત્રણહજાર આ છપાવવાના છે. આ પુસ્તક હિંદીમેં આયેગા. હિંદીમેં છાપનેવાલા હૈ. ઓ નહીં ઓ હિંદી દૂસરા આ તો આ ઉસકા અર્થ હી અર્થ હી ઐસા હોનેવાલા હૈ. આ દસ રૂપિયે મળે નહિ બીજે સાધારણ... એને ચારનું પડયું ને બે રૂપિયે દેવાય છે. તેમાં રૂપિયાનું તો બાઈન્ડિંગ શું કહેવાય ઈ? હેં? પૂઠું ઇ છે. હેં? (શ્રોતા : કપડા) કપડા સહિતનું પૂઠું લ્યો. કોઈ રીતે લોકો વાંચે, વિચારે, આ ગરબડ પડી છે અનાદિકાળની.

નિશ્ચય-વ્યવહારની કથની શું છે? લોકો ભરમાણા છે. વ્યવહાર પણ છે ને!... વ્યવહાર પણ છે ને!... પણ શું વ્યવહાર છે હવે? વ્યવહાર એક જાણવા લાયક ચીજ જગતમાં આવે છે. આદરણીય છે નહીં. એમ ન જાણે અને નિશ્ચય અને વ્યવહાર બેય આદરણીય માને, એ વીતરાગની આજ્ઞાનો વેરી છે. વીતરાગની આજ્ઞાને ઈ જાણતો નથી. પછી ત્યાગી હોય, બાવો હોય, જોગી થ્યો કે નગ્ન મુનિ થ્યો હોય, આ રીતે ન સમજે એને તો શ્રદ્ધા ભ્રષ્ટ કહેવામાં આવે છે. કહો સમજાણું? ''**એ અભેદ આત્મામાં જ્ઞાન દર્શન આદિ ભેદ કર્યા ત્યાં તેને ભેદ (રૂપ જ) ન માની લેવા....**'' જુદા જુદા કટકા એક આત્મામાં ગુણના નથી. વસ્તુ એકરૂપ એમાં કટકા (નથી) સમજાણું? કે જુઓ આ... આ સુખડ છે તે સુગંધ છે તે આંહી છે, તોલ છે તે આંહી છે ને ભારે છે તે આંહી છે અને રસ છે તે આંહી છે એમ છે કાંઈ? એ તો આખી એકરૂપ વસ્તુ છે.

પણ ભેદ દ્વારા એને... ભગવાન આત્મા અરૂપી જ્ઞાનઘન અનંતગુણનો પિંડ છે એને ગુણભેદ દ્વારા મનાવ્યો. પણ ગુણભેદ માની ન લેવા ''**આત્મા અભેદ છે તેને જીવ વસ્તુ માનવી**' લ્યો '**ખરેખર આત્મા અભેદ છે તેને જીવ વસ્તુ માનવી....**'' ત્યાં સંજ્ઞા સંખ્યાભેદ ઈ ભેદ કહ્યા છે એ તો કહેવા માત્ર છે. સંજ્ઞા નામ પડે ને આત્મા નામ અને જ્ઞાન નામ. નામભેદ પડયો પણ કાંઈ વસ્તુ જુદી નથી. ગુણ અનંત અને આત્મા એક એવા ભેદ પડયા પણ વસ્તુ અનંત છે નહીં, વસ્તુ તો એક જ છે. ભેદથી કહેવા માત્ર... પરમાર્થથી જુદાજુદા નથી એવું શ્રદ્ધાન કરવું. હવે ત્રીજા બોલની વાત કરે. ઓલા વ્રત, શીલ ને સંયમ જેના વાંધા ઊભા છે ઈ.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# વાચકોની નોંધ

## વાચકોની નોંધ




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ-કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી**

D-16/205, યોગી નગર, એકસર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - 400 092

: +91 22 2863 1155 / 93 22 89 00 89

: gnayakforever@gmail.com